BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાન: ‘નળાખ્યાન’

**GMJ–402**

**દ્વિતીય વર્ષ બી. એ.**

**સેમેસ્ટર-04**



**As per NEP - 2020**

**B.A. (Hons.)**

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| **સર્જન** | **:** | **કવિ પ્રેમાનંદ** |
| **સંપાદન તથા** | **:** | **ડૉ. યોગેન્દ્ર પારેખ** |
| **વિષય પરામર્શન** | | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સહસંપાદન** | **:** | **ડૉ. હેતલ ગાંધી**<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>**ડૉ. પ્રવીણ વણકર**<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **વિષય સમિતિ** | **:** | **ડૉ. યોગેન્દ્ર પારેખ**<br>પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>**પ્રો. ડૉ. પિંકી પંડ્યા**<br>વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>**ડૉ. હેતલ ગાંધી**<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રકાશક** | **:** | **કાર્યકારી કુલસચિવ**<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રકાશન વર્ષ** | **:** | **પ્રથમ આવૃત્તિ : 2020-21** |
| **ISBN** | **:** | **9789392139529** |
| **મુદ્રક** | **:** | **શ્રીધર પ્રિન્ટર્સ, અમદાવાદ** |

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાનઃ ‘નળાખ્યાન’

GMJ–402

દ્વિતીય વર્ષ બી. એ.

સેમેસ્ટર–04

## અભ્યાસક્રમ

| એકમ ક્રમ | એકમનું નામ |
|---|---|
| | ‘નળાખ્યાન’ (મૂળ કૃતિ) |
| 1. | ૧થી ૫ કડવાંની સમીક્ષા |
| 2. | ૬થી ૯ કડવાંની સમીક્ષા |
| 3. | ૧૦થી ૧૩ કડવાંની સમીક્ષા |
| 4. | ૧૪ અને ૧૫ કડવાંની સમીક્ષા |
| 5. | ૧૬થી ૧૮ કડવાંની સમીક્ષા |
| 6. | ૧૯થી ૨૩ કડવાંની સમીક્ષા |
| 7. | ૨૪થી ૨૮ કડવાંની સમીક્ષા |
| 8. | ૨૯થી ૩૩ કડવાંની સમીક્ષા |
| 9. | ૩૪ અને ૩૫ કડવાંની સમીક્ષા |
| 10. | ૩૬થી ૪૫ કડવાંની સમીક્ષા |
| 11. | ૪૬થી ૫૦ કડવાંની સમીક્ષા |
| 12. | ૫૧થી ૫૫ કડવાંની સમીક્ષા |
| 13. | ૫૬થી ૬૦ કડવાંની સમીક્ષા |
| 14. | ૬૧થી ૬૫ કડવાંની સમીક્ષા |
| 15. | પ્રેમાનંદે મહાભારતનાં ‘નલોપાખ્યાન’ની કથામાં કરેલા ફેરફારો |
| 16. | ‘નળાખ્યાન’: સઘન અધ્યયન – ૧ |
| 17. | ‘નળાખ્યાન’: સઘન અધ્યયન – ૨ |

નોંધઃ અનુક્રમણિકા અનુસારના આપના અભ્યાસક્રમને બે વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ વિભાગમાં ‘નળાખ્યાન’ – મૂળ કૃતિ છે અને બીજા વિભાગમાં કૃતિના અધ્યયન માટે એકમ આપેલ છે.

# પાઠ્યક્રમ પરિચય

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનનું સાહિત્ય સ્વરૂપ લોકપ્રિય સાહિત્ય સ્વરૂપ છે. ભાલણને આખ્યાનનો પિતા ગણવામાં આવે છે. આપણે સૌ સમગ્ર મધ્યકાલીન સાહિત્ય પ્રવાહમાં પ્રેમાનંદના સાહિત્ય પ્રદાનથી પરિચિત છીએ. કુંવરબાઈનું મામેરું, સુદામાચરિત્ર અને નળાખ્યાન જેવી આખ્યાન રચનાઓ ગુજરાતી સાહિત્યમાં ભાવકોના હૃદયમાં જ નહીં જનસામાન્યમાં પણ પ્રતિષ્ઠિત છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દ્વિતીય વર્ષ બી. એ.ના અભ્યાસક્રમમાં આખ્યાન: સ્વરૂપ અને વિકાસનો સમગ્રલક્ષી અભ્યાસ કરવાની સાથે પ્રેમાનંદની 'નળાખ્યાન' કૃતિને આપણે માણીશું. અગાઉ તૈયાર થયેલ અભ્યાસ સામગ્રીમાં આપણને 'આખ્યાન : સ્વરૂપ અને વિકાસ' સંદર્ભે પ્રો. ચં. પુ. વ્યાસ તથા પ્રો. દિનેશ પંડ્યાનો લાભ મળ્યો છે. આ બન્ને વિદ્વાનોએ નિસ્બત પૂર્વક આખ્યાનના સ્વરૂપ અને વિકાસની સાથે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સર્જનની સમૃદ્ધિ તથા મુખ્ય સર્જકો વિશે પણ ભૂમિકારૂપ વાત કરી છે.

'નળાખ્યાન' પ્રેમાનંદનું ખૂબ જાણીતું આખ્યાન છે. આપણે જાણીએ છીએ કે આખ્યાનકળાના શિખર પર પ્રેમાનંદની સર્જકતા બિરાજમાન છે. મધ્યકાલીન કવિઓ પોતાના જીવન વિશે આધારભૂત માહિતી આપવાના વલણથી મુક્ત રહ્યા છે. ૧૭મી સદીના ઉત્તરાર્ધથી લઈને ૧૮મી સદીના પૂર્વાર્ધ સુધી પ્રેમાનંદની આખ્યાનકળા જનમાનસમાં વિસ્તરતી ગઈ. આપણી સમગ્ર સાહિત્ય પરંપરામાં પ્રેમાનંદને મહાકવિ તરીકે જે સ્થાન પ્રાપ્ત થયું છે તે તેમની આખ્યાનકળાના કારણે, એ વાત સર્વ વિદિત છે. આપણા વિવેચકોએ સર્જનની ગુણવત્તા અને વિપુલતાની દૃષ્ટિએ પ્રેમાનંદને યોગ્ય રીતે જ મૂર્ધન્ય કવિ તરીકે ઓળખાવ્યા છે. પ્રેમાનંદમાં સ્વરૂપસિદ્ધિ તો જોવા મળે જ છે પણ રસસિદ્ધ કવિ તરીકે તેમની ગુણવત્તા ઊંચા દરજ્જાની સિદ્ધિ છે. નળાખ્યાનના અભ્યાસ દ્વારા આપણે પ્રેમાનંદની આખ્યાનકળાનો સુપેરે પરિચય મેળવીશું. ગુજરાતી સાહિત્યના અભ્યાસી ડૉ. એ. એ. શેખ દ્વારા નળાખ્યાનનો કડવાબદ્ધ અભ્યાસ અત્રે રજૂ થયો છે. દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને ધ્યાનમાં રાખીને તેમણે કરેલું અર્થઘટન સમીક્ષા અને આસ્વાદ વિદ્યાર્થીઓને માટે ઉપયોગી સિદ્ધ થશે તેવી આશા અસ્થાને નથી.

શુભેચ્છાઓ...

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાન: 'નળાખ્યાન'

GMJ–402

દ્વિતીય વર્ષ બી. એ.

સેમેસ્ટર–04

# 1

# 'નળાખ્યાન' (મૂળ કૃતિ)

## કડવું ૧

### [રાગ : કેદારો]

શંભૂસુતનું ધ્યાન જ ધરું, સરસ્વતીને પ્રણામ જ કરું;
આદરું, રુડો નૈષધનાથ રે.

**ઢાળ**

નૈષધનાથની કહું કથા, પુણ્યશ્લોક જે રાય;
વૈશંપાયન વાણી વદે, આર્ણિક પર્વ મહિમાય.
રાજ્ય હારી ગયા પાંડવ, વસ્યા દ્વૈત વનમોઝાર;
એકલો અર્જુન ગયો કૈલાસે, આરાધ્યા ત્રિપુરાર.
પશુપતાકાસ્ત્ર પશુપતિયે આપ્યું, પછે ગયો સ્વર્ગમાંહે;
કાલકેતુ પુલોમા માર્યો, પંચ વર્ષ રહ્યો તાંહે.
યુધિષ્ઠિરરાય અતિ દુઃખ પામ્યા, ઉપન્યો ઉદ્વેગ;
પુનરપિ પારથ નહીં આવ્યો, ભાઈએ કીધો તાંહાં નવો નેગ.
એહવે સમે એક તાપસ આવ્યો, વૃહદશ્વ અવું નામ;
પૂજા કીધી પાંડવે, આપ્યો વસવાનો ઠામ.
ચાતુર માસ તાંહાં રહ્યા, કુંતીસુત કરે સેવાય;
રાત રાતના વારાફરતી, પાંડવ ચાંપે પાય.
એક વાર યુધિષ્ઠિર બેઠા, તળાંસવાને ચર્ણ;
તે સમે અર્જુન સાંભર્યો, ભરાયું અંતસ્કર્ણ.
ધર્મરાયને ઋષિજી પૂછે, જળે ભીના પગ માહારા;
શે દુઃખે સતવાદી રાજા, નેત્રે ભરે જળધારા.
ધર્મ કેહે સાંભળીએ સ્વામિ, ઊઠી ગયો અર્જુન;
અવળા સવળા સાલે સવ્યસાચી, માટે કરું છૌં રુદન.
ભીમસેનની પાસે જો હું, માંગુ દાતણ પાણી;
બડબડતો જાએ રીસાવી, લાવે વૃક્ષ મોટું તાણી.
પ્રાતઃસામગ્રી નકુળ પાસે, કદાપિ જો મેં માંગી;
એક પહોર તો વાર લગાડે, એટલી કરે વરણાગી.
સહદેવને જો કામ દેઉં, સાધુ મંન ન આણે રોષ;
પણ મધ્યાહ્ને ઘરમાંથી નીસરે, જોતો જોતો જોષ.
દક્ષિણ દિશાએ જોગણી જો, જાઉંતો દુઃખ પામું;

પૂર્વ દિશાએ પરવરૂં તો, ચંદ્રનું ઘર છે સાહામું.
એવી રીત તો ત્રણે ભાઈની, મુજથી નવ સહેવાય;
દ્રૌપદીને મોકલું તો, હરણ કરી કો જાય.
વણ માગે વેળાએ આપે, જે જોઇએ તે આણી;
ફળ જળ મુખ આગળ લઈ મેહેલે, તે તો ગાંજીવપાણી.
તેહના ગુણ હું નથી વિસરતો, રહ્યો છૌં હ્દયા રાખી;
સુખ સંતોષ વિના છૌં સૂનો, મુનિ હું પારથ પાખી.
નિઃશ્વાસ મૂકી ધર્મ એમ પૂછે, કોહોને વૃહદશ્વ રૂખી;
વન વસવું ને વિજોગ પડીઓ, હું સરખો કો દુ:ખી.
રાજ્યાસના ધન ભુવન રિધિ, તેહ હમો સર્વ હારી;
એહેવું કોને હવું હશે સ્વામી, પીડા પામે નારી.
વળતા વાણી વદે વૃહદશ્વજી, સહું આણે વૈરાગ;
નળ દુ:ખ પામ્યો અરે પાંડવ, નથી તેહનો સોમો ભાગ.
રૂપ રાજ્ય ને ધંન બળ તે, ન મળે નર સમાન;
અનેક કષ્ટ તેહેના જેવું, કો ન ભોગવે રાજાન.
ભીમકકુમારી નળની નારી, રૂપ શું કહું મુખ માંડી;
તે રાણી જાહાં નહીં ફળ પાણી, નળે વનમાં છાંડી.
દાસીરૂપ ધર્યું દમયંતી, કુબડું થયું નળગાત્ર;
તેહેનાં દુ:ખ આગળ યુધિષ્ઠિર, તાહારું દુ:ખ કોણ માત્ર.
કર જોડીને ધર્મ એમ પૂછે, કોહો મુજને ઋષિરાય,
ઘણું દુ:ખ પામ્યો નળરાજા,શા કારણ કહેવાય.
કોણ દેશનો નરેશ કહાવે, કેમ પરણ્યો દમયંતી;
તે રાણી નળે કેમ છાંડી ને, કાંહાં મૂકી ભમયંતી.
ઉતપત્ય કોહો નળદમયંતીની, અથ, ઇતિ કથાય;
દુખીઆનું દુ:ખ સાંભળતાં માહારી, ભાગે મનની વ્યથાય.

વલણ

વ્યાથા ભાગે માહારા મનની, કહે યુધિષ્ઠિર રાજાન રે;
વદે વિપ્ર પ્રેમાનંદ તે, નળતણું આખ્યાન રે.

## કડવું ૨

[રાગ : ગોડી]

બૃહદશ્વજી મુખ વાણી વદે, રાય યુધિષ્ઠિર ધરતા હ્રદે;
નૈષધ નામે દેશ વિશાળ, રાજ્ય કરે વીરસેન ભૂપાળ;
તેહને સુરસેન બાંધવજંન, તે બેહુને અકેકો તંન;
તે રૂપે ફુટડા જેવા કામ, નળ પુષ્કર બન્યોના નામ.
પછે નળને આપી રાજ્યાસંન, પિતા કાકો બન્યો ગયા વંન;
ચલાવે રાજ્ય નળ મહામતિ, પુષ્કરને કીધો સેનાપતિ.
જીત્યા દેશ વધારી ખ્યાત, શત્રુ માત્ર પમાડ્યા શાંત;
ભૂપતી સર્વ નૈષધને ભજે, નળ પુષ્કરે કીધો દિગ્વિજે.
પ્રજા સૂએ ઉઘાડે બાર, ન કરે ચોરી ચોર ચખાર;
સત્યે યમપતિ કીધો સાધ, પુરમાંહે કોને નહીં વ્યાધ.
કનકે ભરીઆ છે કોઠાર, જેહેવાં ધન તેવા દાતાર,
જાચકનાં દારિદ્ર કાપીઆં, નળે મુખ માગ્યાં ધન આપીઆં.
ભિક્ષુક કહે ભલું નળનું રાજ, ગયું દુઃખ હોલાણી દાજ;
કીર્તિ થઈ નળની વિસ્તીર્ણ, જેમ સૂરજનાં પ્રસરે કીર્ણ.
પુણ્યશ્લોક ધરાવ્યું નામ, વૈષ્ણવ કીધું બાધું ગામ;
ઘેર ઘેર થયો હરિકીર્તન, એકાદશી વ્રત કરી હરિજન.
ચારે વરણ પામે નિજધર્મ, ધ્યાયે દેવ વ્યાપક પરિબ્રહ્મ;
નળે લીધો એટલો નેમ, માગ્યું દાન આપે કરી પ્રેમ.
જો આવે મસ્તક માગનાર, તો આપતાં ના લગાડે વાર;
ઉત્તર દક્ષિણ પુરવ દશ, વીરસેન સુતનો ધ્યાયો યશ.
ત્યારે પુષ્કરને થઈઅદેખાઇ, મુજ થકી વાધ્યો પિતરાઇ;
નળને નમે પ્રજા સ્મસ્ત, એ આગળ હું પામ્યો અસ્ત.
એહેવું જાણી મન આણી વૈરાગ્ય, ગયો વંન ઘર કીધું ત્યાગ;
નળનો વાળ્યો તે નવ વળ્યો, દારુણ વનમાં પોતે પળ્યો.
જઇને સેવ્યું પર્વત શૃંગ, તળે વહે છે નિર્મળ ગંગ;
શલ્યાનું કીધું આસંન, પાંદડાંનું કીધું છત્ર રાજંન.
માનસી રાજ માંડ્યું વનતણું, કોકિલા ગાન કરે છે ઘણું;
આ મૃગ તે અશ્વ માહારે કારણે, દ્રુમ પ્રતિહાર ઉભા બારણે.

ભુંડુ હસ્તી પૃથ્વી પરજંગ, એ રાજ કેમે ન પામે ભંગ;
કો લુંટી લેવા આવી નવ ચડે, ઉઘાડે બાર ખાતર નવ પડે.
એણી પેરે માંડ્યું રાજ્યાસંન, અણચાલતે વશ કીધું મંન;
એ કથા એટલેથી રહી, નળ રાજા શું કરતો તહીં.
જ્યારે પુષ્કર ઉઠી વનમાં ગયો, ભાઇ વિના ભૂપ એકલો રહ્યો;
નિષ્કંટક રાજ્ય એકલો કરે, ધર્મ આણ રાજાની ફરે.
માગાં મોકલે દેશ દેશના ભૂપ, નળ જોવડાવે કન્યાનું રૂપ;
શરીર કુળમાંહે કહાડે ખોડ, કહે ના મળે કો મારી જોડ.
બત્રીસ હોય લક્ષણ સંપૂર્ણ, તેહેનું હું કરું પાણિગ્રહણ;
એમ કરતાં વહી ગયા દિન્ન, એવે આવ્યા નારદ મુંન.

વલણ

નારદ મુનિ પધારીઆ, સુણ યુધિષ્ઠિર ભૂપાળરે;
પછે વેણાપાણીએ કેમ મેળવ્યું, નળનું વેવીસાળરે.

## કડવું ૩

[રાગ : રામગ્રીની દેશી]

એણીપેર બોલ્યા બૃહદશ્વ વાણીજી, નળને ઘેર આવ્યા વેણાપાણીજી;
વીરસેન સુતે દીધું માનજી, અર્ધપાદ્યે પૂજ્યા ભગવાનજી.

ઢાળ

પૂજ્યા નારદ આદર આણી, હૃદેમાં અતિ પ્રેમ;
અન્યોન્યે પૂછીઓ, સમાચાર કુશળ ક્ષેમ.
રાજ્યાસન સૂનું નળનું દેખી, નારદ ઋષિ એમ પૂછે;
પટરાણી દિસતાં નથી એ, કોહોની કારણ શૂં છે.
આસને બેસવું રાણી વિના, તેહેનો મોટો દોષ;
પછે પ્રતિઉત્તર વિચારી નળ, બોલીઆ ધરી શોષ.
નળા તમો પ્રજાપતિના, પુત્ર વેણાધારી;
જાણતા હશો બ્રહ્માજીએ, માહરે નિરમી છે કો નારી.
સપ્તદ્વિપ નવખંડ માંહે કાંઇ કન્યા કોટાકોટ;
ઋષિ હું વરું એવી નવ મળે, શકે છે કન્યાની ખોટ.
રૂપ તાંહા કુળ નહીં, કુળ તાંહાં નહીં ચાતુરી ચાલ;
કો સકળ લક્ષણ હોય પૂરણ, તો હું પરણું તત્કાળ.
નારદ ઋષિ તવ ઓચર્યા, એમા ન કીજે ભૂપ;
તારા સરખું નવ મળે, કો શ્યામાનું સ્વરૂપ.
પણ તે કન્યા અલૌકિક છે, વેદ જેહેને વરણે;
તે ઇંદ્રને ઇચ્છે નહીં તો, તું ને કાંહાથી પરણે.
નળ કહે ઓ મહા મુનિ તે, કન્યાનું કોણ નામ;
કવણ રાયની દીકરી ને, કવણ તેહનું ગામ.
નારદ કહે સકળ દેશ મધ્યે, ઉત્તમા વિદર્ભ દેશ;
તાંહાં રાજ્યાસન કરે છે, ભીમક નામ નરેશ.
તેહને ઘેર એક તારુણી, વજાતી નામ નિદાન;
પુણ્યદન અપાર કીધાં, પન પેટે નહીં સંતાન.
એવે સમે એક દમન નામે, આવીઓ તાપસ;
આતિથ્ય કીધું તેહનું ને, જમાડ્યો ખટ રસ.
ઘણા દિવસની ગઈ ક્ષુધા, ને પામીઓ સંતોષ;

ત્રિકાળ જ્ઞાને જાણીઓ, રાણીનો વંઝા દોષ.
પૂછીને ત્યાં ખરૂં કીધું, નિશ્ચે નહિ સંતાન;
કરુણા આણી આપિયું, રાય રાણીને વરદાન.
ત્રણ પુત્ર ને એક પુત્રી, હશે રૂપના ધામ;
એંધાણી રાખજે એટલી, જે માહારે નામે નામ.
એહેવું કહીને ઋષિજી, પામીઆ અંતરધાન;
કેટલે દિવસે રાણીને પછે, આવીઆં સંતાન.
દમના દંતુ દુર્દમન, દમયંતી નામ જ ધર્યા;
હર્ષ પામ્યો ભૂપતિ, બાળક ચારે ઉછર્યા.
દમયંતી જે દીકરી તે, મુખે વરણી ન જાય;
અંગ તની તો ઉપમા, નળ કશીએ ન અપાય.

વલણ

ઉપમા ન અપાય નળ મેં, એમ બોલ્યા વેણાધારી રે;
નલ કહે નારદ પ્રત્યે, તેહનું રૂપ કહો વિસ્તારી રે.

## કડવું ૪

[રાગ : આશાવરી]

નારદનાં વચન સુણી, બોલ્યા નૈષધધણી;
ભીમક તણી કુંવરી છે, કહેવી ફૂટડી રે.

ઢાળ

ફૂટડી કેહેવી દમયંતી, કહો તેહેનું વીખાણ;
નારદ કહે રે ભોળો, વીરસેન સુત સુજાણ.
ગુણ ચાલ ને ચાતુરી, અદ્‌ભુત સુંદર વેશ;
તેહને હું કેમ વર્ણવું, વર્ણવી ન શકે શેષ.
બુદ્ધિ પ્રમાણે માનનીનું, કરું છું વરણંન;
જ્યમ સાગરમાંથી ચાંચ જળની, ભરે પક્ષીજંન.
દમયંતીનો ચોટલો, દેખી અતિ સોહાગ;
અભિમાન મૂકી લજ્જા આણી પાતાળ પેઠો નાગ.
ભીમકા સુતાનું વદન સુધાકર, દેખીને શોભાય;
ચંદ્રમા તો ક્ષીણ પામી, આભમાં સંતાય.
સૃષ્ટિ કરતાં બ્રહ્માજીએ, ભર્યુંતેજનું પાત્ર;
તે તેજનું પ્રજાપતિયે ઘડ્યું, દમયંતીનું ગાત્ર.
તેમાંથી કાંઇ શેષ વધ્યું, ઘડતાં ખેરો પડિયો;
બ્રહ્માએ એકઠું કરીને, તેનો ચંદ્રમા ઘડિયો.
નળ કહે નારદને, એ વખાણ ભાવ ના પહોંતો;
દમયંતી હમણાં અવતરી, ચંદ્ર પહેલો નહોતો?
નારદકહે બ્રહ્માજીએ, સૌ પહેલી ઘડીને રાખી;
પણ પૃથ્વિમાં અવતારી નહિ, ભરથાર એવા પાખી.
વિરંચિએ વૈદર્ભી નાંખી, ઉદય હવડે પામી;
તેજો અહિંયાં અવતરી, તો નિર્મ્યો હશે કો સ્વામી.
નળ કહે આગળ વિસ્તરો, એ ભેદ મેં સાંભળિયો;
ચંદ્ર પહેલાં ચતુરાં, સંદેહ મનનો ટલિયો.
નારદ કહે સાંભળો રાજા, મીન ને મધુકર;
નેત્ર ભ્રુકુટી દેખિને, જળ કમળ કીધાં ઘર.
નાસિકા વેસર દેખીને, કળાધર ને કીર;

તેને અરણ્ય પર્વ સેવિયાં, ધારી શક્યા નહિ ધીર.
દમયંતીના અધર દેખી, પેટ વેધ્યું પ્રવાળી;
એ કામિનીનો કંઠ સાંભળી, કોકિલા થઈકાળી.
રસના વાણી સાંભળી, સરસ્વતીને આવ્યો વૈરાગ;
કુંવારી પોતે રહી, સંસાર કીધ્યો ત્યાગ.
દંત દેખી દાડમ ફાટ્યું, કપોત સંતાડે મહોને;
તે નાદ કરતો ફરે વનમાં, કહે દુઃખ કહું હું કોને.
દમયંતીનાં કુચ દેખી, હાર્યું કુંજર કૂળ;
તે હીંડતાં ચાલંતા હાથી, માથે ઘાલે ધૂળ.
હસ્તકમળથી કમળ હાર્યું, જળમાં કીધું ઘર;
ઉદર દેખી દમયંતીનું, સુકાયું સરોવર.

વલણ

સરોવર સુકાયું સાંભળી, નળરાય મનમાં રંજ્યા;
દમયંતીના જંઘા દેખી, કેળ રહી કાક વંઝા.

## કડવું ૫

[રાગ : સામેરી]

દમયંતી છે દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા;
નારદજી વાયક એમ બોલે, નહિ ઉપમા તારુણીની તોલે.
દમયંતી છે દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા. ટેક.
જોઈ ભિમકસુતાની કટી, સિંહની જાત વનમાં ઘટી;
હંસને પણ થઈ ચટપટી, ચાલ્ય ગોરીની આગળ મટી. દમયંતી૦
રામા અંગની રોમાવળી, વનસ્પતી દવે મરે છે બળી;
તેનાં વસ્ત્ર રહ્યાં જળહળી, દેખી આભમાં પેસે વીજળી. દમયંતી૦
પગપાનીથી હાર્યો અળતો, રહે અબળાને પાગે લળતો;
નેપુરનો નાદ સાંભળતો, રહે ગાંધર્વનો સાથે બળતો. દમયંતી૦
વરણથી ચંપક નવ ભજિયો, માટે મધુકરે તેને તજીયો;
એવું રૂપબ્રહ્માએ સજિયું, બીજું કોઇ નથી નીપજિયું. દમયંતી૦
હવે શણગાર વખાણું સોળ, મંજન ચીર હાર તંબોળ;
ઉઠે સુગંધના કલ્લોળ, અંગે અરગજાના રોળ. દમયંતી૦
શીશફૂલની રત્નરાખડી, શોભે ભમમાં ચુની જડી;
ગોફણો રહ્યો અગશું અડી, કટિમેખલાશું પડે વઢી. દમયંતી૦
ગળુબંધ કંઠે નવરંગ, મુગતાહાર છે બે સંગ;
શકે ગિરિ કરીને ભંગ, સ્તન મધ્યે વહે છે ગગ. દમયંતી૦
વાયે ઓઢણી રહિ છે ઉડી, ખળકે કંકણ ને કર ચુડી;
રૂપે રતિ તો સંભ્રમે બુડી, એવી કોઇ મળે નહિ રડી. દમયંતી૦
વાજે નેપુર કેરો ઝણકો, અંગુઠે અણવટનો ઠણકો;
અંગુલિયે વીછવાનો રણકો, બોલે મધુર ઝાંઝરિનો ઝણકો. દમયંતી૦
જેણે દમયંતી નવ જોઇ, તેને ઉમર એળે ખોઇ;
જાણે કાયા કનકની લોઇ, એવી જગમાં બીજી ન કોઇ. દમયંતી૦
જેમ નદીમાં ભાગીરથી, તેમ શામામાં સર્વથી;
ત્રણ લોકમાં જોડી નથી, જાણે સાગરથી કાઢી મથી. દમયંતી૦
ઇંદ્રાદિક પરણવા ફરે, મહેલા મનમાં નવ ધરે;
અશ્વિની કુમાર આગળ પળે, તે ન આવે આંખ્ય જ તળે. દમયંતી૦
જ્યારથી એ પુતળું અવતરિયું, નારીમાત્રનું માન ઉતરિયું;

દમ્યું જગત સ્વરૂપ ઉદે કરિયું, માટે દમયંતીનામા ધરિયું. દમયંતી૦
જોગી થઈતજ્યું હશે સર્વસ્ત, તીર્થા નાહ્યો હશે સમસ્ત;
ગાળ્યાં હશે હીમાળે અસ્ત, તે ગ્રહશે દમયંતીનો હસ્ત. દમયંતી૦
વખાણ સાંભળિને સબળ, રૂધિર અટવાયું પળ પળ;
નારદ પ્રત્યે બોલ્યો નળ, સ્વમી પરનવાની કહો કળ. દમયંતી૦
નારદ કહે મારું કહેણ ન લાગે, હું નવ જાઉં તારે માગે;
મને મોહનાં બાણ જ વાગે, બ્રહ્મચર્યવ્રત મારું ભાગે. દમયંતી૦
એવું કહી પામ્યા અંતરધાન, મોહ પામ્યો નળ રાજાન;
લાગ્યું દમયંતીનું ધ્યાન, કામજ્વર થયો વહ્નિ સમાન. દમયંતી૦
વૈદ મોટા મોટા આવે, વગડાની ઔષધિ લાવે;
તાપ કોઇયે ન સમાવે, મંત્રી કહે શું થાશે હાવે. દમયંતી૦

વલણ

હવે શું થાશે કહે મંત્રી, વિચારે છે મન રે;
નીલાં વસ્ત્ર પહેરી અશ્વે બેશી, નળ રાય ચાલ્યો વન રે.

## કડવું ૬

[રાગ : વસંત]

અનંગ અનળ તે નળને પ્રગટ્યો, વન ગયો વહ્નિ શમાવા;
હયે બેઠો ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ યાકુળ થાવા. અનંગ.
નીલાં વસ્ત્રને નીલો વાઘો, મૃગયાનો શણગાર;
અઘોરા વનમાંરાયે દીઠું, માનસરોવર સાર.
સુભટ સાથે કોય મળે નહિ, એકલો ના પડે ગમ્ય;
હયથકો હેઠો ઉતરીને, વન જોવા લાગ્યો રમ્ય.
વૃક્ષ વારુ ચારોળીનાં, ચંદના ચંપા અનંક;
નાનાવિધનાં પુષ્પને ભારે, વળિ રહ્યાં છે વંક.
મોગરો મરડાઈ રહ્યો ને, મગી અરણી ને મરેઠી;
આંબલિ આવળ ને અગથિયા, એખરા ને અરેઠી.
કદળી થંભ શોભે અતિ સુંદર, સાકર સરખી શેલડી;
લવિંગલતા ને લિંબુ લલિત વળી, વિરાજે વૃક્ષવેલડી.
નાળીકેરી નારંગી નૌતમ, નીચાં નમ્યાં બહુ નેત્ર;
ફોફળિ ફાલસિ બહુ સુંદરા દીસે, ખજુર ખારેકના ક્ષેત્ર.
પીપળા પીપળિ વડ ને ગુલર, દાડમડીને પલાશ;
અશ્વથી ઉઅતી નળા રાજાએ, વના નિરખ્યું ચોપાસ.
જળા ફળ સઅબળ દેખીનર હરખ્યો,ઉત્તમા આંબા સાખ;
બાબચિ બીજોરી ને ચિનિકબાલા, ઝુલે ઝુમખા દ્રાખ.
સુંદરા કુમુદનિ સરોવરા માંહે, વાયુ પ્રહારે નમંતી;
દેખી અનળા તે બમણો વ્યાપ્યો, સાંભરી દમયંતી.
શીતળા વાયુ વહ્નિ સરખો, લાગે રાયને તંન;
નગ્ન વૃક્ષા છે કદળીનાં, તેને દેતો આલિંગન.
રંભના ચુંબના કરે કેળને, થડથી મરડી પાડે;
મુખથી શબ્દા કરે જેમ કોઈ, મોટો મેગળ ત્રાડે.
એવે સમે બહુ હંસ ત્યાં દીઠા, સુવર્ણનાં છે અંગ;
તે દેખી દમયંતી વિસરી, ટળી ગયો અનંગ.
નહોતું દીઠું તે મેં દીઠું, આવ્યો દીસ અનુક્રમી;
આવી કનકની જાત પંખીની, બ્રહ્માએ ક્યારે નિરમી.

એકા હાથ પડે એમાંથી, પાલું પાસે રાખું,
રમાડું જમાડું એને, દુઃખદાડા ખોઈ નાખું.
શરપ્રહર કરું જો એને, તો એ થાય નોધન;
ગ્રહણ કરવું જોઇએ જીવતું, ભૂપ વિમાસે મન.
એવે સકળ પંખીનો રાજા, દીઠો પૃથ્વીમાંય;
વૃક્ષતણે થડ નિદ્રા કરીને, ઉભો છે એક પાય.
તેને દેખી નળ મનમાં હરખ્યો, ભેદા કરી પરવરિયો;
અંબા ઓઢી અંગા સંકોડી, શ્વાસ રુંધના કરિયો.
દ્રુમ થડ પુંઠે નળ ભડ આવ્યો, બેશી આઘો ચાલ્યો.
લાંબો કર કરી લઘુલાઘવીમાં, પંખીનો પગ ઝાલ્યો.

વલણ

ઝાલ્યો પંખી જાગી ઉઠ્યો, નળને કીધા ચંચના પ્રહાર રે;
પછે પોતાની વાણી એ કરી, કરવા લાગ્યો પોકાર રે.

## કડવું ૭

[રાગ : મારુ]

હંસે માંડ્યો રે વિલાપ, પાપી માણસાં રે; શું પ્રગટ્યું મારું પાપ. પા૦
ઓ કાળા માથાના ધણી, પા૦. જેને નિર્દયતાહોય ઘણી. પા૦
એ તો જીવને મારે તતખેવ, પા૦. હવે હું મુવો અશ્વ મેવ. પા૦.
ટુંપી નાંખશે માહારી પંખાય. પા૦. મુંને શેકશે અગ્નિમહાંય. પા૦.
કોણા મૂકાવે કરી પક્ષ. પા૦. માહારે મરવું ને એને ભક્ષ. પા૦.
આ મત્સરખું રતન, પા૦. તે એળે થાશે નીધન. પા૦.
ટળવળી મરશે માહારી નાર, પા૦. તે જીવશે કેહને આધાર. પા૦.
ગ્રહ્યો નારીએ દીઠો નાથ, પા૦. ધાયો સહસ્ત્ર સ્ત્રીનો સાથ. પા૦.
નાથ ઉપર ભમે સ્ત્રી વૃંદ, પા૦. ઘણું કરવા લાગ્યા અક્રંદ. પા૦.
હંસીએ દીધો શાપ, પા૦. તારી સત્રીએમ કરજો વિલાપ. પા૦
હંસા નારીને કંહે, હંસી સાંભળો રે;
તમે જાઓ સર્વ ભંવન, આંહાંથી પાછાં વળો રે.
જે કાંઇ લખ્યું હશે બ્રહ્માય, હં૦ તે અક્ષર નવ ધોવાય. આં૦
કેમ છૂટીએ કર્મના બંધ, હં૦ આપણે એટલો હશે સંબંધ. આં૦
જો અણઘટતું કીધુંઅમે, હં૦ મને વારી રાખ્યો નહિ તમે. આં૦
આપણે વસવું વૃક્ષ ને વ્યોમ, હં૦ આજ મેં નિદ્રા કીધી ભોમ. આં૦
જે થાય થાનક ભ્રષ્ટ હં૦ તે પામે માહારી પેરે કષ્ટ. આં૦
સર્વને દેઉં છૌં શીખામણ, હં૦તમો ધરણિ મા મૂકશો ચર્ણ. આં૦
એમ કહેતો સ્રીને ભરતાર, હં૦ દેખી નળે કીધો વિચાર. આં૦
પંખી સર્વ પામ્યા છે રોષ હં૦ તે દે છે મુજને દોષ આં૦
તમોહંસા ધરો વિશ્વાસ, હં૦ હું નવ કરવાનો નવ નાશ. આં૦

વલણ

નવા કરવાનો નાશા એહેવી, વાળી નળે કહીરે;
વચન સુણી નળરાયનાં, હંસને વાચા થઈ રે.

## કડવું ૮

મનુષની પેરે પંખે બોલ્યો, મુને મુકી જુઓ એક વાર;
પ્રાણદાન તું આપીશ તો, કાંઇ કરીશ ઉપકાર.
મૂક મુજને અર્વથા આ, રુવે છે સહસ્ત્ર સુંદરી;
એહેને આસના વાસના કરીને, હું આવીશ તુજ કને ફરી.
વચન સુણી વીર વેસ્મે પામ્યો, અલ્યા હવે નહિ ચૂકું;
રૂપ ને વાની બેગુણ તુજમાં, મરતાં લગે નવ મૂકું.
હંસા કહે વિશ્વાસ આણો, અમો બ્રહમાના વાહંન;
આકાશ અવનિ એક થાય તો, જુઠુંન બોલું વચંન.
નળા કહે હું વેવેરસેના સુતા છૌં, નૈષધ માહારું ગામ;
દેશપતિને ક્ષત્રી કેવળ, નળરાયા માહારું નામ.
હુંથીવિઘ્ન થાયે નહીં, પ્રાણની પેરે પાળું;
અમો રાજવંશીને રુસું લાગે, તાહારું બોલવું રઢીઆળું.
ખટ્પટ ટાળો મરણની ને, રખે આણો શોક;
એમ જાણી રોહો મુજ પાસે, જાવાની આશા ફોક.
પંખી કહે રે પુણ્યશ્લોક માહારી, માતા રોઇ રોઇ મરશે.
એકનો એક છૌ6 તેહને, માતા કેહેને જોઇ ઠરશે.
એક સહસ્ત્ર રુએ છે નારી, ઘેર ત્રણ છે પટરાણી;
માહારું બંધના જાણી સર્વકો, તત્ક્ષણ તજશે પ્રાણી.
વાહાલી સ્ત્રીએ પુત્ર પ્રસવ્યો, મેં તેહનું મુખ નથી જોયું.
અરે નળરાજા હું રંકનું તે, સુતનું સુક્લ્હા કાં ખોયું;
આપણ બન્યો મિત્ર થયા, તેહેનો સૂરજ દેવતા સાખી;
રૌરવા નરકે હું પડું જો, ના પાળું વાચા ભાખી.
ગુરુદ્રોહી સ્વામીદ્રોહી, એ પાતિક લાગે મુજને;
જો નારીને મળી આવી, શીશ ન નમાવું તુજને.
ત્રાહે ત્રાહે કરી નળ બોલ્યો, મૂકું ચું નિરધાર;
તું જાણે પરમએશ્વર જાણે, સમતણો વિચાર.
પ્રતિજ્ઞાને માટે મૂકું છું, મળવાને તારી નાર;
નહિ આવે તો શું કટક ચઢાવું, કે તુંને કહાડું ન્યાત બહાર.

એહેવું કહીને પંખી મૂક્યો, હંસા ઉડ્યો આકાશ;
રુદન મા કરશો એમ કહેતો, આવ્યો પ્રેમદા પાસ.
સમચાર કહ્યો શ્યામાને,સમજાવી સુંદરી;
વળાવી નારીને પોતે, આવ્યો નળકને ફરી.
જેમા કો અંધ આનંદા પામે, ફરી આવે લોચંન;
તેમ રાયનું હંસને દેખી, હરખ્યું અતિસે મંન.
ભૂપ કહે આ કાળને વિષે, પંખી બહુ સતવંત;
પ્રતિજ્ઞા પાળી પોતાની તુંને, વાહલા હશે ભગવંત.
હંસ કહે હો ભૂપતિ, સઆંભળ માહરા મિત્ર;
બોલ્યું વાયક પાલીએ નહિ તો, કાગ ને અમો શો અંત્ર.

વલણ

અંતર શો અમો કાગ કરતાં, મિત્ર જો અમારી પેર રે;
હંસ સાથે અશ્વ બેસી, નળરાય ચાલ્યો ઘેર રે.

## કડવું ૯

[રાગ : દેશાખ]

નળરાજા મંદિર આવીઓ, સુભટ હંસ સાથે લાવીઓ;
સૈન્ય સઘળું સાહામું જાય, હંસને દેખી વિસ્મે થાય.
આ વસ્ત કાંહાંથીપામ્યા રાજાન, એણી પેરે પૂછે પરધાન;
નળ કહે સરોવર માન, તાંહાંથી મૂને આપ્યો ભગવાન.
એ માહારે થયો છે વીર, એમ કહી આવ્યો મંદીર;
કનકનું કીધું પિંજર, હંસને રહેવાનું ઘર.
એકઠા બેસી બન્યો જમે, ધૂત ક્રીડા તે રઅસિયા રમે;
અન્યોન્ય કાઢી લે તંબોલ, મુખેવાની કરતા કલ્લોલ.
હંસવિના ન ચાલે ઘડી, પ્રેમ રેહેણે પ્રીત જે જડી;
અશોક વાટિકામાં એક વાર, બન્યો બેથા ગુણ ભંડાર.
હંસે વાત વ્રેહેની કરી, ત્યારે નળને દમયંતી સાંભરી;
દીઠો જામ્યો અકસ્માત, નેત્રે કીધું આંસુપાત.
હંસ પૂછે મારા વીર, તાહારે નયને કાં વહે છે નીર;
નળ કહે શું પૂછે મૂને, એટલું સૂજ નહીં પડે તૂંને.
પરણ્યા કુંવારા ન જુઓ અમો, ઘરમાં ભાભી દીઠી હશે તમે;
હંસા બોલે ને કર ઘસે, મેં જાણ્યું જાણ્યું ભાભી પીહેર હશે.
તમો કુંવારા ના જાણ્યા માટ, શું પૃથ્વીમાં કન્યાનો દાટ;
પોતાની પાંખે લોહ્યું જળ, ખગે રોતો રાખ્યો નળ.
મરકલડું કરી મહીપતિ, મિત્ર સાથે બોલ્યો વીનતિ;
જે દહાડે નેં તમને ગ્રહ્યા, તે બોલ શું વિસરી ગયા.
તેં કહ્યું નળ મૂક એક વાર, કાંઇ હું એ કરીશ ઉપગાર;
ભાઇ તે બોલ્યું કહી એ પાળશો, એ મોહોટું દુઃખ ક્યારે ટાળશો.
વળતો હંસ કહે મહારાજ, હું સરખું કાંઇ સોંપો કાજ;
મહા કઠણ જે કારજ હશે. , તે હું સેવકથી સર્વે થશે.
નળ કહે તમો કરો સર્વથી, પન મહારી જીભ ઉપડતી નથી;
કપરું કામ કેમ દેવાય, કદાપિ થાય કે નવ થાય.
ન થાય તો તમો પામો ખેદ, લાજે ઘેર નાવો વાયક વેદ;
હંસ કહે અમથો નવ વળું, હું ફીસાવાનું નોહું પૂતળું.

ચૌદ લોકમાં ગયાની ગત્ય, તાહારું કારજ થશે સઅત્ય;
નળ કહે હો પંખીજંન, શરીર સુનાનું ચંચ રતંન.
એહેવી તમારી દીસે દેહ, કાંહાથી વર માન્યાભાઈ એહ;
હંસા ભણે સાંભળ હો નળ, સરોવરમાં છે સોનાનાં કમળ.
નિત્ય ભોજન કરવું તેહ, જેવું જમવું તેવી દેહ;
પાળ પગથીએ જડ્યાં રતંન, ચંચ ઘસુંઅમો પંખીજંન.
તેહેની વળગે છે રેખાય, માટે રત્નજડિત ચંચાય;
હવે માં પૂછશો આડી વાત, કામ શૂં ચે કોહોની ભ્રાત.
નળ કહે એક વિદર્ભ દેશ, કુંદનપુર ભીમક નરેશ;
તેહની દમયંતી દીકરી, કારણરૂપે તે અવતરી.

વલણ

કારણરૂપ તે અવતરી, વણ દીઠે મોહ થયો અમને;
તે નારીસુંવેહેવા મેળવો, એહવું માગું છૌં તમકને.

## કડવું ૧૦

[રાગ : રામગ્રી]

હસીને બોલ્યો વિહંગમાવાણીજી,
‘ભ્રાત શું માગ્યું લજ્જા આણીજી.

ઢાળ

માગી માગીને શું રે માગ્યુ; એક દમયંતી નારી;
દેવ કન્યા આણી આપું તો, કવણ ભીમક કુમારી.
વિદ્યાધરી ને કિન્નરી, ગાંધ્રવી તે રૂપનિધાન;
તે નારીનાં રૂપ આગળ, દમયંતી મૂકે માન.
કોટી કન્યા પરણાવું, પદ્મની ગૌર ગાત્ર;
તેહેની કાંતિ આગળ દમયંતી, તે દીસે દાસી માત્ર.
અતળ વિતળ સુતળ તળાતળ, રસાતળ પાતાળ;
ત્યાં પેસી નાગકન્યા આણી આપું, કોણ ભીમકની બાળ.
નળ કહે હું સકલ શ્યામા, પામ્યો પંખીરાય;
કોટી કારજ તેં કર્યાં, મેળવ વેદર્ભીસું વેહેવાય.
એક માસનો વાયદો, હંસે કર્યો સુજાણ;
ત્યારે નળ કહે ત્રીસ દહાડા, ત્રીસ જુગ પ્રમાણ.
ત્યારે દિવસ આઠની અવધ કરી, કહેતો ગયો ગુણવાન;
પીઠી કરજો રાજાજી, તત્પર કરજો જાન.
ભૂપ કહે પ્રયાણ તે, હંસ મેં ન કહેવાય;
હું તો તું વિના એહેવો, પ્રાણ વિના જેમ કાય.
હવે એમ જાની વિલંબા મા કરશો, રખે કરતા કોસું સ્નેહ;
જો અવધ વટશે આવ્યાની તો, પડશે માહારો દેહ.
વિશ્વાસા આપ્યો વીરને, પછે પરવર્યો ખગેશ.
થોડે કાળે આવીઓ, જાંહાં વિદર્ભ દેશ.
ભીમકારાયના ઘરની વાડી, ત્યાં દમયંતીનું ધામ;
તે વાડી મધ્યે આવી હંસે, લીધું નળનું નામ.
ચંદ્રમા મસ્તકે આવ્યો, પૂર્ણિમા મધ્ય જામની;
સખી સાથે દ્યૂત રમે છે, દમયંતી જે ભામની.
તેણે સમે તાંહાં હંસલે, વખાણ્યો નળ રાજન;

શબ્દ સુંદરા સાંભળી, શ્યામએ ધરિયો કાન.
હરિવદનીએ હંસા દીઠો, બેઠો ચંપક છોડ;
આ શું સુનાનું સાવજું, થયું ઝાલવાનું કોડ.
શોભતુંને બોલતું, કરે નળની વિખાણ;
એ પંખી કર ચડે નહીં તો, તજું માહારો પ્રાણ.
અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢ્યાં તતકાળ;
હંસે દીઠી કામની, ત્યારે બેઠો નીચી ડાળ.
દ્રોડે આડી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નાહાસે, ચપળ નવ ઝલાય.
પંખી કહેરે પ્રેમદા, અમો કમળના રહેનાર;
નળ વિના કો ન ઝાલે તું; કોણ જે ગ્રેહનાર.

વલણ

ગ્રેહેનાર તું કોણ મૂર્ખી, તુંને કાંહાંથી નળની શુદ્ધ રે;
વચન સુણીને વામાએ, વિચારી ઝાલવાની બુદ્ધ રે.

## કડવું ૧૧

[રાગ : મારુ]

ચતુરા ભીમકની કુમારી, તેણે અકળીત વાત વિચારી;
નથી હંસ દેતો મુને સહાવા, પણ નવ દેઉં એહેને જાવા.
પંખી ધીરે કમળને કાજે, હાથ આપ્યા મન મહારાજે;
જોગવાઇ જગદીશે મેલી, મહારી કમળ જેવી હથેલી.
શરીર સઘલું કહીંએ સંતાડું, પાણપંકજ એહને દેખાડું;
પોતાનાં વસ્ત્ર દાસીને પેહેરાવી, બેઠી ચેહેબચામાં આવી.
મસ્તકા મૂક્યું પલાશનું પાન, વિકાસી હથેલી કમળ સમાન;
મધ્ય મૂક્યું જાંબુનું ફળ, જાણે ભ્રમર લે છે પીમળ.
પોતે નાસીકાએ ગણગણતી, ભામા ભમરાની પેરે ભણતી;
હંસે હરિવદની જાણી, ન હોયે પંકજ પ્રેમદાનો પાણિ.
બેસું જઇ થઈઅજ્ઞાન, પરણાવવો છે નળરાજાન.
આનંદા આણી અંબુજ ભણી ચાલ્યો, બેસતાં અબળાએ ઝાલ્યો.
દમયંતી કહે શેં ન નાઠો, હલ્યા ગાઠુઓ થઇને ગાઠો;
મુને દ્રોડાવી કીધી દુઃખી, મુવા પહેલાં હું ન ઓળખી.
તારા અવગુણ નહીં સાંભરું, મુને બાપના સમજો મારું;
હંસ કહે શું જાઓ છો ફૂલી,નથી બેઠો હું ભ્રમે ભૂલી.
હુંમાં પ્રાક્રમ છે અતિઘણું, ચંચપ્રહારે તાહારા હસ્ત હણું;
દમયંતી કહે હંસ ભાઈ, તાહારે માહારે થઈ મિત્રાઈ.
અન્યોઅન્યે તે બોલજ દીધો, હાથેથી મૂકીને ખોળે લીધો;
તમો વિખાણ કીધું સબળ, તે ભીઆ કોણ છે નળ.
તેહેનાં કોણ માત ને તાત, મુને વિખાણી કહો વાત;
હંસ બોલ્યો મુખે તવ હસી, અબળા દીસે ઘેલી કશી.
તેહેનાં ગુણ બ્રહ્મસભામાં ગવાય, નળ તે વિષ્ણુ આગળ વખણાય;
એ ભીઆ મોટા ચતુરસુજાણ, જે હું નળની કરું રે વિખાણ.
નળ દીઠો નહીં તે નર રોઝ, સાંભળ્યો નહીં તે વ્રખડોજ;
જોયો નહીં તેનાં લોચન કેહેવાં, મોર પીછ ચાંદલીઆ જેવાં.
એટલામાં મન વિહેવળ કીધું, ચિત્ત મહિલાનું આકરશી લીધું,
બેહુ કરજોડીને નમયંતી, હંસ પ્રત્યે કહે દમયંતી.

હું પૂછું છૌં બીહીતી બીહીતી, નળની કથા કોહો અથઈતિ;
છે બાળક વૃદ્ધ જોબનધામ, શે અર્થે નળ ધરાવ્યું નામ.
તમે આવડો જીભે વરણ્યો, છે કુંવારો કે પરણ્યો;
એહેવાં વચનને સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી.
નળ છે કુંવારો નથી કન્યા, છે બ્રહ્માનો મોટો અન્યા;
અમો કોટાનકોટ નારી નિરખી, ન મળે નળને પરણવા સરખી.
એકવાર બ્રહ્માએ શું કરીઉં, સકલ તેજ એક પાત્રમાં ભરીઉં;
તે તેજનો ઘડ્યો નળરાયે, કાંઇએક રજ વાધી પાત્રમાંય.
તેની એક થપોલી હવી, આકાશે ઉપન્યો રવી;
વાહાણે સાંજે નળ બહાર નીસરે, તજવંત વનમાં ફરે.
સૂરજ ઝાંખી કહાડે કોર, વાહાણું સાંજ તેણે ટાહાડો પોહોર;
અદષ્ટ જ્યારે થાય રાજાન, નિશ્ચિંત ભાનુ તપે મધ્યાહ્ન.

વલણ

મધ્યાહ્ને નળ જાય મંદિરમાં, માટે સૂરજ તપે ઘણું;
હંસ કહે હો હરિવદની, શું વિખાણ કરું તે નળતણું.

## કડવું ૧૨

[રાગ : જેતશ્રી]

હંસ ભણે હો ભામની, બ્રહ્માંડ ત્રણ જોયાં સહી;
નળની તુલના મેળવું પણ, મહી તળમાં તૂલના કો નહીં– તુલના૦
જુગ્મ રવિસુત રૂપ, આગળ જાય નાંખી વાટ;
ગંભીરતાએ વર્ણવું, પણ અર્ણવમાં ખારાટ. – તુલના૦
શીતળતા શશિ હાર્યો, મૂકે કળા પામે કષ્ટ;
તેજથી આદિતા ફરે નાહાઠો, મેરુ કેરી પૃષ્ઠ. – તુલના૦
ઐશ્વર્ય યુદ્ધે ઇંદ્ર હાર્યો, ઉપાય કીધા લાખ;
નળ આગળ મહિમા ગયો માટે, મહાદેવ ચોળે રાખ. – તુલના૦
નૈષધારાયના રૂપ આગળ, દેવને થઈ ચિંતાય;
રખે આપણી સ્ત્રિયો વરે નળને, સર્વે માંડી રક્ષાય. – તુલના૦
લક્ષ્મીનું મન ચંચળ જાણી, વિષ્ણુ મન વિમાસે;
પ્રેમદાને લેઈ પાણીમાં પેઠા, બેઠા શેષને વાંસે. – તુલના૦
હીમસુતાને હર લેઈ નાઠા, ગયા ગુફા માંય;
સહસ્ત્ર આંખ્ય ઈન્દ્રે કરી, કરવા નારીની રક્ષાય. – તુલના૦
સિદ્ધિ બુદ્ધિને ધીરે નેહીં, રાખે ગણપતિ અહોનિશ પાસ;
ઋષિપત્નીને ઋષિ લેઇ નાઠા, જઇ રહ્યા વનવાસ. – તુલના૦
પાતાળમાં લેઇ પદ્મનીને, વસિયા વરુણ તે ભૂપ;
સ્વાહા સાચવવા વહ્નિયે, ધર્યાં અડતાળિશા રૂપ. – તુલના૦
ચંદ્રને સૂરજ નાઠા ફરે છે, રખે વરતી નારિ,
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારિ. – તુલના૦
હંસ ભણે હો ભામની, એમ સઉએ શામા સંતાડી;
નળના વપુના વાનથી, સર્વે સૃષ્ટી કષ્ટ પમાડી. – તુલના૦
પુરુષને અદેખાઈનું બળવું, નારીને દહે કામ;
અનલ પ્રગટ્યો સર્વને, માટે નળ ધરાવ્યું નામ. – તુલના૦
જપ વ્રત જેણી કર્યાં હશે, સેવ્યો હિમપરવત;
તે નારી નળને પરણશે જેણે, કાશી મૂકાવ્યું કરવત. – તુલના૦
બ્રહ્માજીની સૃષ્ટિમાં કો, ન મળે જાચક રૂપ;
નળને દાને દારિદ્રય છેદ્યાં, ભિક્ષુક કીધા ભૂપ. – તુલના૦

ત્યારે નરમ થઈદમયંતી બોલી, નિર્મળ નર ભૂપાળ;
જેમ તેમ કરતાં ભાઇ મહારો, તાંહાં મેળવ વેવીસાળ. – તુલના૦
હંસ કેહે ફોકટ ફાંફાં જેમ, વામણો ઇચ્છે આંબાફળ;
તેમ તુજને ઇચ્છા થઈ, ભરતાર પામવા નળ. – તુલના૦
હજાર હંસ હું સરખા ફરે છે, નૈષધપતિના દૂત;
ખપ કરી પરણાવીએ, તો તું સરખું કંઇ ભૂત. – તુલના૦
વચન સુણી વિહંગનાં, અબળાએ મૂક્યો અહંકાર;
ભુંડા એમ શું મુને નિભ્રં છાં, આપણે મિત્રાચાર. – તુલના૦
સ્નેહ તે સતકર્મનો એમ, વદે વેદ ને ન્યાય;
એમા જાણી પરણાવ મુજશું, લાગું તારે પાય. – તુલના૦

વલણ

પાયે લાગું ને નળ માંગુ, હવે આવી તારે શર્ણરે;
નહીંતર પ્રાણ જાશે માહારા, ને પીંડ પડશે ધર્ણરે.

## કડવું ૧૩

[રાગ : વેરાડી]

હંસા ભણે હો ભગિની માહારી, ભીમક રાજકુમારી;
નિશ્ચે નળ તુજને પરણાવું, મુને દયા આવે છે તારી. હંસ ભણે.
અમો મળતાં ને પ્રાણ જ આપું, પુરું મનની આશ;
તાહારો મોહ લગાડું નળને, નાખી ઉંચાનીચા પાશ. હંસ ભણે.
એક જડીબુટ્ટી સુંઘાડું નળને, તતક્ષણ થાશે ઘેહેલો;
આફણીએ આંહાં આવીને રેહેશે, વેહેલો સર્વની પેહેલો. હંસ ભણે.
નળને તું નિરાધાર પરણશે, એ માહારો સંકેત;
રખે ત્યાર પેહેલી કોને વરે, પછે હું થાઉં ફજેત. હંસ ભણે.
આવશે નળનાં રૂપ લેઇને, દેવતા મોટા ઘાતી;
વણ તપાસે વરીશ મા, રખે ડાહી થઈવહવાતી. હંસ ભણે.
નળ અમરમાં વેહેરો શું છે, ઓળખાવ્યો તે વેશ;
દેવ રહેશે અંત્રિક્ષ ઉભા, નવ મળે નીમેષ. હંસ ભણે.
સ્વયંવર તું ઘર રચાવે, વલી કરે એક વાનું;
તારો પિતા નોહોતરું મોકલે, તું પત્ર લખજે છાનું. હંસ ભણે.
હંસરાયનાં વચન સુણીને, વામા કરે વિદાય;
જાઓ કહું તો મારી જીભ કાપું, ગયા વિના કામ ન થાય. હંસભણે.
હોરે વિહંગમ હોરે વિહંગમ, મારો વિરહનો વહ્નિ સમાવો;
વીરસેનસુતને વિવા અરથે, વીરા વેહેલા વેલા લાવો. હોરે વિ૦
તારા વ્હોણી નળનો વિજોગ છે, હું એ બે દુઃખે દુઃખાળી;
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, મેલાપ તમારા ટાળી. હોરે વિ૦
વિશ્વાસ આપીને વાત વેહેવાની, રખે જાતા વીસરી;
સ્વયંવરમાં નળ નહીં આવે તો, પ્રાણ જાશે નીસરી.હોરે વિ૦
જો તમો નાથ આણી નહિ આપો, તો કોણ આપશે વળતું;
મોટું પુન્ય છે મનુષ્ય રાખ્યાનું, અનંગ અગ્નિથી બળતું. હોરે વિ૦
માત તાત ને સગા ભાઇ હું, તેને લાજું કહેતી.
કેમ કહું નળને પરણાવો મુને, સર્વે કહે અલેતી. હોરે વિ૦
ગુહ્ય વાત તે મિત્રને કહીએ, વહાલાની હોય ચોરી;
વણ રોગે આ વપુની વેદન, તું હંસ જાણે મોરી. હોરે વિ૦

તારી આશા સૂત્રનો તંતુ, પ્રાન રહ્યો છે વળગી;
વેહેવા વાત મિથ્યા સાંભળતાં, દેહ થાશે પ્રાણથી અળગી. હોરે..વિ૦
વિશ્વાસઘાતનું પાપ છે મોહોટું, તમો ડાહ્યાને શું કહીએ;
વૃદ્ધની વાત કરી જાઓછો, નથી કીધી નાહાને છૈએ. હોરે વિ૦
હંસ કહે હો ભામિની, નિશ્ચે રેહે તું વિશ્વાસે;
એમ કહીને ખગ તાંહાંથકી, ઊ ડી ગયો આકાશે. હોરે વિ૦
આવી મળ્યો નળરાજાને, વાત કહી જે વીતી;
સમાચાર કહ્યો જઈ હંસે, નળને અથઇતિ. હોરે વિ૦
પંખી કહે પુણ્યશ્લોકજી, વીતી વાત શું કરું;
દિન દશ પાંચમાં આવ્યું દેખશો, પરણ્યાનું નોહોતરું. હોરે વિ૦

વલણ

નોહોતરું આવશે સ્વયંવરનું, હંસે વાત નળને કહી રે
વેવિશાળ મળ્યું, દૂત ફળ્યું, તેમાં કાંઇ સંદેહ નહીરે.

## કડવું ૧૪

[રાગ : મલ્હારની દેશી]

બળ્યો મિત્ર મળીને બેઠા, પૂછે નળ ભૂપાળજી;
વીર વિહંગમ કોહોને વારતા, કેમ મેળ્યો વેવિસાળાજી.
ગામ ઠામ ને રૂપ ભૂપગુણ, ગોત્ર ને આચાર્યજી;
સર્વાંગે સંપૂર્ણ શ્યામા, માન્યું તારું અંતસ્કર્ણજી.
કેમ ગયો કેમ દૂત થયો, વાતા કહો મુને માંડીજી;
તે કન્યા કેમ બોલી તુજા સાથે, લજ્જા મનની છાંડીજી.
પંખી કહે સાંભળીએ સ્વામી, કન્યા વર્ણના વિવેકજી;
શેષ છેક ન પામે સ્તવતાં, શું કહું જીહ્વા એકજી.
કુંદનપુર તે કુંદન જેવું, જોતાં મોહ ઉપજાવેજી;
વૈકુંઠ ત્યાં આણ્યું પ્રસ્થાને, અમરાપુરી ને લજાવેજી.
ચાહારે વરણ ધર્મને પાળે, જે પોતનાં કર્મજી;
સુખ નિવૃત્ત નિરભે પ્રજા ને, આણ ભીમકની ધર્મજી.
આનંદ ઓચ્છવ ને હરિસેવા, ઘેર ઘેર વાજીંત્ર વાજેજી;
વાસવ વિષ્ણુ વિરંચિ ઇચ્છે, વાસ સુખને કાજેજી.
વિદ્યા મૂકાવી નિશાચરની, તે શીખ્યા દિશાચર કામજી;
જુગ્મ કપાટ વિજોગપુરમાં, જુઆં રહે અષ્ટ જામજી.
કર્મ ત્યાગ પારધીએ કીધાં, ગુણકાએ ગ્રહી લજ્જાજી;
ઉચ્ચાટ એક અધર્મીને વર્તે, સકંપ એક ધ્વજાજી.
ભુવના ભવ્ય ભૂપ ભીમકનાં, ભુવન ત્રણ વ્યતિરેકજી;
ઘરની વાડી પરમા મનોહર, મધ્યે અવાસ છે એકજી.
સપ્તભોમ તે વ્યોમ સમાને, ફરતી બારી જાળીજી;
દશા સહસ્ત્ર નારી આયુધા ધારી, કરે કન્યા રખેવાળીજી.
ચંદન ચંપક ચારોળીને, વટ વાળો વેલડીજી;
ફણસી ફોફળી, ને શ્રીફળી, આંબા સાખ સેલડીજી;
બીલી કોઠી દ્રાખ દાડમી, નારંગીને નેત્રજી;
અખોડા ખજુરને લવંગલતા, બહુ ખારેકના ખેત્રજી.
શીતળા જળાશય કમળ કેતકી, કુસુમપુરણ કુંજજી;
મળી આગર મોગરા માલતી, ખટપદ ગુંજાગુંજજી.

વેલ વળી એખરો કળી, શીતલા વાય સમીરજી;
વયણ પંખી રયણ બોલે, ડોલે રાજા ગીરજી.
સાગ સીસમ ને સરઘુઓ, સાદડીયા તાલ તમાલજી,
કરેણ કામ બાબચી બદ્રિકા, જાવંત્રી જાયફળજી.
વાડ વાટિકા વંક વોલામણી, કેળ વંન બીજોરીજી;
બેલડીએ સાહેલડી વળગી, હીંડે ગુણવંત ગોરીજી.
તે વનમાંહે હું ગયો ને, હવો તે હર્ષ પૂર્ણજી;
વૃક્ષજૂથમાં પેસી બેઠો, ગોપવીને ચર્ણજી.
દાસી સર્વ થઈનિદ્રાવશ, ઇંદુ આવ્યો માથેજી;
દમયંતીએ દ્યુત આરંભ્યું, માધવી સઅખી સાથેજી.
તેણે સમે મેં તમો વર્ણવ્યા, શ્યામાએ ધરીઆ શ્રવણજી;
ઉઠી બાળી અટાળીએ આવી, જોતી નેત્રે તીક્ષણજી.
પાસે દાસી બન્યો રાખી, ચતુરા ચોદશ ભાળેજી;
આ વનમાં કોઇ જન આવ્યો છે, બોલી કરે આ કાળેજી.

વલણ

આ કાળે બોલી કોણ કરે છે, જુએ વનમાં ફરી ફરી;
હંસ કહે હું હવો વિસ્મય, શું વખાણું એ સુંદરી રે.

## કડવું ૧૫

[રાગ : ધનાશ્રી]

ભૂપ મેં દીઠી ગર્વ ઘેલડી, સખી બે મધ્ય ઊભી અલબેલડી;
કડળીસ્થંભ જુગલ સાહેલડી, વચે વૈદર્ભી કનકની વેલડી.

ઢાળ

વેલ જાણે હેમની, અવેવ ફૂલે ફૂલી;
ચકિત ચિત્ત થયું માહરું, ને ગયો દૂતત્વ ભૂલી;
સામસામા રહ્યા શોભે, વ્યોમ ભોમ બે સોમ;
ઈંદુમાં બિંદુ બિરાજે, જાણે ઉડગણ ભોમ.
ઉભે અમિનિધિ કીરણ પ્રગટયાં, કળા થઈપરકાશ;
જ્યોતેજ્યોતથી સ્થંભ પ્રગટ્યો, શું એથી થાંભ્યો આકાશ.
કામનીનો પરિમળ બહેકે, કળા શોભે લક્ષ;
શકે ધારાધર વાસ લેવા, ચડ્યો ચંદન વૃક્ષ.
કુરંગ મીનની ચપળતા, શું ખંજન જાળે પડિયાં;
નેત્રઅણિઅગ્રે શ્રવણ વીંધ્યા, સોય થઈનીમડિયાં.
શકે નેત્ર ખેતર છે મોહનું, ડોડાળાં અંબૂજ;
ભ્રુવ શરાસન દૃષ્ટિ શર, હાવ ભાવ બે ભૂજ.
ગળસ્થળ નારંગ ફળશા, આદિત્ય ઇંદુ અકોટી;
અધર પ્રવાળી દંત કનકરેખા, જીભ્યા જાણે કસોટી;
કીર આનન પર શ્રીખંડ શોભે, કોયલા બોલે અણછતી;
વનલતાપર પંખી બેઠો, નવ રહેવાયું મારી વતી.
અધરરસ પર શ્વેત બિંદુ, મેં જાણ્યું કરું ગ્રાસ;
ઉદર સર આભરણ અંબુજ, જઇને પૂરું વાસ.
નાભી નીકટ મેખળા, રહે ગમન સાથ અમારો;
રોમાવળી દ્રુમ કુચટોડા, ઉરમંડળ શું ઉવારો.
અંગરંગ તરંગ યૌવન, જોતાં તૃપ્ત ન થઈએ;
ક્ષુધા તૃષા પીડે નહીં, રૂપા સુધામાં રહિયે.
કચભૂષણ કદળી પત્ર ઉપર, શબ્દ તેનો ઊઠે;
તાં બોલે પંચાનન પ્રહારથી, શું લાગો મેગળ પૂઠે.
કેળશાખાયે જલજ જુગમ ચઢ્યાં, ગજ એથી પામે ખેદ;

યુગમ અંબુજ તાંહાં મળીયાં, મળ્યા મધુકર વેદ.
સ્કંધ પદના તે કદળી સરખા, ખટ તોયજ તોય પાખે;
સુદ્ધ બુદ્ધ નવ રહી મારી, હું બોલી ઉઠ્યો અભિલાખે.
વાડી વાણી વ્યોમચરની, પડ્યો મૂર્ચ્છા ખાઈ;
હાટક રૂપ દેખી સખિ સાથે, મુજને ગ્રહવા ધાઈ.
મોહવારુણી પી પડ્યો, કન્યાયે ગ્રહ્યો આવી;
ભુજઅંબુજ મેં પણ ભેદ્યાં, તોયે મન નવ લાવી.
નાત ગામ ને નામ પૂછ્યું, સ્વામી તારો કૂણ;
રટણ રસનાએ કરે બાંધી, એવો વરણ નિપૂણ.
સ્વામી નળ ને વરણન નળનું, દૂત નાળાનો છુંય;
ગિરિ તરુવર કે ધાતુ ફળ કે, કુસુમ નળ તે શુંય.
પ્રાણ નળ કે ઉદર નળ, કે જળ નળ ગ્રેહનો;
રહે તુજ મળ્યો કાંતિકમળે, એ વરણ તેની દેહનો.
પરઅગ્ર વૃશ્ચિક આંકડો, ભેદ્યું નિજ ભુજતળ;
શકે તારા નાથની એવી, કાયા છે કોમળ.
શબ્દ શુણી શામા તણો, હું સહિ રહ્યો તે કાળ;
તમ પ્રતાપે તારુણીને મેં નાખી મોહજાળ.
અમૃત ઘટ થાયે જો ઊંણો, અમર પાન જ્યારે કરે;
વૈદર્ભીની વાણી સુધા જાણી, લેઇ કુંભ પૂરો ભરે.
વિનતાવદન વિધિએ કીધું, સાર શશીનું લીધું;
નક્ષત્રનાથને લાંછન ભાસે, કલંક લાગટ કીધું.
ગ્રહેશ ને શરવરીપતિ તે, ગોપ્ય ઊભા ફરે;
વૈદર્ભીના વક્ત્ર આગળ, અમર તે આરતી કરે.
કચસમુહની રાવ કરવા, વિધિ કને કળાધર ગયો;
કર અધર ચંદ્ર કાઢ્યો ઠેશે, તે અદ્યાપિ અંતરિક્ષ રહ્યો.
સંસાર સર્વનું સાર લીધું, દિવ્ય દેહડી થવા;
ઘડિ દમયંતી ને ભુજ ખંખેર્યા, તેના તો તારા હવા.
જજ્ઞ જાગ ને ધર્મ ધ્યાન તીરથ, કીધાં હશે સમસ્ત;
તેને પુણ્યએ પુણ્યશ્લોકજી, ગ્રહશો દમયંતીનો હસ્ત.
ભાગ્ય ભૂપ એ તમતણું, જે વશ વૈદરભી વળી;

વેવિશાળા મળ્યુંને દૂતા ફળ્યું, નવ શકે તેનું મન ચળી.
કાલ આમંત્રણ આવશે, તમે અક્કો તત્પર જાન;
એ વાત નિશ્ચે જાણજો, તેના સાક્ષી શ્રી ભગવનાન.
આનંદ નળ પામ્યો ઘણો, પણ સ્વપ્ના સરખું ભાસે;
વિશ્વાસ મન નથી આવતો, જે વિવાહ કેઇ પેરે થાશે.

વલણ

થાશે સંબંધ ભિમકસુતાનો, એ આશ્ચર્ય મોટું સર્વથા;
કહે પ્રેમાનંદ કહું હવે, દમયંતીની કથા.

## કડવું ૧૬

[રાગ : ગોડી]

હંસ વળાવિને વળી વનિતા, જ્યાં પોતાનું ધામ;
દમવા લાગ્યો દમયંતીને, નળના વિરહનો કામ.
વખાણબાણ શ્યામાને વાગ્યાં, પંખી ગયો મોહ મેલી;
રોમે રોમે વહ્નિ પ્રગટ્યો, લાગી તાલાવેલી.
ઘડિયે ઘરથી બહાર નિસરે, બેસે જઇને અટાળી,
ચંદ્રકિરણ અગ્નિથી અદકા મારશે મુજને બાળી.
વણપરણ્યાંને વ્યાકુળ કરવા, વ્યોમ વસ્યો છે પાપી;
શું કહિયે કમલાપતિને રાહુનું, મસ્તક નાખ્યું કાપી
સિંહિકાસુતને શરીર હોત તો, મુજને ચિંતા થોડી;
સુધાકરને ગળત પેટમાં, બળી થાત રાખોડી.
જળપાત્રને વિષે ઈંદુબિંબ દીઠું, સખીની કીધી શાન;
લાવ્ય ભોગલા રિપુને મારું, પ્રહારે પિષ્ટ સમાન.
એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારુણીને આવ્યો તાવ;
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, વાતતણો નહિ ભાવ.
અગ્નિના તણખા સરખા લાગે, ટાઢક ચરચે જેહ;
વાયુ વ્યાધના બાણ સરીખો, નિસરે સોસરો દેહ.
દુઃખતું જાણી આવી રાણી, જોયું વસ્ત્ર ઉઘાડી,
ચુંબન કરીને પૂછે માતા. શું દુઃખ છે તને માડી.
લાડકવાઈ ક્યાંથકિ જીવે, છે કર્મ અમારાં દોખી;
અક્ષત ઉતારો દષ્ટિ બેઠી હોય, કોઇની મેલી ચોખી.
પરણ્યાનો ઓરિયો નવા વીત્યો, જાત સાસરે સમોતી;
રત્ન દીકરી ક્યાંથી જીવે, ત્રણ ભાઇની બહેન પનોતી,
આવડો તાવ તે તારુણિને શો, દૈવને ઘેર વળ્યો ડાટ;
કહે કુંવરી અંતરની આપદા, અમને થાય ઉચાટ.
મુખ મરડી દમયંતી બોલી, ઘરડાં માણસ નઠોર;
પરણ્યાં કુંવારા કાંઈ ન પ્રીછે, ફોકટ કરવો સોર.
હું સમાણી જાય સાસરે, તેના જોને ભોગ;
તેની પેરે મારે થાશે, આફુરો જાશે રોગ.

વચન સુણીને સમજ્યાં રાની, પુત્રી થઈપરણનારી;
ભામનીએ જઈ કહ્યું ભીમકને, પુતી કાં લગી રાખશો કુંઆરી.
વાહાણું વાયા ને દુઃખવા આવે, જો જીવે વારકી;
કોહોને ભાએગે કાળથી ઉગરે, પરણાવી કરો પારકી.
દીકરી માણસ મોટી થઈ ત્યારે, પીહેર નવ સોહાયે;
સ્વયંવર કરીને પરણાવો, જાંહાં એની ઇચ્છાયે.
રાયે પુત્ર તેડાવ્યા પોતાના, કહ્યું બેહેનને પરણાવો;
દેશ દેશના જે રાજા, દૂત મોકલી તેડાવો;
અંન ધન તૃણ સામગ્રી, મંડપને રચાવો;
ધવળ મંગળ ગીત નફેરી, અપછરા નચાવો.
સ્વયંવરની સામગ્રી માંડી, મોટા મળ્યા રાજાન;
નળને તેડવા ભીમકે મોકલ્યો, સુદેવા નામે પ્રધાન.

વલણ

પ્રધાન નૈષધ મોકલ્યો નારદે, કીધું હતું વિખાણ રે;
દમયંતીએ પત્ર પાઠવ્યો, વાંચી નળે દીધાં નિશાણરે.

## કડવું ૧૭

[રાગ : સારંગ]

આવી સુદેવે આપ્યો કાગળ, હ્દયા ચાંપી વાંચે નળ;
સ્વસ્ત શ્રી નૈષધપુર ગામ, પુણ્યવંત પુણ્યશ્લોક નામ.
છે કાલાવાલાની કંકોતરી, લખીતંગ દમયંતી કિંકરી;
આંહાં આવી ગયા ખગપત, કહે તે વારતા માનજો સત.
મેં તમને સમર્પ્યું ગાત્ર, આ સ્વયંવર તે નિમિત્ત માત્ર;
મીન નીરની કરજો પ્રીત, માહારા સરખું કરજો ચિત્ત.
વાંચ્યો કાગળ ને હરખ્યો નળ, તત્પર કીધું જાનનું દળ;
અતિ શીઘ્રે સાંચરે રાય, શુકને મળી સવચ્છી ગાય.
કોરંગ કોરંગની સાથ, સાહામા ઉતર્યાં દક્ષિણ હાથ;
હંસ ભણે ભલાં શૂકન, તું દમયંતી પામે રાજન.
વિદર્ભ જઈને સિધ કીજીએ, મને આજ્ઞા હવે દીજીએ;
વળિ કો સમે આવિશ રાજન, તું છે મારો પ્રાણજીવન.
ભાઈ તુજને કહું વીનતી, દ્યૂત ના રમશો નૈષધપતી;
નવ કરશો સ્ત્રીનો વિશ્વાસ, એ બે થકી થાય વિનાશ.
ચાલ્યો ખગપતિ વિનતી કરી, નળ રાજાએ આંખડી ભરી;
હંસ કહે સાંભળ રાજન, એમ કરિયે ન કાચું મન.
માત પિતા સુત બાંધવ જેહ, સર્વે વેર સંબંધે મળ્યું તેહ;
તારે કાજે મેં રાજા એહ, ખગપતિનો ધાર્યો દેહ.
હું છું બ્રાહ્મણ ને તું છે ભીલરાય, પૂર્વજન્મની કહું કથાય;
મારા ઘરમાં હું દુઃખિયો થયો, કાશિ કરવત મૂકાવા ગયો.
એવો સમો મનમાં ધરી, ચાલ્યો વનમાં સમર્યા હરી;
અઘોર વનમાં ભૂલો પડ્યો, તારે સ્થાનક આવી ચડ્યો.
તેવા માંહે રજની થઈ, દ્વાદશ કોશમાં વસ્તી નહીં;
તેવા વનમાંહિ રહેતો તુંય, ત્યાં આવીને ચડિયો હુંય.
તારે સ્થાનકે આવી રહ્યો, ત્યાં તું પણ ચિંતાતૂર થયો;
મારી આગતા સ્વાગતા કરી, પણ સૂવાની ચિંતા ધરી.
નહાનિ હતી ગુફા છેક, આવ્યું માણસ માય ન એક;
તારી સાધ્વી નારી સુજાણ, મારું આસન કર્યું નિર્વાણ.

તું તો વીરા બાહર રહિયો, રાક્ષસ આવી તને મારિયો;
માંસ ચરણ હસ્ત હેઠે રહ્યું, નવ જાણું તેનું શું થયું.
તારી સ્ત્રીએ તજ્યો ત્યાં પ્રાણ, કાષ્ટ ભક્ષ કરી નિવારણ;
મરતાં એવું બોલી સતી, એ જ વર દેજો કમળાપતિ.
એવું જ્યારે સ્ત્રી બોલી વચન, ત્યારે મેં વિચાર્યું મન;
શું જીવું હત્યા લઈ કરી, એને તું મેળવજે હરી.
એવું કહીને હું તે વાર, પડ્યો બળતા અગ્નિ મોઝાર;
તે માટે પંખી અવતાર, લીધો નૈષધમાં આ વાર,
એવો બોલ ખગપતિયે કહ્યો, શીર નામીને ઉભો રહ્યો;
આજ્ઞા આપો તો તત્પર થાઉં, અમો અમારે સ્થાનક જાઉં.
એવી વિનંતી હંસે કરી, નળરાયે આંખડિ ભરી;
એ શું બોલ્યો મારા વીર, તારા વિના ધરું કેમ ધીર.
આપ્યું તેં મને પ્રાણનું દાન, તું છે મારા બંધુ સમાન;
હંસ કહે તેં ખરું કહ્યું વીર, પણ સાંભળ પરમ સુધીર.
તારું ઋણ છુટ્યો હું ભ્રાત, હવે રહેવાની કરિશ ન વાત;
એમ કહિને ઉડ્યો આકાશ, ત્યારે નળે મૂક્યો નિઃશ્વાસ.
નળ પોહોતો વિદ્રભ દેશ, તાંહાં મળ્યા મોટા નરેશ;
ચોહોફેર સબીરનાં ધામ, વસ્યા રાજા તેટલાં ગામ.
સાગરમાં નાવ હોયે જેમ, ભીમકનું નગ્ર દીસે તેમ;
ગજદળ હયદળ ને માનવ, તેણે અંન થયું મોઘું સરવ.
રસકસ સાહામું નવ જોવાય, તૃણ જળ ટાંકે તોળાય;
રંક લોકની ચાલે અરજના, માંગ્યાં મૂલ આપે ગરજના.
ભીમક લે સર્વનો તપાસ, જે જોઈએ તે ફેરવે દાસ;
નગર ભરાયું ખચખચી, રાયે મંડપ રચના રચી.
હીંડોળા બાંધ્યા ધારણે, કદળીસ્તંભ રોપ્યા બારણે;
ચિત્રામણ ચિતરિયાં ભીંત, નાના પ્રકારની કરી રીત.
મંડપ લીપ્યો કનકની ગાર, સાહામા સાહામી આસનની હાર;
જેહેને જાંહાં બેઠાનો ઠામ, તાંહાં રાજાનાં લખિયાં નામ.
એ કથા એટલેથી રહી, એક નવીન વારતા થઈ;
નારદને કલહની ટેવ, ગયા સ્વર્ગ જાંહાં બેઠા દેવ.

પૂજ્યા અરચ્યા પ્રીત અપાર, તવ ઈન્દ્ર પૂછે સમાચાર;
કહો ઋષિ પૃથ્વીની પેર, કો પુરુષ ન આવે અમારે ઘેર.
પૃથ્વીમાં પડતી સાધુની કાયે, તે આવતા સ્વર્ગ માંહે;
અમરાવતીનો સુનો ઘાટ, જમપુરની વેહે છે વાટ.
જમપુર ભરાઈ વસ્યું, આહાં કો નાવે તે કારણ કશું;
કેહે નારદ સાંભળીએ સત્ય, હવડાં મનુષ્ય જાયે અવગત્ય.
દમયંતી દમયંતી કરતા મરે, તે સર્વ જમપુરી સાંચરે;
ત્યાં સ્વયંવર માંડ્યો આજ, મળ્યા છે પૃથ્વીના રાજ.
શું અપ્સરાનાં વોહો છો વના, દમયંતીની દાસી દેવાંગના;
વિદર્ભ દેશ ને કુંદનપુર, જાઓ જોવા શું બેઠા સૂર;
કહી નારદ થયા અંતરધાન, છાના દેવ થયા સાવધાન.
સંભારી રુપ મનમાં ફૂલતા, ચાર દેવને લાગી લૂલતા;
ઈંદ્ર અગ્નિ વરુણ ને જમ, ઉઠી ચાલ્યા જ્યમ ત્યમ.

વલણ

જ્યમ ત્યમ ચાલ્યા દેવતા, ધરી જુજવાં રૂપરે;
વિદર્ભ ગયા મનભંગ થયા, દેખી નળનું રૂપરે.

## કડવું ૧૮

[રાગ : સારંગ]

નળને જોવા ઈંદ્ર રહ્યા છે, એટલે આવ્યા જમજી;
અગ્નિ વરુણ પૂંઠેથી આવ્યા, પૂછે માંહોમાંહે ક્યમજી.
અન્યોન્યે ચોરી કરતા, બોલે જુજવાં કામજી;
ચારે દેવ માંહોમાંહે છેતરે, ન લે પરણ્યાનું નામજી.
અગ્નિ કહે શું અધર્મ બોલવું, સર્વ દમયંતીના લોભીજી;
મનના મનોરથ રાખો મનમાં, નળ આગળ કાંતિ ન શોભીજી.
પછે તાળી દેઈ હસ્યા માંહોમાંહે, કપટ કીધું ત્યાગજી;
સ્વયંવરમાં ચારે જઈ જોઈએ, કોહોનું ફળશે ભાગ્યજી.
વરુણ ભણે વૈદર્ભી વર્યાની, મૂકો માની આશાજી;
પરણશે નળ આપણી ફજેતી, છેદાશે અધરસું નાસાજી.
અગ્નિ કહે હો વાસવ રાજા, મૂકો હૈયાનો હર્ષજી;
દમયંતીને તમો ન પામો, જો તપો શત વર્ષજી.
ભીમકસુતાને આલિંગન નહિ દે, અભાગિયાં આપણાં ગાત્રજી;
વીરસેન સુત આગળ વિષ્ણુ ન પામે, તો આપણ કોણ માત્રજી.
જદપિ મનસા નળની મૂકી, આપણી મમતા કરે જી;
ગુણ વોહોણી દમયંતી છે, રૂપ યૌવન ઉનમત્તજી;
ગોળ મૂકીને ખોળને ખાયે, નોહે ચતુર પશુવતજી.
બેહુ પ્રકારે એહેને ન વરવી, માટે પાછા ફરવુંજી;
માણસ વરે ને દેવ ફરે એથી, આપે ભલું મરવુંજી.
શક્ર કેહે નળરાજાને, જમરાજ લો જમલોકજી;
આફણીએ આપણને વરશે, થશે હંસનું કીધું ફોકજી.
વરુણ ભણે જે એ શી લલુતા, વણ ખુટે મરે ક્યમજી;
એમ ચાલતું હોય તો લઉં દમયંતીને, એમ કહેવા લાગ્યા જમજી.
અગ્નિ કેહેરે ભલો શ્રમ કીજે, કદાપિ થાય સાચોજી;
દમયંતી ભણી દૂત થૈ જાય, ચારે નળને જાચોજી.
પછે નળ પાસે આવ્યા સ્વર્ગવાસી, વેશ વિપ્રનો ધારીજી;
ત્રિપુંડ તાણ્યાં પુસ્તક કરમાં, ગ્રહી સુંદર ઝારીજી.
નળે નિર્મળ બ્રાહ્મણ દીઠા, આપ્યાં આદરમાનજી;

આસન આપી પૂજા કીધી, પછે પૂછે રાજાનજી.
કામકાજ અમ સરખું કહીએ, હરિ મોહોટા છે કરનારજી;
વિપ્ર કહે અમો આવ્યા છૈયે, તુંને જાણી ગુણભંડારજી.
નળ કહે જે માગો તે આપું, માનજો અવશ્યમેવજી;
વચન લેઈ વિપ્ર વેશ મૂકીને, થયા પ્રત્યક્ષ દેવજી.
વજ્ર પાશ જ્વાળા ગ્રહી, જમે ગ્રહ્યો જમદંડજી;
જળહળ મંદિર થઈ રહ્યાં, જાણે ઉદ્યા માર્તંડજી.
ચકીત રાજા થઈ રહ્યો, કરતો દંડપ્રણામજી;
નળ વિના કો દેખે નહિ રે, દેવ રુપનાં ધામજી.

વલણ

રૂપધામ તે દેવતા, વિનતિ નળરાયને કરે રે;
તું દૂત થઈ જા કન્યા કને જો, દમયંતી અમને વરે રે.

## કડવું ૧૯

[રાગ : બેહાગડો]

દેવ કહે હો રાજા મિત્ર, પુણ્ય શ્લોક પરમ પવિત્ર;
કૃપા કરી કન્યા કને જાઓ, વેવિશાળિયા અમારા થાઓ.
મહિલાને મારો મોહનાં બાણ, ચારે ચતુરનાં કરજો વખાણ;
ભાગ્ય હોશે તેહેને વરશે, જેહેના કર્મનું પાંનડું ફરશે.
નળ કહે રક્ષક બળીયા હોય, મુને પેસવા નવ દે કોય;
દેવ કહે જાઓ જોગીને વેખે, દમયંતી વિના કો નવ દેખે.
ચારે કરે નળને અણસારા, બે ગુણ અદકા બોલજો મારા;
એવું સાંભળી ચાલ્યો નળરાય, ત્યારે દેવને વિમાસણ થાય.
રૂપવંત નળનેરે જોશે, કન્યાનું સધે મન મોહોશે;
વાત કહે નહીં આપણી વરણી, વેવિસાળિયો બેસશે પરણી.
દ્દષ્ટે દ્દષ્ટ જ્યારે મળશે, ગુણ આપણા નવ સાંભળશે;
નળને લેવરાવ્યો જોગીનો વેષ, શીખવ્યું તેમ કરજો વિશેષ.
રૂપ પાલટીને નળ પળીયો, દેવે અનુચર એક મોકલીઓ;
દૂતને દેખે નહીં નળરાય, આગળ પાછળ બન્યો જાય.
પેઠા ઘરમાં પાધરા દોર, કો નવ દેખે દિવસના ચોર;
જ્યાં દમયંતીનું અંતઃપૂર, ત્યાં આવ્યો નળ રાય શૂર.
દીઠી દેવકન્યા જેવી દાસ, જે રમતી રાણીને પાસ;
કોઈ નાયકા તો ત્યાં નહાતી, કોઈ કન્યાના ગુણ ગાતી.
કોઈ શ્યામળી ને કોઈ ગોરી, કોઈ મુગ્ધા ને કોઈ છોરી;
કોઈ કામ કરતી હાલે માલે, કોઈ વસ્ત્ર બાંધે ઘડી વાળે.
રેહે આપ અપણે સાજે, હાર ગુંથતી કન્યા કાજે;
એમ જોયો હેઠલો માળ, પછે બીજે ચડ્યો ભૂપાળ.
ત્યાં દાસીનું જૂથ જોયું, પછે ચડ્યો જ્યાં ત્રીભોયું;
વસે છે દમયંતી નારી, સહસ્ત્ર દાસી સેવા કરનારી.
કેટલી ગાન કરે સ્વર ઝીણા, કો નાચે વજાડે વીણા;
વાતે રીજવતી ચતુરસુજાણ, કેટલી કરતી કન્યાનું વિખાણ.
એકાંત ત્યાં છે ઓરડી, હીંડોળે હીર દોરડી;
હરિવદની બેઠી હીંચે, દાસી કેશમાં ધૂપેલ સીંચે.

કિંકરી પાસે માથું ગુંથાવે, કહે સેંથો રખે વાંકો આવે;
ભીંત માંહે જડીઆ ખાપ, વણ ધરે દીસે છે આપ.
આગળ દમયંતી પાછળ દાસી, સાહામાં પ્રતિબિંબ રહ્યાં પ્રકાશી;
મુખકમળ કન્યાનું ઝળકે, સામો ચંદ્ર બીજો જાણે ચળકે.
શોભે નારી જોબનધામ, મુખે નળરાજાનું નામ;
એવું ભૂપતિએ રૂપ જોયું, મોહબાણે મનડૂં પરોયૂં.
અંગરંગથી આડો આંક, મોહ્યા દેવતણો શો વાંક;
ચારમાં કોનું ભાયગ ભળશે, રત્ન આ કર કોને ચઢશે.
મુને પરણત મનની રુચે, અંત્રાઈ થયા દેવ આવી વચે;
ભલું ભાવી પદાર્થ થયો, નળે વિવેક મનમાં ગ્રહ્યો.

વલણ

ગ્રહ્યો વિવેક શોકને તજી, જ્ઞાન તે હ્રદયે ધરેરે;
સત્ય પોતાનું પાળવા, દેવનું માગું કરેરે;

## કડવું ૨૦

[રાગ : સામેરી]

બેઠી દમયંતી શીશ ગુંથાવા, સ્વયંવરને સાંતરી થાવા;
સામી ભીંતમાં જડી છે ખાપ, વણ ધરે દીસે છે આપ.

ઢાળ

આપ દીસે વણ ધરે, પ્રતિબિંબ જોતી દૃષ્ટ;
દાસી ને દમયંતી બેઠાં, નળ આવી રહ્યો છે પૃષ્ઠ,
પ્રતિબિંબ પડ્યું દર્પણમાં, પ્રેમદાએ દીઠો પૂર્વ;
ગઈ ખુણે નાહાસી તેડી દાસી, શું બેસી રહી છે મૂર્ખ.
માધવી વળતું વદે બાઈ, શા માટે નાહાસી ગયાં;
મેં કો ન દીઠું તમે દેખી, આવડું શું વિસ્મય થયાં.
ગેહેલી તાહારી મીટ મસ્તકમાં, મેં દર્પણ રાખ્યું દૃષ્ટિમાં;
સ્વરૂપ દીઠું દિવ્ય નળનું, ન મળે બીજો સૃષ્ટિમાં.
વેશ છે વેરાગીનો જાણે, નાટક કોએક લાવ્યો;
શકે તો એ પ્રાણજીવન, નળરાય નિશ્ચય આવ્યો.
સાહેલી કહે પ્રીછો તમો, કાં દીઠું છે જે ઝંખના;
નળ આવીને કેમ શકે જ્યાં, ના આવે પ્રાણી પંખના.
કામની કહે તે પ્રીછીયું, તું દાસી માણસનો અવતાર;
ન માને તો આવ કૌતક, દેખાડું બીજીવાર.
પુનરપિ બેઠાં પૂઠે પૂઠે, દર્પણમાં મીટ જોડ;
સ્વરૂપ નળનું દેખાડ્યું, જેની કાંતિ કંદર્પ ક્રોડ.
દાસી રાણી થયાં બેઠાં, ઝબકારે ઝબકી વીજળી;
દમયંતી કહે દાસીને કાં, માહારી વાત કહેવી મળી.
પછે સ્તુતિ માંડી શ્યામાએ, અંતરપટ આડો ધરી;
દેવસ્વરૂપ થાઓ દેખતા, ત્યારે નળે દેહ પ્રગટ કરી.
આપી આસન કરી પૂજન, પછે પૂછે કિંકરી;
કહો દેવપુરુષ કાંહાંથી આવ્યા, વેશ જોગીનો ધરી.
નળ કહે તું નીચ માણસ, કેમ વદું હું વૈખરી;
દમયંતી પૂછે તો બોલું, નહીંતર પાછો જાઉં ફરી.
દમયંતી કહે દેવજદ્યપી, પણ થઈ આવ્યા સંન્યાસી;

કપટ રૂપને કન્યા કેમ પૂછે, માટે પૂછે દાસી.

વલણ

દાસી સંન્યાસી જોગ છે, કેવળ નોહે અતીતરે;
વચન સુણીને નળ મન હરખ્યો, હરી લીધું ચિત્તરે.

## કડવું ૨૧

[રાગ : મારુ]

મન મોહ પામ્યો મહિપતિ, ધન્ય દેવ જે વરશે સતી;
ભોગી ભૂપને ભામનિ ભોગ્ય, ઘટે દેવને અમો અયોગ્ય.
નારી પ્રત્યે નળ એમ કહે છે, જો તું જોગીરૂપને લહે છે;
અમો ન જાઉં વિષયાની વાટે, અહિયાં આવ્યો હું સાધવી માટે.
હું તો દૂત છું દેવતા તણો, પાળું છું આચાર આપણો;
તારું પૂર્વ જનમનું પૂન્ય, ભાગ્યમાંહિ કાંઇ નથી ન્યૂન.
જે દેવદૂતા ઘેર આવ્યો, મોદવર્ધન વારતા લાવ્યો;
અળગું કરોને અંતરપટ, કરું વાત આણીને ઉલટ.
અમો રૂપ કોટાનકોટ ધરું, તજી સ્વારથ પરમાર્થ કરું;
સાંભળીને બોલા રસાળા, પટ તજીને નીસરી બાળા.
પરિસ્વેદ મુક્તા રહ્યાં ટબકી, બહાર નીસરિ વીજળી ઝબકી;
હિંડતાં હાલે જ્યમ દ્રુમવેલી, નળ નિકટ ગઇ ગર્વ ઘેલી.
તારુણીનો પ્રતાપ ન માયો, ઝબકારે નળ ઝંખવાયો;
દીઠી મદપૂરણ માતંગી, નળ તકિયે બેઠો ઉઠંગી.
ઘુઘિર ઝાંઝરની ઝણઝણતી, પગને અંગુઠે પૃથ્વી ખણતી;
કર દીધો છે ગળસ્થળે, એવી નારી દીઠી નળે.
પ્રેમે પ્રેમે થયાં બે ભેળાં, મોહ્યો મહીપતિ દેખી મહિલા;
સત્યવાદિએ સત્ય જ રાખ્યું, મનથી પરણવું કાઢી નાખ્યું.
રખે ઇંદ્ર નારીને નરખે, નળ મન પાછું આકરખે;
બેઠો આસને આસન વાળી, માંડી વાત તે સત્ય સાંભળી.
પરમારથે દેવની વતી, ગોષ્ટિમાંડી છે નૈષધપતી;
અહો લલિતા અંબુજલોચની, સુખ્વર્ધનિ દુઃખમોચની.
બેસો આસને લજ્જા છાંડી, પૂછું વાત કહો મુખ માંડી;
કન્યા કહે કહો જે કહેવું, મુને ઘટે છે ઉભાં રહેવું.
પર પુરુષ બેઠાં કેમ બેસું, જાણે નળ તો કહેશે એ શું;
વારુ થયું જે તમે મળીયા, શું નૈષધ્નાથે મોકલીયા.
વળી કહોને કહાવ્યું જેહ, સાંભળવા ઇચ્છું છું તેહ;
વળતા બોલ્યા વીરસેનસુત, નહિ હું નળનો દેવનો દૂત.

નળ નળ મુખ શું ભાખે, તજી સુધા વિષ કાં ચાખે;
તજી સ્વજન શત્રુને કેમ મળીએ, મૂકી ચંદન કાં વળગે બાવળીયે.
તજી રત્ન કોડી કો આણે, તજી મગદળ મહીષ પલાણે;
તજી ધેનુ અજા કો બાંધે, તજી સાળ કિસકા કોણ રાંધે.
માટે હું છૌં તારો નેગીયો, દેવ તેજપુંજ નળ આગિયો;
ઘેલી નળ માનવ શા લેખે, અમરને તું કાં ઊવેખે.
વાસવ વહ્નિ ને વરુન રાય, જમ આદે વર્યાની ઇચ્છાય;
મોકલ્યો છૌં મળીને ચારે, તો હું આવ્યો છૌં માનવી દ્વારે.
તું ત્રિભોવનપતિને ભજ, નળ અલ્પ જીવને તજ;
માગ અમરાવતીને વાસ, અમર ઇક્ષુ ને નળ ઘાસ.
સુર પરણે તું ને નહીં મર્ત, નળ વરે દુઃખનું નહીં નિવર્ત;
સુરસંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ ભર્યો રોગ.
મનુષ્યને વ્યાધિ શત ને આઠ, મરિમરિ અવતારનો ઠાઠ;
મનુષ્યને વિજોગ પીડે, આયુષ ઉતાવળું હીંડે.
મનુષ્યને ઘડિયે શત ઘાત, પીડે જ્વર શિત સનેપાત;
માનવ ભર્યા હોય મળ મૂત્ર, ઘેલી તે સાથે ઘરસૂત્ર.
ગંગાજળ તજી કૂપનું અનાવે, તજી કીર કો કાગ ભણાવે;
દેવ સુખ સમૂહના દાતા, નવ ઓસરે અમૃત પાતા.
ઇંદ્ર મંદિર હીંડોળે હીંચ, તુંથી દેવાંગના વંદ નીચ;
પી સુધા ભોગની વારુની, થા ત્રૈલોકપતિની તારુણી.
થઇશ અમર સુધાને પીતી, પરન ઈંદ્રને જગ જિતી;
છાસઠ સહસ્ત્ર રંભા આદે, થઈતૃપ્ત વાસવ સંગસ્વાદે.
ઇન્દ્રાણી છે તારી બીક, રખે દમયંતતી થાતી અધીક.
પરણી ઇંદ્ર સાચવ આ તક, જોની કલ્પવૃક્ષ પારિજાતક.
રથ ઐરાવત્નું સુખ લેરે, વરવા વાસવને હા કહેરે;
કરી શણગાર સર્વાંગે, ઘટે રહેવું ઇન્દ્ર અર્ધાંગે.
વર વહ્નિને હો બાળી, નહીં સમો આવે વળી વળી;
સર્વ દેવતાનું એ વદંન, અગ્નિઓરૂપ તે કોટી મદંન.
વળી વરવા ઇચ્છે છે જમ, તેને ના કહેવાશે ક્યમ;
છે વરુણને ઇચ્છા ઘણી, રઢા લાગી છે તમતણી.

મૂકો બાળ અવસ્થાની ટેવ, ફરી માગું ન મોકલે દેવ;
હંસ મિથ્યા કરી ગયો લવ, રૂપ હીણ છે નળ માનવ.

વલણ

નળ માનવ કદરૂપ કાયા, નળ નિભ્રંછ્યો નળે રે;
પોતે પોતાનું આપ નિભ્રંછ્યૂં, તે દેવતાનો દૂત સાંભળે રે.

## કડવું ૨૨

[રાગ : રામગ્રી]

નળને નિદ્યો પ્રેમદા દાધીજી, દૂતત્ત્વ ન સીધ્યું વિષ્ટિ ન વાધિજી;
બે દુઃખદાધી ગુણવંત ગોરીજી, વહ્નિ વિજોગનો મૂક્યો સંકોરીજી.

ઢાળ

નિંદા કીધી નળ તણી છે, વિજોગ વહ્નિ પ્રથમ;
કોમળ કદળી કુંહાડાના, ઘાવ સહે કહો ક્યમ.
વિરહિણી ઘણી વિકળ થઇને, પડી પૃથ્વી માંહે;
સાહેલી ચાંપે હ્દે ને, મુખે વડે ત્રાહે ત્રાહે.
આશ્વાસના કરતી કિંકરી, વળી શામાને સાન;
દૂત પ્રત્યે કહે કન્યા, શું કરું સૂર રાજાન.
અપ્રાપ્તિ અમને અમરની ને, અલ્પ માનવ કાય;
જઇ કોહો તમો દેવને જે, એ કારજ નવ થાય.
ઉત્કૃષ્ટ અમર નિકૃષ્ટ નાળા મેં, તમથી જાણ્યું આજ;
પણ નૈષધપતિને પિંડ સોંપ્યો, અન્યતણું નવ કાજ.
અકળ અજ ને અનંગઅરિ જો, વરવા આવે ત્રણ;
તોહે પણ મૂકું નહીં ચિત્ત, ચોહોંટ્યું નળને ચર્ણ.
વીરસેન સૂતાનો દૂત હંસ, મેં દીધી તેને આશ;
ના કહું તો લાજે જનુની, જાણમાં હોયે હાસ.
તમો પધાર્યા દૂત થઇને, દેવાનું કરવા હેત;
શકે તો નળ વિષ્ટિએ આવ્યા, સુરસું કરી સંકેત.
જથારથ બોલોર જોગી, ભોગી છો ભૂપાળ;
મનમાં છો તેવા દેખું છૌં, હાંસે નાખી મોહ જાળ.
સંન્યાસી કહે સુંદરી, કોણ માત્ર નૈષધપત્ય;
દેવ વિના નોહે મનુષ્યને, અગોપ આવ્યાની ગત્ય.
બુદ્ધિહીણ બાળા દેખાય છે, માનવ ઉપર મોહ;
સ્વર્ગ સદન મૂકીને કાં, ઇચ્છે નળ ઘર ખોહ.
તું નહીં વારે તો દેવ ચારે, કરશે બળાત્કાર;
કલ્પવૃક્ષ તુંને તાણી લેશે, જો જાચશે સુર લગાર.
દમયંતી કહે દેહ પાડું, જળમાં કરું જળસાઇ;

વરુણ વસે છે નીરમાં તુંને, સદ્ય જાશે સાહી.
પાવક પ્રગટી કાષ્ટ સીંચી, માંહે કરું જંપાપાત;
વહ્નિ વરવા રહ્યો બેશી, વારુ વિવાની વાત.
કંઠપાશ કરું કે વિષ પીઉં, જેમ તેમ પાડું કાય;
તો અવગતે જમલોક પામે, સદ્ય વારે જમરાય.
અનશન વ્રતે તપ કરું, મારું ગુફામાં પેસી;
તે પુણ્યએ તું સ્વર્ગ પામશે, ઇન્દ્ર રહ્યો છે બેસી.

વલણ

બેસી રહ્યો છે સુરપતી, તું મુંએ ન છુટશે ઘેલી રે;
અંતે અમર વરે ખરા માટે, પરણ પ્રેમદા પહેલી રે.

## કડવું ૨૩

[રાગ : દેશાખ]

દૂત કેહે સાંભળ સુંદરી, અમર ના મૂકે પરણે ખરી;
તવ કન્યા કેહે જોગી જન, તમારું નળના જેવું રે વદંન.
જેવું હંસે રૂપ વર્ણવ્યું, તેવું તમારું દર્શન હવું;
નૈ હું નળ દેવનો દાસ, નારી કહે ન આવે વિશ્વાસ.
બ્રહ્મા કરે કોટીઉપાય, નળ જેવો અન્ય નહીં નીરમાય;
જો સત્યવાદી હો તો સત્ય વદો, તાતના સમા જો મિથ્યા વદો.
સાંભળી નળને આવ્યું હાસ્ય, દેખી દમયંતી ગઇ પ્રભુ પાસ;
શીદ નહાસો છો અરાપરા, પ્રીછ્યા સ્વામી તમે ખરા.
તોએ નળ સત્યથી નવ ચળે, તે સર્વ દેવનો દૂત સાંભળે;
ધસી દમયંતી ગઇ પભુ પાસ, નળ અંતર્ધ્યાના હવો આકાશ.
જારે મીટામીટ જ ટળી, ત્યારે ભીમક તનયા ધરણી ઢળી;
મૂળ સ્વામીની લ્કે છે સદા, મળી જાતાં વધી આપદા.
દાસી પ્રતિબોધે છે સબળ, બાઈ તમને વરશે નળ;
વદે બૃહદસ્વ હો ધર્મ રાય, નળ પહેલો દોઇઓત શીઘ્રે જાય.
વદે સેવક ઇંદ્રને નમી, શે અર્થે રહ્યા છો ટમટમી;
નળનું કાંઇએ ન લાગ્યું કહેણ, ન છૂટે હંસે ઝાર્યું પ્રેમ રેણ.
કામિની કુંદન નળા હીરો સાર, જડનારો હંસા સોવ્રણકાર;
નળે દૂતત્ત્વ મના મૂકી કર્યું, પણ કન્યાયે શ્રવણે નવા ધર્યું.
જેમ ગતિ કરે બળીયો મારુત, તેમ વર્ત્યો વીરસેનનો સૂત;
નળને સત્યે મેઘા વૃષ્ટિ કરે, નળને સત્યે ધરા શેષ ધરે.
નળા નોહે તો મેરુ નિશ્ચે ડગે, ધર્મ રહ્યો છે નળ રાયા લગે;
તમે ન પરણો તો કરમ્નો વાંક, બાકી નળે વાળ્યો આડો આંક.
એવે સમે રાય આવ્યા તહીં, અથ ઇતિ વાર્તા સહુ કહી;
સ્વામી મારું કહ્યું મન ના ધરે, બીજો મોકલો જેનું કહ્યું કરે.
મારે વિષે લીનતા તો હવી, બીજી ન ગમે વાર્તા નવી;
ત્યારે દેવતા કરે વિચાર, ફરી જાતાં હશે સંસાર.
આપણો શ્રમ કેમ જાએ વૃથા, તે માટે વરવી સર્વથા;
જો કન્યાને ગમ્યો નળ ભૂપ, તો આપણ લીજે નળનાં રૂપ.

દેવ કહે સુણો નૈષધરાય, અમો ધરું તમારી કાય;
પંચ નળ રહિયે એક હાર, ભાગ્ય હોય તેને વરશે નાર.
નળ કહે રે કાં નહીં સ્વામ, મેં આવવું તમારે કામ;
માનવ ક્યાંથી સુરની સંગત, દેવ ચારની પામું પંગત.
બોલ બંધા કીધો નળ દેવ, કાલે એમ કરવું અવશ્યમેવ;
એ કથા કરી ધર્મ એટલે, હવે કન્યાની કોણ થઈવલે.
ગઈ દમયંતી જ્યાં છે માત, તવ સ્વયંવની કીધી વાત;
લાડ વચન કન્યાના ગમે, ઘરમાં ભીમક આવ્યા તે સમે.
પુત્રી શીર મૂક્યો ભુજ, કાલે વરને વરજે તુંજ;
ઝંખના તુંને છે જે તણી, તે આવ્યો છે નૈષધધણી.
પુત્રી મનમાં પ્રસંન થઇ, પોતાને અંતઃપુર ગઇ;
રાયા ભીમકા સઅભામાં આવ્યા, શતા પડાદારને તેડાવ્યા.
આગના દીધી વૈદર્ભ રાય, જાઓ વજાડો પડો સેના માંહે;
આવજો સભામાં રાજકુમાર, કાલ કન્યા આરોપશે હાર.
પ્રાની માત્ર આવજો સજ થઇ, જાઓ પડો વજાડો એમ કહી;
જેણે શિબિર ઉતર્યા હોય ઘના, ત્યાં સેવક ફરે ભીમકતણા.
ઠામ ઠામ પડા વાજતા, ક્ષત્રી શણગારે સાજતા;
મલસ્નાના કરે ને અંગા ઉલટ,ફરી ફરી બાંધે મુગટ,
રાતમાં શીખે ચાતુરી ચાલ, રખે વીસરી જાતા કાલ;
આખી રાત થયા સાંતરા, ઢળી ઢળી પડે છે ઉજાગરા.

વલણ

ઉજાગરા આખી રાતના, શણગાર સજતાં થયું વહાણુંરે;
સ્વયંવરમાં ભૂપતિ મળિયા, કવિ કહે શું વખાણું રે.

## કડવું ૨૪

[રાગ : સોરઠી]

વૈશંપાયન કહે રાજન, સાંભળ સ્વયંવર્નું વર્ણન;
પડો વાજ્યો શુણ્યો સર્વ રાતે, ઉઠ્યા ઉજમ થાતે પ્રભાતે.
શીઘ્રે જઇએ વર્યાની તકે, તેડાં મોકલ્યાં ભાઇયો ભીમકે;
નોહે અતિકાળ કીધાનું કામ, માંડવે નવ મળશે બેસવાનાં ઠામ.
ભીડ ભરાઇ ગામ ભાગળથી, રંક જાયે રાય આગળથી;
મળે શુકન સામા તેડે, શૂકન વદે ને રથ ખેડે.
કરે તિરસ્કાર સેવકપર રીસ, પડે મુગટ ઉઘાડાં શીશ;
જાયે અસ્વાર બહુ અલબેલા, હય હીંડે જાણે જળના રેલા.
ભરાયે રથ માંહોમાંહે અટકે, ત્રાડે હસ્તી ઘોડા ભડકે;
અસ્વાર પડે છે નીસરી, તે મળે કહીંએ નવ ફરી.
વાહન પડઘાનો ચાલ્યો છબ, ચરન રેણુએ છાયો નભ;
થઈરહ્યું છે અંધારું ઘોર, પડી રહ્યો છે શોહોરા શોહોર.
બોલે દુંદુભીના બહુ ડંક, અકળામણનો વળ્યો અંક;
સર્વને દમયંતીનું ધ્યાન, પ્રાણી માત્ર વર નહિ કો જાન.
સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપ બારણે;
દ્વારે ઉભા છે જ્યેષ્ટિકાદાર તેડે જેને જેવો અધિકાર.
ડાહ્યા થઈમંડપમાં પેશે નામ વાંચે ને આસને બેસે;
એક મંત્રી સેવક ખવાસ ત્રણ ત્રણ સેવક રાયને પાસ.
કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના;
કદલીસ્તંભ રોપ્યા દ્વારે માંડ્યાં આસન હરોહારે.
જશગીત બંદીજન બોલે મહા ઉન્મત્ત મેગલ ડોલે;
નાનાવિધ ચિત્ર ચિતરિયાં જાણે દેવવૃંદ ઉતરિયાં.
ઉડે અબીલા ગુલાલના છાંટા, વાજે ઢોલ ને ઘુઘરા ઘંટા;
સભા માંહે બેઠા મહા મુનિ, લાગી વેદશાસ્ત્રની ધુની.
જતી જોગી બેઠા પાવન, રાયનાં ભાટ ભણે ભાવન;
રાયને છત્ર ચામર ઢળે મુગટે મણિ જળહળે.
અગર ધૂપ ત્યાં ઉવેખે વાજીત્ર નાદ આવે અલેખે;
નટુઆ કરે છે નર્ત ફરે ફૂદડી કહાડે સર્ત.

બોલે ઘુઘરી કેરા રણકા, ગર્વ ઘેલી નાચે ગુણિકા;
પગ પાનીએ શોભે ધરા વાજે કંકન ને ઘુઘરા.
ગીત ગાએ કોકીલસ્વરા અનગ વધારે અપ્સરા;
જાણે મંડપ નગરી અમરા નાચે નારી નરચિત્તહરા.
ભીમક ભૂપને દે છે માન, આવી રહ્યા સરવ રાજન;
ગાનારી ગાએ ગીત ગાથા, બાંધ્યાં તોરણ દેવય હાથા.
વસ્ત્ર કેસરમાંહે ઝકઝોળ, બેસે આસને આરોગે તંબોળ;
વર થઈબેથા પ્રાણી માત્ર, સઅમાં કર્યાં છે વરવાં ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ઠનાં ખોડ, તેને દમયંતી પરણ્યાનાં કોડ;
બાળ યોવન ને વલી વૃદ્ધા, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા.
કો તો મોટા ઘરના કુંઅર, કો કહે આદ્ય અમારું ઘર;
આશા અભિમાનને ભર્યા નર, વાંકા મુગટ ધર્યા શિરપર.
ઘરડા થયા નાના વર વતાં કરાવતાં વાગ્યા છર;
તન મન કન્યાને અર્પણ, આગળથી નહીં ટાળે દર્પણ.
કેટલાક કરે તિલકની રેષ કેટલાકા કરે માંહોમાંહે દ્વેષ;
કેટલાકા કરે પૂછાપૂછ હું કહેવો કહી મરડે મૂછ.
જેનાં મુખ માંહે નહીં દંત તેને પરણવાનું ચંત;
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠા ટુંપાવી પળી.
જોશીની પ્રણિપત કરી દેખાડે હાથ ને જન્મોતરી;
જો દમયંતી મુને પરણે, તો જોશીહું લાગું ચરને.
જેનાં બેસી ગયાં ગળસ્થળ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ;
એમ ઉંચા કરી ગલોઠાં, ઘેલા જુએ કાચમાં કોઠાં.
પૂરણ આશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય.

વલણ

વાટ જુએ છે નદીતણી, દાસીને કહે છે સતીરે;
હું મંડપમાં પછે આવું, પ્રથમ આવે નૈષધપતીરે.

## કડવું ૨૫

[રાગ : સોરઠી]

મંડપ માંહે ભૂપતિ માળીયાજી, ભર્યા રૂપા બુદ્ધિ બળીયાજી;
તેડો કન્યાને ભીમક ઓચરેજી, વૈદર્ભી શણગાર અંગે ધરેજી.

ઢાળ

શણગાર સજતી સુંદરી તે, શોભતી શ્રીકાર;
નળ નથી આવ્યો મંડપે, માટે લગાડે વાર.
કૃષ્ણાગર મર્દન વાસવર્ધન, મહીલા કરે મંજન;
બહુ નાર આવે વધાવે, વરસે મૂકતાં પરજંન.
શુભ વચન બોલે શુકન વંદે, ઉદયો હર્ષ અનંત;
ભેરી નાદ થાયે ગીત ગાયે, બહુ કિંકરી નાચંત.
માનપૂરણ માનુની, મહીપટ મોહવા કાજ;
સ્વયંવરના સુભટ જિતવા, ધારે શ્યામા સાજ.
પ્રેમા પાશ લીધો પ્રેમદા, નાંખવા મંડપ ક્ષેત્ર;
ભ્રૂકુટિધનુષ આકર્શિયું ને, બાણ બંન્યો નેત્ર.
તારુણીને તેડાં મોકલે, રાય ભીમક વારોવાર;
કુંવારી બાહેર નીસરો, કારમાં ગ્રહીને હાર.
વાજીતર વાજે ઘોષ ગાજે, થાય કુસુમની વૃષ્ટ;
રાજા માત્ર જુએ બારણે, કેમ મળે દ્રષ્ટે દ્રષ્ટ.
ઓ કન્યા આવી, ઓ કન્યા આવી, ઘોષ એવો થાય;
શર શબ્દ વાજે ગાન થાએ, વાંકા વળી જુએ રાય.

વલણ

જુએ રાજા ફરી ફરી, કેવું હશે કન્યાનું રૂપરે;
એવે સામે દેવ ચાર સાથે, આવિયો નળ ભૂપ રે.

## કડવું ૨૬

[રાગ : મારુ]

વાગી સ્વયંવરમાં હાક, તે નળ આવ્યોરે;
ભાંગા ભૂપ સર્વનાં નાક, ઓ નળ આવ્યોરે.
જાણે ઉદયો નૈષધભાણ, તે નળ આવ્યોરે;
અસ્ત થયા સહુ તારા સમાન, ઓ નળ આવ્યોરે.
તેજ અનંત અનંગનું અંગ, તે નળ આવ્યોરે;
જાણે કનક કાયાનો રંગ, ઓ નળ આવ્યોરે.
ઝળકે ઝળહળ જ્યોત, તે નળ આવ્યોરે;
મુગટપર ચળકે ઉદ્યોત, ઓ નળ આવ્યોરે.
જ્યોત રવિને પેર કુંડલ લહેકે, તે નળ આવ્યોરે;
અરગ્જા અંગે બહેકે, ઓ નળ આવ્યોરે.
શોભે વદન પુનેમનો ચંદ, તે નળ આવ્યોરે;
કમળનયન પ્રેમના ફંદ, ઓ નળ આવ્યોરે.
જાણે નાસા કીરની ચંચ, તે નળ આવ્યોરે;
કોયે ન દેખે સરખા પંચ, ઓ નળ આવ્યોરે.
કંઠે ગજમુક્તાનો હાર, તે નળ આવ્યોરે;
કર કુંજર શુંડાકાર, ઓ નળ આવ્યોરે.
હૃદે નાભિકમળ શોભાળ, તે નળ આવ્યોરે;
કટીએ જિત્યો કુંજરકાળ, ઓ નળ આવ્યોરે.
ચાલતો શાર્દૂલની ગત્ય, તે નળ આવ્યોરે;
નિરાશ થયા નરપત્ય, ઓ નળ આવ્યોરે.
એ તો દમયંતીનો પ્રાણ, તે નળ આવ્યોરે;
હવે એ પરણે નિર્વાણ, ઓ નળ આવ્યોરે.
કન્યાને થયું તવ જાણ, ઓ નળ આવ્યોરે;
જેનું હંસે કીધું વિખાણ, તે નળ આવ્યોરે.
તેજે તો તપે જાણે ભાણ, ઓ નળ આવ્યોરે;
શીતળતએ સોમ સમાન, તે નળ આવ્યોરે;
ગતે કરીને જેવો વાય, ઓ નળ આવ્યોરે.
મહિમાએ શંકર રાય, તે નળ આવ્યોરે;

મન સ્થિરતાએ જેમ મેર, ઓ નળ આવ્યોરે.
જાણે ધને બીજો કુબેર, તે નળ આવ્યોરે;
સત્યવાદી શિબિ સમાન, ઓ નળ આવ્યોરે.
ઐશ્વર્યે નિઘોષ રાજાન, તે નળ આવ્યોરે;
એ તો જુદ્ધે જાણે ઈંદ્ર, ઓ નળ આવ્યોરે.
ત્યાગી જેવો હરિશ્ચંદ્ર, ઓ નળ આવ્યોરે;
વિદ્યાયે ગુરુ, શુક્ર જેમ, ઓ નળ આવ્યોરે.
દુ:ખહર્તા ધંવંતરિ તેમ, ઓ નળ આવ્યોરે;
દમયંતી ઘણું હરખે, ઓ નળ આવ્યોરે.
રખે વાર લાગે મન ફેંકે, ઓ નળ આવ્યોરે;
એક આસને બેઠી નાર, ઓ નળ આવ્યોરે.
દાસી ઉંચલી ચાલે ચાર, ઓ નળ આવ્યોરે;
શોભે સુંદર અતિ સુકુમાર, ઓ નળ આવ્યોરે.
જઇ પહોંતાં મંડપદ્વાર, ઓ નળ આવ્યોરે;

વલણ

બાહેર પધાર્યાં પ્રેમદા. ચતુરાં ઉંચલે ચારરે;
નળ બેઠો સિંહાસન, ચતુરા કિંતતી તેણી વારરે.

## કડવું ૨૭

[રાગ : સારંગ]

મંડપ મધ્યે માનુની, આસના બેઠી જાય;
સ્વયંવર સુભટ ને સુંદરીમ વર્ણવું તે શોભાય.

(છંદ હરિગીતની ચાલ)

નૃપભિમક તનયા, રૂપ તનયા, રસીલી રંગ પૂરણા;
નર અંગના, દેવાંગના, માનિની મનમદ ચૂરણા.
દુ:ખમોચની, મૃગલોચની, છે લલિતા લક્ષણવંતિ એ;
નિજ મન ઉલસી, વેણા વાસી, અલક લટ વિલસંતિ એ.
રાખડિ અમુલ્યે, શીશ ફુલે, સેંથે સીંદુર શોભિયાં;
શુભા ઝાલ ઝળકિત, રત્ન ચળકિત, ભૂપનાં મન લોભિયાં.
મુખા સુધા સિંધુ, અધર બિંદુ, ભ્રુકિટિ ભમર બે ગુંજ છે;
બે નેત્ર નિર્મળ, દિસે છે કમળ, ફૂલા ફૂલ્યાં કુંજ છે.
આંજેલા અંજન, ચપલા ખંજન, મીન મૃગા બે હારિયાં;
પડ્યા રાય શૂરા, જાયા પૂરા, બાન કટાક્ષે મારિયાં.
જુઓ વિવિધ પેરે, નયન ઘેરે, તિલક ભાલે કીધલાં;
દીપક પ્રકાશા, એમ નાસા, કીરનાં મન લીધલાં.
શોભીત દાડમ, બીજ રદા જ્યમ, કિબુક મધુકર બાળરે;
ગલબંધા જુગરા, હાર મુક્તા, માણિકમયા શોભાળ રે.
અબળાના અંબુજ, જ્યમ જુગ્મ ભુજ, બાજુબંધ ફુમતાં ઝુલે;
થાયા નાદ રણઝણ, ચૂડિ કંકણ, મુદ્રિકા કર બહુ મુલે.
દશ આંગળી, મગની ફળી, નખ જોત્ય જ્યમ પુખરાજ છે;
ફૂલના મનોહર, હાર ઉપર, આભૂષણ બહુ સાજ રે.
પડિ વેણિ કટિપર, જાણે વિષધર, આવી કરે પયપાન રે;
ગુચ્છ કુસુમ ઉદે, કુચ હ્દે, કુંજર કુંભસ્થળ માનરે.
અલકાવલિ લલિતા, વહે સલિતા, ઉદર પોયણપાનરે;
છે ચિત્રલંકી, કટી વંકી, મેખલા ઘુઘર ગાનરે.
બે જંઘા રંભા, તના થંભા, હંસગત્ય પગ છાંડતી;
સુખપાળ મૂકી, રાયા ઢૂંકી, જાય પગલાં માંડતી.
નેપુર ઝમકે, અણવટ ઠમકે, ઘુઘરિનો ઘમકર છે;

ઘાઘરે ઘુઘર, અમુલ્ય અંબર, ફુલેલા છાંટ્યા અપાર છે.
ત્યાં અગરબત્તિ બળે, ચમર શિર ઢળે, રસિલિ રામા રાજતી;
ગાય ગીત કલોલક, ચંગ ઢોળક, મૃદંગ વેના વાજતી.
વળિ કીત અતિ ઘણિ, બોલે બંદણિ, ચાલે જ્યોતિષ્ઠિકદાર ત્યાં;
પંચ કામબાણે, કરિ સંધાણે, રાજપુત્રને માર ત્યાં;
ભરમાઇને ભુપ, પડ્યા મોહકુપ, પ્રેમપાશે બાંધિયા.
ઠામથી ડગિયા, સવાર્થા રગિયા, સામી મીટે સાંધિયા.
કો આડા ઉતરે, ખુંખારા કરે, ભામિનિ નિચું ભાળે રે;
કો આસને પળ્યા, લડથડ્યા, શકે આવી લીધો કાળેરે.
બોલિ ના શકિયા, ચિત્ર લખિયા, કો નમે વારે વારેરે;
કો સમીપા ધશિયા, મુગટ ખશિયા, પુંઠેથિ સેવક ધારેરે.
કો કનક કાપે, લાંચ આપે, સાહેલીનેસાધે રે;
જોઇએ તે લીજે, વખાણ કીજે, વિવહા મારો વાધેરે.
લાંબિ ડોક કરતાઅ, નથી નરતા, કહે હાર અરોપરે;
ફરી મુગટ બાંધે, પ્રેમા સાંધે, પડ્યા ના વ ગ્રહ કોપરે.
રાય ગોરાં ગાત્રે, તૃણ માત્રે, તારુણી નવ લેખતી;
જોઈ મૂરખ મરડે, આંખ થરડે, સર્વને ઉવેખતી.

વલણ

અનેકને ઉવેખતી, અઅઘી ચાલી નાર રે;
ગઈ એક નળ જાણી કરી, દીઠી પંચ નળની હાર રે.

## કડવું ૨૮

[રાગ : સારંગ]

મન ઇચ્છા નૈષધ રાયતણી, કન્યા ગઇ પંચ નલ ભણી;
જુએ તો ઉભા નળ પંચ, કન્યા કહે આ ખોટો સંચ.
હંસનું કહ્યું અવરથા ગયું, નળ નાથનું વરવું રહ્યું;
એક નળ સાંભળીઓ ધરા, આ કપટી કો આવ્યા ખરા.
પાંચે નળ ચેષ્ટાને કરે, લેવા માળ કંઠ આગળ ધરે;
ત્યારે દમયંતી થઈ ગાભરી, દઈઠું વિપરીત ને પાછી ફરી.
આવી જાહાં પિતા ભીમક, અરે તાત જુઓ કૌતક;
હું એક નળને આરોપું હાર, દેખી પંચને પડ્યો વિચાર.
ભીમક કહે, ‘આશ્ચર્ય જા હોય, તું વિણ પંચ ન દેખે કોય!
શકે દેવતા તાં નિરધાર, થઈ આવ્યા નળને આકાર.
એ પરીક્ષા નિમેષ નહીં ચક્ષ, વીરજ વસ્ત્ર ઊભા અંતરીક્ષ;
વાત સાંભળી ભીમક તણી, કન્યા આવી પંચ નળભણી.
પિતાએ મારગ દેખાડ્યો, નારીએ નળ શોધી કહાડ્યો;
દમયંતી જેમા વરવાને જાય, ધસી ઈંદ્ર નળ આગળા થાય.
એકા એકને અળગા કરે, લેવા હાર કંઠ આગળ ધરે;
નહીં આવે સંચ ફરી, ત્યારે દમયંતી થઈગાભરી.
ઈંદ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરાના જેવું થયું વદન;
અગ્નિએ જાણ્યું એ ઈંદ્રનું કાજ, ‘રીંછમુખ થાજો મહારાજ. ’
વરુણે શાપ મનમાં દીધો, જમને માંજારમુખો કીધો;
ધર્મે અંતર ઇચ્છ્યું એવું, વરુણનું વરુણનું મુખ થાજો શ્વાનના જેવું.
રીંછ, વાનર, શ્વાન, માંજાર, કન્યા કહે ‘વર રુડા ચાર!
ઇંદ્ર રાય વાણી એમ ભણે, ખાધાવેધ માંડ્યો આપણે.
જમ કહે ‘કાં હસાવો લોક, ’ શાપા કીધા માંહોમાંહે ફોક;
દમયંતી વિચારે વળી, ‘સમાન શોભે પંચ નળી.
કોહોને વરીએ, કોહોને ઉવેખીએ, વરમાળ કોને આરોપીએ? ’
જોવાને મળ્યા રાજકુમાર, તે એક નળ દેખે નિરધાર.
બુદ્ધિવાન નારી છે ઘણું, માન મૂકાવે દેવતાતણું:
ચારોને પૂછે કરી પ્રણામ, તમારા તાતનાં શાં શાં નામ?

લોભા વિષે નહીં ગણ્યું પાપ, વીરસેન પાંચેનો બાપ! '
કન્યા વળતી કરને ધસે, સખી સામું જોઈ જોઈ હસે.
સખી કહે શું ઘેલાં થયાં, શું કપટરૂપને વળગી રહ્યાં;
બીજા પુરૂષ રૂપના ધામ, સાંભળો કહું દેશદેશનાં નામ. '
દેશ સકળ નરેશનાં નામ, દાસી કહે વરણવી ગુણગ્રામ;
તોયે કન્યાને ના ગમ્યા કોય, ફરી ફરી પાંચે નળને જોય.
'હું નળ હું નળ' પાંચે ઊચરે, પણ કન્યા કોહોને નવ વરે;
નારદજી અંતરીક્ષ આવીઆ, ઈંદ્રાની આદિ તેડી લાવીઆ.
ચારે દેવની ચારે નાર, ગગનેથી દીઠા ભરથાર;
લજ્જા પામ્યા લોભી ઘણું, એ કારજ તે નારદતણું
કન્યાએ દીઠી દેવાંગના, અમર જાણીને માંડી વંદના;
અમો અલ્પ જીવ કરૂપ, તઅમો ભારેખમા છો ભૂપ.
અમો જમ જરાથી ત્રાસીએ, પૂજનીકા તમને ઉપાસીએ;
તમો અમને ભીમક રાજાન, હું તમને પુત્રી સમાન.
એમ કહીને ભરીયાં ચક્ષ, લાજ્યા દેવ થયા પ્રત્યક્ષ;
ઈંદ્ર, વરુણ, વહ્નિ, જમરાય, શોભે મંડપે જય જય થાય.
નળને થયા તુષ્ટમાન, દેવ કહે માગો વરદાન;
બબ્બે વર આપે સુરરાજ, નળનું સહજે સરીયું કાજ.
કમળમાળ આપી સુરરાય, લક્ષ વર્ષે નહીં સુકાય;
અશ્વમંત્ર આપ્યો રાજંન, દિના એકે હીંડે શત જોજન.
કહે અગ્નિ, 'નહીં દાઝે તુંય જાંહાં સમરે તાંહાં પ્રગટું હુંય; '
ધર્મ કહે ભોગવે રાજભોગ, ત્યાં લગે પુર મધ્યે નહીં રોગ.
જે કરશે તારી કથા વાંછના, તેને નવ હોયે જમજાચના. '
વરુણ ભણે સાંભળ નળ રાય, શુકું વૃક્ષ નવપલ્લવ થાય.
સમર્યું જળ ઊપજે તત્કાળ, આઠે વાર પામ્યો ભૂપાળ;
પછી દમયંતીને આપ્યો વર, અમૃતસ્રાવિયા હજો તારા કર. '
સર્વે સ્તુતિકીધી દેવતણી, વિમાને બેસી ગયા સ્વર્ગભણી;
દમયંતી હરખી તત્કાલ, નળને કંઠે આરોપી માળ.
સાધુ રાજા સર્વે બેસી રહ્યા, અદેખિયા ઉઠીને ગયા;
વરકન્યા પરણ્યાં રીત કરી, ભેમકે પહેરામણી ભલી કરી.

લાડ કોડ પહોંતાં કુંવરીતણાં, નળને વાનાંકીધાં ઘણાં;
નળ દમયંતી બન્યો જાય, વોળાવી વળ્યો ભીમકા રાય.
વાજતે ગાજતે નલ વળ્યો, એવે કલિયુગસામો મળ્યો;
વરવા વૈદર્ભીનારદે મોકલ્યો, આવે ઉતાવળે શ્વાસે હળફ્લ્યો.
બેથો મહીષ ઊપર કળીકાલ, કંઠે મનીષનાં શશીની માળ;
કરમાં કાતુ લોહા શૃંગાર, શિર સગડી ધીકે અંગાર.
જૈ વરું દમયંતી રૂપનિધાન, જુએ તો મળી સામી જાન;
જાણ્યો કન્યાને નળા વર્યો, કળી ક્રોધે પાચો ફર્યો.
જો નળે પરણવા દીધો નહીં, આજથી લાગું પૂંઠે થઇ;
નળરાજા આવ્યા પુરવિખે, કરે રાજ નારીસું સુખે.
ભોગવે ભોગ વિવિધ પેર, સ્વર્ગતણું સુખ પામે ઘેર;
પ્રભુ પત્નીને વાધ્યો પ્રેમ, સઆચવે બહુ સત્ય ને નેમ.
ચોહો વર્ન પાળે કુળધર્મ, ચાલે યજ્ઞાદિકનાં કર્મ;
તેણે કળીનું ચાલે નહીં, હીંડે છિદ્ર જોતો અહીં તહીં.
નગર પૂઠે ફેરા બહુ ખાય, સંતા આગળ પ્રવેશા ન થાય;
સહસ્ત્ર વર્ષ વહીને ગયાં, દમયંતીને બે બાળકા થયાં.
જુગ્મ બાલ સાથે પ્રસવ્યાં, પુત્રપુત્રીરૂપે અભિનવાં;
નળ દમયંતી હરખે ઘણું, બાલક વડે શોભે આંગણું.
એક દિવસે નળ ભૂપાળ, મંગાવ્યું જળ થયો સંધ્યાકાળ;
રહી પાહાની કોરડી ધોતાં પાગ, કલિ પામ્યો પેઠાનો લાગ.
સંધયવંદન કીધું રાજન, પ્રવેશ કલિનો થયો તે સ્થાન;
જ્યાં શય્યા સૂતો ભૂપાળ, સર્વાંગે વ્યાપ્યો કલિકાળ.

વલણ

કલિકાલ વ્યાપ્યો રાયને, ભ્રષ્ટ થયો નૈષધનો ધણી રે;
હવે વઢાડું પિત્રાઈને, કલિ ચાલ્યો પુષ્કર ભણી રે.

## કડવું ૨૯

[રાગ : કહાલેરો]

કલિજુગ-દ્વાપર મળીને આવ્યા, પુષ્કર કેરે પાસ;
હાથ ઘસે ને મસ્તક ધૂણે, મુખે મૂકે નિઃશ્વાસા. કલિ૦.
વેશા વિપ્રનો ધરયો અધર્મી, ને બન્યો મસ્તક ડોલે;
નૈષધપતિ બેઠો તપ કરવા, થઈતરણાંને તોલે. કલિ૦.
એક કુળમાં ઉદયા બન્યોના, તું જોગી નળ રાણો;
તે ભોગ ભોગવે નાના વિધના, તારે નહીં જળ દાણોર. કલિ૦.
કળિ કહે છે જો જો ભાઇયો, કર્મે વાળ્યો આડો આંકો;
એક જ બોરડીના બે કાંટા, એક પાધરો એક વાંકો. કલિ૦.
તારા પ્તિઆસું અમારે મૈત્રી, તે માટે હિત કીજે;
એમ કહી કર ગ્રહી ઉઠાડ્યો, આવ આલિંગના દીજે. કલિ૦.
ભેટતામાં પિડ પુષ્કરના મધ્યે, કીધો કલિએ પ્રવેશ;
તેડી ચાલ્યો નૈષધપુર ભણી,કરવા નળશું ક્લેશા. કલિ૦.
વાટે જાતાં વારતા પરઠી, ના મળવું નાંખો ઝાંસા;
કળી કહે તું દ્યૂત રમજે, હું થાઉં બેપાશ. કલિ૦.
પ્રથમા પોણ કરજે વૃષભનું, દ્વાપર થાશે પોઠી;
સર્વસ્વ હરાવી લેજે નળનું, એ વાત ગમતી ગોઠી. કલિ૦.
જદ્યપિ પુષ્કર પવિત્ર હુતો, નોહોતી રાજની અભિલાષા;
ઉપજી અરિશ્યાનળરાય ઉપર, મલ્યા જુગા બે અદેખા. કલિ૦.
વૃસભવાહન પાસા કરમાં, આવ્યો રાજ્યસભાય;
બાંધવા જાણી દયા મના આણી, નળા ઉઠી બેઠો થાય. કલિ૦.
ભલે પધાર્યા પુષ્કર ભાઈ, જોગી વેશને છાંડો;
આ ઘરા રાજ તમારું વીરા, રાજની રીતિ માંડો. કલિ૦.
આસન આપી કરે પૂજન, પૂછે કુશળી ક્ષેમ;
નળને કહે બીજી વાતે ન રાચું, દ્યૂત રમવાને પ્રેમ. કલિ૦.
નળ કહે બાંધવા દ્યૂત ન રમીએ, એ અનર્થનું મૂળ;
તું જોગેશ્વર કાં ઉપજાવે, ઉદર ચોળીને શૂળ. કલિ૦.
પુષ્કરા કહે મારો પાંચ મુદ્રાનો, પોઠી જિતું કે હારું;
એકી પાસે બળદ મારો, એકી પાસે રાજ તારું. કલિ૦.

કળીને સંગે પુણ્ય શ્લોકને, પાપતણી મતિ આવી;
દ્યૂત રમવું અપ્રમાણ છે પણ, વાત આગળ ભાવી. કલિ૦.

વલણ

ભાવી પદારથ ભૂપને, વેઠવું છે બહુ કષ્ટ રે;
દ્યૂત રમવા બેઠો રાજા, કીધો કલિએ ભ્રષ્ટ રે.

## કડવું ૩૦

[રાગ : મેવાડો]

નળ રાજાએ દ્યૂત આરંભ્યું, સઅત્ય થયું સર્વ ફોકજી;
નગ્ર મધ્યે વારતા જાણી, ત્રાહે ત્રાહે કરે લોકજી.
દમયંતીએ નળને કહાવ્યું, બળદ ભણીમાં જોશો જી;
એ વૃષભમાં વેરી છે કારમો, રાજ રમતાં ખોશોજી.
ડાહ્યા લોક નગરના વારે, ઘણું વારે પરધાનજી;
કલીજુગે બુદ્ધ ભ્રષ્ટ જ કીધી, કહ્યું કાનું ન ધરે કાનજી.
બેઠા બાંધવ પોણ પરઠીને, ડોલે પુષ્કર રાયજી;
જે હારે તે રાજ મેલી, ત્રણ વરસ વન જાયજી.
ત્રણ વરસ ગુપ્ત જ રહેવું, વેષ અન્ય ધરીજી.
કદાચિત પ્રીછ્યું પડે તો, વંન ભોગવે ફરીજી.
મહિમા મોટો કળીજુગ કેરો, નળને ગમી તે વાતજી;
નળા કહેરે નાખ પાસા, ત્યારે વરસ્યો શોણિત વરસાદ્જી.
હાહાકાર હવો પૂર મધ્યે, વાયુ સામટો વાયજી;
નાખ્યા પાસા પુષ્કરા જેત્યો, સર્વસ્વ હાર્યો રાયજી.
હાર્યો નર ને પુષ્કર જીત્યો, જૈ બેથો સિંહાસનજી.
આણ પોતાની વર્તાવી પુરમાં,કહે નળનેજાઓ વનજી;
વનકુળાપહેરી વંન વાસો ને, કરો વનફળા આહારજી;
એક વસ્ત્ર રાખો શરીરે, બાકી ઉતારો શણગારજી.
સર્વ તજી એક વસ્ત્ર રાખી, ઉઠ્યો નળ ભૂપાળજી.
દમયંતીએ કહાવિયું તું, પીયેર જાજે આ કાળજી.
રુદન કરતી રાની આવી, બાળકા ઝાલ્યાં હાથજી;
શીશ નામીને સ્વામીને કહે, મુને તેડો સાથજી.
સુખા દુઃખની કહીએ વારતા, એકલાં નવ સોહાયજી;
હું સેવાને આવું સહીરે, થાકો તો ચાંપુ પાયજી.
કંથ કહે હો કામિની, તું આવે મુજને જંજાળજી;
એ દુઃખા સઘળાં વેઠીએ પણ, ટળવળી મરે બંને બાળજી.
રોતી કહે છે કામિનીરે, જેમ છાયા દેહને વળગીજી;

તેમ હું તમારી તારુણીરે, કેમે ના થાઊં અળગીજી.

વલણ

જો અળગી અક્રશો નાથજી, તો પ્રાણ તજું તત્કાળરે;
નળ કહે આવે વન વિષે તો, પીયેર વળાવો બાળ રે.

## કડવું ૩૧

[રાગ – મેવાડો ]

મોસાળ પધારો રે, મોસાળ પધારો રે
બાડુઆં, મોસાળ પધારો રે, લાડવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો રે, સહેજો મામીની ગાળ - મોસાળ૦
હૃદયા ચાંપે રે; રાણી હૃદયા ચાંપે રે,
હૃદયા ચાંપે પેટ, એ છેલુંવહેલું લાડ;
હવે મળવું દોહ્યલું રે, મળીએ તો પ્રભુનો પાડ. - મોસાળ૦
થયાં માત વોહોણાં રે, માત વહોણાં રે;
માત વોહોણાં દામણાં રે, નહીં કો રૂડો સાથ;
રૂએ રાણી હૈયે ફાટતે, કોણ માથે ફેરવશે હાથ ? - મોસાળ૦
મંદિરના ગુરુજી, હો, મંદિરના ગુરુજી,
મંદિરના ગુરુજી સુદેવજીરે, તમારે ખોળે સોપું બે તંન;
જઈ કહેજો માહારી માતને રે, જીવની પેર કરજો જતંન- મોસાળ૦
પુત્રી-જમાઈ રે, તમ તણાં પુત્રી- જમાઈ,
પુત્રી-જમાઈ તમ તણાં રે, કહેજો વનમાં પૂર્યો વાસ;
જઈ કહેજો માહારા તાતને રે, અમ જોગીનો લેજો તપાસ. મોસાળ૦
ચુંબન કરતી રે, માવડી ચુંબન કરતી,
ચુંબન કરતી માવડી રે, ફરી ફરી મુખ જોય;
હૈયેથી નવ ઊતર્યાં રે, દમયંતી રોય. મોસાળ૦

વલણ

રૂએ રાણી અતિઘણું રે, વછ સોંપ્યા ગુરુ-કર માંહે રે;
વોળાવ્યાં બે બાળકાં રે, ઋષિ સાથે તે જાય વોળાવ્યાં રે.

## કડવું ૩૨

[રાગ : વેરાડી]

બાળક વોળાવ્યાં વિપ્ર સંગાથે, દમયંતી કરે આક્રંદ;
હાહાકાર હવો પુર મધ્યે, મળ્યાં સહિઅરનાં વૃંદ.
પડો વાગ્યો પુષ્કર પાપીનો, નળને કો નવ રાખે;
એક અંજલિ જળ ન પામ્યાં, જો ભમ્યાં પુર આખે.
બારણાં દે નળને દેખીને, જે પોતાનાં લોક;
તરસી દમયંતી પાણી ન પામી, કંઠે પડિયો શોષ.
એક રાત રહ્યાં પુર મધ્યે, ચાલ્યા વાહાણું વાતે;
પુણ્યશ્લોકની પૂંઠ જ લીધી, કલિ થયો સંઘાતે.
જ્યાં વાવ, સરોવર, કૂવા આવે, પાકાં ફળની વાડી,
કળિજુગ આગળથી જઈને, સર્વ મહેલે ઉજાડી.
ફળ જળ ને પત્ર ન પામે, રાણી કરે આંસુપાત;
વનમાં ફરતાં રુદન કરતાં, વહી ગયા દીન સાત.
અકેકું પટકૂળ પહેર્યું, પ્રેમદા કોમળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાંજે.
એક માનસરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
કલિયજુગે તે ફોક ન થયું, પીધું રાય ને રાણી.
વારોવારે પાણી પીએ, ને બેસે ને વળી હીંડે;
નરનાર તે વારે તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપણી પીડે.
સ્વામી કહે,સંતોખાઈ શ્યામા, બેસ થઈને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ. '
થોડા જળમાં પેઠો નળરાય, ધીરવનું આચરણ;
સાધુ રાયને શ્રમ કરતાં, મીન મળીયાં ત્રણ.
આણીને અબળાને આપ્યાં, વામા કહે, ,થયું વારું; '
નળ કહે, ,આપણ બે પ્રાણીને, શું હોશે એટલા સારુ ? '
ભારજાના ભુજ માંહે સોંપ્યાં, ભૂપ ગયો બીજી વરાં;
કલિજુગ સર્પ થઈ બિહાવે, મચ્છ નાસે અરાંપરાં.
નળે શ્રમ કીધો ઘટિકા બે, મચ્છ ન ચડ્યાં હાથ;
પેલાં ત્રણ મચ્છ વહેંચીને લીજે, વિચાર્યું મન સાથ.

નળ આવ્યો નિરાશ થઈને, ત્રણ મચ્છ માંહાં ચિત્ત;
એટલામાં અંતરમાં દમયંતીને, થઈ આવ્યું વિપરીત.
અમૃતસ્ત્રાવિયા કર શામાના, સજીવ થયાં મચ્છ પળમાં;
હાલ્યાં મહીલાએ મૂકે છાંડ્યાં, ઊડી પડ્યાં જઈ જળમાં.
ઘેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
'હવે સ્વામીને શો ઉત્તર વાળું' રુદન કરે સ્વર ઝીણે.
વીલું મુખ રૂએ વૈદર્ભી, નાથ આવતો નરખે;
ચિહું પાસ ભાળે, આંસુ ઢાળે, સ્વાતિબિંદુ શું વરસે.
રોતી પત્ની પતિએ દીઠી, ધોળું મુખ થયું દીન.
હું ક્ષુધાતુર ફરીને આવ્યો રઝળ્યો પાણીમાંહે;
દોઢ દોઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપણી ક્યાંહે? '
રૂદે ફાટતે બોલી રાણી, પડે આંસુ મોતીદાણા;
ક્ષુધા પાપણીએ મચ્છ ભક્ષ્યાં, મેં ન રહેવાયું, રાણા.
નળ કહે, ,હંસે શિખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક દ્યૂત ન રમવું, બીજું ન કરવો, નારીનો વિશ્વાસ.
બે વાનાં વાર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં ! શું આગ પેટમાં લાગી. ?
દમયંતી હા હા કરે, જાણે,સમ ખાઉં શાને;
સજીવ થયાં ને નાસી ગયાં, કહું તો રાય તે નવ માને.

વલણ

ન માને રાજા એ આશ્ચર્ય મોટું, ઊઠી ચાલ્યો નળરાય રે;
અણતેડી દમયંતી રાણી, પીઉની પતિને પૂઠે જાય રે.

## કડવું ૩૩

[રાગ : વેરાડી]

આગળ નળ પૂઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર હીંડતાં કરે, હૈડું ફાટે, અબળા આંખ ભરે.
'ખાધાં મચ્છ શક્તિ તો ઘણી, તો હીંડતાં શું હારે પાપણી?
પી રે પાણી તું ફરી ફરી, કાં જે મચ્છ ખાધાં પેટ ભરી.'
બે મારગ આવ્યા આગળે, વિદાય નારી કીધી નળે;
'તું નહીં નારી, હું નહીં કંથ, આ તાહારા પીયરનો પંથ.
'માહારો સંગ તુને નહીં ગમે, મહિયરમાં પેટ ભરીને જમે.'
'નાથજી, માહારા કરીને ક્ષમા, મુને નથી પીહરની તમા.
ફોકટ હું પર કરો છો રીસ, અજુગત આળ ચઢાવો શીશ;
દેવતાનું મુજને વરદાન, કાં એ નથી જાણતા, રાજાન?
હુતી વાત કામિનીએ કહી, કળિયોગે નળે માની નહીં;
આગળ પાછળ બંન્યો જાય, કળિએ કીધી બગની કાય.
થોડી પાંખ ને માંસ જ ઘણું, લલચાયું મન નળરા તણું;
પંખીમાં દીસે ઘણો ભાર, નરનારીનો પુરણ આહાર.
કોણ પ્રકારે બગને હણું, ઉપર વસ્ત્ર નાખું આપણું.'
ઉફરાંટી કીધી સુંદરી, નળ ચાલ્યો દેહ નગ્ન કરી.
લાજ્યાં પંખી ને લાજ્યું વન, લાજ્યા સૂર્ય મીંચ્યાં લોચન;
સ્વાદઇંદ્રિયે પીડ્યો મહારાજ, થયો નગ્ન તજીને લાજ.
પીતાંબર ઝાલ્યું ભૂપાલ, જેમ ધીમર ઝાલે નાખે જાળ;
બગ નિકટ ગયો તે રાય, તેમ તેમ કળિ આઘેરો જાય.
ધાઈ વસ્ત્રનો નાખ્યો પાશ, કળિજુગ લેઈ ઊડ્યો આકાશ;
એક વસ્ત્ર પંખી ગયો લેઈ, નળ બેઠો કપાળે કર દેઈ.
અરે દૈવ તેં એ શું કર્યું. વસ્ત્ર જતાં કાંઈ ન ઊગર્યું;
ગયું રાજ, છત્ર, મહિમા ઘણો, ન રહ્યો અંગ સૂત્ર તાંતણો.
વિહંગમ વસ્ત્ર ગયો રે હરી, દમયંતી મા જોશો ફરી;
પાછે પગે ગઇ સ્રીજંન, આપ્યું અર્ધું વસ્ત્ર ઢાંકો તંન.
એકેકો છેડો પહેર્યો ઊભે, જાણે તીરથ નાહ્યાં એવાં શોભે;
અન્ન વિના અડવડિયાં ખાય, સતની આધારે ચાલ્યાં જાય.

મહા વનાની આવી જંખજાળ, તે સ્થાનકે થયો સંધ્યાકાળ;
બંને બેઠામ્ દ્રુમને તળે, ચુંટી પત્ર પાથર્યાં નળે.
દુઃખની વાત કરી નવ નવી, દમ્યંતી નિદ્રાવશ હવી;
ક્ષુધા અંગોઅંગ રહી વસી, મુખ જાણે પૂનમનો શશી.
નળે સૂતી દીથી સુંદરી, નિઃશ્વાસ મૂક્યો બે નયનાં ભરી;
કોક દિવસ આવ્યો, શ્રીહરી! એ દુઃખે પ્રાણ ન જાય નીસરી!
વૈદરર્ભી વસુધાવશ પડી, દુઃખ નહોતું દીઠું અધઘડી;
ઘણે દોહેલે વરી મેં એહ, રુએ રાજા જોઈ જો દેહ.
નખથી નરખતાં જોયું મુખ, ત્યાહારે લાગ્યું મછનું દુઃખ;
શી સગાઈ પરતનયા તણી ? દુષ્ટ દમયંતી એ પાપણી;
'શી પ્રીત છેહ દીધો જેણીએ, હું વિના મછ ખાધાં એણીએ.
મલિન મન એનું નિરધાર, કો સમે માહારો કરે આહાર;
ન ઘટે રહેવું એ સાથે મળી, ' બુધ્ય ઉપજાવે એમ બુદ્ધિ કળિ;
તે શમેની હ્દયેની દાઝ, મૂકું વનમાં એકલી આજ.
બુદ્ધિભ્રષ્ટ મન રાજા તણું, કળિનો પ્રેર્યો કોપ્યો ઘણું.
મન માંહાં આશંકા ગણે, એક વસ્ત્ર પહેર્યું બે જણે;
મધ્યેથી ચીર ફાડું બળ કરી, થાય શબ્દ, જાગે સુંદરી;
હોય છૂરિકા તો છેદું પટકુળ, ' કળિ થયો કાતું અનરથનું મૂળ.
નળે લીધું છુરિકાશસ્ત્ર, વચ્ચેથી વહેર્યું અડધું વસ્ત્ર.
કટકા બે એ પટકુળના કરી, ચાલ્યો નળ મૂકી સુંદરી.
ગયો ડગલાં સાત જ ભરી, પ્રીત શ્યામાની સાંભરી.
નળ વિમાસણ મનમાં કરે, એકલડી એ ફાટીને મરે.
વર્યો હું દેવતા પરહરી, વલી વનમાં સાથે નીસરી.
ત્રૈલોક્યમોહની એ માનુની, કેમ વેદના સહેશે રાનની?
ન ઘટે મૂકી જાવું મનેઃ ' નળ આવ્યો દમયંતી કને.
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છને પાછો વળ્યો;
કળિ તાણે વાટ વન તણી, પ્રેમ તાણે દમયંતી ભણી.
વિચારે વિચારનિધિમાં પડ્યો, આવત જાવત હિંડોળે ચઢ્યો;
સાતવાર આવ્યો ફરી ફરી, તજી ન જાયે સાધુ સુંદરી.
પ્રબળ બળ કળિનું થયું, પ્રેમ બંધન ત્રુટીને ગયું;

સર્પ કંચુકીને તજે જેમ, મેં દમયંતી તજવી તેમ;
વૃક્ષ પત્રને જેમ પરહરે, પુનરપિ તે અંગી નવ કરે;
જેવું વમનનું રે અન્ન, તેહેવી માહારે એ સ્ત્રીજન.
કો સમે મુજને મારે નેટ, હુંપે વહાલું એહેને પેટ;
એવું કહીને મૂકી દોટ, ઉવાટે દોડ્યો સાસોટ;
તાંહાં લગી ધાયો ભૂપાલ, રહ્યો જાંહાં થયો પ્રાતઃકાલ.

વલણ

કાળ અરુણ-ઉડે તણો, તાંહાં લગે ધાયો ધીશ રે;
જાગ્યો રુદે, થયું દુઃખ ઉદે, જ્યારે દીઠો દીશ રે.

## કડવું ૩૪

[રાગઃ રામગ્રી]

નળ જળ નયણે ભરે ને, કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતા તણું, અવનિ પછાડે આપ.
વૈદર્ભી વામા, રંક રામા, એકલડી વન મધ્ય;
ભય ધરશે, ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવધ્ય.
નહીં મળે ફરી, કોકીલા સ્વરી, શે ઉપન્યો વિખવાદ ?
'મનગમયંતી, બોલ દમયંતી નળે માંડ્યો સાદ.
વિશ્વમોહિની સૃષ્ટિ દોહિની, સુંદરી સુજાણ;
વિરહિણી વલ્લભ, દર્શનદુર્લભ, બોલ પિયુના પ્રાણ.
વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટઃ
કળિએ ચરણ ધરણનાં ભૂંસ્યા, વન કીધું નિર્વાટ.
વડડાલે ભૂપાળ વળગ્યો, તે રુએ હૃદયફાટ;
મોહધારણ, કર્મ કારણ, કહે ભુજ દઈ લેલાટ.
રાય વિલપે, ઘણું કલપે, સંભારી સુખસ્નેહ;
'કબુધ આવી કવાત ભાવી, અન્યા અલ્પ દીધો છેહ.
અજગર, નાગ, વરુ, વાઘ, છે દારુણ વનની હદ;
દોહેલે પામ્યો, ગજગામી, દેવ ગયા નિર્મુખ;
સ્વયંવર-સાથ સાંભળી વાત, સર્વ પામશે સુખ. '
કોણ નેત્ર લુહે, રાય રુએ, એક શબ્દ સાંભળ્યો ગાઢ;
લોહ પ્રેમજળ, મૂકાવ રાય નળ, બળતાને બાહેર કાઢો.
સાંભળી વાણી, જાણી રાણી, રોઈ રોઈ બેઠો એનો સ્વર;
હરખે ભરાયો, શબ્દ ધાયો, વીરસેન-કુંવર.
પાડે બરાડા, બળે દવાડા, તરફડે મોટો વ્યાલ;
'દયાસિંધુ, દીનબંધુ, કહે,કાઢ નળ ભૂપાલ. '
વહ્નિવરદાન, ગયો રાજાન, નાગે કીધો નમસ્કાર;
આપ પ્રાણદાન, હો કરુણાવાન, કાંઈ હું એ કરીશ ઉપકાર. '
વિષથી ન બીધો, નાગ લીધો, જોજન દેહ પ્રમાણ;
ખંધે ચડાવી, મૂક્યો બહાર લાવી, શાતા પામ્યો પ્રાણ.
પુણ્યશ્લોક સાચા, વિપ્રવાચા, મળ્યો વૈદર્ભી-કાંત; '

પૂછે નળ, ,દાધો સબળ, મુને કહે માંડી વૃત્તાંત.

વલણ

વૃતાંત કહે, ભાઈ, કોણ છે ? પામ્યો બહુ પરિતાપ રે;
નાગ કહે, ,રાય સાંભળો, મુને હવો સપત ઋષિનો શાપ રે.

## કડવું ૩૫

[ રાગ : દેશાખની ચાલ, ટૂંકડી ]

બોલ્યો નાગ કરી પ્રણામ, “રાયા મારું કર્કોટકા નામ;
હું પ્રાશ્ચિત કર્મ કર્મે પામ્યો સંતાપ, સપ્તા ઋષિએ દીધો શાપ.
વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાગી મુજા તણી;
ફુત્કાર કરી ફણા નાખી જ્વાલ, દાધા સપ્તઋષિ ચડ્યો કાળ.
‘પતિત, તેં નાખી વિષલહેર, બળ દવમાં અવની ઉપેર;
બહુ કાળ લગે વસો વહ્નિમાંય, ભોગવા દુ:ખ જીવા નહીં જાય.
મેં જાણ્યું શાપ ટલે નહીં ખરો, મુને શાપનો અનુગ્રહ કરો;
વહ્નિવેદના દોહેલી ઘણું, : કહ્યું, ,દરશન થાશે નળરાય તણું.
પુણ્યશ્લોક બાહાર કાઢશે, તે તુંને શાતા પમાડશે;
તે દિવસનો વન દાઝું છૌં અહીં, સાતા સહસ્ત્ર વરસા ગયા વહી.
તે તમો આજ દુ:ખ ટાળિયું, સત્ય પુણ્યશ્લોકે પાળિયું;
મારી દેહને અતિ સુખ થયું, ઋષિવચનનું ફળ પમિયા.
એવું કહીને સર્પ જ ધસ્યો, કર્કોટકા નળ-કોટે ડશ્યો;
લાગી વિષજ્વાલા દાધ્યો ભૂપ, કાળી કાયા થયું કૂબડું રૂપ.
કાજળપેં શ્યામતા વિશેષ, વાંકું મુખા પંચવર્ણા કેશ;
છતે દાંતે ડાચાં ગયા મળી, નીસરી ખુંધ કટી બેવડ વળી.
નળ કહે, ધન્ય કુદ્રકુમાર ઘણો રૂડો કીધ ઉપગાર!
નાગ કહે રે,રખે દુ:ખ ધરો, જોતાં એ ઉપકારા છે ખરો;
ગુપ્તા રહેવું સંવત્સરા ત્રણ, કો નવ ઓળખે એવું વર્ણ.
ત્રણા વસ્ત્ર આપું છઉં ભૂપ, પરિધાને થાશે મૂળગું રૂપ;
તે જોયાં પહેરી પરીક્ષા કરી, તત્ક્ષણ કાંતિઓ ભૂપની ફરી.
હરખ્યો નળા થયું દિવ્યકામ, નાગે બાહુક ધરિયું નામ;
ભૂપાળા વ્યાળા થયા વિદાય, ગયો આયોધ્યા નૈષધરાય.
દેખી માણસ નાહાસે અરાંપરાં ધાયે બાહુક પૂંઠે છોકરાં;
જે જે મારગ મહીપતિ પળે, ત્યાં માણસ જોવાને મળે.
હસે લોક રૂપે લીહ વાળી, પૂંઠે ચોકરા પાડે તાળી;
રાજસભામાં રાજા ગયો, પ્રતિહારા સાથ ખસીને રહ્યો.
હસી સભા હસ્યો ઋતુપર્ણ, વિધિએ આ ક્યાં નિર્મ્યું વર્ણ;

હારે કાજળને જાંબુફળ, જાણે રૂપે બીજો નળ.
કહો કોણ છો સ્વરૂપના ધામ, કેમા આવવું પડ્યું શું કામ;
નળ કહે મારું બાહુક નામ, આવ્યો ઉદરા ભરવા કામ.
અશ્વમંત્ર જાણું રાજંન, એકા દિવસે ખેડું શત જોજંન;
કહે ઋતુપર્ણ મોટું કારણ, આ રૂપા ને વિદ્યા અસાધારણ.
નળ ઈંદ્ર વિના કો જાણે નહીં, મંત્રપ્રપ્તિ તુંને ક્યાંથી થઈ.
મંત્ર પાઠ કરતા નળરાય, હું નળનો સ્વકા શીખ્યો વિદ્યાય.
કો સમે પ્રકાશી ભણતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામ્યો એહ;
નૈષધનાથ તે વનમાં ગયો, તે દુઃખે હું આવો થયો.
આવ્યો છઉં રહેવા તમકને, અંનવસ્ત્ર આપજો મને;
નહીં કરું હું નીચું કામ, નહીં ધરાવું સેવક નામ.
રાયજી તમને નહીં નમું, સ્વયંપાક કરીને જમું;
રાજા કહે રહો જેમ તેમ, વિદ્યાવાના જવા દઉં કેમ.
હયદાસપતિનો અધિકાર, સેવકા માત્ર કરે નમસ્કાર;
જદ્યપિ માન પામે ઘણું, પણ કહેવાયે દાસત્વપણું.
અશ્વપતિ મહારાજા થયો, હયશાળામાં વાસોરહ્યો;
છે વિજોગની ગેદના ઘણી, નિત્યે સુએ શ્લોકા એક ભણી.
आतपे धृतिमता सह वध्वा यामिनीविरहिणा विहगेन।
सेहिरे न किरणा हिमरश्मेर्दुःखिते मनसि सर्वमसह्यम
એવું કહિને કરે શયન, વિસ્મે થાયે પાડોશીજન;
બાળબિહામણ આવી વસ્યો, કદ્રજને વિયોગ તે કશો ?
તે સ્ત્રીએ સુક્રિત શું કર્યું,જેણીએ આ સ્વરૂપને વર્યું ?
વારુ થયું જે વિપત પડી, આ ભૂતથી છૂટી બાપડી!

વલણ

'બાપડી છૂટી', લોક કહી : રહ્યા નળરાયને રીઝવી રે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, દમયંતીની શી વલે હવી રે.

## કડવું ૩૬

[રાગ : દોહરા]

સ્વપ્ન આવ્યું નારને, મૂકી જાય છે નાથ;
જાગી ઊઠી અચાનક, ગ્રેહેવા પ્રભુનો હાથ.
થઈ ગાભરી ફરી ફરી, જુએ ચારે પાસ;
અબળાનાં હ્રદય કારમાં, બીહું તમારે હાસ.
જોયું વનડું ફરી ફરી, સમ દઈ કીધા સાદ;
ન બોલ્યો નાથ, નિરાશ થઈ, પછી રોઈ પામી અતિશે નાદ.

[રાગ- મારુની દેશી]

'અમો અબળા માણસ બીજે, ન કીજે હાસ, હો નળરાય;
કેમ ધીરજ ધરું હું નારી, તમારી દાસ રે, હો નળ૦
રાત અંધારી તો માહરી વલે કોણ થાશે રે, હો નળ૦
તમ ચરણ કેરી આણ, પ્રાણ મારા જાશે રે, હો નળ૦
આંહાં તો બોલે સાવજ-નાગ, વાઘ બોલે વરુ, હો નળ૦
બોલો બોલો, રેહેવાયે છે કેમ ? મારા સમ હું તો મરું, હો નળ૦
હાં હાં જી જાઓ છો હાડ, રાડ થાશે ફાંસું, હો નળ૦
ગુપ્ત રહ્યા, નવ આવે દયા, દેખી આંખડીએ આંસુ, હો નળ૦
તમારાં પગલાં ન દેખું કંથ, પંથ કેમ લહું રે, હો નળ૦
નિશા અંધારી ભયાનક સ્થાનક, કેમ રહું રે, હો નળ૦
નૈષધરાયની રાણી, તાણી તાણી રૂએ રે, હો નળ૦
પ્રભુજી અંગ અવેવ હામારા, તારા જુએ રે, હો નળ૦
ઘેલી સરખી ચાલે, વહાલે તરછોડી રે, હો નળ૦
માંડ્યું વનડું જોવું, રોવું મૂક્યું છોડી રે, હો નળ૦
વલવલતી વૈદર્ભી વાટે, ઉચાટે ભરી રે, હો નળ૦
કારણ સ્વામી શું, હું પરહરી રે, હો નળ૦
વહાલાજી નવ દીજે છેહ, નેહ વિચારો રે, હો નળ૦
કર્મે વાળ્યો આડો આંક, વાંક શો માહારો રે, હો નળ૦

વલણ

શો વાંક માહારો વણ અપરાધે, સ્વામી, દારુણ વન મૂકી ગયા રે?
અલ્પ ભ્રાંતે હું તજી, અંતર ન ઉપજી દયા રે?

## કડવું ૩૭

[રાગ : રામગ્રી]

વૈદર્ભી વનમાં વલવલે, અંધારી રે રાત;
ભામિની ભય પામે ઘણું, એકલડી રે જાત. વૈદર્ભી.
રસનાએ નામ નળ તણું, અબલા જપતી રે જાય;
શુદ્ધ નથી શરીરની, ભાજે કંટક પાય. વૈદર્ભી.
રોઈ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયણે ધારા બબ્બે ઝરે, વહે અંગ રુધિર વૈદર્ભી.
હીંડતી તે આખડે, વાગે પગમાં ઠેસ;
ચાલતી ઊભી રહે, ભરાયે કાંટે કેશ. વૈદર્ભી.
અંગે ઉઝરડા પડ્યા ઘણા, વહે શોણિતધાર;
હો નળ હો નળ બોલતી, બીજો નહીં વિચાર. વૈદરભી.
ઉંડા કોતર ઉતરે, ચઢે ગિરિ કરાડ;
અશુદ્ધે ઉધડકે નહીં, પાડે વાઘ બરાડ. વૈદર્ભી.
વાંકી વાટ ટીંબા ટેકરા, ભયાનક ખોહ;
રાફ માંહે સાપ ફુફ્વે, ઘણું ઘુઘવે ઘોહ. વૈદર્ભી.
શબ્દ પશુ પંખી તણા, ન પડે કાંઇ પ્રીછ;
વરુ ઘણાં અરણ્યમાં બિહાવે, ઘણાં ધાયે રીંછ. વૈદર્ભી.
શૂકર રોઝ છિકારડાં, ચીતરા દે ફાળ;
ફાલુનાદ હોયે ઘણા, બહુ બોલે શીયાળ. વૈદર્ભી.
આંબા આમલી એહેરામણી, એખરા અપાર;
શીમલ સમડી સેક્ટા, ન સૂઝે પંથ વિચાર. વૈદર્ભી.
ખેર, ખાખર ને કાચકી, કંટાળા થોર;
બાવળીયા બહુ બોવળી બિહામણી બોર. વૈદર્ભી.
આખડી પડે સુંદરી, ચરણે વેલા વીંટાય.
છૂટા કેશ કામિની તણા, ઝાંખરે ઝીંટાય. વૈદર્ભી.
વૃક્ષ અથડાએ અંગશું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી વાગ્યા તણી, મુખે ભજતી નળરાય. વૈદર્ભી.
દિવસ-નિશા પ્રીછે નહીં, એહેવું જાડું અરણ્ય;
દમયંતી ભૂલી ભમી, તાંહાં દહાડા ત્રણ. વૈદર્ભી.

ઉદક અન્ન ભાવે નહીં, નહીં બેસવું શયંન;
ત્રણ દિવસ એમ વહી ગયા, રોતાં ભમતાં વંન. વૈદર્ભી.

વલણ

વન ભયાનક ભામિની ભમી, દિવસ ત્રણ ગયા વહી રે;
વાટ ઘાટ ને ગામ ઠામ કાંઈ, પ્રેમદા પામી નહી રે.

## કડવું ૩૮

[રાગ : રામગ્રીની દેશી, લહેકતી]

ભૂલી ભમે છે ભામિની રે, નૈષધનાથની નાર રે;
'હો નળ, હો નળ' બોલતી રે, ભીમક-રાજકુમાર રે. ભૂલી૦
ધોવાયું કાજળ આંસુએ કરી, વેદનાએ વ્યાકુળ રે;
અરધ ઉઘાડી દેહડી, નાથે ફાડ્યું છે પટકુળ રે. ભૂલી૦
એહેવે દીઠો એક ચીતરો, ધાઈ દમયંતી ઊલટ રે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટરે. ભૂલી૦
શાર્દૂલ દીઠો વાટમાં, વૈદર્ભી પૂછે વાહાલ્યે રે;
નૈષધરેશ વાટે મળ્યા? છે તાહારા સરખી ચાલ રે. ભૂલી૦
સાવજ થાયે ગાભરાં, ભય પામી નાસી જાય રે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુઅરિ કંપાય રે. ભૂલી૦
પૂછે ઊંચાં દ્રૂમને, તાહારી ગગન નિહાળે ડાળ રે;
તરુવર જો માહારી વતી, કહીં દીસે ભૂપાળ રે. ભૂલી૦
પર-ઉપકારી તમો સદા, વળી શીતળ તાહારી છાંય રે;
નૈષાધનાથ કહું દીઠડા, જોઉં છું વન માંહ્ય રે. ભૂલી૦
ઉત્તર દ્રુમ આપે નહીં, તેમ તેમ રાણી રોય રે;
પુણ્યશ્લોકે જ્યારે પરહરી, શત્રુ થયાં સૌ કોય રે. ભૂલી૦
અજગર પડ્યો છે, વાટમાં, વિકાસી મુખભાગ રે;
દમયંતીએ પ્રીછ્યું નહીં, તેનાં મુખમાં મૂક્યો પાગ રે. ભૂલી૦
ચરણ ગળ્યો જાનુ લગે, વિષ ચઢી ગયું શરીરે રે.
પડી ભોમ સાદ નળને કરે, મુખે પાડે રીર રે. ભૂલી૦
અજગર આનંદ પામિયો, ભલું જડ્યું ભક્ષ રે;
વૈદર્ભી ઘણું વલવલે, ઊંચા ચડિયાં ચક્ષ રે. ભૂલી૦
કંઠે બંધાઈ કાચકી, મુખે પડીઓ શોષ રે;
મરણ સમે મૂક્યો નહીં, રસના-રૂદે પુણ્યશ્લોક રે. ભૂલી૦
રોતી રાણી સાંભળી, એક પારધી આવ્યો ધાઈ રે;
પગ પડ્યો અજગરમુખમાં, દીઠી શ્યામા સાહી રે. ભૂલી૦
પારધીએ અજગર ચીરિયો, કુહાડાના ઘાયે રે;
જુગતે કરી મુકાવિયો, દમયંતી કેરો પાય રે. ભૂલી૦

વૈદર્ભીને વિષ ચઢ્યું નહીં, છે વાસવનું વરદાન રે;
કરતળવાસ સુધા તણો, દેહી રહી પરમ નિધાન રે. ભૂલી૦

વલણ

દેહી દેહી પરમ નિધાન રે, હળાહળ ગયું ઊતરી રે;
કેહે ભટ પ્રેમાનંદ પછે, શું દુઃખ પામી સુંદરી રે.

## કડવું ૩૯

[રાગ : મારુની દેશી ટૂંકડી, ચાલ શોકની]

વિષધર માર્યો વ્યાધે આવી, મહિલા મૃત્યુ થકી મૂકાવી;
વ્યાધે અજગર લીધો હાથે, ચાલ્યો દમયંતી તેડી સાથે.
પારધી હીંડ્યો જગને જીતી, વૈદર્ભી જાય બીહતી બીહતી;
ગયો એક તાળવડી તીર, પ્રક્ષાલન કીધું સર્પ-શરીર.
દેખતાં દમયંતી પ્રત્યક્ષ, વ્યાધે અજગર કીધો ભક્ષ;
મુખનું પાસું રહેવા દીધું, બાકી શરીરનું ભોજન કીધું.
દમયંતી વિસ્મય હવી, આ તો વારતા દીઠી નવી;
જીવાંતક કહે, હો નારી, તમો દીઠી વિદ્યા અમારી.
મનની ખટપટ છાંડો, પ્રેમકટાક્ષ મુજ પર માંડો;
હું તો પારધિપતિ છું વ્યાધિ, પટરાણી કરું ભલે લાધી.
કોણ માત તાત ને સ્વામી, વન નીસર્યાં વૈરાગ્ય પામી?
એકલાં આવ્યાં આણી દિશે, કોણ નામ બોલો રળી રસે.
કોણે વચન કહ્યું કવરધું, કાં અંબર અંગે અરધું?
શું નળ નળ મુખે જપો ? છો ડાહ્યાં ઘેલામાં ખપો.
જદ્યપિ દુઃખ તમોને પડિયું, પણ ભાયેગ માહારું ઊઘડિયું;
એમ કહિને ગયો સ્પર્શ કરવા અબળા લાગી ઓસરવા,
ધસ્યો રાહુ ચંદ્રને ઝાંપે, દમયંતી થરથર કાંપે;
'મા ભર રે ઓરું ડગ, તુજ પર તૂટે પડશે ખગ.
હું તો ભીમકરાયની બાળી, ઘેલા ન હું નહિ ચળવા-વાળી;
હું તો દમયંતી નળની નારી, પારધિ કહે,દશાવલી માહારી.
એવું કહીને પાપી ધસિયો, અબળાને ક્રોધ મન વસિયો;
મૂરખ કહ્યું માનની માહારું, હો જમપુરના વટેસારુ.
ઉપકાર તારો હું જાણું, તે માટે હું દયા મન આણું;
બલ મા કરતો હું સાથે, મૂર્ખ મરણ આવ્યું છે માથે.
કેમ જવા દઉં ભોળી ભામ? હું વિરહી તણી વિસામા;
હુંમાં શા રે અવગુણ દેખે, મુને શા માટે ઉવેખે ?
માહારે મંદિર સ્ત્રી છે ત્રણ, તે રહેશે તમારે શર્ણ;
તમ્યો જીવન જીવશું જડિયાં, કોણ સુકૃતે સાંપડિયાં.

થનાર હશે તે દઈશ થાવા, પણ નહિં દેઉં તુહુને જાવા;
સુખે વ્યાધવાસમાં વરતો, હું નળથી ન હોઉં નરતો.
લક્ષણવંતીએ મજને લોભાવો, પૂરી વાસ સદન શોભાવો;
અન્નવસ્ત્ર વિના નહીં દમાઓ, લો ગૃહસ્થાશ્રમનો લહાવો.
ભક્ષ-દુઃખ ન ધરશો ચિત્ત, શત પશુ વધુ નિત્યે;
ઊંચું જોઈ કહે,ધન્ય વિધાતા, તું મને દમયંતીનો દાતા.
માહારી કર્મદિશા છે ચડતી, વૈદર્ભી પામ્યો રડવડતી;
દેવે નહીં પામી ખપ કરતાં, મુને વાર ન લાગી વરતાં.
તરણાનો મેરુ, મેરુનું તરણ, તાહારી લીલા, અશરણશરાણ!
ભોગવી ન શક્યો નૈષધસ્વામી, નળે ખોઇ ને મેં પામી.
શું નળ નળ ધંખના લાગી? ઘોર નિશાએ ગયો ત્યાગી;
શું લોભી લ્યો નળનું નામ, જેણે દુઃખિયાં કીધાં આમ?
બોલો આધાર પ્રાણજીવન, ધાયો દેવોને આલિંગન;
ક્રોધે સતીએ સાંભળ્યું સત, રોઇ સમર્યા કમલાપત.
વિઠ્ઠલજી ચડજો વહારે, હું રહી છું તમારે આધારે;
છો વિપત સમેના વિશ્રામ, મધુસૂદન રાખો મામ.
આપ્યું પદ ધ્રુવને અવિચળ, ગ્રાહથી મૂકાવ્યો મદગળ;
રાખ્યો પ્રહ્લાદ વસિયા સ્થંભ, રખે કરો હું વેરો વિલંબ.
સત હોય સદા નિરંતર, અસત્યથી હોઉં સ્વતંતર;
ન મૂક્યા હોય નળ મનથી, કુદષ્ટે ન જોયું હોયે અન્યથી.
આપાતકાળે રહી હોઉં સતે, સુખ સમે રહી હોઉં શુભ મતે;
પંચમહાભૂત સાક્ષી ભાણ, ન ચૂકી હોઉં નળનું ધ્યાન.
સત્યબળે દેઉં છું શાપ, ભસ્મ થજો પાપીનું આપ;
વાયક નીસર્યું મહિલામુખથી, અગ્નિ લાગ્યો નખશખથી.
સ્તવન કીધું બેહુ કર જોડી, નમતામાં થયો રાખોડી;
પ્રેમદા પામી પરિતાપ, ઉપકારીને દીધો શાપ.
જદ્યપિ વ્રત ન ભાંગું, પણ લૌકિક લાંછન લાગું.
લોકને પારધિનો સંદેહ, માટે પાડું હું મારી દેહ.
પ્રઆણત્યાગે નથી હું બીહીવી, શું કરું સ્વામી પાખે જીવી?
કેશનો પાંગરો ગૂંથી ગંઠે, ભરાવ્યો ફાંસો કામિનીએ કંઠે.

હો વિષ્ણુ એટલું માગતી મરું, નળની દાસી થઈ અવતરું;
એવે કલજુગે ધાર્યું મંન, કરું કૌતક હું ઉત્પન્ન.
મરણથી ઉગારી લીધી, તાંહાં માયા કળિએ કીધી;
તાપસ આશ્રમ દીઠી વાડી, ગઈ દમયંતી ફાંસો કાઢી.
નગ્ન દિગંબર છે મહંત, ગઈ પાસે, હરખ્યું ચંત;
બોલ્યો કળિજુગ નાસા ગ્રહી, ,અપ્રીત મચ્છ માટ થઈ.
શકે ભીમકસુતા દમયંતી, તજી નાથે હીંડે ભમયંતી;
અલ્પ અપરાધની ભ્રાન્તે, કામિની તજી દીસે છે કાન્તે.
ભીમકસુતા આનંદી અપાર, જોગી જગદીશનો અવતાર;
ફરી ફરીને પાગે નમે, ,નળનું પ્રશ્ન કહોજી તમે.
મુનિ કહે, ,નળને છે ક્ષેમ, પણ ઉતર્યો તુજ ઉપરથી પ્રેમ;
નળ નારી શોધે છે અન્ય, તું કર જે ઉપજે મન.
હરખ્યો પ્રેમદાનો પ્રાણ, ,માહારા પ્રભુને છે કલ્યાણ;
લક્ષ નારી કરો રાજાન, પણ મારે નળનું ધ્યાન.
ઠરી ઠામ તે જાણી નળ, નારીએ લીધાં જળ ફળ;
પામી વિસરામ કીધું શયન, નિદ્રાવશ થઈ સ્ત્રીજન;
સ્વપ્નાંતર દીઠા નળરાય, જાગી તો દુ:ખ બમણું થાય.

વલણ

નળની-સ્ત્રી નિદ્રાવશ થઈ, સ્વપ્નમાં પુણ્યશ્લોક રે;
ચાર ઘડીએ જાગી ચતુરા, તો આશ્રમ તાપસ ફોક રે!

## કડવું ૪૦

[રાગ : મલાર]

ભીમકસુતા જાગી કરીને, ચારે દિશાએ જોય રે;
નહીં તાપસ, વન બિહામણું, નળની નારી રોય રે.
હું પાપણીને પગલે કરીને, મુનિએ મૂક્યો ઠામ રે;
મેં કોણે અકૃત આચર્યાં, જે વિપત પડે છે આમ રે?
હીંડે સાદ કરંતી સ્વામીને, ,ત્રિભોવન-નાયક નર રે;
ગગને રહ્યા હરખે ઘણું, મેં ઉવેખ્યા અમર રે.
લક્ષણવંતે લોક હસાવ્યા, સ્વયંવરના સર્વ રે;
આજ રિપુને વહી જાય છે, કૌતક કરું પર્વ રે.
એહેવું જાણી મારા નાથજી, દાસીની લેજો સંભાળ રે;
હો વિહંગમ વેવિશાળીયા, મુને મૂકી નળ ભૂપાળ રે.
હો વાજવતી માહારી માવડી, માહારું ઢાંક ઉઘાડું ગાત્ર રે;
હો ભીમક માહારા તાતજી, શોધી મનાવો જામાત્ર રે.
હો નૈષધદેશના રાજિયા, અણચિંત્યું દો દર્શન રે;
ભૂપરૂપને જાઉં ભામણે, હો સલૂણા સ્વામિન રે.
વૈદરભી તાય વિજોગણી, વિરહે વ્યાકુળ શરીર રે;
ચતુરાને વનમાં ચાલતાં, આવ્યું સરિતા તીર રે.
આનંદી અબળા અતિ ઘણું, ઊતરતા દીઠા લોક રે;
ધોઈને પૂછે પ્રેમદા, ભાઈઓ દીઠા કહી પુણ્યશ્લોક રે?

વલણ

પુણ્યશ્લોક છે એ સાથમાં? ' પૂછે નળની નારી રે;
નદી ઊતરતાં આશ્ચર્ય પામ્યા, પરદેશી વેપારી રે.

## કડવું ૪૧

[રાગ : મલ્હારની દેશી ઠેઠની]

સાસ ભરી પૂછે સતી, વેપારી રે,
કહીં, દીઠાં નૈષધપતિ, વણઝારા રે.
પ્રભુ ગયા છે પરહરી, વેપારી રે;
છે તમ માંહાં ? વાત કહો ખરી વણઝારા રે.
દેખાડો નળરાયને, વેપારી રે;
રુડું હજો સઘળાં સાથને, વણઝારા રે.
સાચું બોલો નદી-તીર છે, વેપારી રે;
તમે વિપત સમેના વીર છો, વણઝારા રે.
રુપે બ્રહ્માએ વાળી હઘરે, વેપારી રે;
મારો સ્વામી ઓળખીએ સદ્ય, વણઝારા રે.
અદભૂત ગોરું ગાત્ર, વેપારી રે;
દીઠે અડસઠ વળે જાત્ર, વણઝારા રે.
ગોરું મુખ, મૂછ વાંકડી, વેપારી રે;
મોટી આંખ ચાલ છે ફાકડી, વણઝારા રે.
ચાલ જેની છે લટકતી, વેપારી રે;
કાંતિ મણી જેવી ચળકતી, વણઝારા રે.
કંઠે મણિનું લહેરિયું, વેપારી રે;
અરધું પટોળું પેહેરિયું, વણઝારા રે.
મુગટે માણેક ઝળકતાં વેપારી રે;
કાને કુંડલ લટકતાં, વણઝારા રે.
અધર આંબાની કાતળી, વેપારી રે;
વિશાળ રૂદે કટી પાતળી, વણઝારા રે.
બોલ સાકરપે મીઠડા, વેપારી રે;
એવા નૈષધનાથ દીઠડા, વણઝારા રે.
વણજારા એમ ઓચરે, સુણ શ્યામા રે,
નિર્લજ્જ વનમાં શું ફરે, હો ઘેલી રે.
કો કહે, કૃત્યા વન વસી, સુણ શ્યામા રે;
કાં કહે, દીસે રાક્ષસી, હો ઘેલી રે.

કો કહે, મોટી પાપિણી, સુણ શ્યામા રે;
કો કહે દીસે શાકિણી, હો ઘેલી રે.
કો કહે નારી, હું નૈષધપતિ, હો ઘેલી રે;
આવો આલિંગન દીજે સતી, હો ઘેલી રે.
વાંકી દષ્ટે દષ્ટ જુએ ઘણા, સુણો ધર્મરાય રે;
દુઃખ પામ્યામાં નહિ મણા, હો ઘેલી રે.
રોતી નાવ બેઠી સુંદરી, સુણો ધર્મરાય રે;
લોક માંહે મળતી ઊતરી, સુણો ધર્મરાય રે.
વેપારી ત્યાંહાં વાસો રહ્યા, સુણો ધર્મરાય રે;
બે પહોર નિશાના ગયા, સુણો ધર્મરાય રે.
નયણે આંસુડાં ગળે, સુણો ધર્મરાય રે;
દમયંતી બેઠી ઝાડ તળે, ધર્મ.
ગજ્જૂથ જળ પીવા આવ્યા, સુણો ધર્મરાય રે;
થઈ સિંહ કળિએ બિહાવીઆં, સુણો ધર્મરાય રે.
ભડકી મેગળ-મંડળી, સુણો ધર્મરાય રે;
વેપારી માર્યા મગદળી, સુણો ધર્મરાય રે.
જે સતીને બાજ્ય બોલિયા, સુણો ધર્મરાય રે;
તે પાપી ગજ રગદોળીયા, સુણો ધર્મરાય રે.
અધિષ્ઠાતા જે વેપારી તણો, સુણો ધર્મરાય રે;
તેડયો જીવતો સાથ આપણો, સુણો ધર્મરાય રે.
ભાઈઓ કતૂહુલ મોટું હવું, સુણો સાથી રે;
ઘટે જે બીજે વન મને જવું, સુણો સાથી રે.
એહેવે કળિજુગ પાપી આવિયો, સુણો ધર્મરાય રે;
તે વેશ જોષીનો લાવિયો, સુણો ધર્મરાય રે.
તિથિપત્ર જોઈ જોષી કેહે, સુણો ધર્મરાય રે;
ચેતો વેપારી કો જીવતો ન રહે, ધર્મ.

વલણ.

ન રેહે કોઈ જીવતું, ઉતપાત મોટો હોય રે;
આ કૃત્યા આવી કાલની, તેણીએ ખાધા સર્વ કોય રે.

## કડવું ૪૨

[રાગ : મેવાડો ]

દેખાડી દીઘી હો, કળિએ સુંદરી; ધાયા વેપારી હો, લાવ્યા બાંધી કરી. સર્વે ઠરાવી હો, 'શ્યામા શાકિણી;' નળને સમરે હો, મધુર ભાષિણી. બોલ્યો અધિકારી હો, મારો સર્વે મળી; પડયા ત્રુટી હો, અબળાને નાંખી દળી. ગડદાપાટુ હો, પહાણા ને લાકડી; એણી પેર મારી હો, બાપડી બે ઘડી. રહ્યું બોલાતું હો, કંઠે કાંટા પડે; બંધન ત્રુટયું હો, નસતી આખડે. 'હું વધૂ દેખી હો, પૂર્વજ લાજિયા; મુને રાખો શરણે હો, નૈષધરાજિયા. ત્રાસે નાસે હો, પાછું પૂરી જુએ; જાતી માર્ગે હો, દમયંતી રુએ. અંગે ઉઝરડા હો, રુધિરધારા ઝરે; સોળ બહુ ઊઠ્યા હો, અવલોકન કરે. ઉષ્ણ જ રેણું હો, ચરણે દાઝરે; કલિ પૂઠે પળિયો હો, દેવા દુઃખ કાજે રે. નગર એક આવ્યું હો, અબળા ઉલ્લાસી રે; રાજ્ય કરે છે હો, ભાનુમતી માશી રે.

પુરમાં આવી હો, આપત અવસ્તારે; ઘેલી જાણી હો, લોક સહુ હસતા રે. બાળક પૂઠે હો, તાળી પાડે રે, શે ઢાંકે કાયા હો, રેણુ ઉરાડે રે. વૈદરભી વલહલે હો, શેરી ચહુટે ફરે; નાંખે કાંકરા હો, કર આડો ધરે. છ્જે બેઠી હો, માશી ભાનુમતી, મોકલી દાસી હો, તેડાવી સતી રે.

વલણ

સતી તેડાવી રાણીએ, જે અબળા ઊભી રહી રે;
ભાણેજે માસી ઓળખી પણ, માસીએ ભાણેજ ઓળખી નહી રે.

## કડવું ૪૩

[રાગ : ગોડી]

દમયંતી મંદિરમાંહાં પળે, અવાસ ન આણ્યા આંખડી તળે;
ભાનુમતી જોઈ વિસ્મે હવી, કેહે,પ્રેમદા કોણે પરભવી?
પ્રભુતાહારો આંખમાં રમે, ભાગ્યવાન દીસે, કાં વન ભમે?
છો રુદ્રાણી બ્રહ્મણી કે વૈષ્ણવી, કોણ રૂપ ધરયું માન્વી.
લૌકિક કષ્ટ વેઠો છો માત, કહો મન મૂકી જથારથ વાત;
બાઇ હું માનવી સર્વથા, કર્મ ભાવે ભોગવવી વ્યથા.
નરનારીએ તીરથજાત્રા માંડી, અંતરિયાળ પ્રભુ ગયા છાંડી;
ન જાણીએ શું દુઃખ મનમાં ધરી, નિશાએ નાથ ગયો પરહતી.
કર્મકથાએ માતા માહારી, માશી કહે સાંભળ નારી;
કહીં એક તું દીઠી છે ખરી, જાણે ભગિનેની દીકરી.
તેહેને ન હોય વીપત્ય એહેવી, પણ દાસે રૂપે દમયંતી જેહેવી;
સુખે રહે સદનમાં સતી, તું મારે જેવી ઈંદુમતી.
સુબાહુ સુત મહારો, જેહ બહેન કરીને રાખશે ગ્રેહ;
કહે દમયંતી રાખી મામ, નહીં કરું હું નીચું કામ.
દહાડી એક વિપ્રને આપું અન્ન, હવિષ્યાન્ન કરું ભોજન;
એહેવું સાંભળી હરખ્યાં રાણી, રાખી અબળા ઊલટ આણી.
સતી નામ ધરાવી રહી, દમયંતી ઓળખાઇ નહીં;
રાત દિન કરે નળનું ધ્યાન, વિદેશી વિપ્રને આપે આમાન.
તેડાવે ટેહેલીઓ વાટે જતો, જાણે નળ સ્વામી થાય છતો;
હવિષ્યાન્ન જમે ને અવનિ સૂએ, દેહદમન મનમાં રુએ.
સાંભરે સુખ તે વાર તન તપે, રાતદિવસ નળને જપે;
ઘણા દિવસ ગયા એમ વહી, કલિયુગને મન ચિન્તા થઈ.
નળથી મન ચળે નહી રતી તો કેમ વરાય માહારી વતી?
જો દ્વેષ આણે નળ સાથે, તો દમયંતી આવે હાથે.
કાંઈ વળી વિપત્ય પાડું, એહેને માશી સાથે વઢાડું;
માશીની કુંવરી ઇંદુમતી, એક દહાડે નાહાતી હતી.
દમયંતી પાસે તે સમે, સંગ ઈંદુમતીને ગમે;
મોતીનો હાર કંઠેથી કાહાડ્યો, ભીંતને ટોડલે વળગાડ્યો.

ટોડામાં પેઠો પાપી કળિ, મુગતાફળની માળા ગળી;
ઈંદુમતીએ માંડ્યો શણગાર, જુએ તો નવ દીઠો હાર.
અરોપરો તે ખોળ્યો ઘણું, વિચાર્યું એ કૃત્ય દાસી તણું;
પૂછ્યું તેડીવીને એકાંત, ,બાઈ તુજ ઉપર આવે છે ભ્રાંત.
લાવ વહેલી કાંહાં મૂકી માળ ? દમયંતીને લાગી જ્વાળા;
બહેનબાઈ, મા ચડાવી આળ, પૃથવી જાશે રસાતાળ.
જોઈ બોલો વદને વાક્ય, સ્વામીદ્રોહી પડે કુંભીપાક.

વલણ

'કુંભીપાક પડે સર્વથા, મુખે જૂઠું બોલે જેહ રે;
ઘેર રાખી રંક જાણી, હવે કાં આપો છેહ રે? '

## કડવું ૪૪

[રાગ : પરજિયો]

ઇંદુમતી કહે, 'સાંભળ બાઈ, લોકને કાં હસાવો ? '
કહે વૈદર્ભી, 'વણચોરીએ, શા માટે ચડાવો? '
'હાથમાંથી માહારો હાર લઈને, ના કહે કેમ ચાલે?
તસ્કર કરીને તો બાંધાયે, જો વસ્તુ સાથે ઝાલે.
મિથ્યા હું કહેતી નથી, કોણ માળા લે તુજ પાખે?
એહેવી ભૂંડી હોઉં તો, રાજમાતા કેમ રાખે?
માતા માહારીએ માન દીધું, સતી સાધવી જાણી;
અસાધવી મુને કેમ ઓળખી, શું લેતાં ગ્રહ્યો પાણિ.
'અમે પરીક્ષા તારી કીધી, જો ભરથારે પરહરી;
'બાઈ, મીહીણું સહેવા જોગ્ય થઈ, તાહારા ઘરની પેટભરી. '
ચોરી કરવી આંખ ભરવી, એ તે ક્યાંનો ન્યાય;
એહેવે રાજમાતા પધાર્યાં, રોઈ બેઉ કન્યાય.
આપાપણું દુઃખ કહયું માતાને, નયણે ઢાળી આંસુ;
એક કહે, માહારો હાર લીધો, એક કહે, ,ચોરી ફાંસુ. '
ચતુરશિરોમણિ રાજમાતા, અંતર માંહાં વિમાસે;
માળા ગઈ એ આશ્ચર્ય મોટું, સતીને કેમ વરાંસે ?
'તું તો દેવી જંહેવી છે, તેવી દીસે નારાયણની દાસ;
આપો હાર, ક્લેશ નિવર્તે, જો કીધું હોયે હાસ.
સરખેસરખામાં હોય કૌતુક, આપો માળા, મા તાણો;
રાજકુંવરી રિસાળ ઘણું છે, જો થાશે જાણોવાણો.
માળા હોયે માહારા ઘરની, તો ફરી શોધ ન કીજે;
છે શ્વસુરપક્ષની સર્વે જાણે, તેહેને શો ઉત્તર દીજે ? '
રૂદે ફાટતે કેહે દમયંતી, 'અપવાદ દીધો એહેવો;
હા હા બાઈજી, હાર તમારો, લીધો છે, મેં દેવો.
ન ઘટે રાજમાતાજી, તમને ન દુઃખ દેવું ઘેર રાખી;
અમો ન હોઉં ચોરીનાં કરનારાં, છું જશતણાં અભિલાપી.'
ઈંદુમતી કેહે, 'આપ્યે છૂટશો, શું શોર કરવો ઠાલો ?
માળા માહારી હાથમાં મૂકો, જો જશ હોયે વાહાલો.'

સેવક સખી સર્વે કેહે રે, 'એણીએ માળા લીધી;
બાંધો, તાણો, મારો, પછાડો, ' એમ અબળા આકળી કીધી.

વલણ

કીધી નિશ્ચે ચોરટી, રાજમાતાએ જણાવી રીસ રે;
દમયંતી દુઃખ પામી ઘણું, પછે સમર્યા શ્રી જગદીશ રે.

## કડવું ૪૫

[ રાગ - મારુની દેશી ]

'હો હરિ, સત્યસંઘાતી, હરિ, હું કહીંયે નથી સમાતી;
હરિ, માહારાં કોણ કર્મનાં કરતું, હરિ, ચોરીથી શું નરતું ?
હરિ, હું શા માટે દુઃખ પામું ? હરિ, જુઓ હું રાંકડી સાહામું. હરિ, ગ્રાહથી ગજ મુકાવ્યો, હરિ, હું પેર રોષ શેં આવ્યો ?
હરિ, હું નથી દુઃખની ધીર, હરિ, છો વિપત્ય વેળાના વીર;
હરિ, તમો મને અપરાધ ન લાવો, તમો અનાથબંધુ કહાવો. હરિ, હું હરખતણી હણાઈ, હરિ, હું ચોરટીમાં ગણાઈ;
હરિ, હું કોહોની ને કોણ તણી, હરિ, જુઓ હું દુ : ખણી ભણી. હરિ, દોહેલું ઉદર ભરવું, હરિ, ઘટે છે મુજને મરવું;
હરિ, હું ભરથારે છાંડી, હરિ, હું કોહોને દુ : ખ કહું માંડી ?
હરિ, મેં કોણ પાતિક કીધાં ? હરિ, મેં સાધુને મહીણાં દીધા. હરિ, મેં રાખ્યું હોયે સત્ય, હરિ, વહાલા હોયે નળપત્ય.'
એહેવું મનમાં ધરિયું ધ્યાન,,સત્યની વાહેર ધરજો ભગવાન.' અંતરજામીએ બુધ જ દીધી, સતીએ આંખ રાતી કીધી.
કહે માશીને કરી ક્રોધ, 'બાઈ, હારની ફરી કરો શોધ;
સાખી સૂરજ, વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય.
બાઈ હાર તમારો જડજો, લેનારું ફાટી પડજો.'
એહેવું કહેતામાં કળજુગ નાઠો, ચડેડાટ ટોડલો ફાટ્યો.
માંહાં થકો પડ્યો નીસરી હાર, ત્રૂઠ્યા સતીને વિશ્વાધાર; અંતરીક્ષથી અકસ્માત, વરશ્યો હાર તણો વરસાદ.
એક એકપેં અદકાં મોતી, રાજમાતા ટગટગ જોતી;
પછે દમયંતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે.
'બાઈ તું છે મોટી સાધ, અમારો ક્ષમા કરો અપરાધ.'
ઇંદુમતી થઈ ઓશિયાળી, ન દેખાડે મુખડું વાળી.

વલણ

વાળી મુખ દેખાડે નહીં, સત્ય સતીનું રહ્યું રે;
બૃહદશ્વ કેહે ધર્મને, વૈદર્ભ-દેશે શું થયું રે.

## કડવું ૪૬

[રાગ : દેશાખ]

બૃહદશ્વજી કહે કથા રે, સુણો ધર્મ ભૂપાલ;
સુદેવ સાંચર્યો રે, લઈ તવ બન્યો બાળ.
માધવી કેશિની રે, સખી દમયંતીની બેહ;
શોભે સાહેલડી રે, જેમ પ્રાણ-વહોણી દેહ
કુંદનપુર માંહાં આવિયાં રે, ઋષિ, સખી ને સુત;
દેખી દોહેલાં રે, ભીમકે જાણ્યું અકૃત.
છોરુ છેહ પામિયાં રે, રાયે રૂદયાશું લીધાં;
માબાપ મૂકી ગયાં રે, દીસે દામણાં બીધાં.
સુદેવ શોકે ભર્યો રે, દુઃખે દેહી દાસીની જોડી;
મીટે મીટ મળી રે, મોટે સર્વે રુદન મૂક્યું છોડી.
જાતાં જામાત્રને રે, જાણ્યું જોગી થઈને જાવું,
સહીજન સાંભર્યું રે, માંડ્યું નળગુણ ગાવું.
પૂછે વજ્રવર્તી રે, બોલો સુતા - સાહેલી;
નાથ નૈષધ તણો રે, ગયો રે માયા ઉતારી;
સુદેવે વારતા રે, કહી ભૂપને વિસ્તારી.
વિલપે વૈદર્ભપતિ રે, નિશ્વાસે સાગર સૂકે;
ભીમકની ભામિની રે, ભાણેજાં રૂદેથી ન મૂકે.
કુટુંબ ટોળે મળી રે, ભોમ સ્વયંવરની નીરખે;
દમયંતીએ આંહાં નળ વર્યો રે, હીંડ્યાનાં પગલાં પરખે.
રાણી કેહે, ,રાયજી રે, પરિશોધ પૂજ્યની કીજેઃ
જમાઈજી નવ મલે રે, તો આપણ જોગવટો લીજે.
શોધી કાઢો સર્વથા રે, જો માહારું જીવવું જાણો;
દીકરી મળ્યા વિના રે, મુખે ન મૂકું જળ - દાણો.'
ભીમકે મોકલ્યા રે, સેવક સહસ્ર એક;
'ખપ કરી ખોળજો રે, કાઢો જઈ ક્ષિતિનો છેક.'
એવે ઊડતી વારતા રે, ભીમકે સાંભળી કાન;
દમયંતી એકલી રે, નળે મૂકી રોતી રાન.
માતા વિલપે ઘણું રે, દુઃખે દાધું અંતઃકરણ;

મેળાવો કાંહાં હશે રે, દીકરડી પામશે મરણ.
વજ્રવર્તી માતાને રે, નાવે નિદ્રા રૂધ્યા સાડ;
સુતાને શોધવા રે, સુદેવને ચઢાવ્યો પાડ.

વલણ

પાડ ચઢાવ્યો સુદેવને, કેહે રાણી ને રાય રે,
'ગુરુ, તમ વિના અર્થ ન સરે,' એમ કહી લાગ્યાં પાય રે.

## કડવું ૪૭

[રાગ - રામગ્રી]

બ્રાહ્મણ ચાલ્યો તજી મન્ય ગર્વજી, અટણ કરતો દેશ જ સર્વજી;
કલા પાડી વરવું ગાત્રજી, જીરણ વસ્ત્ર ગ્રહ્યું તુંબીપાત્રજી.

ઢાળ

'પાત્ર કરમાં રહિત જોખમે, જેષ્ટિકા જીર્ણ વસંન;
દુઃખે દારિદ્ર જણાવે જદ્યપિ છે સંપન્ન.
નીરખે ઓવારા નવાણના, જાંહાં નીર ભરતી નાર;
જૂથ જુએ જુવતી તણાં, ન જડે ભીમક – કુમાર.
તીરથ જાત્રા જજ્ઞ જાગરણ, જાંહાં સ્ત્રીઓનો સમવાય; અજાણ્યો થઈ જુએ બ્રાહ્મણ, શીશ ધૂણી જાય.
પગે અટણ, રસનાએ રટણ, દમયંતીનું નામ;
એમ કરતાં દેવ આવ્યો રાજમાતાનું ગામ.
વિપ્ર પુર માંહાં આવિયો, વધામણી પામ્યો તરત;
સાંભળ્યું જે રાજમાતા ઊજવે છે વરત.
પૂર્ણાહુતિની વેળા હુતી, જોવા મળ્યા સર્વ રાજન;
દાસી માંહાં છે દમયંતી, કરે પાત્રનું દરશન.
અપૂર્વ મનીષનું કરે દર્શન, નીરખે નરની કાય;
વિચાર એહેવો વૈદર્ભીને, આવી મળે નળરાય.
વેદ અધ્યયન કરે વાડવ, અભિષેક, આશીર્વાદ;
કિંકરી ગીત ગાય, થાય ભેરીનાદ.
દીક્ષા લીધી સુબાહુએ, બેઠા તેજસ્વી જન;
હુતદ્રવ્ય હોમાય વિવિધ પેરે, ધૂમ્ર ગયો ગગન.
દાન આપે સવત્સી ગાય, રાય ભર્યો અહમેવઃ
જજ્ઞના ઝકુંડ માંહાં, આવી રહ્યો સુદેવ.
દેહે દુર્બલ રેણુએ ભર્યો, જેષ્ટિકાએ તુંબી ભરાવ્યું;
સભા સર્વે ખડખડ હસી, 'આ રત્ન ક્યાંહાંથી આવ્યું ? મંડપ જશ જોયાં નહીં, ન જોયો દીક્ષિત નરેશ;
ગેહેલો જશો આઘો ધસ્યો, સર્વને મારે પગની ઠેશ.
લોક કહે, હો ગેહેલિયા, ટહેલિયા અંતર અંધ;

ભિક્ષુક ભ્રષ્ટ, વિકલ દ્દષ્ટ, શું સ્ત્રી સાથે સંબંધ? '
કહ્યું કોહોનું નવ સાંભળે, છે કલેવર માંહાં કષ્ટ,
એહવે દમયંતી ને સદેવની, મળી દષ્ટો દષ્ટ.
નિમેષ થાતી રહી નયણે, વિચારમાં પડિયાં બેહ;
સાસે ભરાયાં બોલવા, સર્વને થયો સંદેહ,
વિપ્ર કો વૈદર્ભનો, એહેનાં નયણાં માંહાં નેહ;
માહા રે પીહર માંહાંથી પધારિયો, સુદેવ સાચો એહ.' ગુરુએ તે ગોરી
ઓળખી, જડ્યું બાળાનું એંધાણ;
ભામિનીના ભાલ ઉપેર, વિધિએ નિર્મ્યો ભાણ.
ગોપ રાખતી માશીને મંદિર, કેશ કેરી લટે;
ખસી વેણી સૂરજ ઝલક્યો, રૂદે ભરાયું ઊલટે.
સમીપ આવ્યાં સામસાંહાંમાં, નેત્ર ગળે જેમ નેવ;
સાથે બંને બોલિયાં, 'હો દમયંતી!' સુદેવ!'

વલણ

સુદેવ દમયંતી મળ્યાં, ધરણ ઢળ્યાં, મૂર્છા હવી રે;
સભા સર્વ વિસ્મે થઈ, આ વારતા દીસે નવી રે !'

## કડવું ૪૮

[ રાગ - વેરાડી : શબ્દસાંકળી ]

મૂર્છાથી મહિલા જાગી, પૂછ્યું ગુરુને પાગે લાગી;
'શકે ઘરના હો મુનિ? ' 'હા દીકરી, કાં તું સૂની? '
'દુર્બળ કોણ કારણે? 'દાસીમાશી - બારણે.'
'ઓળખી નહીં માડી, 'મેં દેહની કળા પાડી.'
'શું માશીએ દુઃખ કીધું ? 'ના જી, વાછલ્ય કીધું.',નાથજીએ કાં મૂકી' 'નેટ કાંઈ હું ચૂકી.'
'નથી ચૂકવાવાળી.' 'ન તજે અન્યા ટાળી.'
'માતપિતા જે તાહરાં, ' 'રોતાં હશે ચાહોધારાં.
'પીહરથી હું આવ્યો સતી, ' 'શું તાંહાં છે નૈષધપતિ? '
'હા નળની થઈ છે શોધ' મુનિ દે છે એમ પ્રતિબોધ? '
'નિશ્ચય નળ પ્રગટ, ' 'છે વાણી માંહાં કપટ.'
'છોરુને છેહ કાં આપ્યાં? ' છતે બાપે છે નબાપાં.'
રાજમાતાજી પૂછે, ઋષિ, કહે, તાહરા શું છે?
એ કોણ કોણ જાણેજી? ' 'એ તો તમારી ભાણેજી.'
કેહે, ભાણેજી એ મારી? ' 'દમયંતી, એ કાં નળની નારી.'
વાત કેમ નીપજી ? ' 'ભરથારે એ કાં ત્યજી.'
'દ્યુત રમીને હાર્યાં, તે માટે વન પધાર્યાં;
શું જાણીએ શા કાજે, ત્યાજ કરી મહારાજે.'
'તું દમયંતી દીકરી ? ' 'હા, થઈ રહી છો કિંકરી.'
માશી ધરણી ઢળી, સભા થઈ વ્યાકુળી.
સુદેવ કહે છે નાટ, 'એમ ભૂલ્યાં શા માટે? '
'જે પોતાનું પેટ, તેને કેમ વિસાર્યાં નેટ ? '
વરાસી. બાપ, ' માશી કરે વિલાપ.
થઈ રહ્યો હાહાકાર, સુદેવકરે ધિક્કાર,

વલણ

સુદેવ કરે ધિક્કાર, ઓળખી નહીં સુંદરી સતી રે;
રાજકુંવર લાજ્યો ઘણું, રુએ અતીશે ઇંદુમતી રે.

## કડવું ૪૯

[ રાગ-ગોડીની દેશી]

રાજમાતા લજ્જા પામ્યાં, તે રે આવ્યાં દમયંતીને પાસ;
દીકરી, દુઃખે દહાડા નિર્ગમ્યા રે, વર્ત્યા થઈ ને દાસ.
અધર્મ અમો આળ ચડાવિયાં રે, ઓછું અર્પ્યું અન્ન;
ભોજન પેટ ભરી ન પામિયાં રે, વસતું લેખ્યું વન.
છબીલી, મુજને કહેવું હતું રે, પ્રગટવું હતું નેટ;
પરાધીન પિંડ પોષિયો રે, તેં પરવશ ભરિયું પેટ,
રત્ન સરખી માહારી દીકરી રે; ગણી દીકરીને સમાન;
વૈદર્ભી વિપત્ય વેઠી ઘણી રે, ખોયું વપુનું વાન.
બહેની થઈ રહી તું બાપડી રે, તેણે દુઃખે હું બાળીઃ
દુર્બળ દારિદ્ર જણાવિયું રે, પાસે નહીં વાલની વાળી,
વાને કાજે સાથરો રે, વસ્ત્ર પહેરવાને જાડું,
શીતળ નીચે નાહી દીકરી હૈ, નહીં નેહેરી ને નાડ
દાધું કલેવર માહારું હૈ, ચીરી કોયલા કાઢું
ફૂલફૂલી માહારી દીકરી રે, જમી અન્ન દીધું ટાઢું.
હવે જીવીને શું કરું રે, વિષ ખાઈને પોઢું.
થઈ ગોઝારી બહેન આગળ રે, હવે હું શું દેખાડું મોટું.
છંદુમતી મુખ સંતાડતી રે, ,હું છેક છછોરી;
હું ભૂંડી ભવોભવની રહી રે, ચઢોવી હારની ચોરી.
લજ્જાસાગર માંહાં બૂડી ગયો રે, માશિયાઈ સુબાહુ;
સુતસૂરજને આવી ગ્રસે રે, અપરાધ રૂપી રાહુ.
એમ ઓશિયાળાં સર્વે થયાં રે, બોલી દમયંતી વાણી;
'માશી, તમ ઘેર સુખ પાંમી ઘણું રે, સાક્ષી સારંગપાણિ,
દોહેલા દહાડા હું ઊતરી રે, અને રહી માહારી લાજ;
તમો પુત્રી સરખી હું ગણી રે, ન દીધું નીચું કાજ.
માશી ભાણેજ બન્યો મળ્યાં રે, ઓળખ્યાનાં આલિંગન;
શતસહસ સ્વાગત માંડિયાં રે, માન્યો ઘણુ મુનિજંન,
વાવસુ વાહન આપિયાં રે, વિનવિયો વિપ્રરાય;
ઘણું એક દમયંતીને આપિયું રે, પછે માશી નમી પાય.

સુબાહુ સાથે મોકલ્યો રે, વોળાવ્યાં કુંદનપુર;
સુખશોભાએ જાય સુંદરી, પંથ પો છે દૂર.
ભાનુમતી ભેટે ફરી ફરી રે, ,ભાજ઼ેજી મારી સાધ;
તું છાં છત્રપતિની પ્રેમદા રે, માહારો ક્ષમા કરજે અપરાધ.'
પાય લાગી માગી આજ્ઞા રે, બેસી ખેડી સુખપાલ;
બહેન-માશી જાતાં માગતાં હૈ, વૈદર્ભી, રાખજે વાહાલ.'

વલણ

'વાહાલ રાખે વૈદર્ભી, ક્ષેમે મળજો નૈષધનો ધણી રે; '
થોડે કાળે પોહોતી પ્રેમદા, પીહર ગઈ વધામણી રે.

## કડવું ૫૦

[રાગ - મેવાડો]

હરખભરી સુદેવે વાણી ભળી, હો દમયંતી;
'ઓ આવી નગરી ભીમક તણી, હો દમયંતી.
કહો તો લઈ જાઉં વધામણી, હો દમયંતી;
પીહરપુરી જુઓ નલ-વિજોગણી, હો દમયંતી'
'ઓ દીસે દુર્ગ કેરા કાંગરાં, હો મુનિ;
આ ડોલે હસ્તી સાંકળે લાંગર્યાં, હો મુનિ.
ઓ પેલાં ધરવાડીનાં ઝાડુવાં હો મુનિ,
શું કરતાં હોશે માહારાં બાડુવા હો યુનિ.
ક્યમ જીવી હશે માહારી સાહેલડી, હો મુનિ;
મુને દેખીને માતા થાશે ઘેલડી, હો મુનિ.
ઓ નીર ભી જાય સ્ત્રીનાં જોડલાં, હો મુનિ,
ઓ હશહણે બાપજી કેરાં ધોડલાં, હો મુનિ.
ઓ દીસે સ્થળ સ્વયંવર તણું, હો મુન;
અહીં હાર્યું દેવે દેવતાપણું, હો મુનિ.
ન વીસરે રે અવસ્થા મુહને રાનની, હો મુનિ;
ક્યારે દેખું રે જાત તમ જજમાનની, હો મુનિ.
પીઉં વિના પીહરિયું મુહને ગ્રસે, હો મુનિ;
નળ વિના ઉજ્જડ, કોયે નવ વસે, હો મુનિ.'
શ્વાસોભર્યો સુદેવ, પુરમાં સાંચર્યો, હો મુનિ;
'વધામણી' ,વધામણી' એમ ઓચર્યો, હો મુનિ.
સભા સર્વ વિસ્મે હવી, હો મુનિ;
જામ્યું પ્રગટ્યો નૈપધરિવ, હો મુનિ.
'શો હરખ રે' પૂછે ભીમક ફરી ફરી, હો મુનિ,
'ઓ આવે રાય તમારી દીકરી' હો મુનિ,
ચાલ્યો રે ભીમક કુંવરી ભણી, કાંહાં દમયંતી'
વજવતી રે જાતી હરખી ઘણી, કાંહાં દમયંતી?
ધાયાં ભાઈને ભોજાઈ લજ્જા વીસરી, કાંહાં દમયંતી?
હરખે પડ્યાં ઝાંઝરિયા નીસરી, કાંહાં દમયંતી?

ગેહલી રે સાહેલી મળવા ધસી, કાંહાં દમયંતી?
શીશ ઉઘાડાં રે, પાલવિયાં પડે ખસી, કાંહાં દમયંતી?'વાયે ભરાયે શોભે
કેશ મોકળા, કાંહાં દમયંતી?
અંબર છૂટે ત્રુટે કટીમેખલા, કાંહાં દમયંતી?
આવી રે પીહરપ્રજા સોહામણી, કાંહાં દમયંતી?
દીઠી રે દીકરી દુઃખે દામણી, કાંહાં દમયંતી?
ભુજ ભરી મહિયરિયાંને મને મળી દમયંતી?
રૂએ માવડી ભુજા ગલેભરી, દમયંતી.
'શું માહારી માવડી, આવડી શેં દુબળી, દમયંતી?
'શું પૂછવું પ્રીતડી પતિની ટળી, હો માવડી.'
આંસુ ફેડી રે, તેડી મંદિર આવિયાં, દમયંતી;
દાસીવેશનાં વસન મુકાવિયાં, દમયંતી.

વલણ

મૂકાવ્યો વેશ માતતાતે, બાળક મૂક્યાં ખોળે રે;
બે વર્ષ બાળકાં મળ્યાં, માને ટોળે રે.

## કડવું ૫૧

[ રાગ - આશાવરી ]

વૈશંપાયન વાણી વદે, સુણ જનમેજય ભૂપાળ રે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, મૂળિયાં બન્યો બાળ રે.
સાથ ભ્રાત ને ભોજાઈ, મળિયાં માત ને તાત રે;
પણ દમયંતીને નાથ વિના, અંતર માંહાં અશાંત રે.
કુટુંબ સર્વે પૂછે પ્રેમે, શી શી વાર્તા વીતી રે;
ઘટે તેવો સમાચાર સતીએ કહ્યો અથ - ઈતિ રે.
પરિશોધ નળની મંડાવી, ભીમકે મોકલ્યા દાસ રે;
પ્રભુ પાખે દમયંતી પાળવા લાગી સંન્યાસ રે.
અ - લવણ અન્ન અશન કરે, અવિન પેર શયન રે;
આભૂષણ રહિત અંગ અબળાનું, કાજળ વિના નયન રે.
નીમ રાખે નાનાવિધનો, ઉગ્ર આખડી પાળે રે;
પતિવ્રતા તો પિઉને ભજે, અન્ય પુરુષ ન ભાળે રે.
નામ નળનું, ધ્યાન નળનું, સખીશું નળની વાત રે;
દુઃખે જાયે દિનરજની, નયણે વરસે વરસાત રે.
પરદેશી પંચ, વિપ્રને, નિત્ય આપે આમાન્ન રે;
વૈદર્ભી જાણે, વાડવ વેષે, આવે નળરાજાન રે.
એવે રત આવી વર્ષાની, વૈદર્ભી - વિરહ - વધારણ રે;
ગાજે મેહ, ઉધરકે દેહ, સખી આપે હૈયા ધારણ.
વિનતા હીંડે વાડી માંહે દ્રુમલતાને તળે રે;
સુગંધ સંઘાથે શીતળ બિંદુ, ગોરી ઉપર ગળે રે.
કોકિલા બપૈયા બોલે, શબ્દ ભેદે અંગ રે;
વિરહિણીને વીજળી તે જાણે, અંગે વાગે સાંગ રે.
વર્ષાકાળે વિયોગ દમે, માનુનીને મહલાર રે;
વૈદર્ભી વર્ષાકાળ ઊતરી, આવ્યો શત્રુ શિયાળો રે.
આગિયા આકાશે ઊડિયા, અંબુ નિર્મળ ઇંદુ શરદ રે;
પતિવિયોગ પીડે પાપી, સતી રહેતી સત બરદ રે.
દુઃખે દિવસ નાખે દમયંતી, વરસ એક ગયું વહી રે;
ત્રણ સંવત્સરની અવધ પોહોતી, નાથ તો આવ્યા નહીં રે,
સુદેવને તેડી સ્તુતિ કીધી, આંસુ નયણે ઢાળી રે;

'નૈષધનાથને કોણ મેળવે, હો ગુરુજી તમ ટાળી રે?
જનમ તણા તમો છો હેતસ્વી, કાર્ય મુનિજી કરવું રે.
ગુરુજી કોહોની વાટ જુઓ છો, શોધવા નીસરવું રે.
ધીરજ આપ્યું નૈષધનારને, વેષ નાનાવિધ ધરતો રે,
દમયંતીએ શીખવ્યો હીંડે, ટહેલ સઘળે કરતો રે,
રથ બેઠો ફરે મુનિવર, સેવક સેવા કરતા રે;
જાંહાં ગામ આવે ત્યાંહાં, કળા પાડી વેષ ટહેલિયાનો ધરતા રે.
દોઢ માસ ગયો અટણ કરતાં, આવ્યો અજોધ્યા માંહે રે;
સભા માંહે ટહેલ નાખી, જાંહાં બેઠો ઋતુપર્ણ રાય રેઃ
'અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ, પરિત્યાગ તેહેનો કીધો રે.
ધર્મ-ધોરીધર ધિક્ તુંને, ફરી તપાસ ન લીધો રે.
રંકે રત્નનું જતન ન થાયે, જતન નીવડી નેટ રે.
વિલપે છે વસ્તુ વહોરતિયા, તું કાં ભરે પરઘર પેટ રે ?
કુળ લજાવ્યું, કરમી માણસે, કીર્તિ કીધી ઝાંખી રે;
ચતુર નર વિચારી જોજો' ટહેલ સુદેવે નાખી રે.
સભા સર્વ વિસ્મે હવી, કાંઈ ટહેલ દીસે મર્માળી રે;
ઘેલિયો ટહેલિયો કરીને કાઢ્યો, ઉત્તર ન આપ્યો વાળી રે.
સુદેવ ગયો હયશાળા માંહાં, ટહેલ કીધી તે ઠાર રે;
મહિલાનાં કહાવ્યાં વચન સુણીને, બાહુક નીસર્યો બહાર રે.
કદ્રજ કાયા, કામળ ઓઢી, કર માંહાં ખરેરો રે;
પ્રગટ મારી ખંખારી બોલે, તીખો ને તરેરો રે.
કારમો સરખો કપોલ ચડાવે, ટૂકડા કર નચાવે રે;
નાસિકાએ સરડકા તાણે, બેહુ નયણાં મચમચાવે રે,
'ભારે વચન કહ્યું રે બ્રાહ્મણ, નીસર્યો છાં મેહેણાં દેવા રે;
વસ્તુને વિપત્ય, તો વહોરતિયો કરતો હશે પરઘેર સેવા રે.
વહોર્યું તે કાંઈ રત્ન જાણી, કાચ થઈ નીવિડયું રે;
માટે તતકાલ તજ્યું છે, નથી છૂટી પીડિયું રે.
તે મિત્રને પરહરીએ, જેહનું મન વિના મળવું ઠાલું રે;
તે સ્રીને પરહરીએ જેહનું, પિયુ વિના પેટ વહાલું રે.
વાંક ન હોયે વોહોરતિયાનો, રહ્યો હશે નિજ ધર્મે રે;
વસ્તુ વિપત્ય પામતી હશે, તે પોતપોતાને કર્યું રે.'

ગૂઢ વચન કહી ઘોડાર માટે, બાહુક જઈને બેઠો રે;
સુદેવ તો સાંસામાં પડિયો, પ્રાણ વિચારમાં પેઠો રે,
'બોલી નૈષધનાથ તણી, હાર્દ અનાહુત રે,
નળ ભૂપ એને કેમ કરી માનું, રૂપે બીજો ભૂત રે!
જઠરભરણ કો રીસનું જાળું, ફરી ન જાયે બોલાવ્યો રે; '
પડોશીને પૂછી કાઢ્યું, 'ત્રણ વરસ થયાં એ આવ્યો રે.
રાજાએ પ્રીત કરીને રાખ્યો, અશ્વવિદ્યા કાંઈ જાણે રે;
પવિત્ર નૈવેદ્યને પાળે, કાંઈ વિયોગનું દુઃખ આણે રે.
એહેવું સાંભળી સુદૈવ ચાલ્યો, આવ્યો વૈદર્ભ દેશ;
વૈદર્ભી આનંદ પામ્યાં, વિમ પૂજ્યો વિશેષ ર
શ્યામાએ સમાચાર પૂછ્યો, કહી સ્વામીની સંભાળ રે? '
સુદેવ કહે નિસાસો મૂકી, જડ્યો નહીં ભૂપાળ રે.
દેશવિદેશ ગામઉપગામ, અવની ખોળી બાંધી રે;
અટણ કરતાં અયોધ્યા માંહા, શુધ કાંઇએક લાધી રે.
સભા ન સમજી ઋતુપર્ણની, રહ્યા મસ્તક ડોલી રે;
બાલ-બિહામણ ઘોડાર માંહાંથી, બાહુક ઊઠ્યો બોલી રે.
સ્વરૂપ જોઈ હું છળ્યો છું, સ્વપ્ન માંહાં બિહાવે રે;
નાઠો આવું છઉં ફરી ફરી જોતો, રખે પૂંઠે આવે છે.
ભૂત પિશાચ કે જમરકિંકર, પ્રેત અથવા રાહુ રે;
અયોધ્યા માંહાં રોતાં રાખવા, બાળકને તે હાઉ રે.
તેણે ટહેલનો ઉત્તર આપ્યો, કાંઈ સ્વાદ-ઇંદ્રીનો વાંક રે;
કહ્યું,વસ્તુ ખોટી નીવડી, તો શું કરે વોહોતિયો રાંક રે?
પ્રિયજનરેં પેટ વાહાલું, તેહેનો સંગ તે માઠો રે;
બેહુને દુઃખ સરખું હોશે એમાં, ,એમ કહી ઘરમાંહાં નાઠો રે.
એ બોલ તે બાહુકિયાના, જુઓ વિચારી, બાઈ રે, '
મર્મવચન સુણી, મહિલાનું રૂદે આવ્યું ભરાઈ રે.

વલણ

ભરાયુ રૂદે રાણી તણું આંસુ મૂક્યાં રેડી રે;
'બાહુક ન હોય, તે નૈષધપતિ, સુદેવ, લાવો તેડી રે.

## કડવું – ૫૨

[રાગ - સોરઠી મારુ]

આંસુ ભરતી ભામિની રે, કરે વાણીનો વિચાર, ગુરુજી;
'એ ન હોય બાહુકના બોલડા રે, હોય વીરસેનકુમાર, ગુરુજી.
એ જીવન પ્રાણ - આધાર, ગુરુજી, લો તેનો સમાચાર, ગુરુજી,
ભ્રાંત પડે છે રૂપની રે, પ્રગટ્યો માહારો પાપ, ગુરુજી.
રૂપ ખોયું કહીં રાયજીએ રે, કોણે દીધો દીસે છે શાપ, ગુરુજી.
માહારા જાયે તનના તાપ, ગુરુજી, તમો વડે થાય મેળાપ, ગુરુજી.
અશ્વરક્ષકનો નોહે આચરો રે, અંતરની જાણે વાત, ગુરુજી;
બોલે બોલ જ મારવા રે, ન હોય ઘોડારિયાની થાત, ગુરુજી.
હું જાણું બોલ્યાની ધાત, ગુરુજી હોયે પુષ્કરજીનો ભાત, ગુરુજી,
પુનરિપ જાઓ તેડવા રે, જીવનજી રેહે છે જ્યાંહાં, ગુરુજી;
પરીક્ષા પુણ્યશ્લોકની રે, એક દહાડે આવે આંહાં, ગુરુજી.
જાઓ અયોધ્યા માંહાં ગુરુજી, હવે બેસી રહ્યા તે કાં, ગુરુજી?
જઈ કહો ઋતુપર્ણને રે, તજી વૈદર્ભી નળ મહારાજ, ગુરુજી;
ફરી સ્વયંવર માંડીઓ રે, જોઓ લગ્નનો દહાડો આજ, ગુરુજી.
એ વાતે નહીં લાજ, ગુરુજી, જેમ તેમ કીજે કાજ, ગુરુજી.
કપટે લખી કંકોતરી રે, ઋતુપર્ણને નિમંત્રણ, ગુરુજી.
સુદેવ, તેડી લાવજો રે, જોઈએ બાહુકનાં આચરણ, ગુરુજી.
ગુણ ઉપેર અંતઃકરણ, ગુરુજી, ન જોઈએ વપુનો વર્ણ, ગુરુજી.

વલણ

આચરણ અશ્વપાલકનાં રે, આંહાં આવ્યો ઓળખાયે રે;'
પત્ર લેઈ પ્રપંચનું સુદેવ આવ્યો અયોધ્યા માંહે રે.

## કડવું ૫૩

[ રાગ - સામેરી ]

સુદેવ સભા માંહાં આવિયો, જાહાં બેઠો ઋતુપર્ણ;
કર માંહાં આપી કંકોતરી, ઉપર લખ્યું આમંત્રણ.
પ્રીતિ વિશેષે પત્ર લાધ્યું, કીધું અવલોકનઃ
'સ્વસ્તિી અયોધ્યાપુરી ઋતુપર્ણ રાય પાવન.
વૈદર્ભથી લખિતંગ ભીમક, નળે દમયંતી પરહરી;
એહેને દેવનું વરદાન છે, માટે સ્વયંવર માંડ્યો ફરી.
પૃથ્વીના ક્ષત્રિય આવશે, તમો આવજો ખપ કરી;
સૂર્યવંશીને વરવા કુંવરીએ ઇચ્છા ધરી.'
ભૂપ આનંદે ભર્યો, સભા માંહે એમ ભાખે;
ભાઈઓ, વેદવાણી, દમયંતીની ન વરે કોહોને હું પાખે.' અધર ડસે ને કર ધસે, વિપ્ર ઉપેર આંખ કાઢે;
'નોહોતરિયો નિર્માલ્ય દીસે છે, આવ્યો લગ્નને દહાડે.'
સુદેવ કહે, ,હું શું કરું ? વેગળું તમારું ગામ;
શત ઠામ ઠામ થાતાં આવવું, કંકોતરીનું કામ.'
'ધાઈ ગયા હશે સર્વ ભૂપ, જે પ્રથમ રૂપના પલકા;
ઋતુપર્ણ આસનથી ઊઠે ને બેસે, થાય પરણવાના સળકા.
'હાય ગઈ દમયંતી હાથથી, કંકોતરી આવી મોડી;
એક નિશાનો આંતરો હોત, તો જાત જેમ તેમ દ્રોડી.'
ત્રાહિ ત્રાહિ બોલે, મસ્તક ડોલે, નિસાસા મૂકે ઊંડા;
'વૈદર્ભી વરતાં વેર વાધ્યું અરે બ્રાહ્મણ ભૂંડા!
સાંઢ ઘેર સાંપડી નહીં, નહીં પવનવેગી દોડા;
કંસાર દમયંતીના કરનો, ન જમું માહારાં મોહોઢાં.'
સભા માંહાં બેઠા સહી, પરધાન બોલ્યા વચનઃ
'પેલો બાહુક શે અરથે આવશે, બેઠો વણસાડે છે અન્ન? ઋતુપર્ણ આનંદ પામિયો, મોકલ્યો તેડવા સેવક;
'લાવ તેડી બાહુકિયાને, જાણે ગયાની તક.'
શ્વાસભર્યો દાસ આવ્યો, અશ્વપાલકને પાસ;
'ઊઠો ભાયા, ભૂપ તેડે, ગ્રેહેવા તક પરાંણો - રાશ.'

ચાલ્યો બાહુક ચાબકો ઝાલી, મુખે તે બડબડતો;
આવ્યો નીચી નાડે નીરખતો, નાકે સરડકા ભરતો.
સભામાં સહુ હાસ્ય કરતા,,આ રત્ન રથ ખેડનાર!' ઋતુપર્ણ બોલ્યા માન દેઈ, ,આવો દુઃખ ફેડનાર.'
ઘણે દિવસે કામ આવ્યું, રાખો માહારી લાજ;
તમો પરણાવો દમયંતી, વૈદરભ જાવું આજ.
સમુદ્ર સેવ્યો રત્ન આપે, મેં રાખ્યા એહેવું જાણી;
આજ વૈદરભ લઈ જાઓ, તો ગ્રહું દમયંતીનો પાણિ.'
બાહુક વળતું બોલિયો, ફુલાવીને નાસા;
'આ ભિયા પરણશે દમયંતીને! અરે પાપિણી આશા! હંસકન્યા કરે, વાયસશું સંકેત?
નિર્લજ્જની સાથે ન નીસરું, અમે થાઉં ફજેત.,
છછોરા ન થઈએ છત્રપતિ, પરપત્નીને શું તલખાં?
કેમ વરે વર જીવતાં? એ મિથ્યા મારવાં વલખાં. પુણ્યશ્લોકની પ્રેમદા, ને ભીમક તણી પુત્રી;
તમો વિષયીને લજ્જા કશી? અમો પડું ઊતરી.'
રાય કેહે, માહારી વતી, હયપતિ, હય હાંકો;
માહારે તો સર્વસ્વ ગયુ, તમો જે વારે ના કોહો.
બાહુક વળતો બોલિયો, 'જાંહાં હોયે સ્વયંવર,
અંતર નહીં સ્વામીસેવકનો, આપણ બંન્યો વર.'
હાસ્ય કરીને કેહે રાજા, 'વર તમો પ્રથમ;
ભાગ્ય ભડશે કન્યા જડશે, ત્યાંહાં જઈએ જયમત્યમ.' દૂબળા ઘોડા ચાર જોડ્યા, રથ કીધો સાવધાન;
શીઘ્ર ત્યાંહાં શણગાર સજવા, સાંચર્યો રાજાન.
રાણી કહે ઋતુપર્ણને પરસ્ત્રી ઉપર પ્રેમ;
ક્ષત્રી થકા કરો ઘઘરણું, નહીં હોયે અંતે ક્ષેમ.
પતિએ તજી તે અણસતી, કાંઈ એક ગોરી ગુધઃ
બાહુક વડે તે પામવી, રાય દેખો ઊજલું એટલું દૂધ! સૂર્યવંશી તી શોભા તમથી ઝાંખી હોઈ; '
રીસ ચડી ઋતુપર્ણને, પછે ધણિયાણી ધક્ષેઈ.

‘અમો ભ્રમર કુસુમ કોટી સેવું, તું શું ચલાવે ચાલ?
વીજળી સરખી લાવું વૈદર્ભી, તુંહને શોકનું સાલ.’
એમ કહી સભામાં આવિયો, દુંદુભિ રહ્યાં ગાજી;
રીસ કરી કહ્યું બાહુકને, કાં જોડ્યા દુર્બળ વાજી?
કાને લૂલા, ચરણે રાંટા, બગાઈ બહુ ગણગણે;
અસ્થિ નીસર્યાં, ત્વચા ગાઢી, ભયાનક તે હણહણે.
ચારે ને હોયે ચાલવાના, આગળ નીચા, પૂઠે ઊંચા;
ખૂંધા ને ખોડે ભર્યાં, બે કરડકણા, બે બુચા.
પવનવેગી પાણીપંથા, શત જોજન હીંડે કંઠ;
એહેવા ઘોડા મૂકીને કાં જોડ્યા દૈવની વેઠ?
બાહુક કેહે, શી ચેષ્ટા માંડી? ઓળખો અશ્વની જાત?
જો પુષ્ટ હયને જોતરશો તો, હું નહીં આવું સંઘાથ.,
‘એ અશ્વ રાખો, રથ હાંકો, ’ ચઢી બેઠો ભૂપાલ;
રાશ - પરાંણો પછાડિયો, બાહુકને ચઢિયો કાળ.
‘આટલી વાર લગી લાજ રાખી, બોલ્યો નહીં માંમૂચ, આગળથી રથ કેમ બેઠો, હું પેં તુ તે ઊંચ ? ’
ઋતુપર્ણ હેઠો ઊતર્યો, વિવિધ વિનતી કરતો;
જાય ભૂપ પાસે, બાહુક નાસે, રથ પૂંઠે ફરતો.
પ્રણિપત્ય કીધી ઋતુપર્ણે, ,હયપતિ, હઠ મૂકો;
ઉપગારી જન અપરાધ માહારો, પ્રથમ બેઠો તે ચૂકો.’ બાહુક કહે,,જદ્યપિ હું રાશ ઝાલું બેસીએ બેહુ જોડે;
તુજને હરખ પરણ્યા તણો, તેમ હુંયે ભર્યો છઉં કોડે.’
સાહામ સાહામાં ચક્ર ગ્રહીને, બંન્યો સાથે ચઢિયા;
એડી દીધી બાહુકે, ત્યારે અશ્વ ઢળીને પડિયા.
મુગટ ખસિયો રાયજીનો, માનશુકન ત્યાંહાં હુઆ;
બાહુકે અશ્વ ઉઠાડિયા, હાંક ને કહે ધણી - મુઆ !,
અન્ન તેહેવા અશ્વ નિર્બળ, ’ ખાંચે ખીજી ખીજી;
રાય કહે, ,લોક સાંભળે, હું વિના ગાળ દો બીજી.’
સુદેવ તાણી બેસાડિયો, રાય ચડાવે ડોળા;
શેરીએ શેરીએ જાન જોવા, ઊભાં લોકનાં ટોળાં.

દુર્બળ ઘોડા, દરિદ્રી બ્રાહ્મણ, જોગ્ય સારથિનો જોડો; વૈદર્ભીને વરવા પધારે, ભલો ભજ્યો વરઘોડો!
હાંકે ને હીંડે પાછા પાછા, જૂંસરાં કાઢી નાખે,
તાણી દ્રોડે ઘર ભણી, ઊભા રહે વણરાખ્યે.
પૃષ્ઠ ઉપર પડે પરાંણા, કરડવા પાછા ફરે;
પોહોળે પગે રહે ઊભા, વારવાર મળમૂત્ર કરે.
રાય કેહે, ,હો હયપતિ, નથી વાત એકો સરવી.
બાહુક કેહે, ,ચંતા ઘણી, માહારે દમયંતી વરવી.
ઘણે દોહેલે ગામ મૂક્યું, રાયે નિસાસા મૂક્યા;
પુણ્યશ્લોકે હેઠા ઊતરીને, કાન હયના ફૂંક્યા.
અશ્વતંત્ર ભણ્યો ભૂપતિ, ધરી વાસવનું ધ્યાન;
અશ્વ ચારે ઊડતા, ઉચ્ચૈઃ શ્રવાને સમાન.
અવનીએ અડકે નહીં, રથ અંતરિક્ષ જાય;
દોટ મૂકી બેઠો બાહુક, કે રખે પડતા રાય.'
માંહોમાંહે વળગી બેઠા, ભૂપ ને બ્રાહ્મણ;
રાય વિમાસે, ,વરે કન્યા, વરુઆમાં વશીકર્ણ!
કામણગારો કાળિયો, એહેના ગુણ છે રસાળ;
ત્રણ કોડીનાં ટાટુઆં, એણે કીધાં પંખાળ!
હસી રાજા બોલિયો, થાબડી બાહુકના સ્કંધ;
'તાહરે પુણ્ય માહારે થાશે વૈદર્ભી શું સંબંધ.
વાજી- વિદ્યા વાસવાની તુજ કને પરિપૂર્ણ;
નાહાની વાત નુંહે જે, રેહે મંત્રનું સ્ફુરણ.
ઐરાવત ઉચ્ચ : શ્રવા, હાર્યો ગરુડનો વેગ;
તમારે હાકવે હવડાં થાશે વૈદર્ભ ભેગાભેગ!
વિખાણે પોતાનાં ભાગ્યને, અને ભૂપ કાઢે ગેહેલાં.
'જો દમયંતી મુજને વરે, તો બાહુકને પૂજું પહેલાં. ભીમકસુતાનો હસ્તમેલાપક, જો ત્યાંહાં થાયે, હયપતિ'- બાહુક કહે,,વિલંબ શો છે, પ્રબળ તાહારી રતિ, '
વાટ ઓસરે વાત કરતાં, ઊડતા ચાલે અશ્વ;
રાય વિદ્યા વિખાણે, ન જાણે મંત્રનું રહસ્ય.

તાણ્યા ન રેહે ત્રેહેકતા, દે દોટ ઉપર દોટો;
એક ઝાંખરે વળગી રહ્યો, રાયનો પામરી જોટો.
'હાં હાં, રાખ' કરતાં હય હીંડ્યા, રથ ગયો જોજંન;
બાહુકે રથ રાખિયો, ,જાઓ, લેઈ આવો રાજંન.'
રાય વળતું બોલિયો રે, શ્રમ મન વિચારી;
દમયંતીના નામ ઉપર નાખું પામરીઓ ઉતારી.
જો લેઈ આવે તો તુજને આપું, બાહુક, બન્યો જોડ.
બાહુક કેહે, ,દમયંતી ઉપર, તું સરખા ઓવારું ક્રોડ.
રાય મોટા દાનેશ્વરી બોલ્યા, બાહુક, જાચક તું થા;
પરણવા જાઉં છું દમયંતી, લેઉ તાહારી ભીખના ચૂંથા?
એહેવું કહી રથ ખેડિયો; રાય મન વિમાસેઃ
રંક હોય તો સંઘ લલચે, મોટો કેમ વિમાસે?
'હયપતિ, તમમાંહાં વિદ્યા મોટી, ગુણે વળિયો છેક;
તમારે પ્રતાપેથી છે, મુજ કને વિદ્યા એક.
ગણિતશાસ્ત્રને હું જાણું છું, કોહો તો દેખાડું કરી.'
એક બેઢાનો વૃક્ષ તાં દીઠો, બાહુક પડ્યો ઊતરી.
રાય પ્રત્યે કેહે બાહુક, ,ગર્વવચન કહ્યાં આવડાં,
આ બેઢાની જમણી ડાલનાં, કોહો કેટલા પાંદડા?
રાય વિચારી કહ્યું, ,સહસ ત્રણ શત ને ત્રણ.'
બાહુકે જઈ વૃક્ષ છેદ્યું, ડાળ પાડી ધર્ણ.
ગણી જોયાં બાહુકે, ઊતર્યા તંતે તંતઃ
ઉત્કૃષ્ટ વિદ્યાને દેખી, હરખ્યું નળનું ચંત.
ફરી આવ્યો રથ પાસે કહ્યું, ,રાય, તમો ધન્ય.'
ભૂપ કહે, ,જો મન ગમે, તો વિદ્યા લીજે અન્યોન્ય.'
માંહોમાંહા મંત્ર આપ્યો, મને મન ગયાં મળી;
પરીક્ષા કરવા વિદ્યા, નળે ડાળ છંદી વળી.
કલ્યાં તેટલાં પત્ર ઊતર્યાં, ગણિતની વિદ્યા મળી;
બીજી વિદ્યાને પ્રતાપે, દેહ માંહીંથી નીસર્યો કળિ.
પાડાનું ચર્મ પહેરિયું, ઊંટચર્મનાં ઉપરણાં;
ટૂંકડા ચરણ ને શ્યામ વર્ણ, કેશ છે પંચવર્ણા.

કરમાંહાં કાતી, આંખ રાતી, મુખે રુધિરના ઓધરાળા;
ભર્યો રીસે, શગડી શીશે, ઊઠે અગ્નિજ્વાળા.
નીસરી નાઠો, ભય-ફાટયો, ધાયો નળ નરેશ;
લપડાકે પાડી શંગડી ગ્રહ્યા કળિના કેશ.
વીજળી સરખો ખડ્ગ વીંજ્યો, ,ન જાયે જીવતા પાપી;
રાજ ભ્રષ્ટ કીધું, દુઃખ દીધું, રહ્યો દેહમાં વ્યાપી.'
રંગદોળ્યો રોળ્યો ચર્ણે ચોળ્યો,કેમ પડો હુતો પૂઠે?
આંખ તરડે, દંત કરડે, મારે ખડ્ગની મૂઠે.
ઊઠે, અડવડે, અવિના પડે, અકળાવ્યો અલેખે;
બાહુકના હસ્ત, કલિનાં અસ્થ, ઋતુપર્ણ નવ દેખે.
રુદન કરતો આંખ ભરતો, કલિ પગે લાગે,
'પુણ્યશ્લોકજી, ઉગારીએ, હવે ન મારો, ઘણું એક વાગે,',અધર્મનાં એ
મૂળિયાં, તુને જીવતો કેમ મૂકું ?
અમો તેં રોવરાવિયા, નથી નેત્રનું જળ સૂક્યું.
અરે પાપી ધર્મછેદન, વિશ્વવેદનાકારી,
વિયોગદાતા, છેદનશાતા, તેં તજાવી નારી.
અવગુણ કહેવા, કરાવી સેવા, પારકે મંદિર.
વદે દીન વાણી, મૃત્યુ જાણી, મેત્રે ભરે નીરઃ
'મહારાજ, વળતા મારજો, ગુણ અવગુણ જોઈ.
નળ કહે, ,અવગુણભાજન, સૃષ્ટિ સર્વ વગોઈ.'
'સ્વામી, બે ગુણ મોટા મુજમાં, અવગુણ-આચ્છાદન.'
નળ કેહે રે,ગુણ અવગુણ, બેહુનું કર વર્ણન,
'સ્વામી, પ્રથમ અવગુણ વર્ણવું, માહારું જે આચર્ણ;
જાંહાં હું ગયો ત્યાંહાં ધર્મ નહીં, ભ્રષ્ટ ચારે વર્ણ.
દંભ લોભી લૂલતા ધણી, બ્રાહ્મણને કરું ભ્રષ્ટ;
અલ્પ આયુ, અલ્પ વિદ્યા, અલ્પ મેધની વૃષ્ટ.
અણઆચાર ને અપરાધ બહુ, અનંત આભડછેટ;
સુધ હું સ્નાનશીલિયો, હું ભખળ કરું નેટ.
જપ, તપ, તીરથ, જાત્રા, દયા, દાન છેડાવું;
મહિમા મરજાદા મુકાવું, ઉન્મારગ મંડાવું.

અભક્ષ-ભક્ષ, આદર્શ-દર્શ, અવાક્યને બોલાવું;
ધ્વંસ કરું ધ્યાન માંહાં, હું તપ થકી ડોલાવું,
સ્વજન-વૈર, પરશું મૈત્રી, નીચની સંગત;
વૈષ્ણવ તાં કે, વિષે થાપ, કરે ભારજાની ભગત્ય.
માતાપિતાને પુત્ર ઉવેખે, દેખે શ્યામામાં સાર;
ક્રીડા કામ, જામ આઠ, શું ત્રિયા માંહાં તદાકાર,
વિષયવાત કરતાં જામ જાયે, ગાય ગોરીના ગુણગ્રામ;
લંપટ નિર્લજ ઈતરતાં, જપે નારીનું નામ.
હેલા માંહાં બ્રહ્મચર્થ મુકાવું, મુનિ પડે મોહ માંઝ;
પાખંડ લંઠ સુખે જીવે, એહેવું માહારું રાજ.
હું વ્યાપું ત્યાં હરિહર શા ? નહીં દેવ દેવસ્થલ;
જ્ઞાનગોષ્ઠિ નહીં ગુણી, એહેવું માહારું બળ.
સ્વામીદ્રોહી, ગુરુદ્રોહી, જન મિત્રદ્રોહી ઘણા;
વચનદ્રોહી, બ્રહ્મદ્રોહી, એ સર્વ લક્ષણ આપણાં,
પ્રજા ખોટી, રાય લોભી, નિરંકુશ લંપટ નાર;
વ્યભિચારિણી ને દ્રોહ કારણી, ભમતી હીંડે પરદ્વાર.
ભરથાર પહેલી કરે ભોજન, સુએ સ્વામી પહેલી;
થાકે નહીં તે વાદ કરતી, વઢકણી મનમેલી.
ક્રોધમુખી ને ચોરટી, લોભી લખલખતી;
સાચી વાત મળે નહીં, આઠે પહોર બડબડતી.
થોડાબોલી સાધુ મુદ્રા, સ્વામીને સૂતો વેચે;
પૂછ્યો ઉત્તર તંત બોલે, બોલે પેચે પેચે.
અભડાવે નવેણ, અન્ન ચાખે, જણાવે પરમ પવિત્ર;
કળિ કહે માહારે પુણ્ય, એહેવાં સ્ત્રીનાં ચરિત્ર,
પંડિત દુઃખી મૂરખ સુખી, ભોગીને રોગ ભરિયા;
અસાધુ અંન સંતોષે પામે, સાધુ ઘડી ન ઠરિયા,
અન્ન તાં ખાનાર નહીં, ખાનાર તાં નહીં અન્ન;
ધન તાં દાતાર નહીં, દાતાર તાં નહીં ધન.
રૂપ ત્યાંહાં રે ગુણ નહીં, ગુણ ત્યાંહાં નહીં રૂપ;
શા શા અવગુણ વર્ણવું, છે પ્રતાપ માહારો, અપ!

શિષ્યની સેવા ગુરુ કરે, સાધુ અસાધુનું ઉપસર્પણ;
સ્ત્રીની સેવા કરે સ્વામી, ને સેવે બ્રાહ્મણ.
છલ છેલભેદ ખેદ અઘ, કોટી કરે અન્યાય;
ગોવિક્રય હયવિક્રય ને વિક્રય કરાવું કન્યાય.
પરપત્ની પરનિંદાભર્યાં ને કોટી અપલક્ષણ;
અપવિત્ર અન્ન, સીમંત અન્ન, ક્રિયા - અન્ન ભક્ષણ.
વાટ પાડે વિશ્વાસઘાતી, માહારા રાજમાં બહુ વાધે;
પૂજા તજે, ને અસુરને આરાધે.
વિષયી વૈરાગી, ભોગી જોગી, ખોટા વણજ વ્યાપારી; વિષયસેવા કરે ને ગર્ભ ધરે, નવ દશ વરસની નારી.
સુરભી પય થોડું કરે, ને દુરભક્ષ;
શોક રોગ વિયોગ ઘેર ઘેર, સદા જળ ભરે ચક્ષ.
કોનું રૂડું દેખી નવ શકું, માહારે કો સાથે નહીં સ્નેહ, કળિ કહે, નળરાયજી, અવગુણ માહારા એહ.
કો કોને નમ્યું ન આપે, જ્યાં રાજ્ય માહારું હોય;
સાચું કો બોલે નહીં, ને જૂઠું બોલે સરવ કોય.'
વિશેષ કેશ આમળી ઝાલ્યા, ચઢી નળને રીસઃ
'હવે, દુષ્ટ, મૂકું નહીં, સદ્ય છંદુ શીશ.
અધરમી અવની વિષે, આવડા તાહારા ઉન્માદ;
તારો વધ જાણીને વિશ્વ, મુજને દેશે આશીર્વાદ.'
કળિ વળતું બોલિયો, હા, હા, ઘાત કરો છો કેમ ?
પછે મુજને મારજો, બે ગુણ કહું પ્રથમ.
કૃત, ત્રેતા, દ્વાપર માંહાં, સહસ્ર વર્ષ તાપસ તપે,
તોયે હરિ – હર - બ્રહ્મા દરશન કોને ન આપે.'
કલિ કહે, ,માહારા વારામાં, ધરે ધ્યાન દૃઢ વિશ્વાસે.
તો ઈષ્ટદેવ સર્વથા, આવી મળે ખટ માસે.
એક ગુણ એ માહારો, બીજો કહું વિસ્તારી;
શત વાર દાન કરે ત્રણ યુગે, એક વાર પામે ફરી.
ભાવે કભાવે નરનારી આપે, માહારા વારા મહે;
એક વાર દાન દીએ, તે સહસ્રગણું ત્યાં થાયે.'

'અગણિત અવગુણ તાહારા, બે ગુણે ઢાંકયા.'
નળ કહે, ,જા, નહીં હણું, બે ગુણે ઊપની માયા.
(પણ) માહારા રાજ્યમાં તું નહીં, જો હોયે જીવવાનું કામ. કળિ કહે,,હું કાંહાં વસું ? આપો વસવાનો ઠામ.
જાંહાં જાંહાં જાઉં તાંહાં રાજ્ય તમારું, કાંહાં રહું હું દાસ?
નળ કહે, ,બેઢાના વૃક્ષ માહાં, સદા પૂર તું વાસ.
જે જન છાયા જાણીને આવશે, સ્પર્શ કલિનો થાશે;
તેણે દિવસે સુકૃત કરશે, તે મિથ્યા થઈને જાશે.
જ્યાહાં કથા કહેવાયે માહારી, ત્યાંહાં થકી જાજે કહું હુંય;
બે સ્થાનક બળ ન કરવું, દૂર રહેજે તુય.'
રાય બેઠો રથ ઉપર, ઋતુપર્ણ સમજ્યો નહીં,
હર્ષપૂરણ હય હાંક્યા, જાણે પ્રેમસરિતા વહી.

વલણ

વહી ચાલ્યો નળ સબળ, લજ્જા પામ્યો નાટ રે;
કહે ભટ પ્રેમાનંદ, નાથની વૈદર્ભી જુએ વાટ રે.

## કડવું ૫૪

[રાગ : ગોડીની દેશી]

દમયંતી કહે દાસીને, ,સુણ સાધવી;
છે વિપ્રનો વાયદો આજ, મહિલા માધવી.
ઠેઠ ઋતુપર્ણ આવશે, સુણ સાધવી;
જો હશે નળ મહારાજ, મહિલા માધવી.
અવધ પહોતી છે વનતણી, સુણ સાધવી;
થયા ત્રણ સંવત્સર, મહિલા માધવી.
એવડો અવગુણ નવ વસ્યા, સુણ સાધવી;
પ્રભુએ ફરી ન લીધો તપાસ, મહિલા માધવી.
ન સંભારે બાળક બઢુઆં, સુણ સાધવી;
હશે કઠિન પુરુષનાં મન, મહિલા માધવી.
હું મોઈ જીવી જોઈ નહીં, સુણ સાધવી;
વેઠ્યું હશે કેમ વન ? મહિલા માધવી.
ઓ વાયસ બોલે બારણે, સુણ સાધવી;
મન ઊપજે હરખતરંગ. મહિલા સાધવી.
આજ ફરકે ડાબી આંખડી, મહિલા માધવી.
શું મનનો માન્યો આવશે? સુણ સાધવી;
થાશે શુકન કેરાં ફળ? મહિલા માધવી.
માહારા શ્રવણે સાંભળે વધામણી, સુણસાધવી;
કો કહેશે જે પધાર્યા નળ. મહિલા માધવી.
વધ થાશે વેરી વિયોગનો, સુણ સાધવી;
ગયો જડશે સંજોગ, મહિલા માધવી.
વીરસેનસુત વૈદર્ભ આવશે, સુણ સાધવી;
ટળશે બહુ દુઃખ રોગ, મહિલા માધવી.
કો આવી કહેશે વધામણી, સુણ સાધવી;
નથી આપવા સરખી વસ્ત. મહિલા માધવી.
આપીશ હાર રૂદે તણો, સુણ સાધવી;
પ્રણમીશ જોડીને હસ્ત. મહિલા માધવી.
બારીએ બેસી નિહાળીએ, ’ સુણ સાધવી;

એહેવે ઉડતી દીઠી રજ, મહિલા માધવી.
'ઓ રથ આવે છે ગાજતો, સુણ સાધવી;
વળી ફરકે ગગને ધ્વજ, મહિલા માધવી.
ઓ પડઘી અશ્વચરણની, સુણ સાધવી;
એ હાંકણીમાં છે વિચાર, મહિલા માધવી.
ઓ પરાંણો ઊંચો ઉછળે, સુણ સાધવી;
હોય નળમુખનો ટંકાર, મહિલા માધવી.
રથ આવ્યો ગામને ગોવાંદરે, સુણ સાધવી;
એ હોય અજોધ્યા-ભૂપ. મહિલા માધવી.
દીસે સુદેવ મેલે લુગડે, સુણ સાધવી;
પણ હાંકણકારો કરૂપ. ' મહિલા માધવી.

વલણ

'કરૂપ ખેડણ રથ તણો, કેમ કહીએ એ નળરાય રે'
અવસ્થા જોઈ ગામની, ઋતુપર્ણ, દુઃખિયો થાય રે.

## કડવું ૫૫

[રાગ-કેદારો]

ઋતુપર્ણ કહે વિપ્રને, ,એ શું કારણ સુદેવ રે;
ભ્રાંત પડે છે મુજને, નથી સ્વયંવરની અવેવ રે.
મુનિ, મિથ્યા મને લાવિયા, કાંઈ કીધું કપટ રે;
રિપુલોક હસાવિયા, ફેરો પડ્યો ફોગટ રે.
વેહેવાકર્મ નથી દીસતું, તાંહાં નથી રચ્યો મંડપ રે.'
દુંદુભિ નથી બોલતાં, નથી થાતું તાંડવ રે.'
સુદેવ વળતું બોલિયો, ,છે છાનું વહેવાનું કર્મ રે;
કંકોતરી કોણે લખી છે, ન ભાંજશો ભીમકને ભર્મ રે.
ક્ષણ એક રહીને આવજો, પૂંઠેથી મહારાજ રે.
આગળથી હું સંચરું વધામણી કરવા કાજ રે;
'વૈદર્ભી જુએ છે વાટડી, વિપ્ર આવ્યો પર માંહે રે;
હરષે ભરી સુંદરી, દમયંતી લાગી પાયે રે.
'રૂડી કહેજો વધામણી, શું પધાર્યા પ્રાણનાથ રે? '
'બાઈ, રૂપ રે નથી ઓળખ્યો, શત જોજન કીધો સાથ રે.
છે રૂપ તેહેનું બિહામણું, જાણે બીજો નળ રે;
બાહુકને પરીક્ષાને તેડજો, એકાંત વાડી-સ્થળ રે.
દમયંતી હરખી ઘણું, જો આવ્યા ઋતુપર્ણ રે;
નગરલોક હસે ઘણું, જોઈ સારથિનો વર્ણ રે.
ભીમકરાય સાહામો ગયો, રથથી ઊતર્યા રાય રે;
ત્રણે રાજકુંવર મળ્યા, ઊઠી સર્વ સભાથ રે.

વલણ

સભા સર્વ બેઠી થઈ, આસન બેઠા ભૂપ રે.
ભીમક આદિ સર્વ કો, જુએ સારથિનું રૂપ રે.

## કડવું ૫૬

[રાગ - કેદારો : દેશી લહેરી]

ભૂપ ભીમક સ્તુતિ કરે ઘણી રે, 'ભલે પધાર્યા અજોધ્યાપણી રે; થાક્યા અવયવ દીસે દેહના રે, એકલા, નથી શેં સેના રે?
હય દુર્બળ વળિયો છેક રે, સારથિ સંસાર-વીત્રેક રે;
કાંઈ અટપટું સરખું દીસે રે,' એહેવે બાહુક બોલ્યો રીસે રેઃ ઋતુપર્ણ, મૂકો રથ તાણી રે, ઊઠો, પોડાને કરો ચાર-પાણીરે;
નાખ્યો પરાંણો ને રાશ રે, જઈ બેઠો ઋતુપર્ણને પાસ રે.
આવે લગતો, રાય આઘો ખસે રે, સભા મુખે વસ્ત્ર દેઈ હસે રે;
તેમ મચમચાવ આંખડી રે, ખોળા માંહાં વસ્ત્રની ગાંઠડી રે. ઋતુપર્ણને બાહુક પુછે રે, વહેવાનો વિલંબ શો છે રે?
રાજા સાને રાખે વારી રે, તેમ બાહુક બોલે ખંખારી રે
ઋતુપર્ણને પૂછે ભીમક રે, ,શું સખા કરે છે જક રે?
એ મિત્ર ક્યાંહાંથી ઉપરાજ્યો, જેથી કંદ્રપ હીંડે છે લાજ્યો!
ઘણું થાક્યા રેણુ ભરાણા રે કોહો, ક્યાં થકી આવ્યા, રાણા રે?
ઋતુપર્ણ કહે, આ ભિયા ગુણી રે, એકુ વિદ્યા નથી ઊણી રે.
કો વિદ્યાએ ન જાયે વાધી રે, તે માટે મૈત્રી એ શું બાંધી રે;
રથહાંકણ વિદ્યા હાથે રે, મેં મૃગયા તેડ્યા સાથે કે,
વન ભમતાં થયો અતિકાળ રે, આંહાં આવી ચડ્યા ભૂપાળ રે; '
ભીમક કહે, ,કીધી કરુણા રે, આજ સહેજે સ્વામી પરુણા રે.'
ભૂપે હલભલ કીધી રે, આજ્ઞા રસોઈની દીધી રે.
ભૂપ બાહુકનો ભેદી રે; કહે, ,આ ભિયા છે આપ-નૈવેદી રે.

વલણ

'આપનૈવેદી છે સારથિ, ' હસ્યો ભીમક ભૂપાળ રે;
'અન્નવમન થાયે દરશણે, તે ભિયા મહા સૂગાળ રે!'

## કડવું ૫૭

[રાગ-નટની દેશી]

બાહુક મોકલ્યો વાડી માંહે, રસોઈ સ્થળ એકાંત;
વૈદર્ભી કહે, 'કીજે પરીક્ષા, પુણ્યશ્લોકની પડે ભ્રાંત, '
ભીમકે સેવકને આજ્ઞા આપી, અશ્વનો લિયો તપાસ;
ઋતુપર્ણ ઊતર્યા ભવ્ય ભવનમાં, કરે સેવા દાસ.
દમયંતીએ પિતાને કહાવ્યું, ,આજ્ઞા તમારી લીજે;
બાહુકમાં ગુણ છે નળરાજાના, અમે પરીક્ષા કીજે.'
એકાંત વાડી દમયંતીની ત્યાંહાં કીધું રસોઈનું સ્થળ;
ઠાલો કુંભ, ઇંધણ મૂક્યાં, નહીં જલ ને અનલ.
બીજાં પાત્ર મૂક્યાં નાનાવિધનાં, ન મૂક્યું મેક્ષણ;
માધવી કેશિની મૂકી સેવાને, જાણે સર્વ લક્ષણ.
દમયંતી બેઠાં ઝરૂખે, અંતરપટ આડો બાંધી;
'તેડી લાવો રૂપાળાને, જોઈએ કેમ જમે છે રાંધી.'
દાસી એકતેડવાને આવી, ,ચાલો કંદર્પ કોડ,
અમારી બાઈજીની વાડી સોહાવો, ચાલો, ચંપાના છોડ.
ઊઠો નળ, ચાલ્યો તે જોતાં, આનંદ અંતર આશ્મ;
સખી-સાહેલી આશ્ચર્ય પામે, હસે આડા સણગટ તાણી.
જુએ હેરીને દમયંતી, વિસ્મય પામી મનમાં
'ઓ સ્વરૂપની ન મળે જોડી, જોતાં ત્રણ ભુવનમાં.
શરીર દીસે દવનું દાઉં, સ્કંધે જાડો, પગે પાતળો;
ટૂકડા કર ને નસ નીસરી, મોટો પેટની નળો.
કાંહાં નળ, કાંહાં બાહુક! કાંહાં સૂરજ, રાહુમંડળ!
વાંકું મુખ નૈ મસ્તક મોટું, પાઘડી ઊડળગુંડળ.
એ સાથે શી ગોઠડી ઋતુપર્ણને, ભાવટ લાગી ભવની;
હીંડતાં પગને સ્પર્શ કરીને, કાળી થાયે અવની.
એહેને વિદ્યા હય હાંક્યાની આશ્ચર્ય સરખું દીસે;
કતરાતો આવે, નાક ફુલાવે, ભ્રૂકુટિ ભરી છે રીસે.'
દમયંતી પાસે હસતી હસતી, ભાભી આવી ત્રણ;
'બાઈ, આ પૂતળું ક્યાંહાથી પધારું ? વારુ રૂપ ને વરણ!

કદાચ નળજી નીવડશે, રહેશે એહેવું અંગ;
કોહો, બાઈ, તમો આ પુરુષનો, કેમ કરશો સંગ?
શાપ હશે કો તાપસનો રે, નહીં જાય કોટી ઉપાંગે;
આ ભિયા આસન બેસશે, તમે કેમ રહેશો વામાંગે?
જ્યાંહાં હશે ત્યાંહાંથી કાલ આવશે, બાઈ, તમારો સ્વામી;
એમ વલખાં શું મારો છો ? કાંઈ ધીરજ ધરો, ગજગામી. '
વૈદર્ભી કહે,કૌતુક મૂકો, બેસો, કીજે પરીક્ષા; '
જાઓ, સેવા કરો બાહુકની, ' સખીને દીધી શિક્ષા.
કેશિની માધવી બંન્યો આવી, બાહુકજીને પાસ;
રૂદે ભરાયું નળરાજાનું, ઓળખી બન્યો દાસ.
સૂકા વૃક્ષને સ્પર્શ કીધો, સદ્ય થયું નવપલ્લવ;
દાસી બન્યો હરખ ભરાઈ, ,હોય વૈદર્ભીનો વલ્લભ!'
કેહે સહિયારી, ,હો આચારી, મન ન આણશો ધોખો;
દ્રુમ તળે સ્થળ પવિત્ર કીધું છે, અમો દીધો છે ચોકો.
નાહાવાનું વસ્ત્ર પહેરે ઘણું શોભા, પાઘડી-પિછોડી વજે,
જંઘાએ ગૂંછળાં કેશ તણાં રે, શરીર ભર્યું છે ખરજે.
નીચું ઊંચું ભાળે અને શરીર ખજવાળે દાસીએ અવલોકન કીધો;
રાંટે રાંટે પગે હીડે બડબડતો, હાલો કુંભ જઈ લીધો.
વરુણમંત્ર ભણ્યો નળરાજા, તતક્ષણ કુંભ ભરાયો;
વીસ વડા રેડ્યા શરીર ઉપેર, ઊભો રહીને નાહ્યો.
દાસી અતિ આનંદ પામી, કૌતુક દીઠું વળતું;
ચુકુલ માટે કાષ્ઠ મૂક્યાં, અગ્નિ વિના મંત્રે કીધું બળતું.
ઊભરાતુ અન્ન કર વડે હલાવે, કડછીનું નહીં કામ;
સખી ગઈ દમયંતી પાસે, બોલી કરી પ્રમાણઃ
'વાજી, વૃક્ષ, જલ, અનલ, ચાર પરીક્ષા મળી; '
'અન્ન લાવો અભડાવી, ' વૈદર્ભી કેહે, ,જાઓ વળી. '
રમતી રમતી નેહે નમતી, નીરખતી નિજ ગાત્ર;
એકે બાહુક વાત લગાડયો, એક નાઠી લઈ અન્નપાત્ર.
'અરે પાપણી' કહી બાહુક ઊઠ્યો, દાસીએ મૂકી દોટ;
માધવી કેહે, ,ફરી રસોઈ કરો, હું દેઈ આપું અબોટ.'

ફરી પાક નિપાયો નળરાજા, બેઠો કરવા ભોજન;
પછે દમયંતીએ જોયું ચાખી, અણાવ્યું જે અન્ન.
સ્વાદ ઓળખ્યો, ,નળરાય નિશ્ચે, પાક પરમ રસાળ; '
ફરી પરીક્ષા, નળની જોવા, સખી સાથે મોકલ્યાં બાળ,

વલણ

સાથે બંન્યો બાળ, નળ કને લાવી કિંકરી રે;
બાહુકે દીઠાં બાઢુઆં, તારે આંખડી જલે ભરી રે.

# કડવું ૫૮

[રાગ-રામગ્રીની દેશી]

બાહુકે દીઠાં બાલકાં, ઊલટ્યું મલવા અંતઃકર્ણઃ
'દામણા માહારાં દીકરાં રે, દેખીને આવે મર્ણ!
કળજુગે કલ્પાંત કીધું, બાળક વરત્યાં મોસાળ;
કોણ કૃત્ય મેં આચર્યું, તજી અબળા અંતરિયાળ?
સંજોગસાગર ઊલટ્યો, નયણ શ્રાવણ સમાન;
આલિંગન દેવા કારણે, તે સુતને કરતા સાંન.
મળવાનું તેડ્યાં મીઠડાં, કર લાંબા કરીને પીશ;
છળ્યો બીહીનાં બાળકાં, પાડે ચીસેચીસ.
દાસીએ ચાંપ્યાં હ્દયા સાથે, કીધો બાહુકને તિરસ્કાર;
'રહેવા દે તાહારુ રમાડવું, રુએ છે રાજકુમાર.'
બાહુક કેહે, ,એ બાળને મુજને સાંઈ દીધાનો સ્નેહ.'
ના રે ભાઈડા, ભેટતાં થાય કાળી કુંવરની દેહ,
એ છે છત્રપતિનાં છોકરાં, તુહને મળવાનું કેમ મન?
શે દુઃખ થાય છે. ગળગળો, તારાં રોઈને ફૂટશે લોચન, '
બાહુક વળતું બોલિયો, ,માહારે એહેવાં બાળકની જોડ;
આ દેખીને તે સાંભર્યા, થયું રમાડ્યાનું કોડ.'
દાસીએ કહી દમયંતીને, બાહુક બાલકની વાતઃ
'બાઈ, આશ્ચર્ય દીઠું અતિ ઘણું, કાળો કરે આંસુપાત.'
દમયંતીએ પૂછ્યું ભીમકને, ,બાહુકમાં નળની ભ્રાંત;
આજ્ઞા હોય તો બાહુકને, તેડી પૂછું એકાંત, '
ભીમક કહે, ,સતી સુતા, તુહન શું દેઉં શિક્ષા;
સુખે બોલાવો બાહુકિયાને, કરો વેગે નળની પરીક્ષા.
વૈદર્ભી આવ્યાં અંતઃપુર માંહા, જ્યાંહાં પોતાની મેડી;
આજ્ઞા આપી દાસીને, ,લાવો બાહુકને તેડી.'
શીઘ્રે આવી સાહેલી, અંતર ભરી અતિ ઓહોલાસ;
'ઊઠો, બાહુકજી, ઉતાવળા, દમયંતીજીને પાસ.
રાય વળતું બોલિયો, ,હું હીન દીન કંગાળ;
વરવા સાથે વૈદર્ભીને, વાતનો શો વાહાલ?

સોમવદની સુંદરી, સારંગનયની સુજાણ;
વાત કરતાં બ્રહ્મચર્ય ભાગે, વાગે મોહનાં બાણ.
પારકા ઘરમાંહાં અમો ન આવું, હોયે સ્ત્રીનાં ચંચળ મન;
અમો સાધુપુરુષને સદ્ય પાડે, આવી દે આલિંગન, '
દાસીને તવ હાસ્ય આવ્યું, ,દૈવનાં કૌતુક જો એ!
વિશ્વમોહિની વૈદર્ભી, આ ભયાને કેમ ન મોહે?
બદરી ન ખાયે કો કર તણાં, વિપરીત વપુનું વાન;
એહેવા ઉપર કર્મડા, વળી રૂપનું અભિમાન!'
બળાત્કારે તેડ્યો બાહુક, દાસી કીધી બાંહેધર;
નીચે નાડે નળ ચાલ્યો, જ્યાંહાં ઘરૂણીનું ઘર.
જાતાં કેહે કિંકરીને, ,માહારા બ્રહ્મચર્યને છે ઘાત;
વૈદર્ભી વિકારે ભરી, મુને વશ કીધાની વાત.
ગમે તેવા ધીરજવાન, સત્ય હોયે સબળ;
દમયંતી તાણી બેસાડશે, તો અમારાં શાં બળ ?
માધવી કહે, 'મૂઆ, બોલ વિચારી, કોણ ભાંજે છે ધર્મ?
વૈદર્ભી તુજને કેમ વરે ? કરે અગ્નિકર્મ.
નથી આશરો ફરી ગયાનો, ભિડાવ્યાં કેબાડ; '
દાસીએ દેખાડી આંખડી, ચાલ્યો મૂકી લવલવાટ.
બાહુક બેસાડ્યો બારણે, ઢાળી રૂપાનો બાજઠ;
દમયંતી બેઠાં ઉંબર ઉપરે, બાંધી અંતરપટ
બાહુક ખંખારે ને આળસ મોડે, માંડ્યાં વિષયનાં ચિહિન;
ચિત્ત મળ્યો ત્યાંહાં ચક કશો, જો નથી ભિન્નાભિન્ન?

વલણ

'નથી ભિન્નાભિન્ન ભામિની, તો મધ્યે અંતરપટ કશું?
નહીં બોલો જો મન મૂકી તો અમો ઊઠી જશું.'

## કડવું ૫૯

[રાગ – કાફીઃ દેશી હુંસેની]

વિનય સઘાથે બોલ્યાં, વૈદર્ભી સુંદરી;
'શા માટે ઉઠી જાઓ છો, તેડ્યા છો ખપ કરી.
અમને રહેવું ઘટે, બાંધી અંતરપટે;
બોલું કેમ પ્રગટે, પર પુરુષ નિકટે.
બેસોજી બાજઠે, બોલોજી ઊલટે;
ન પૂછું કપટે, બોલવું નિર્મળ ઘટે.
પુરુષ ભર્યા હઠે, ચાલે પોતાની ચટે;
હીંડે નારીને નટે, લાજે નહીં રાજવટે.
જે નર જન માંને કાળા, મુખે વિષની જ્વાળા;
મૂકે વિજોગના ભાલા, કેમ સહી શકે બાળા?
બાહુકજી છો આચારી, વિનતિ સાંભળો મારી;
કાં એમ મૂકો વિસારી, દોહેલે પામી નારી?
નવો નેહ ઉદે, નારી નારી વદે;
ભર્યા હોયે મદે, પુરુષનાં કઠિણ રદે.
વળગી હીંડે કાંડે, નવી નવી પ્રીત માંડે;
હા જણાયે દુ:ખને દાઢે, સ્નેહીને સદ્ય છાંડે.
જાણીએ મળીએ વહેલાં, દેખીને થઈએ ગેહેલાં;
નારીને નવ પ્રીછે પેહેલાં, પુરુષનાં મન છે મેલાં.
વાહાલા કહીંએ ગયા, મુખે કહેતા એ ભૈયા;
વજ્રપે કઠણ હૈયાં તરછોડે નાહાનાં છૈયાં.
બ્રહ્માએ પુરુષ ઘડિયા, નારીને જીવે જડિયા;
દુ:ખના દહાડા પડિયા, વેરી થઈ નીવડયા.
પ્રીતડી જેહની વ્યાપે, તેહને માટે અદાપુ;
ફળ બે રૂડાં આપે, વૃક્ષને થડથી કાપે.
રખે માહારી વેલ સૂકે, પ્રભા જળ વહેતું મૂકે;
જાણું મેં ચતુર ચૂકે, ફરી આવી ન ઢૂંકે.
જે સ્થળનું જળ પીજે, છળ ત્યાંહાં કેમ કીજે?
જે પર દયા કીજે, તેનો જીવડો ન લીજે.

જેહેનો હાથ ગ્રહીએ, તેહને મૂકી ન જઈએ;
અમો અબળા છઈએ, વેદના કોહોને કહીએ?
જે પામી માનવજને દેવ ન આણ્યા મને;
રાખીએ પોતા કને, તેહેને ન મૂકીએ ઉજ્જડ વને.
બેસીએ એક પાટે, કામિની કનક ધાટે;
થોડા અપરાધ માટે, ન મૂકીએ ઉજ્જડ વાટે.
અબળાનાં કોણ બળ, કદલીપેં કોમળ;
નયણે ભરે જળ, કડવાં કર્મફળ.
વનમાંહાં વ્યાઘ્ર ગાજે, પાવલીએ કાંટાં ભાજે;
બીજા લોકને દાઝે, શઠ દાઝે, શઠ સ્વામી ન લાજે.
વનમાંહાં રામા રૂએ, કોણ આંસુડાં લૂછ્હે ?
ફરી તપાસ ન જુએ, પોતાનું કુળ વગુએ.
આધી ધરે અલેખે, વગડા માંહાં ઉવેખે,
સ્વામી ન આવે તેખે વેરીડા દેવ દેખે.
ના જાણ્યું નાર મોરી, છત્રપતિની છોરી
ચતુરાની શી ચોરી; અજગરે ગળી ગોરી.
નય આંસુ રેડે, તારુણી પિયુને તેડે,
છબીલીને છેડે પારધી લાગ્યો કેડે.
લંપટ લોક કામી, કેમ જીવે ગજગામી?
કુળને લાગે ખામી, ન બોલે શઠ સ્વામી.
નીચપણું નફ્ફેટ, કુલ લજાવ્યું નેટ;
કરી માશીની વેઠ, પ્રેમદા ભરી પેટ.
કર્મની લાંબી દોરી, ચઢી શિર હારની ચોરી;
ન જાગે નાથ અઘોરી, ભાગો શિર ઇંધણ ધોરી,
ન કરે પ્રેમની મીટ, વળી હવે આડી લીટ;
પુરુષ હૈયાના ધીટ, મને જેહેવાં વજ્રકીટ.
કહેતા નહીં આવડે, દુઃખે હૈંડું ધડહડે;
ખોટું આળ ચડે, ગગન તૂટી પડે.
જે કો વિશ્વાસ કરશે, પુરુષનો આધાર ધરશે;
તે ઘેલી શીદ ઠરશે, મારી પેરે રોઈ રોઈને મરશે.

ખપ કરીને વરી, દુ:ખણી નેટ કરી;
બાહુક, કોહો વાર્તા ખરી? તેહેને કાંઈ પૂછશે હરિ?
છે કર્મની વિષમ ગતિ, તે ભૂંસી ન જાય રતિ;
શત્રુ થયો પ્રજાપતિ, બ્રહ્માને દયા નથી.
ભલાનો વેરી બ્રહ્મા, કઠણ ક્રૂરકર્મા;
લખે લેખ કર્માધર્મા, ક્લેશ ઘાલ્યો ઘરમાં,
ક્લેશ ઘાલ્યો ઘર વિષે, પ્રજાપતિ કઠણ ઘણું;
બાહુકજી એ પ્રશ્નનો ઉત્તર આપો, જોઉં ડહાપણ તમ તણું.'

વલન

'પૂછશે હરિ તે પુરષને રે, જેણે પ્રભવી નાર રે; '
બાહુક વલતું બોલિયો, સાંભળ ભીમકકુમાર રે, '

## કડવું ૬૦

[રાગ-ધન્યાશ્રી]

ખંખારીને નારી પ્રત્યે બોલ્યો નલ રાજાનઃ
'ભારવાહોણી ભારજાને ભજે ભરથાન જે અજ્ઞાન,
મુખે મધુરી વાણી ભાખે, કપટ મન માંહાં રાખે;
સ્વાદ-ઇદ્રી પોતાની પોષે, ભોજન કરે પિયુ પાખે.
સ્વામી સર્પે ડસ્યો હશે, થયો હશે પરઘેર દાસ;
કોણ કેહેનાં દુઃખને રોશે, જો કળિએ પૂર્યો વાસ.'
વિરહ વાધ્યો વૈદર્ભીને, આંસુ મૂક્યાં છોડી છોડી;
બંન્યોના વિરહવહ્નિથી લાગી અંતરપટ પિછોડી,
આસન મૂકી અબળા ઊઠી, નમી ચરણે જોડી હાથ;
'વિપરીત વૈષ મૂકો, મારા સમ છે, ઓળખ્યા હો પ્રાણનાથ.'
વધ થયો વિયોગ વેરીનો, ઊઠ્યો હરખભર્યા રાજાન;
ત્રણ વસ્ત્ર પરિધાન કીધાં, ધરી કરકોટકનું ધ્યાન.
કંદર્પકોટી કળા થઈ તતક્ષણ, કાંતિ રહી વરસી;
રાજાએ અતિ કરુણા કીધી, લીધી શ્યામા રૂદયા સરસી.
અન્યોન્ય વાળી વાળી દીધાં આલિંગન;
પ્રવાહ ચાલ્યો પ્રેમરસનો, પ્રસ્વેદ થયો ઉત્પન્ન.
હર્ષભર્યાં હૈયાં ઊપરકે, ગદગદ કંઠ, જળ આંખે;
હર્ષ-આંસુએ વાંસા ભીના, અંગ ઉપેર અંગ નાખે.
ફરી ફરી વદન નીરખે, નરનારી નિર્મળને વળી મળે;
વનવેષ પરસેવા સંભારી, ઢળકે આંસુ ઢળે.
પ્રતિબિંબ પડે બહુ તન તેજે, કાંતિ બહુ પ્રકાશી;
સાચું શુભ દેખીને ધાઈ, ભીમક ભણી બે દાસી.
વધામણી કહી રાયરાણીને, વર્ત્યો જેજેકાર;
એહેવે નળ આવ્યા તિણિ સ્થાનક, મળિયો સહુ પરિવાર.
ઓચિત્યું સુખ આશ્ચર્ય સરખું, ભીમકરાયને ભાસે;
ભીમક તેડી નળરાય ચાલ્યો ઋતુપર્ણને પાસે.
નળને સાલકે નળ ઓળખાવ્યો, તેજ પામ્યું અસ્ત;
રાય બૂડ્યો લજ્જા-સિંધુ માંહાં, જાણે ગયું સર્વસ્ત.

નળરાયે રૂદયાશું લીધો, કીધો આશ્વાસન;
'ભ્રાત, આંસુપાત ન કીજે, રખે વાત વિચારો મન.
એ કર્મની વાત જાણવાને નથી સમરથ કોયે;
દુઃખસુખ સમતોલ છે, એ વેદવાયેક હોય.
તે માટે મન કલ્પના તમ્યો રખે રાખો આજ,
તહ્ય પ્રતાપે સુખ પાંમો ઘણું, એ જાણજો મહારાજ.

વલણ

'એ જાણ જો મહારાજ રે.' નળરાજા એણી પેરે ઓચરે;
તે સાંભળી રાધ ઋતુપર્ણ તે, નળ તણી ઉપમા કરે.

## કડવું ૬૧

રાયે પ્રશ્ન કર્યું તદા, ક્યમ પ્રગટ થયો નળરાય;
રાય ભીમકને કેમ જાણ થયું, તે કહો સર્વ ઉપાય.

(છંદ-ભુજંગની ચાલ)

દેહ દહે વિયોગની – વ્રેહેજ્વાળા,
મારે મર્મના બાણ, પૂછે પ્રશ્ન બાળા:
'તમારી બુદ્ધિ બાહુક, બળવંત દીસે,
કાંઈ જાણવા ભેદ, મુજ મન હીસે.
દીસે શારદાવાસ, તમ જીભ-અગ્રે
ભલું કીધું જે પધાર્યા ભીમક-નગ્રે.
વિનવયુક્ત દીસો સર્વ સિદ્ધિવાન;
ભૂત ભવિષ્ય ને જાણો તમો વર્તમાન.
એક શોભતા પુરુષ ને મૂરખ મોટા,
જેવા સૌપ મોતી તથા કણ ખોટા.
રૂપદીશ પુરષ, બહુ ગુહ્યું કે ભરિયા,
જેમ સાચા હીરા જે જુકત કરિયા.
બાહુક ! બાપના સમ, જો વૃથા ભાખું;
તમ ગુણ પર વિશ્વ વારીને નાખું.
ઇંદ્રવારુણીનાં ફળ, કર માંહે સાહે;
પણ ભક્ષ કરતાં, તેહેનો જીવ જાયે.
એક પુરુષ રૂપવંતો કો નારે નીરખ્યો;
મનસ્વી, તેજવંતો ને કંદર્પ સરખો.
ધરે છત્ર સર્વત્ર જેની આણ વર્તે;
કરે નવનવાં ભોજન, નિત્ય પ્રત્યે.
એવા પુરુષને મોહી, કોનાર વિરલી;
તપન-તેજ સરખી, ત્રિયા તારુણી તરલી.
નર અમર મુનિવર તણી આશ ત્રોડી;
તે મર્ત્ય બાલક ઉપર પ્રીત જોડી.
તજ્યાં માત્ર ને તાત, પીહર પડોશી;
મન જાણે નાથ એ છે વિદોષી.

સોંપ્યા તનમનપ્રાણ, નિર્દોષ જાણી;
સુણો બાહુકજી કહું કર્મકાંહાંણી
જેમ પારધી કપટનો ચણો ચણાવી,
પાડે પક્ષીને ફંદમાં સ્નેહ જણાવી;
વેધે મૃગને જેમ ઘંટા વજાડી;
તેમ પ્રેમદા પ્રેમને પાશ પાડી.
બહુ રંગવિલાસનાં સુખ દેખાડી;
ગયો હેંડતો તે વૃન્ય વિપત્ય પાડી.
નહીં કંદ ને મૂળ, નહીં પત્ર, પાણી
એહેવે ઠામ મૂકી અનાથ રાણી.
કો ન કરે એહેવું કર્મ કીધું;
અપરાધ પાખે બહુ આળ દીધું.
શતખંડ કીધી તે વિયોગશસ્ત્રે;
ફરી વન માંહે તે અરધ વસ્ત્રે.
ત્રિય દિવસ ત્રિય રાત વન માંહે ભટકી;
નિર્દય નાથને મન તોહો ન અટકી.
ગ્રહી અજગરે સુંદરી શિથિલ કીધી;
મળ્યો પારધી ઈશ્વરે રાખી લીધી.
કહી કાકણી ને શાકિણી અને શીહારી
પાષાણ પાટુ બહુ માર મારી.
પરાધીન થઈને નીચે કામ કરિયું;
ધરી દાસીનું નામ દુર્લભરિયું.
ચઢી ચોરી માથે, મોતીમાળ કેરી;
કરતાં પ્રીત વહાલાં થયું સર્વ વેરી.
ત્રણ વરસ નાખ્યાં, શ્વેત વસ્ત્ર પહેરી;
નહીં કંકુમ કાજળ નાડું નેહેરી.
હવિષ્યાન્ન પરાધીનનું અન્ન પામી;
તોહે તેણીએ ન તજ્યો નિર્ગુણ સ્વામી.
તપ નીમી નિજ દેહ બાળ્યો;
ગૃહસ્થ રાજની નારે સન્યાસ પાળ્યો;

કહો બાહુકરાય, એ ધર્મ કહવો ?
ઘટે નાથને, એવડો છેહ દેવો ?
સર્વ પાપમાં શ્રેષ્ઠ વિશ્વશઘાત;
તેહેને પૂછશે કાઈ વૈકુંઠનાથ.
બાહુકજી, પ્રશ્નનો ઉત્તર દીજે;
એહેવો કપટી હોયે તેહેને શું રે કીજે ? '
સુણી મર્મવાણી નરપત્ય રીડ્યો;
જોવા પ્રીત વિશેષ મહારાજ ખીજયો.
સુણ પ્રશ્નનો ઉત્તર ભીમકબાલા;
તે પુરુષને હોએ વ્રહજવાળા.
વરી પ્રેમદા સુંદરી સાધવી જાણી,
બીજી નાર સાહામું સ્વપ્ને ન જોયું;
ગુણહીનશું જૌવન - આયુષ્ય ખોયું.
મધુર વાણી મુખે નાર ભાખે,
સ્વાદ-ઈન્દ્રી પોષે મન કપટ રાખે.
કેહે બાહુક, નાર જે હોય નારી,
કરે ભોજન તે નિજ સ્વામી પહેલી.
એવી ભાવવહોણી જે હોય નારી,
તેને ક્યમ વરે પુરુષ જોને વિચારી.
સગાં મિત્રને પ્રીત તે સાથ, ફેડી,
ગયો વન પુરુષને સ્ત્રી સાથે ગયો તેડી.
વન સાત અપવાસ ભરથાર કીધા;
મછ રાખવા નારને ત્રણ દીધા.
કીધો શ્રમ બીજાં મછ રે નહી લાધ્યાં;
પેલી પાપણીએ પેલાં મચ્છ ખાધાં.
કોહો ભીમક બાળા થઈ વાત એહેવી;
પૂછે બાહુક પ્રશ્ન તે નાર કેહેવી ?
જોતાં અપરાધ, તે નહોય નાનો;
તેહેને મૂક્તાં નાથને દોષ શાનો ?
ગ્રહી અજગરે સુંદરી આંસુ ઢાળે;

તેમ કંથને ડસ્યો હશે સર્પ કાળે.
કહ્યો ડાકણી શાણી અપવાદ એહેવા;
કહી હશે ભરથારને ભૂત જેહેવો.
જેહેવી સ્ત્રીએ કીધી પરધામ વેઠ;
તેમ કંથે ભર્યું હશે પરઘેર પેટ,
કોણ હેનાં દુઃખને કહીને રોશે ?
બુદ્ધિવંત પ્રાણી કર્મ સાહામું જોશે.
ધોળો સાળુ પહેરીને પિંડ પીડ્યો;
કાળો કામળો ઓઢીને કંથ હીંડ્યો.
એ પ્રશ્નનો ઉત્તર મેં કહ્યો વિચારી;
વળી પૂછવું હોય તે પૂછો નારી.
કહી મર્મની વાત, નિજ નાથ જાણ્યો;
ભાગ્યો ભેદ મનનો, પછે પ્રેમ આણ્યો.
એહેવી ગુધ્ય વાણી બીજો કોણ ભાખે ?
એહેવું કોણ બોલે, નળનાથ પાખે ?
થયું ભેટવા મન. મરજાદ નાઠી;
અંતરપટનું વસ્ત્ર ગયું રે ફાટી.
ગજગામિની ભામિની પ્રેમમાતી;
આવી નાથ પાસે ગુણગ્રામ ગાતી.
કરી પ્રદક્ષિણા પછે પાયે લાગીઃ
'બોલો નૈષધનાથ, કહું માન માગી,
અપરાધ પ્રાણી તણા કોટી હોયે;
પરિબ્રહ્મ તે કરુણાદૃષ્ટ જોયે.
વન માંહાં મૂકી અપરાધ પાખી;
છે મછના આહારનો વિષ્ણુ સાખી.
તમ ચર્ણ વિષે મમ મન રાતું;
તમ પાખે હું પેટમાં ધાતુ.

વલણ

હરખે ગેહેલી સુંદરી, ધાઈને ભીડી બાથરે;
જેજેકાર પરમાહાં થયો, જ્યારે દીઠો નૈષધનાથ રે.

## કડવું ૬૨

[ રાગ-સારંગની દેશી ]

વર્ત્યો જેજેકાર હો, નૈષધનાથને નીરખીજી;
ફરી ફરી લાગે પાય હો, સાહેલી રૂદયા હરખીજી,
નળ-દમયંતીની જોડી હો, જોઈને દોડી દાસજી;
શ્વાસભરી સાહેલી હો, આવી ભીમકરાયને પાસજીઃ
'રાય, વધામણી દીજે હો, અદ્‌ભુત હર્ષની વતજી.
ઋતુપર્ણનો સેવક હો, નીવડયો નૈષધનાથજી.
બાહુક રૂપ પરહર્યું હો, પ્રગટ્યું મૂળગું રૂપજી'
સુણી સૈરંધ્રીની વાત હો, થયો ગેહેલો ભીમક ભૂપજી,
વાજે પંચશબ્દ નિશા◌ઃ◌ા હો, ગુણીજન ગાયે વધાઈજી;
પુણ્યશ્લોકનું દર્શન કરવા હો, પ્રજા ચતુર્વર્ણ ધાઈજી.
નાના ભાતની ભેટ જ હો, પ્રજા ભૂપને લાવેજી;
કરે પૂજા વિવિધ પ્રકારે હો, મુગતા-કુસુમે વધાવેજી,
હાથ તોરણ રાજદ્વારે હો, માનુની મંગળ ગાયેજી;
દે મુનિવર આશીર્વાદ હો, અભિવંદન બહુ થાયે જી.
વાજે ઢોલ નિશાણ હો, મૃદંગ મદનભેર બહુ ભેરીજી;
સમગ્ર નગરે આનંદ વો છે, સુણી પ્રગટક નળરાય કેરી જી.
મન પૂરણ છવ વ્યાપ્યો હો, ભીમક દીએ બહુ દાનજી;
ગયો અંતઃપુર માંહા રાય હો, સંઘાતે સુત-પ્રધાનજી.
ક્રાંતિએ ચંદ્ર, પ્રતાપે ભાનુ હો, વિલાસે શક્ર સમાનજી;
કંદર્પ કાટી લાવણ્ય હો, દીઠો જમાઈ જાજુલમાનજી;
પડ્યો ભીમક પુજ્યને પાયે હો, હસી આલિંગન દીધુંજી;
આપી આસન આદર માન છો, પ્રીતિ પૂજન કીધુંજી.
અર્ધ્ય આરતી ધૂપ હો, ભૂપતિને પૂજે ભૂપજી;
નખશિખ ફરી ફરી નીરખે હો; હરખે જોઈ જોઈ રૂપજી.
શ્વસુર શ્વસુર-પત્ની હો, શાલ શાલાયેલી જી;
દમયંતીને બહુવિધ પુજે હો, નાચે ને ગાય સાહેલીજી,
લક્ષ્મી-નારાયણ, શિવ-ઉમયા હો તેહેવાં દંપતી દીસેજી;
દેઈ માન સર્વ શ્વસુરવર્ગને હો, પૂછ્યું નૈષધીશેજી.

વલણ

નૈષધધીશે પૂછી સહી, કુશલક્ષેમની વાત રે;
સમાચાર પરસ્પરે પૂછ્યા, હરખ્યો સઘળો સાથે રે.

## કડવું ૬૩

[રાગ : સામેરી]

નળરાય પ્રગટ થયો સાંભળી, સંસાર સુખિયો થાય રે;
પણ પરમ લજ્જા પામિયો, દુઃખી થયો ઋતુપર્ણરાય રે
હાવાં હું શું કરું રે?
જઈ પડું જંપાવું સાગર માંહે,
મેં સેવક કરી બોલાવિયો, નવ જાણ્યો નૈપધરાય રે, -હાવાં
હયસેવક કરી બોલાવિયા, એ અધર્મ મોહોટો કીધો રે;
એ કલિનો અન્યાય છે, રાજા ઘણું મનમાં બીધો રે. હાવાં
જવ મન કીધું દેહ મૂકવા, તવ હો હાહાકાર રે;
જાણ થયું અંતઃપુરમાં, નળ-ભીમક આવ્યા બહાર રે. હાવાં
'હા, હાં, ' કરીને હાથ ઝાલ્યો, મળ્યા નળ ઋતુપર્ણ રે;
ઓશિયાળો અયોધ્યાપતિ, જઈ પડ્યો નળને ચર્ણ રે. હાવાં
'પુણ્યશ્લોક પાવન, સદા દયાસિંધુ, જાય પાતિક લેતાં નામ રે
એહેવા પુરુષને મેં કરાવ્યું, અશ્વનું નીચું કામ રે. હાવાં
જેહેનાં દરશણ દેવ ઇચ્છે, સેવે સહુ નરનાર રે;
તે થઈ બેઠો મમ સારથિ, ગ્રહી રાશ-પરાંણો હાથ રે, હાવાં
શત-સહસ્ર જેણે જજ્ઞ કીધા, મેરુ તુલ્ય ખરચ્યાં ધન રે.
તે પેટ ભરી નહીં પામિયા, હું પાપીને ઘેર અન્ન રે. હાવાં
જેહેનાં વસ્ત્રથી વિદ્યુત લાજે, હાટક મૂકે માન રે;
તે માહારે ઘેર મહારાજ વસિયા, કરી કામળો પરિધાન રે. હાવાં
મે તુકારી તિરસ્કાર કીધા, હસ્યા પુરના લોક રે;
ત્રણ વરસ દોહેલે ભોગવ્યાં. મેં નવ જાણ્યા પુણ્યશ્લોક રે. હાવાં
આળસુને ઘેર ગંગા આવ્યાં, ઊઠી ન નાહ્યો મૂરખ રે;
ભાઈ તે જ ગતિ માહારે થઈ, મેં ન જાણ્યા મહાપુરુષ રે. હાવાં
શ્રાવણ-કીટને ઘેર જાયે, ધરાધર જેમ શેષ રે;
જેમ મૂરખ મનુષ્ય ઘેર જાયે, ભિક્ષાને માહેશ રે, હાવાં
જેમ ચડકલીને માળે આવે, ગરુડ ગુણ-ભંડાર રે;
તમ માહારે ઘેર આવિયા, વીરસેન રાજકુમાર રે. હાવાં
જેમ કૃપણને ઘેર કમળા વસિયાં, પેર ન પ્રીછે વ્યય તણી રે;

તેમ માહારે ઘેર નળરત્નવસિયું, જેમ ભિક્ષુક ઘેરપારસમણિ રે. હાવાં
જેમ અંધપત્નીનાં ભૂષણ, વૃથા જાય સંસાર રે;
જેમ તીવ્ર આયુધ કાયરને કર, મરકટ-કંઠ મોતીહાર રે. હાવાં
કળશ અમૃતનો ભર્યો, કો મૂરખને પ્રાપ્તિ થઈ રે;
છે ભૂર ભાગી વારુણીનો, સુધાપાન પ્રીછ્યો નહીં રે.' હાવાં
નિઃશ્વાસ મૂકે ને કંઠ સૂકે, થઈ ભૂપત્યને વેદના રે;
અપરાધ વિચારી આપણો, ઋતુપર્ણ પામ્યો ખેદના રે. હાવાં
પુણ્યશ્લોકને પાયે લાગી, ફરી ફરી કરે વિનંતી રેઃ
'એ કૃતકર્મનું કોહો પ્રાશ્ચિત ? ' ભર્યાં લોચન ભૂપતિ રે. હાવાં
પાવક માંહે પરજળુ ? કે હળાહળ ભા કરું ?
એ જીવિતવ્ય માહારું ધિક છે, હું દેહ નિશ્ચે પરહરું રે, ' હાવાં

વલણ

'પરહરું હું દેહ માહારો, ગોઝારો જીવીને હું શું કરું રે? '
ઋતુપર્ણનું પરમ દુઃખ દેખી, સમાધાન તેહનું કર્યું રે.

## કડવું ૬૪

[રાગ : મારુની ચોપાઈ]

ઋતુપર્ણની પીડા જાણી, નૈષધનાથ એમ બોલ્યા વાણી;
'ન કીજે કાયર કારમનું આણી; એહેવું કહી લોહ્યું લોચનપાણી,
'એ આપત્કાલનું કર્મ શું કહીએ, જે જે દુઃખ પડે તે સહીએ;
કોહોને આશરે નિશ્ચે જઈએ, પંચરાત્ર સેવક થઈ રહીએ.
ગુપ્ત રેહેવાનું કારજ સીધ્યું, માહારું દુઃખ તમે નીરભી લીધું;
જે જનુનીનું પય મેં પીધું, તેણીએ એવડું સુખ ન દીધું.
દસ માસ પેટમાં રાખે, અધિક થાય ત્યારે ઓછું ભાખે;
કોણ ત્રણ વરસ રાખે તમ પાખે? ભલાઈ થઈ તમારી જાગ આખે.
જ્યાં લગે પ્રાણીને સંપત હોય, તહાં લગી પ્રિત કરે સર્વ કોય;
ફર્યો સમો ત્યારે સર્વ વોયે, જે નમતા તે નર સાહામું ન જોય.
જે લોભના લીધા માયા માંડે, થાય પરીક્ષા દુઃખને દહાડે;
ક્ષત્રિય જણાય ઉઘાડે ખાંડે, ભૂંડા મિત્ર તે ભીડે છાંડે.
એ કર્મકથા મેં માહારી જાણી, ચારે વર્ણ પ્રજા મેં પોષી પ્રમાણી;
જ્યારે વનમાં નીસર્યાં હું ને રાણી, તે પ્રજાએ ન પાયું પાણી.
થયો પુષ્કર બાંધવ વેરી, અમો એકેકું વસ્ત્ર નીસર્યાં પેહેરી;
થએ કૌતુક શેરીએ શેરી, તે દુઃખે આવે સાગરની લહેરી.
હું ભાઈ-પ્રજાએ કાઢી નાખ્યો, સ્વાદ સંસાર-સગાઈનો ચાખ્યો;
ઋતુપર્ણ, તમે શરણાગત રાખ્યો, ઉપકાર તમારો ન જાય ભાખ્યો.
શત કલ્પ કરે કો ગંગાસ્નાન, કરે કોટિ જગન દે દાન;
કરે કોટી જજ્ઞ, સોવલી પાન, ફલ નાવે શરણાગત વાછલ સમાન.
તમારું દુઃખ દેખી કલપે પુરલોક, શુભ વેળા આંસુ, ભરો તે ફોક.'
એહેવું કહી ભેટ્યા પુણ્યશ્લોક, ટાળ્યો ઋતુપર્ણનો શોક.
ઋતુપર્ણ કહે શિર નામી, ,ઉપકીર્તિ મેં બહુ પામી;
તમો સકળ નરપત્ય-સ્વામી, સ્વારથ-અંધ થયો હું કામી.
ભીમકતનયા જનેતા જેહેવી, તે ઉપર કરી કુદષ્ટિ જેહેવી;
મનબુદ્ધિ મૂરખ જેહેવી, એથી અંન્યા વાત બીજી કેહેવી?
એહેવી અધર્મ વારતા મેં કરી, શું કરું હું દેહ ધરી રે?
વૈદર્ભી મુજ માત જેહેવી, વરવાની મેં બુધ્ય કરી રે!'

## કડવું ૬૫

[રાગ-ધવલ ધન્યાસી]

લજ્જા-કૂપ માંહાં ભૂપતિ પડિયો, ઊંચું ન શકે ભાળીજી; ચતુરશિરોમણિ નૈષધનાથે, વેળા વાત સંભાળજી
ભીમક રાજાને એક પૌત્રી, સુલોચના એહેવું નામજી;
દમનકુંવર તણી જે કુંવરી, શુભ લક્ષણ ગુણધામજી.
અનંગઅંગના સરખી સુંદરી, જાણે દમયંતી બીજીજી;
ઋતુપર્ણને તે પરણાવી, દમયંતીની ભત્રીજીજી.
પેહેરાંમણી બહુ પ્રીતે કીધી સંતોષ્યો ઋતુપર્ણજી;
અયોધ્યાપતિ ચાલ્યો અયોધ્યા, નમી નળને ચરણેજી.
પરસ્પરે આલિંગન દીધાં, નળે આપી અશ્વવિદ્યાયજી;
પંચરાત્ર રહ્યા સ્ત્રી સાથે, વિદાય થયા નળરાયજી.
ચતુરંગ સેના બહુ ભીમકે આપી, સાથે થયો નરેશજી;
નળરાજા ઘણા જોધ સંઘાથે આવ્યા નૈષધદેશજી.
તે સમાચાર પુષ્કરને પોહોંતો તેમ જ ઊઠ્યો રાયજી;
પ્રજા સંઘાથે સાહામો ચાલ્યો, પ્રીતે પાયે પલાયજી.
હયદળ પાયદળ ગજદળ રથદળ, કળ ન પડે કેકાંણજી;
પ્રબળ દળ સકળ પુરવાસી, નીરખવા નરેશના પ્રાણજી,
વાહન ઉપર ધજા અંબાડી, મેઘાડંબર છત્રજી;
કનકકલશ ઘંટા બહુ, ઘમકે શોભે સરિયાંપાન સર્વત્રજી.
ભેરી ભેર મૃદંગ દુંદુભિ, પટહ ઢોલ બહુ ગાજેજી;
વેણા વેણુ શરણાઈ શંખધુનિ, તાલ ઝાંઝ બહુ વાજેજી.
શું ઉદધિ પર્વણી જાણી ઊલટ્યો, પૂરણ-ચંદ્ર નળ માટજી;
શ્રવણ પડ્યું સંભળાયે નહીં, થઈ ભારે ભીડ પુરવાટજી.
ભીમકનંદન કેહે શાલક પ્રત્યે, 'સૈન્યને આજ્ઞા દીજેજી;
પુષ્કર આવ્યો ક્રોધ કરીને, થાઓ સજ્જ, આપણ જુધ્ધ કીજેજી.'
નળ કેહે ત્રણ શાલક પ્રત્યે, ,મિથ્યા વિરોધ-વિચારજી;
પુષ્કરનું મન થયું અતિનિર્મળ, નાશ પામ્યો કલિનો વિકારજી,
સાધુપુરુષને કુબુદ્ધિ આવે, તે પૂર્વકર્મનો દોષજી;
પુષ્કર-કલિજુગનો વાંક નથી' કહ્યું વિચારી પુણ્યશ્લોકજી.

'મેરુ ચળે, રવિ પશ્ચિમ પ્રગટે, પાવક શીતળ થાયેજી;
જો વિધિ ભૂલે, નિધિ સાતે સૂકે, પણ પુષ્કર બાણ ન સાહેજ,
અહેવી ગોષ્ટ કરતાં પુષ્કર આવ્યો, બાંધ્યા પટકોળે નિજ હાથજી;
ડંડ પ્રણામ કરતો, ડગ ભરતો, ઘણું લાજતો મન સાથજી.
નળ ઊઠ્યા બાંધવને દેખી, બાંહે ગ્રહી બેઠો કીધોજી;
મસ્તક સૂંઘી, પ્રશંસા કીધી, ભુજ ભરી રૂદયા લીધોજી,
એક આસને બેઠા બેઉ બાંધવ, જેમ શોભે કામ-વસંતજી.
પ્રજાએ બહુ પૂજા કીધી, આપી ભેટ અનંતજી.
પુષ્કરે બહુ દીન જ ભાખ્યું, થયાં સજળ લોચનજી;
'હું કૃતઘ્ની કઠિન ગોઝારો, મેં દંપતી કાઢ્યાં વનજી.
વણ અપરાધે વિપરીત કીધું દીધું દારુણ દુ:ખજી;
સાત સમુદ્રે ન જાય શ્યામતા, ધોતાં માહારું મુખજી,
પુષ્કર વીર નળે સમજાવ્યો, કહી શિખામણ સમાધાનજી;
એક ગજ ઉપર બેઠા બેઉ, આવ્યા પુરમાં પરમનિધાનજી,
ધજા પતાકા તોરણ માળા, ચિત્ર સાથિયા શેરીજી;
અગર ધૂપ આરતી થાય, વાજે ભેરી નફેરીજી,
ધવલ માંગલ્ય ગીત ને ગાથા, હાથા કુંકુમ રોળજી;
ચૌટા ચોક ને રસ્તાને નાકે, ઊભી પ્રજા ટોળેટોળાંજી.
કુસુમ-મુગતાફ્લે વધાવે, ગોખે ચઢી નરનારીજી;
નૈષધનગરીની શોભા સુંદર, શું અમરાપુરી ઉતારીજી!
અભિજિત લગ્ન મુહૂરત સાધી, નળ બેઠો રાજ્યાસનજી.
મળવાને જે નરપત્ય આવ્યા, તે વોળાવ્ય રાજનજી.
જુધ્ધપતિ પુષ્કરને કીધો, નળ કીધા જશ અનંતજી,
ધર્મરાજય કીધું નળરાયે સહસ્ર વર્ષ પર્યં તજી.
નળના રાજ્યમાંહાં બંધન ન પામે, એક પુસ્તકને બંધનજી;
દંડ એક શ્રીપાતને હસ્તે, ધન્ય વીરસેનનંદનજી.
કંપારવ ધ્વજાને વર્તે, પવન વસે આકાશજી
ત્યાગ પારધીએ કીધાં, જીવનો ન કરે નાશજી.
ભય એક તસ્કરને વર્તે, કપાટને સદા વિયોગ;
ચંતા સાધન રખે ન થાય, ત્યાગ વિષયના ભોગજી.

ચતુર્વર્ણ સર્વે શૂરી, શાનખડ્ગ તીવ્રધારજી;
દેહગૃહ મધ્યે ખટ તસ્કર, પીડી ન શકે લગારજી.
વસુધા ધર્મહીન નવ થાય, બોલે મિથ્યા કરી ગુપ્તદાનજી;
હરિભક્તિ નહીં તેનું નામ દરિદ્રી, જેને ભક્તિ તે ભાગ્યવાનજી.
તે જ મુઓ જેની ઉપકીર્તિ સાથે, અકાલ મૃત્યુ ન થાયજી,
માગ્યા મેહ વરસે વસુધમાં, દુધ શું કરે ગાયજી.
માતાપિતા ગુરુ વિપ્ર વૈષ્ણવની, સેવા કરે સર્વ કાયજી;
પનિંદા પરનારી પરધન, કો કુદષ્ટે ન જોયજી.
એવું રાજ્ય નળનાથે કીધું, પુણ્યશ્લોક ધરાવ્યું. નામજી;
પુત્રને રાજ્યાસન આપી, ગયા તપ કરવા ગુણધામજી,
અનશન વ્રત લેઈને દેહ મૂક્યો, આવ્યું દેવ વિમાનજી;
વૈકુંઠ દમયંતી-નળ પોહોતાં, પામ્યાં શ્રીભગવાનજી.
બૃહદશ્વ કહે, ,સુણ રાય યુધિષ્ઠિર, એહેવા હવા નહીં, ન હોયજી;
એ દુઃખ આગળ તાહારા દુઃખને યુધિષ્ઠિર, શું રોયજી;
કાલે અર્જુન આવશે, રાજા, કરી ઉત્તમ કજજી'
એ કથા સાંભળી પાયે લાગ્યો, મુનિવરને મહારાજજી.
'પરિતાપ ગયો મહારા મનનો, સાંભળી સાધુ ચરિત્રજી;
અવિચળ વાણી, બૃહદજી સાંભળી, હું પતિત થયો પવિત્રજી.'
થોડે દિવસે અર્જુન આવ્યા, રીઝયા ધર્મરાજાનજી;
વૈશંપાયન કહે, ,જનમેજય, થયું પૂરણ નળ-આખ્યાનજી.'
સાંભળે ભણે વા લખાવે પુસ્તક, સર્વ તીર્થનું ફળ થાયજી;
અશ્વમેધાદિક જશતણું ફળ, આપે વૈકુંઠરાયજી.
કરકોટક ને નળ-દમયંતી, સુદેવ, ઋતુપર્ણ રાયજી;
એ પંચનામ લે સૂતાં ઊઠતાં, તેને ઘેરથી લિજુગ જાયજી.
વીરક્ષેત્ર વડોદરું નામે ગુજર દેશ ગુજરાતજી;
કૃષ્ણસુત કવિ ભટ પ્રેમાનંદ, મેવાડા ચોવીસા ન્યાતજી,
ગુરુપ્રતાપે પદબંધ કીધો, કાલાવાલા ભાખીજી;
આર્ણિકપર્વની મૂળ કથામાં, નૈષધની લીલા આખીજી,
મુહૂર્ત કીધું સુરત મધ્યે, થયું પૂરણ નંદરબારજી;
કથા નળદમયંતીજીની, સંસાર માંહાંસારજી.

સંવત ૧૭૪૨ વર્ષે પોષ સુદી બીજ ગુરુવારજી;
દ્વિતીયા ચંદ્રદરશનની વેળા, થઈ પૂર્ણ કથા વિસ્તારજી.
વૃદ્ધ જોવંન નરનારી બાલક, સોહે કથા સાંભળશેજી;
બ્રહ્મહત્યાદિક પાતિક ટળશે, રાધાવર સદ્ય પામશેજી,

વલણ

રાધાવર સંદ્ય પામશે, એ સાંભળતાં પદબંધ રે;
'શ્રોતાજન, શ્રીકૃષ્ણ જપો' કહે ભટ પ્રેમાનંદ રે.

BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાનઃ 'નળાખ્યાન'

GMJ–402

દ્વિતીય વર્ષ બી. એ.

સેમેસ્ટર–04

# 2

# 'નળાખ્યાન': આસ્વાદમૂલક સઘન અધ્યયન

| | | |
|---|---|---|
| લેખન- સંપાદન | : | ડૉ. એ. એ. શેખ<br>એસોસિએટ પ્રોફેસર<br>સરકારી વિનિયન અને વાણિજ્ય કૉલેજ, જાદર |
| વિષય પરામર્શન | : | ડૉ. યોગેન્દ્ર પારેખ<br>પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| સહસંપાદન | : | ડૉ. હેતલ ગાંધી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ. પ્રવીણ વણકર<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| વિષય સમિતિ | : | ડૉ. યોગેન્દ્ર પારેખ<br>પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>પ્રો. ડૉ. પિંકી પંડ્યા<br>વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ડૉ. હેતલ ગાંધી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | કાર્યકારી કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | પ્રથમ આવૃત્તિ : 2020-21 |
| ISBN | : | 9789392 139604 |
| મુદ્રક | : | શ્રીધર પ્રિન્ટર્સ, અમદાવાદ |

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## નળાખ્યાન


| | |
|---|---|
| **એકમ : ૧**<br>૧ થી ૫ કડવાંની સમીક્ષા | ૧ થી ૭ |
| **એકમ : ૨**<br>૬, ૭, ૮ અને ૯ કડવાંની સમીક્ષા | ૮ થી ૧૧ |
| **એકમ : ૩**<br>૧૦, ૧૧, ૧૨ અને ૧૩ કડવાંની સમીક્ષા | ૧૨ થી ૧૭ |
| **એકમ : ૪**<br>૧૪ અને ૧૫ કડવાંની સમીક્ષા | ૧૮ થી ૨૧ |
| **એકમ : ૫**<br>૧૬, ૧૭ અને ૧૮ કડવાંની સમીક્ષા | ૨૨ થી ૨૭ |
| **એકમ : ૬**<br>૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ કડવાંની સમીક્ષા | ૨૮ થી ૩૪ |
| **એકમ : ૭**<br>૨૪, ૨૫, ૨૬, ૨૭, અને ૨૮ કડવાંની સમીક્ષા | ૩૫ થી ૪૨ |
| **એકમ : ૮**<br>૨૯ થી ૩૩ કડવાંની સમીક્ષા | ૪૩ થી ૪૯ |
| **એકમ : ૯**<br>૩૪ થી ૩૫ કડવાંની સમીક્ષા | ૫૦ થી ૫૫ |
| **એકમ : ૧૦**<br>૩૬ થી ૪૫ કડવાંની સમીક્ષા | ૫૬ થી ૬૪ |
| **એકમ : ૧૧**<br>૪૬ થી ૫૦ કડવાંની સમીક્ષા | ૬૫ થી ૭૦ |
| **એકમ : ૧૨**<br>૫૧ થી ૫૫ કડવાંની સમીક્ષા | ૭૧ થી ૭૭ |
| **એકમ : ૧૩**<br>૫૬ થી ૬૦ કડવાંની સમીક્ષા | ૭૮ થી ૮૫ |
| **એકમ : ૧૪**<br>૬૧ થી ૬૫ કડવાંની સમીક્ષા | ૮૬ થી ૯૨ |
| **એકમ : ૧૫**<br>પ્રેમાનંદે મહાભારનાં 'નલોપાખ્યાન'ની કથામાં કરેલા ફેરફારો | ૯૩ થી ૯૮ |
| **એકમ : ૧૬**<br>નળાખ્યાન : સઘન અધ્યયન–૧ | ૯૯ થી ૧૧૩ |
| **એકમ : ૧૭**<br>નળાખ્યાન : સઘન અધ્યયન–૨ | ૧૧૪ થી ૧૨૧ |
| ● પ્રેમાનંદ વિષયક વિશેષ વાચન સામગ્રી | ૧૨૨ |

# એકમ-1

## ૧થી ૫ કડવાંની સમીક્ષા

### રૂપરેખા

**1.0** ઉદ્દેશ

**1.1** ભૂમિકા

**1.2** સમીક્ષા

**1.3** વસ્તુલક્ષી કસોટી

**1.4** મહત્વના શબ્દો

## 1.0 ઉદ્દેશ

આ અંકમાં 'નળાખ્યાન' ના ૧ થી ૫ કડવાંની સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ

- પાંચ કડવાંનો રસલક્ષી આસ્વાદ મેળવશે.
- આખ્યાન સ્વરૂપનો પ્રારંભ એ કાળે કવિ કઈ રીતે કરતા હશે તેના વિશે માહિતી મેળવશે.
- વસ્તુ/કથાવસ્તુ અને સંકલના વિશે પ્રેમાનંદની સર્જકતાનો પરિચય મેળવશે.
- મહાભારતમાં યુધિષ્ઠિરને કહેવાતી નળરાજાની કથા અને નળના રાજય અને ભાઈ તથા દમયંતીના સૌંદર્યની માહિતી મેળવશે.
- નળ રાજાના લગ્ન માટે કેવી કન્યા જોઈએ તે અને દમયંતી તરફ નળ કેવી રીતે આકર્ષાય છે તે પ્રસંગોની જાણ થશે.
- આ એકમમાં કડવાં એકથી પાંચની ભાષાની ક્ષમતા વિશે માહિતી મેળવશે અને પ્રેમાનંદે કરેલો ભાષાનો ઉપયોગ કેવી સિદ્ધિ દાખવે છે તે જોઈ શકાશે.

## 1.1 ભૂમિકા :-

પ્રેમાનંદ મધ્યકાળના એક એવા સર્જક છે જેમણે એ કાળનાં માનવ-સમાજને પોતાનાં આખ્યાનો દ્વારા આનંદ ઉપદેશ અને સંસ્કાર આપવાનું કાર્ય કર્યું છે. એમણે 'કુંવરબાઈનું મામેરૂં', 'સુદામાચરિત્ર', 'ઓખાહરણ', 'દશમસ્કંધ', 'રણયજ્ઞ', 'નળાખ્યાન' જેવી મૂલ્યવાન આખ્યાન રચનાઓ ગુજરાતી સાહિત્યને આપી છે. 'નળાખ્યાન' પ્રેમાનંદની બધી જ રચનાઓમાં પાકટ સર્જકતાની ઉત્તમ રચના છે. આ આખ્યાનના શીર્ષકમાં જ સુપ્રસિધ્ધ નળ રાજાના ચરિત્રનો ઉલ્લેખ મળી જાય છે. નળ રાજા અને દમયંતીના ઘરસંસારમાં કેવી આપદાઓ પડે છે તેની કથા આલેખીને પ્રેમાનંદે સામાન્ય જનને દુઃખમાં કેવી તટસ્થતા રાખવી જોઈએ એનો નિર્દેશે કર્યો છે. પ્રસ્તુત આખ્યાનના ૧ થી ૫ કડવાંની કથામાં પ્રેમાનંદ નળના રાજયની, એના ભાઈ પુષ્કરની ઈર્ષ્યા, નળ રાજાની લગ્ન માટેની કન્યાની શોધ, નારદનું આગમન, દમયંતીનો ઉલ્લેખ અને તેના સૌંદર્યનું વર્ણન વગેરે પ્રસંગો ખૂબ રસિકતાથી ટૂંકાણમાં નિરૂપીને નળ-દમયંતી કથાની ભૂમિકા બાંધી છે. પ્રેમાનંદ શંકર ભગવાન અને સરસ્વતી દેવીને સ્મરીને નળ રાજાની કથા કહેવાની નેમ રાખી મહાભારતના આરણ્યક પર્વની વાત મૂકીને કથાનો આરંભ કરે છે. ખૂબ ઝડપથી અને તેજસ્વી શબ્દોથી ભૂમિકા બાંધવાની પ્રેમાનંદની કળાનો નિર્દેશ અહીં જોવા મળે છે.

## 1.2 સમીક્ષા :-

મહાકવિ-આખ્યાન શિરોમણી પ્રેમાનંદ નળકથાનો આરંભ આખ્યાનમાં કરતી વખતે મધ્યકાલીન આખ્યાન પરંપરાને અનુસરીને મંગલાચરણ કરે છે. એમણે આ કથા માટે મહાભારતના વનપર્વનો આધાર લીધો છે. તો પોતાના પુરોગામી આખ્યાનકારો નાકર, ભાલણ, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનનો પણ આધાર લીધો છે. મહાભારતમાં યુધિષ્ઠિર જયારે જુગારમાં સઘળું હારી જાય છે ત્યારે અર્જુનના વિરહથી તૃપ્ત અને દુઃખી એવા યુધિષ્ઠિરને શાતા આપવા માટે બૃહશ્વ ઋષિ નળ રાજાની કથા કહે છે. નળ રાજાની એ કથા એટલા માટે કહે છે કે યુધિષ્ઠિરને પોતાના ભાઈઓના વર્તન બદલ ખૂબ દુઃખ થાય છે. (સિવાય અર્જુન) અર્જુન એ સમયે કૈલાસ પર્વત પર તપ કરવા ગયો છે. એવા સમયે દુઃખમાંથી બહાર લાવવા બૃહશ્વ ઋષિ એને કથા કહે છે. પરંતુ તે પહેલાં યુધિષ્ઠિર અને બૃહશ્વ ઋષિની વાતચીત અને ક્રિયા પ્રેમાનંદે આ કડવામાં કહી છે. શંકર ભગવાન અને સરસ્વતી દેવીને યાદ કરીને - પ્રણામ કરીને નૈષધ દેશના રાજાની કથા આરંભે છે. ''આદરૂ જોડવા જશ નૈષધ તણો રે.''

યુધિષ્ઠિર બૃહશ્વ ઋષિની સેવા કરતા હોય છે. પગચંપી વખતે અર્જુન યાદ આવતાં આંખમાંથી અશ્રુ વહે છે. ઋષિનાં પગ ભીના થવાથી તે આમ દુઃખી કેમ છો રાજા, કેમ રડો છો ? એમ પૂછતાં યુધિષ્ઠિર પોતાની કથની કહે છે કે હું ભીમ પાસે દાતણ માંગુ તો આખા ઝાડ ઉપાડી લાવે. નકુળ પાસે કંઈ માંગુ તો એ વાર બહુ લગાડે. સહદેવ પણ સરખું કામ નથી કરતો. ત્રણેય ભાઈની આવી રીતે આદત મારાથી સહન નથી થતી. વગર માગે બધુ હાજર કરી દે એવો મારો અનુજ અર્જુન નથી. તેથી હે ઋષિરાય હું દુઃખી છું. પોતાનું દુઃખ ઋષિ આગળ કહેતાં યુધિષ્ઠિર ઘણા દુઃખી છે. તે જોઈ ઋષિ કહે છે કે હે રાજન ! તમારું દુઃખ તો કશું નથી. નળ રાજાને જે દુઃખ પડયું તેના સોમા ભાગનું દુઃખ પણ તમને નથી. ત્યારે યુધિષ્ઠિર એ નળ-રાજાની કથા સાંભળવાની આશા સાથે વિનવણી કરે છે. કેમ કે યુધિષ્ઠિરને એમ છે કે એ કથા સાંભળવાથી પોતાનું દુઃખ દૂર થશે. પ્રેમાનંદે ૨૭ કડીમાં જે લાઘવથી પોતાની કવિત્વ શકિતનાં દર્શન કરાવ્યાં છે તેવી શકિત અન્ય કોઈ આખ્યાનકારમાં જોવા મળતી નથી. આ કડવામાં ગંભીર-કરૂણ ભાવ સાથે હાસ્ય રસનું નિરૂપણ પ્રેમાનંદ આગવી શૈલથી કરી બતાવે છે. અહી ં પ્રેમાનંદે ભાષા પાસેથી જે કામ લીધું છે તે તત્કાલીન ભાષાનો પરિચય કરાવે છે. પ્રસંગ અને ઘટના દ્વારા આ કડવામાં પ્રેમાનંદે ગતિશીલ શબ્દચિત્રો આપ્યાં છે. ઋષિ અને યુધિષ્ઠિરનાં પાત્રનો પણ ઓછા શબ્દોમાં સંપૂર્ણ પરિચય કરાવ્યો છે.

⇨ બીજાં કડવામાં પ્રેમાનંદે બૃહશ્વ ઋષિના મુખે નૈષધ દેશ અને ત્યાંના રાજવીની કથા આરંભમાં રજૂ કરી છે. નૈષધ દેશમાં વીરસેન-સૂરસેનનું રાજય છે. એ બંનેને એક એક પુત્ર છે. નળ અને પુષ્કર. નળને રાજય આપી વીરસેન-સૂરસેન તપ કરવા જતા રહે છે. હવે નળના હાથમાં રાજય છે. એ રાજય એટલું સમૃદ્ધ છે કે લોકો ઘરના બારણાં ખુલ્લા મૂકીને સૂઈ જાય છે. નળ અને પુષ્કરે દિગ્વિજય મેળવ્યો છે. નળના રાજય શાસનથી પ્રજા ખૂબ જ સુખી છે. નળનો નિયમ છે કે જે માગે એને એટલું દાન આપે છે. આ રીતે નળની ખ્યાતિ ખૂબ જ વધે છે. સમસ્ત જગતમાં નળની વાહ વાહ થાય છે. નળને મળતાં માન-પાન અને જશ જોઈને પુષ્કરને અદેખાઈ આવે છે. અને પોતે નાનમ અનુભવે છે. એથી એને વૈરાગ્ય આવી જાય છે અને તે વનમાં ચાલ્યો જાય છે. હવે નળ એકલો છે. તે પોતાના લગ્ન માટે કન્યાની શોધ કરાવે છે. પરંતુ તેને લાયક કોઈ રાજકુમારી મળતી નથી. રૂપ-ગુણમાં પૂર્ણ રાજકુમારીની શોધમાં ઘણા દિવસ વીતી જાય છે. એ વખતે નારદજી નળને ત્યાં આવે છે. બીજું કડવું અહીં પૂર્ણ થાય છે. પ્રેમાનંદે આ કડવામાં નળના રાજયનો જે મહિમા બતાવ્યો છે, તે આમ અતિશયોકિત ભર્યો લાગે. પરંતુ નળ જેવા સર્વગુણ સંપન્ન રાજાના

વ્યકિતત્વને ઉઠાવ આપવા માટે પ્રેમાનંદ કયારેક આ પ્રકારનાં વર્ણનો કરે છે. પુષ્કરનાં મનના ભાવો, નળનું વ્યકિતત્વ અને આંતરમન પૂરેપૂરું અહીં જોવા મળે છે. પિતાએ સોંપેલું રાજય કેવું હોવું જોઈએ, એ નળને ખ્યાલ છે. તેથી એ રીતનું બનાવે છે. બે સગા ભાઈઓમાં ઈર્ષ્યા થાય તો આ તો પિતરાઈ ભાઈઓ વચ્ચે અદેખાઈ થાય એમાં શી નવાઈ ? મિલકત અને યશ અદેખાઈ કરાવે તેનો નિર્દેશ ભાષાની ધાર કાઢીને અહીં રજૂ કર્યો છે. જે પ્રેમાનંદની સર્ગ શકિતનો પરિચય આપે છે.

⇨ ત્રીજા કડવામાં નારદજીનું નૈષધમાં આગમન થઈ ચુકયું છે અને નળ રાજાના લગ્ન–કન્યાની શોધની વાત જાણી નળ માટે કન્યા જન્મી ચૂકી છે તેનો નિર્દેશ કરી નારદજી દમયંતીનું રસશૃંગારભર્યું વર્ણન કરે છે. જેમાં દમયંતીના બાહ્ય અને આંતર સૌંદર્યનો પરિચય ભાવકને થાય છે. આ કડવામાં નારદ અને નળનો સંવાદ રસપૂર્ણ છે. નળની સમસ્યાનું સમાધાન કરતાં નારદ કહે છે કે 'એક કન્યા અલૌકિક છે.' આ સાંભળી નળને ઉત્સુકતા જાગે છે કે એ કન્યા તો જોવી જ જોઈએ. એમ વિચારીને નારદને એ કન્યા વિશે પૂછે છે ત્યારે નારદ દમયંતીનું જે પરંપરિત રૂપવર્ણન કરે છે તેમાં અતિશયોકિત છે જ. વર્ણન લાંબુ પણ છે. પરંતુ એ દીર્ઘસૂત્રી વર્ણન એ સમયનાં શ્રોતાઓને આનંદ તો આપતું જ હશે. શ્રોતા–ભાવકોને એ કડીઓ ગવાતી વખતે દમયંતી ચાક્ષુસ થતી હશે એમ અનુમાન કરીએ તો ખોટુંય શું છે. ? પ્રેમાનંદ એક એવા આખ્યાનકાર છે કે જયારે જયારે તક મળે ત્યારે પોતાની વર્ણનશકિતનો પૂર્ણ લાભ ઉઠાવી ભાવકોને મંત્રમુગ્ધ કરવાનું ચૂકતા નથી. એ જયારે આવા વર્ણનો કરે છે ત્યારે પૂર બહારમાં ખીલે છે. આ કડવામાં પ્રેમાનંદની આ શકિત જોવા મળે છે. ઓછા શબ્દોમાં નળની મનોદશા અહીં આલેખી છે તે અને ઓછા શબ્દોમાં દમયંતીનું વર્ણન સાંભળી નળની મનોદશા અને વર્ણનચિત્રો રચીને પ્રેમાનંદે ભાષાનો કયાસ કાઢી બતાવ્યો છે. વિદર્ભ દેશની વાંઝણી રાણીને પેટ અવતરેલી દમયંતીની નારદે જન્મકથા પણ કહી છે. એનું વર્ણન થઈ શકે એમ નથી એમ કહેતા નારદ કુતૂહલ જગાડે છે.

⇨ ચોથા કડવામાં નારદજી દ્વારા દમયંતીના સૌંદર્યનું વર્ણન આગળ ચાલે છે. આ કડવામાં પ્રેમાનંદ નારદના મુખમાં જે પ્રશંસાયુકત શબ્દો મૂકે છે અને દમયંતીનું જે રીતે વર્ણન કરે છે તે જોતાં એમ લાગે કે પ્રેમાનંદ પાસે ચાતુર્ય રસિકતા અને વર્ણનની અદભૂત શકિત રહેલી છે. તે દમયંતીના વર્ણનમાં નારદની અશકિત દર્શાવતા કહે છે.

''પણ બુધ્ધિ–મેળે માનુનીનું કરું છું વર્ણન,
જેમ સાગરમાંથી ચંચ જળની ભરે પંખીજન''

અતિશયોકિત ભર્યું આવું વર્ણન પ્રેમાનંદે નારદ પાસે કહેવડાવ્યું છે કે દમયંતીનો જન્મ કેમ થયો ને બ્રહ્માએ એને કેવી રીતે ઘડી. દમયંતીને ઘડયા પછી જે રજ વધી એનો ચંદ્ર ઘડયો એવું નારદમુનિના કહેવાથી નળના મનમાં જાગેલી શંકાનું સમાધાન આ કડવામાં પ્રેમાનંદ અદભૂત રીતે આપે છે. તેમાં પ્રેમાનંદની ચાતુરીના દર્શન થાય છે. આ કડવામાં પ્રેમાનંદ દમયંતીના એક એક અંગનું વર્ણન કરતી વખતે જગતનાં પ્રાણી, પશુ, પંખીની સાથે તુલના કરી દમયંતીને બધી વાતે ચડિયાતી બતાવે છે. પ્રેમાનંદને શાસ્ત્રનું કેટલું ગહન જ્ઞાન વાંચન કે પરિચય હશે તેનો પરિચય આ કડવામાં થાય છે. તો જગતના પ્રાકૃતિક તત્વોનું કેટલું ઝીણું નિરીક્ષણ કરી શકે છે તે પણ આ કડવામાં જોવા મળે છે.

પાંચમાં કડવામાં દમયંતીના આંતર અને બાહ્ય ગુણોનું એક સાથે વર્ણન કરે છે. આ કડવું દમયંતીનાં સૌંદર્યમાં વધુ ઉમેરણ કરે છે. અહીં પ્રેમાનંદ કડવાં ચાર કરતાં વધુ ઝીણવટથી દરેક અંગની ખાસિયત વર્ણવે છે. નારદમુનિ અહીં ગહેરાઈથી આ પ્રકારનું વર્ણન કરીને નળના હૃદયમાં દમયંતીને પરણવાની તાલાવેલી ઉત્પન્ન કરે છે. આ કડવું આપણું એ રીતે ધ્યાન ખેંચે છે કે પ્રેમાનંદની ચાતુરીભરી રસિકતા અને અવલોકન શકિત, વિવિધ અલંકારો અને ચિત્રાત્મકતાનું દર્શન કરાવે છે. દમયંતીના કોઈ અવગુણ નથી એમ કહીને નારદ એની વાત કરે છે. શૃંગારનું આવું વર્ણન પ્રેમાનંદ પહેલાં કોઈએ કર્યું હોય એમ લાગતું નથી. દમયંતીની કેડ (કમર), ચાલ, રૂંવાટી (રોમ), વસ્ત્રની ચમક, પગ, પાની, ઝાંઝર, રંગ, સુગંધીત દ્રવ્યો, વિવિધ આભૂષણ વગેરેનાં વર્ણનમાં ભાષાકીય ક્ષમતા બતાવે છે. એ સમયે ઉચ્ચજ્ઞાતિમાં શૃંગારની કેવી સામગ્રી અને અલંકારો હશે એનો પરિચય પણ અહીં થાય છે. અહીં પ્રેમાનંદ પૃથ્વીથી લઈને સ્વર્ગના દેવો સુધી ફરી વળીને દમયંતીને ઉચ્ચ સ્થાને બેસાડે છે. પછી તો નળના મનમાં ધીરજ ધરવી મુશ્કેલ બની જાય છે. એ દમયંતિના સૌંદર્યનું વર્ણન સાંભળી એને પરણવા આતુર થાય છે. તે નારદને પૂછે છે કે એને પરણવાનો કોઈ ઉપાય બતાવો. ત્યારે નારદ જે

જવાબ આપે છે તે દમયંતીના સૌંદર્યની પરાકાષ્ટા બતાવી દે છે.

''નારદ કેહે : માહારું કહેણ ન લાગે, હું ન જાઉં તાહારે માગે,
મુઝને મોહનાં બાણ વાગે, બ્રહ્મચર્ય વ્રત માહારું ભાંગે.''

નારદમુનિએ કરેલા દમયંતીના વર્ણનમાં પ્રેમાનંદની રસિકતા અને ઉચ્ચ કવિત્વશકિતના દર્શન થાય છે. દમયંતીના આલંકારિક રૂપવર્ણનમાં પ્રેમાનંદે પોતાના પુરોગામી સર્જકો ભાલણ, નાકર અને શ્રીહર્ષની અસર ઝીલી હોય એમ સ્પષ્ટ લાગે છે. પણ આ પ્રેમાનંદ છે વચ્ચે–વચ્ચે એ પોતાની મૌલિકતાનો પરિચય પણ કરાવતા જાય છે. દમયંતીના દેહસૌંદર્યને મૂર્ત ચિત્રણથી વર્ણવાને બદલે પ્રેમાનંદ અતિશયોકિતથી તેની ઉત્કૃષ્ટતાની છાપ ઉપસાવી તેના સોળ શણગાર નું વર્ણન કરે છે. આ પ્રકારનાં વર્ણનમાં સમકાલીન ગુજરાતી સ્ત્રીઓના અલંકારોનું તેનું જ્ઞાન તેને ખૂબ જ કામ લાગ્યું છે. અહીં ખાસ વાત એ નોંધવી જોઈએ કે પ્રેમાનંદ નારદ જેવા દૈવી પાત્રને સામાન્ય જન જેવું આલેખે છે. તે નળને પણ એજ રીતે વર્ણવે છે. એટલે ઔચિત્યભંગ થતો જણાય પરંતુ પ્રેમાનંદને તો એ સમયનાં સમાજને પોસાય–ગમે–રસ પડે એમ આખ્યાન કહેવું છે. એટલે એમનો આ દોષ આમ તો નગણ્ય ગણવો જોઈએ. રસ, ભાષા, વર્ણન અને કલ્પના શકિતનો ઉત્તમ નમૂનો આપણને કડવાં ત્રણથી પાંચ સુધી સુપેરે મળી રહે છે.

કડવા નંબર ૧ થી ૫ દરમિયાન પ્રેમાનંદ મહાભારતના વનપર્વમાં યુધિષ્ઠિરની મનોદશા, એને શાંત કરવા બૃહશ્વ ઋષિ દ્વારા કહેવામાં આવતી નળકથા, નળના રાજયનો, એના ભાઈ પુષ્કરની અદેખાઈનો, નળના લગ્ન માટે કન્યાની શોધ, નારદનું નળ પાસે આવવું, લગ્ન કરવાની ઉત્સુકતા વિશે અને ઈચ્છિત કન્યા નથી મળતી તે વાત નારદને ખબર પડવી, નારદ દ્વારા વિદર્ભ દેશની રૂપસુંદરી દમયંતીના રૂપવર્ણન દ્વારા નળના મનમાં તાલાવેલી જગાડવી, નળને હવે કામજવર લાગે છે એને કોઈ વૈદ્યની દવા કામ નથી આવતી વગરેનું વર્ણન કરી–ભાવકને ઉત્સુક બનાવી કડવા નંબર ૬ તરફ ગતિ કરે છે.

## 1.3 વસ્તુલક્ષી કસોટી : 1

નીચેના આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 પ્રેમાનંદે નળાખ્યાનના પ્રથમ કડવામાં મંગલાચરણમાં કયા બે ભગવાનની સ્તુતિ કરી છે ?
2 નળાખ્યાનની કથા મહાભારતના કયા પર્વમાં આવે છે ?
3 મહાભારતમાં નળાખ્યાનની ઘટના કયા વનમાં બને છે ?
4 મહાભારતમાં નળાખ્યાનની કથા એ કોણ કોને કહી રહ્યું છે ?
5 પ્રથમ કડવાની કથામાં યુધિષ્ઠિર શા માટે દુઃખી છે ?
6 બીજા કડવામાં કઈ કથાનું વર્ણન કરવામાં આવ્યું છે ?
7 નળાખ્યાનમાં 'પુષ્કર' એ કોણ હોય છે ?
8 નળાખ્યાનમાં નળની ખ્યાતિથી કોને અદેખાઈ થતી હતી. ?
9 નળ કયા રાજયનો રાજા હતો અને તેના પિતાનું નામ શું હતું. ?
10 નળાખ્યાનમાં દમયંતીની જન્મકથાનું વર્ણન કયા કડવામાં આપવામાં આવ્યું છે. ?
11 નળાખ્યાનની કથાનું મૂળભૂત રહસ્ય શું છે ?
12 નળના મનમાં દમયંતી માટે ઉત્કંઠા કયારે જાગે છે. ?
13 દમયંતીનું નામ 'દમયંતી' શા કારણે પાડવામાં આવે છે ?
14 વિદર્ભ દેશના રાજા ભીમકના પત્નીનું નામ શું હતું. ?
15 દમયંતીના રૂપનું વર્ણન કયા કડવામાં કરવામાં આવ્યું છે અને દમયંતીના રૂપનું વર્ણન કોણ કરે છે અને કોને કહે છે. ?

## વસ્તુલક્ષી કસોટીના ઉત્તર

1 પ્રેમાનંદે નળાખ્યાનના પ્રથમ કડવાના મંગલાચરણમાં ભગવાન શંકર અને સરસ્વતીની સ્તુતિ કરી છે.

2 નળાખ્યાનની કથા મહાભારતના આરણ્ય પર્વમાં આવે છે.

3 મહાભારતમાં નળાખ્યાનની ઘટના કામ્યક વનમાં બને છે.

4 મહાભારતમાં નળાખ્યાનની કથા બૃહદશ્વઋષિ યુધિષ્ઠિરને કહી રહ્યા છે.

5 અર્જુનનું ઈન્દ્રલોકાભિગમન અને ભીમના કઠોર વચન અને રોષથી તે યુધિષ્ઠિર દુઃખી થઈને બૃહદશ્વઋષિને પોતાના દુઃખની વાત કરે છે.

6 નળાખ્યાનના બીજા કડવામાં નળને મળેલા રાજયનું, તેને મળેલી કીર્તિનું વર્ણન અને પુષ્કરને મળેલા વનવાસનું વર્ણન કરવામાં આવ્યું છે.

7 નળાખ્યાનમાં 'પુષ્કર' એ નળના પિતા વીરસેનનો ભાઈ સુરસેનનો પુત્ર છે.

8 નળાખ્યાનમાં નળની ખ્યાતિથી 'પુષ્કર'ને અદેખાઈ થતી હતી.

9 નૈષધદેશનો રાજા હતો અને તેના પિતાનું નામ એ વીરસેન હતું.

10 નળાખ્યાનમાં દમયંતીની જન્મકથાનું વર્ણન એ ત્રીજા કડવામાં આપવામાં આવ્યું છે.

11 નળાખ્યાનની કથાનું મૂળભૂત રહસ્ય દમયંતીનો મહિમા છે.

12 નળના મનમાં દમયંતી માટે ઉત્કંઠા ત્યારે જાગે છે જયારે નારદ દમયંતીનું વર્ણન કરે છે અને નળને કહે છે.

13 દમયંતીનું નામ 'દમયંતી' એટલા માટે પાડવામાં આવે છે કે તે દમન નામનો જે તાપસના વરદાનથી પુત્રીનો જન્મ થાય છે. આથી તેની નિશાની રાખવા તાપસે તે સંતાનનું નામ તે દમનના નામ ઉપરથી દમયંતી પાડવામાં આવ્યું છે.

14 વિદર્ભ દેશના રાજા ભીમકના પત્નીનું નામ વજાવતી હતું.

15 દમયંતીના રૂપનું વર્ણન ચોથા કડવામાં કરવામાં આવ્યું છે અને તે વર્ણન નારદ કરે છે અને નળને કહે છે.

## 1.3 વસ્તુલક્ષી કસોટી : 2

નીચેના પ્રશ્નોના જવાબ વિકલ્પમાંથી આપો.

1 યુધિષ્ઠિર પોતાના દુઃખની વાત કોને કરે છે. ? (૧) બૃહદશ્વઋષિ (૨) શુક્રાચાર્ય

2 બુહદશ્વઋષિ કોને નળાખ્યાનની કથા સંભળાવે છે. ? (૧) ભીમ (૨) યુધિષ્ઠિર

3 નળાખ્યાનની કથા મહાભારતના કયા પર્વમાં આવે છે. ? (૧) આરણ્યપર્વ (૨) વનપર્વ

4 નળ કયા દેશનો રાજા હતો. ? (૧) નૈષધ (૨) મગધ

5 નળના પિતાનું નામ શું હતું. ? (૧) વીરસેન (૨) સુરસેન

6 પુષ્કર કોને પોતાનો સાથી માને છે. ? (૧) શિયાળ (૨) ભૂંડ

7 પુષ્કર એ નળને શું થાય છે. ? (૧) ભાઈ (૨) ભત્રીજો

8 નળની ખ્યાતિથી કોને અદેખાઈ આવે છે. ? (૧) સુરસેન (૨) પુષ્કર

9 દમયંતી કયાંની રાજકુમારી હતી. ? (૧) વિદર્ભ (૨) નૈષધ

10 દમયંતીનું નામ કયા તાપસના નામથી પાડવામાં આવ્યું છે. ? (૧) દંતુ (૨) દમન

11 વિદર્ભ દેશના રાજાનું નામ શું હતું. ? (૧) ભીમક (૨) દંતુ

12 ભીમકરાજાને કેટલી પુત્રી વરદાનમાં પ્રાપ્ત થાય છે. ? (૧) એક (૨) બે

13 વંધ્યદોષ એટલે શું ? (૧) નિઃસંતાનપણું (૨) એક પ્રકારનો રોગ

14 દમયંતીનું રૂપ વર્ણન કોણ નળને કહે છે. ? (૧) નારદ (૨) વીરસેન

15 દમયંતીની માતાનું નામ શું હતું. ? (૧) રૂપવતી (૨) વજાવતી

16 વજાવતીને કોના વરદાનથી પુત્ર પ્રાપ્ત થાય છે. ? (૧) દમન (૨) અર્જુન

17 દમયંતીના કેટલા ભાઈઓ છે ? (૧) ચાર (૨) ત્રણ

18 નળને કેવી પટરાણી જોઈએ છે ? (૧) રૂપવાન (૨) બત્રીસ લક્ષણ સંપૂર્ણવાળી

### 1.4 મહત્વના શબ્દોનાં અર્થ :–

કડવું –૧ ● નૈષધ – નૈષધ દેશ, હિમાલય પ્રદેશમાં કુમાઉનો ભાગ હતો એવું કહેવાય છે. ● આર્ણિક પર્વ – મહાભારતનું 'અરણ્ય પર્વ' જયાં નલોપાખ્યાન આવે છે. ●હેતવન – મહાભારત માં એનો ઉલ્લેખ મળે છે. પાંડવોનું નિવાસસ્થાન. ● ત્રિપુરાર – શિવ, પશુપતિ
● કાલકેતુ પુલોમા – રાક્ષસના નામ છે. ઈન્દ્રને હેરાન કરતા હતા તેથી અર્જુને તેમનો વધ કરેલો. ● ઉપન્યો – ઉપજયો, ● પુનરપિ – પાછો, ● કાંહા – કયાં, ●નવનેગ – નવો પ્રેમ ● તાપસ – તપસ્વી, ● પાંડવે – યુધિષ્ઠિરે, ● સેવાય – સેવા (ગાવાની સરળતા માટે 'ય' ઉમેર્યો છે.), ● તળાંસવાને – આપવા માટે, ● ચર્ણ – ચરણ, ● સવ્યસાચી – અર્જુન (સવ્ય એટલે ડાબે હાથે પણ બાણ મારી શકતો તેથી તે સવ્યસાચી કહેવાતો ) ● પ્રાતઃસામગ્રી – દાતણપાણી, ● સાભુ – ભલો માણસ, ● ગાંજીવ પાણી – ગાંડીવ ધનુષ્ય જેના હાથમાં છે તે અર્જુન, ● પારથ – પાર્થ પૃથાનો પુત્ર અર્જુન
● પાખી – વિના/સિવાય, ● ઋખિ – ઋષિ, ● રીધ – રિદ્ધિ/સમૃદ્ધિ,
● હારી – હાર્યા (નારી સાથે પ્રાસ મેળવવા માટે રૂપફેર) ● નારી–દ્રૌપદી (દ્રૌપદીના વસ્ત્રહરણનો ઉલ્લેખ), ● ભમયંતી – ભમતી રડતી ● ઉતપત્ય – ઉત્પતિ,
● અથ–ઈતિ – અથ/આરંભથી ● ઈતિ–અંત સુધી

કડવું –૨ ● હ્દે – હ્રદયમાં, ● જુધપતિ – યુદ્ધપતિ/સેનાપતિ, ● નક્ષાત – નક્ષત્રુ, ● શાંત –નાશ ● દિગ્વિજે – દિગ્વિજય, ● ભજે – શરણે જાય, ● સાધ –સાધ્ય/યશ, ● વ્યાધ – વ્યાધિ, ● કીરત– કિર્તી, ●કીર્ણ – કિરણ, ● નેમ – નિયમ, ● દશ – દિશા, ● ગંગ – ગંગા, ● માનસી – મનોમય ● પરજંગ – પલંગ, ● પેરે – પ્રકારે, ● વેણાપાણી – નારદ

કડવું –૩ ● શોષ – શોક/ખેદ, ● નવખંડ – પૌરાણિક ભૂગોળ પ્રમાણે પૃથ્વીના નવ ખંડ (ઈલ્મવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્યમ, ઉત્તરકુરુ),
● સપ્તદ્વીપ – પુરાણ અનુસાર પૃથ્વીના સાત મોટા ભાગ (જંબુ, કુશ, પ્લક્ષ, શાલ્મલિ, કૌંચ, શાક અને પુષ્કર) ●કોર – કરોડો ●કવણ – કોણ ? ●તારુણી – તરુણ સ્ત્રી ●
● ષડરસ – છ રસનું ભોજન ● વંગ્તદોષ – વંધ્યત્વ ● એંધાણી – નિશાની ● વ્રણવી – વર્ણવી ● મેં – મારાથી

કડવું –૪

● વિખાણ – વિગતે વર્ણન, ●ચાલ – ગતિ/ હાવભાવની છટા, ● શેષ – હજાર મોં વાળો શેષ નાગ, ● બુધ્યમેલે – યથામતિ, ● સોહાગ – શોભીતું/સુંદર ● ગાત્ર – શરીર, ●ગેરો – રજ/ઝીણી કરચ, ● વિરંચી – બ્રહ્મા, ● ઉદે – ઉદય

● આગે – આગળ, ● ભેદ – રહસ્ય, ● ખંજન – પક્ષીનું નામ, ● કીર – પોપટ ● કળાકર – મોર, ● ધીર – ધૈર્ય, ● નેસર – નથ/વાળી, ● વાંઢયું – વીંધ્યું, ● પરવાળી – પ્રવાલ, ● રસના – જીભ, ● કુચ – સ્તન, ● કુંજર – હાથી,

● માંઝ – મધ્યે, ● કાગવાંઝ – એકવાર જ ગર્ભ ધારણ કરે તેવી વંધ્યા

કડવું –૫

● ગીતા – કવિતા, ● વાયક – વાકય, ● વટી – ચાલી ગઈ, ● ઘટી – ઓછી ઉતરી ● નેપુર – ઝાંઝર, ● મર્જન – સ્નાન, ● ચીર –સાડી, ● રોળ – ચૂર્ણ, કલોલ –બહરિ ● અરગજા – સુંધીદાર ચૂર્ણ, સોળ શણગાર (મર્જન, ચીર, હાર, તંબોળ, ચંદન, અરગજાનો રોળ, શીશફૂલ, રાખડી, ચૂની, ગોફાણો, કટિમેખલા, ગળુંબંધ, મુકતાહાર, કંકણ–ચૂની, નુપૂર, અણવટ–વીંછુવા, કલ્લાં) ● હરિવદની – ચંદ્રમુખી,

● સરવથી – સર્વથી શ્રેષ્ઠ, ● આફળે – અફળાય,● અવટાચું – ઉકળ્યું

● સબળ – ભારે, ● નીલાં વસ્ત્ર – મૃગયા માટે નીલાં વસ્ત્ર પહેરાતાં હતાં.

# એકમ–2

## ૬, ૭, ૮, ૯ કડવાંની સમીક્ષા

રૂપરેખા


**2.1** ઉદ્દેશ

**2.2** ભૂમિકા

**2.3** સમીક્ષા

**2.4** વસ્તુલક્ષી કસોટી

**2.5** મહત્વના શબ્દો


## 2.1 ઉદ્દેશ

કડવા નંબર ૬, ૭, ૮, ૯ ની સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી માહિતગાર થશે.

- દમયંતીના વિરહમાં તપ્ત બનેલ નળ શાતા મેળવવા વનમાં જાય છે.
- હંસ સાથેની વાતચીતથી નળની મનોદશાનો પરિચય થશે.
- હંસ અને નળના વાર્તાલાપ દ્વારા હંસનો વિલાપ અને અભય વચનનો પરિચય.
- નળ હંસને શરતો કબૂલ કરી મુકત કરે છે. પાછા આવીને નળને આપેલું વચન પાળતું પક્ષી(હંસ)
- હંસને ઘરે લઈ જઈને એની ખાતરી કરતાં – રમત રમતાં નળ પોતાનાં મનની વાત કહે છે.
- આ બધા કડવામાં પ્રેમાનંદની માનવેત્તર પાત્રની અદભૂત રસિક સર્જકતાનો પરિચય મેળવશે.
- માણસના મનની ઝીણવટભરી તપાસ કરતાં પ્રેમાનંદની સર્જકતાનો પરિચય થશે.

## 2.2 ભૂમિકા

આ એકમમાં નળાખ્યાનનાં ૬, ૭, ૮, ૯ કડવાનો વસ્તુલક્ષી અને રસલક્ષી પરિચય આપવામાં આવ્યો છે. આગળના કડવામાં પ્રેમાનંદ નળની કથાનો આરંભ કઈ રીતે થયો એની વિગતે ચર્ચા કરે છે. હવે આ ચાર કડવામાં નળકથાનો વેગ આગળ વધારી નળના લગ્નની ભૂમિકા બાંધે છે. દમયંતીના રૂપવર્ણનની અસર હવે નળને પૂરેપૂરી થઈ છે. નળની લગ્ન કરવાની ઈચ્છાના ભાગરૂપે નારદે દમયંતીને ત્યાં જવાની ના પાડી. એટલે હવે એ કાર્ય દૂત તરીકે એક પક્ષી કરે એવી ગોઠવણ કરીને પ્રેમાનંદ પ્રથમ તો નળને વનમાં શિકાર કરવા મોકલે છે. વનમાં બધી પ્રકૃતિને જોતો નળરાજા વિવિધ ભાવો અનુભવે છે. ત્યાં સતત દમયંતીને સ્મરે છે. એક વેળા તો તે કેળનાં થડને આલિંગન આપી બેસે છે. પછી નળનું હંસના ટોળાને જોવું, એમાંથી એક હંસને પકડવું, હંસનો વિલાપ અને અપાતું અભય વચન, પોતાના પત્ની–બાળકો–માતાપિતાને મળી હંસનું પાછું આવવું, નળનું હંસને રાજમહેલમાં લઈ જવું, નળ અને હંસની દોસ્તી જામવી, વિવિધ રમતો અને વાર્તાલાપ વગેરે આ કડવાઓની મહત્વની ઘટનાઓ છે. પ્રેમાનંદ આ ચારેય કડવામાં પ્રકૃતિનો એક તત્વ તરીકે–વિભાવ તરીકે ઉપયોગ કરે છે. તત્કાલીન સમયે પ્રચલિત અને હયાત વનરાજીનો પરિચય કરાવે છે. ચિત્રાંકન શકિતનો તથા પ્રેમાનંદની ભાષા સજજતાનો પરિચય અહીં થાય છે.

## 2.3 સમીક્ષા

પ્રેમાનંદ કૃત નળાખ્યાનનું કડવું છ ૨૧ પંકતિનું છે. આ કડવામાં પ્રેમાનંદ નળની વિરહ અવસ્થાનો પરિચય કરાવે છે. વિરહમાં તપેલો નળ વનમાં જાય છે અને મનમાં જાગેલા કામને સમાવવા તે કેળને આલિંગે છે. નળની આ અવસ્થા બતાવવા પ્રેમાનંદે કહ છે.

''અનંગ–અનળ નળને વ્યાપ્યો, વન ગયો વહી શમાવા,
હયે બેઠો ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ–વ્યાકુળ થાવા.''

આવો નળ વનમાં જાય છે ત્યારે એક સરોવર નજીક જઈને જુએ છે ત્યાં વિવિધ પ્રકારનાં વૃક્ષો, વેલીઓ છે. ચંદન, ચંપો, વાળો, વણસડી, મોગરો, આંબલી, એખરા, અરીઠાં, કોઠી, કેવડા, કેતકી, કેળ, સીસમ, સાગ, સાદડ, એમ પ્રેમાનંદ વૃક્ષોની યાદી આપતા જાય છે. એવે સમયે નળને જે થાય છે તે બેશુદ્ઘ જેવી અવસ્થા છે. ભાન ભૂલેલ નળ કેળને ચુંબન પણ કરે છે. કેમકે ત્યાં એને વનશ્રીના સાંનિધ્યમાં દમયંતી સાંભળી આવી છે પણ એજ વખતે તે સોનેરી હંસોના ટોળાં જુએ છે ને ઘડીભર પોતાનું દુઃખ ભૂલી જાય છે. એમાંથી એક હંસને પકડી પોતાની પાસે રાખી પાળવાનું મન કરે છે. હંસને પકડવાની અવઢવમાં છે. ત્યાં કેવી રીતે પકડવો એય મુંઝવણ છે પણ એક હંસ સૂતો દીઠો અને નળ હળવેથી પકડે છે. હંસ નળને ચાંચો મારે છે, પણ નળ છોડતો નથી. આ કડવામાં પ્રેમાનંદનું વૃક્ષોનું જ્ઞાન, ફળ–ફૂલ વેલીનું જ્ઞાન આપણને ચકિત કરી દે છે. અહીં જે હંસોની વાત કરી છે તે પ્રેમાનંદનું મૌલિક સર્જન છે. નળની વ્યાકુળતા બતાવવા જે વનનાં તત્વોનો ઉપયોગ કર્યો છે તે અને નળનાં જીવનમાં આગળ સુખ–સમૃદ્ધિ અને લગ્નયોગ કરાવવાનાં છે તે માટે પ્રેમાનંદે હંસના–સોનેરી હંસના ટોળાંની ખૂબ જ સરસ વાત વણી લીધી છે. ગતિશીલ ચિત્રાંકનો પણ અહીં જોવા મળે છે.

⇨ કડવા સાતમાં નળે પકડેલા હંસનો વિલાપ નિરૂપાયો છે નળ તેને અભય વચન આપે છે તેનું હૃદયસ્પર્શી વર્ણન સર્જક પ્રેમાનંદે કર્યું છે. હંસ દ્વારા કરવામાં આવેલા વિલાપમાં માણસોને પાપી કહ્યાં છે અને હંસને પોતે પકડાયાથી એમ થાય છે કે હવે આ મનુષ્ય ચોકકસ મને મારી નાખશે. પોતે અસહાય છે, એમ હંસ અનુભવે છે. એ એમ પણ વિચારે છે કે જો આ મનુષ્ય મને મારી નાખશે તો મારી પત્ની અને બાળકો કોના આધારે જીવશે. નળના હાથમાં પોતાના પતિને નિઃસહાય જોઈ હંસલી બીજી કેટલીય હંસલીઓ સાથે નળ તરફ ધસી આવે છે અને આક્રંદ કરી મૂકે છે. પેલા હંસની હંસલી એ નળને શાપ આપ્યો કે 'એહેની નાર કરજો વિલાપ' આ વખતે હંસ પોતાની પત્નીને કહે છે કે તમે ઘેર જજો, આ તો કર્મના બંધન છે. આપણો આટલો જ સાથ હશે. હંસ અને હંસલીનો વાર્તલાપ સાંભળી નળને દુઃખ થાય છે. તે હંસને નહિ મારવાનું વચન આપે છે. આ કડવામાં કવિએ ટૂંકામાં ઘણી ઊંચી વાત કહી છે. જે મનુષ્યની સનાતન સ્વાર્થવૃતિ બતાવે છે. હંસ અને હંસલીના મુખમાં 'પાપી માણસાં રે' ઉકિત મૂકીને કડવાનાં કરૂણને ઘેરો બનાવ્યો છે. આક્રંદ કરતી હંસલી, નળના હાથમાં તડપતો હંસ અને નળની સ્થિતિ પ્રેમાનંદે સચોટતાથી આ કડવામાં નિરૂપી છે.

⇨ કડવા આઠમાં પ્રેમાનંદે હંસને મનુષ્ય વાણી બોલતો બતાવ્યો છે. તે જોઈ નળને ઘણું જ અચરજ થાય છે. ૨૭ કડીના આ કડવામાં નળ અને હંસનો વાર્તાલાપ વિસ્મય અને કરૂણ સાથે નિરૂપાયો છે. આવા બોલતા અને સુંદર લાગતા હંસને છોડવા નળ તૈયાર નથી, પણ હંસ એને સમજાવે છે, કરગરે છે, વિનવે છે કે હું મારી માતાનો એક જ પુત્ર છું. મારી આ હંસલીઓ અને ઘરે રહેલી ત્રણ પટરાણીઓ આક્રંદ કરીને મરી જશે. મારે ત્યાં એક હંસલીએ એક પુત્રનો જન્મ આપ્યો છે. જેનું મુખ હજી મેં નથી જોયું. હે રાજવી મને છોડ, અમે તો બ્રહ્માનું વાહન છીએ. ખોટું ના બોલીએ. હું મારા માતા–પિતા અને પત્નીઓને મળી પાછો આવીશ. તું મારી પર વિશ્વાસ રાખ. ઘણી સમજાવટ પછી નળ હંસને છોડે છે. હંસ પોતાની પ્રિયતમાને બધી વાત સમજાવી ઘેર જાય છે. પોતાના કુટુંબીઓને મળીને હંસ પાછો નળ પાસે આવે છે. પોતે આપેલું વચન તે બરાબર પાળે છે. આ પંખીની આવી વફાદારી જોઈ અને એ પાછો આવ્યો તેથી નળને અનહદ ખુશી થાય છે. ત્યારે હંસ એને સનાતન સત્ય કહે છે કે, હે ભૂપતિ અમે જો આપેલું વચન ન પાળીએ તો કાગડામાં ને અમારામાં શો ફેર ? પ્રેમાનંદે આ કડવામાં કરૂણની સાથે અદભૂત રસનું સંયોજન કર્યું છે. પ્રેમાનંદની સર્ગશકિત આવા ટૂંકા અને સામાન્ય પ્રસંગમાંય ખીલી ઊઠે છે તે અહીં જોઈ શકાય છે. મનુષ્ય જીવનની ઘણી ચિંતનાત્મક વાત અહીં પ્રેમાનંદ પરોક્ષ રીતે

મૂકી આપે છે. હંસની વફાદારી જોઈ નળ ખુદ કહી ઊઠે છે કે આ જગતમાં આ પંખી જેવી કોઈ સત્યવંત જાત નથી. પ્રેમાનંદે આ કડવાથી જ નળ અને હંસની મિત્રતા ઘેરી બનાવી છે. પ્રેમાનંદની વર્ણનશકિત અને ભાષાનો પરિચય અને સંવાદકળાની આવડત આ કડવામાં જોઈ શકાય છે. કડવાના અંતે નળ હંસને લઈ પોતાના ઘરે આવે છે.

⇨ કડવા નવમાં પ્રેમાનંદે નળરાજા અને હંસ બેઉ રાજમહેલમાં આવે છે ત્યાંથી શરૂઆત કરીને નળ અને હંસની વિવિધ રમતો – વિવિધ ક્રિયાઓ વર્ણવીને હંસના દૂત કાર્ય માટેની ભૂમિકા બાંધી આપી છે. રાજમહેલમાં આનંદમાં સમય વિતાવતાં વિતાવતાં કયારેક બગીચામાં ફરે, કયારેક દ્યૂત રમે. હવે સ્થિતિ એવી છે કે નળને હંસ વિના એક પળ ચાલતું નથી. નળે હંસને રહેવા માટે સોનાનું પિંજર પણ ઘડયું છે. એકવાર વાત વાતમાં હંસ લગ્ન જીવન વિશે પૂછે છે ત્યારે નળને દમયંતી સાંભરે છે અને નળની આંખમાં આંસુ આવી જાય છે ત્યારે હંસ એને પૂછે છે કે તમારી આંખે આંસુ ! ત્યારે નળ થોડી ફરિયાદ કરે છે કે તેં આ મહેલમાં તારા ભાભી જોયાં. ? તો હંસ કહે છે મને એમ કે કયાંક પિયર ગયાં હશે ! તમે કુંવારા છો ? અને શું આ પૃથ્વી પર કન્યાનો દુકાળ પડયો છે ? નળને હંસ શાંત કરે છે અને પોતે આપેલું વચન હંસ જાતે જ યાદ કરાવે છે ને કહે છે કે જે હોય તે કહો હું તમારું ગમે તેવું અઘરું કાર્ય પણ કરીશ. ત્યારે નળ વિદર્ભ દેશની રાજકુમારી દમયંતી વિશે વાત કરે છે. તે દમયંતીને મેં જોઈ નથી ને છતાં મને એનાથી મોહ થયો છે. એ નારી સાથે મારો વિવાહ નકકી કરો. આટલી વાતથી આ કડવું પૂરું થાય છે. નળની હંસ પ્રત્યેની પ્રીતિ, નળના રાજમહલ અને ઉદ્યાનનો પરિચય તથા હંસની સમર્પણ ભાવના, નળની વિહવળતા અને વ્યાકુળતા આ કડવાની નોંધપાત્ર બાબતો છે. વચન આપીને ફરી જાય એ પંખીની જાત નહીં. ધાર્યું કામ પાર પાડીશ એ હંસની પોતાના પરની શ્રદ્ધા અને આત્મગૌરવ આ કડવામાં પ્રેમાનંદે આપ્યાં છે. સંવાદ અને ભાવનિરૂપણમાં પણ પ્રેમાનંદ પાવરધા છે. તેની ઝાંખી આ કડવામાં થાય છે. જે રીતે હંસ અને નળ અશોક વાટીકામાં બેઠા બેઠા વાત કરે છે એ પ્રસંગને અહીં સરસ ઉઠાવ આપવા પ્રેમાનંદ ચાર જ કડીમાં મહેલના વર્ણન પછી બહાર ઉદ્યાનમાં આપણને દોરી જાય છે. 'કેમેરાનો કલોઝઅપ'નું દર્શન અહીં થાય છે.

''તમો કુંઆરા ન જાણ્યા નાટ, શું પ્રથવી માંહાં કન્યાનો દાટ ?
પોતાની પાંખે લોહ્યું જળ, ખગે રોતો રાખ્યો નળ.
નિત્યે ભોજન કરવું તેહ, જેહેવું જમવું તેહેવી દેહ,
પાળ–પગથિયે જડયાં રતન, તાંહાં ચાંચ ઘસુ, પંખીના ચિહિંન.''

પ્રેમાનંદની ચિત્રાત્મકતા અને વર્ણન તથા શબ્દ પસંદગી દ્વારા નાના નાના શબ્દચિત્રો ઉપસાવવાની ફાવટ અહીં દેખાય છે.

## 2.4 વસ્તુલક્ષી કસોટી : 1

ઉપરોકત કડવા નંબર ૬,૭,૮ અને ૯ નો અભ્યાસ કરી નીચે આપેલ સવાલોના જવાબ આપો.

1 નળરાજા વનમાં શા માટે જાય છે અને એમણે શું પહેર્યું છે. ?
2 નળ હંસને કેમ પકડે છે. એ પકડતાં પહેલાં એ કયો વિચાર કરે છે. ?
3 નળ હંસને છોડતો નથી ત્યારે હંસ નળને કયું અભય વચન આપે છે અને શી વિનંતી કરે છે. ?
4 હંસ પોતાના ઘરનાંને મળીને પાછો નળ પાસે આવે છે. ત્યારે નળની સ્થિતિ કેવી છે. ?
5 નળરાજા હંસને રાજમહેલમાં કેવી રીતે રાખે છે. ?

## 2.4 વસ્તુલક્ષી કસોટી : 2

નીચે આપેલા વાકયોના કારણો આપો.

1 નળરાજાએ નીલા રંગના વસ્ત્રો પહેર્યાં કારણકે....
2 નળરાજાને દમયંતી સાંભરી કારણ કે....
3 નળરાજાએ નીલાંબર ઓઢયું અને શ્વાસ રોકી લીધો કારણકે....

4 અનેક હંસલી આક્રંદ કરવા લાગી કારણકે....

5 હંસને મનુષ્ય વાણી ફૂટી કારણકે....

6 નળ હંસને મરતા સુધી મૂકવા નથી માગતો કારણકે....

7 હંસ નળને પોતાને છોડી દેવાની વિનંતી કરે છે કારણકે....

8 નળ રાજાએ પંખીને સત્યવંત કહી કારણકે....

9 હંસ અને નળ વચ્ચે લગ્નની વાતે નળ રડી પડયો કારણકે....

10 દમયંતીને પરણવાની વાત નળ હંસને કહેતાં અચકાય છે કારણકે....

## 2.4 વસ્તુલક્ષી કસોટી : 3

આપેલ પંક્તિઓ કોણ બોલે છે તે લખો.

| | | | |
|---|---|---|---|
| 1 | આ કનકની જાત–પંખી બ્રહ્માએ કયારે નિરમી ? | 1 | હંસ |
| 2 | એ તો જીવને મારે તતખેવ હવે હું મુઓ અવશ્ય મેવ. | 2 | હંસલી |
| 3 | એહેની નાર કરજો વિલાપ. | 3 | હંસ |
| 4 | આ વસ્તુ કયાંથી પામ્યા રાજન. | 4 | નળ |
| 5 | તેહેને દમયંતી દીકરી કારણરૂપ તે અવતરી. | 5 | પરધાન |

## 2.5 મહત્વના શબ્દોના અર્થ :–

કડવું –૬

● અનંગ–અનલ – કામદેવ/અનંગ/કામજવર, ● વહનિ – કામજવરનો તાપ, ● મૃગયા – શિકાર, ● વણસડો – બોરસલી/બકુલ, ● મરેઠી – અકકલગળોનો છોડ, ● રંભાણ – આલિંગન, ● સોવ્રણ – સુવર્ણ, ● મોણે–મોણે – ધીરે ધીરે,

કડવું –૭

● અવશ્ય મેવ – નકકી, ● પંખાય – પાંખ, કરી ● પક્ષ – મારો પક્ષ લઈ, ● એળે – ફોગટમાં, ● ભોમ – જમીન પર,

કડવું –૮

● આશવાસના – દિલાસો ● રાજશી – રાજવંશી ● ખટપટ – ચિંતા/ઉચાટ/બીક પ્રાણી – પ્રાણ(રાણી સાથે પ્રાસ મેળવવા ‘પ્રાણી’ કર્યું છે.) ● ખોયું – ખોવડાવ્યું ● સાખી – સાક્ષી ● કાગ–અંત્ર – કાગડા અને અમારામાં અંતર ● પેર – રીતભાત/ વર્તણૂક

કડવું –૯

● વીર – ભાઈબંધ, ● પંજર – પિંજરું, ● પ્રેમરેણ – પ્રેમરૂપી રેણ, ● રેણ – ધાતુની સાંધો કરવાનું જરણ, ● વેહેવાની – વિવાહની, ● નાટ – નકકી, ● ગ્રહયા – પકડયા, ● કહીએ – કયારે, ● બાયકવેદ – વેદવાકય અર્થાત નકકી, ● સુનાનું – સોનાનું, ● પંખીના ચિહિન – પક્ષીના જાણીતા લક્ષણો

## એકમ–3

## ૧૦, ૧૧, ૧૨ અને ૧૩મા કડવાંની સમીક્ષા

રૂપરેખા

3.1 ઉદ્દેશ

3.2 ભૂમિકા

3.3 સમીક્ષા

3.4 વસ્તુલક્ષી કસોટી

3.5 મહત્વના શબ્દો

## 3.1 ઉદ્દેશ

'નળાખ્યાન'નાં કડવા નંબર દશ, અગિયાર અને બારના અભ્યાસ થકી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- પ્રેમાનંદ પોતાના આખ્યાનમાં માનવેતર પાત્ર દ્વારા દૂત કાર્ય કરાવે છે.
- માણસ કરતાં પશુ–પંખીની જાત કેટલી વફાદાર છે તે વિશે જાણકારી મેળવશે.
- નળની વાત સાંભળી દમયંતી પાસે વિદર્ભ દેશમાં આવતો હંસ અને ગતિવિધિ.
- હંસ દ્વારા દમયંતીને આકર્ષવાની યુક્તિ.
- દમયંતી દ્વારા હંસને પકડવાની યુક્તિ
- નળની પ્રશંસા કરીને દમયંતીમાં ઉત્સુકતા જગાડતો હંસનો વાર્તાલાપ.
- દમયંતીની વિનંતી અને હંસ તથા દમયંતી વચ્ચે સ્થાપિત થતો ભાઈ–બહેનનો સંબંધ.
- શૃંગારરસનાં વર્ણનમાં પુરૂષના સૌંદર્યનું વર્ણન કેવું હોય તે અને શૃંગાર, અદભૂત, હાસ્ય વગરે રસ નો સમન્વય.
- પ્રેમાનંદની વર્ણનકળા તથા શબ્દ સામર્થ્યથી પરિચય થશે.

## 3.2 ભૂમિકા

નળાખ્યાનમાં દશ, અગિયાર અને બાર કડવામાં ચમત્કાર અને વિસ્મયના ભાવો આલેખાયા છે. બુધ્ધિક્ષમતાની કસોટી અને ચતુરાઈ વિકસે એવી યુક્તિ હંસ અને દમયંતી દ્વારા કરવામાં આવે છે. હંસ નળની માગણી સ્વીકારી દમયંતીના આવાસમાં પહોંચે છે. ત્યાં હંસ દમયંતીને લલચાવે છે. પકડદાવની રમત ચાલે છે. હંસ અને દમયંતીનો વાર્તાલાપ થાય છે. એમાં હંસ નળની પ્રશંસા કરે છે. યુક્તિ રચનાર દમયંતીના હાથમાં હંસ હાથે કરીને પકડાય છે. દમયંતીની નળ વિશેની માહિતી મેળવવાની ઝંખના અહીં નિરૂપાઈ છે. હંસ અને દમયંતીના એકબીજાના પરિચય પછી દમયંતીના મનમાં નળ વિશે વધુ ઉત્તેજના જગાવવા માટે હંસ નળની વધુ પ્રશંસા કરે છે એ રીતે દમયંતીના હૈયામાં નળ વિશે પ્રેમ જગાવે છે. આ કથાને પ્રેમાનંદે ત્રણ કડવામાં વિભાજીત કરીને પણ સળંગ રાખી છે. પ્રેમાનંદને તો ભાવકો સમક્ષ એ વાત રજૂ કરવી છે કે જેમ નારદમુનિએ નળમાં દમયંતી વિશે જવર જગાવ્યો એમ હંસ દમયંતીમાં નળ વિશે જવર જગાવે છે. બે સુંદર પાત્રોને નજીક લાવીને લગ્નગ્રંથિથી બાંધવા પ્રેમાનંદ શૃંગારનો જે આધાર લે છે તે તેની સર્જકતાનો વિશિષ્ટ પરિચય કરાવે છે. વીસ–વીસ કડીનાં કડવામાં પ્રેમાનંદ ધાર્યું નિશાન પાર પાડે છે.

## 3.3 સમીક્ષા

હંસનું દૂતકાર્ય અને નળ રાજાની પ્રશંસા તથા એના રૂપ–ગુણનું સૌંદર્ય વર્ણન કરતી ઘટના અને દમયંતીના વ્યકિતત્વનો પરિચય દશ, અગિયાર અને બાર કડવામાં સુપેરે વ્યકત થયો છે. કડવાં દશમાં હંસ નળની મશ્કરી કરે છે. કેમકે નળને તો દમયંતીને વરવું છે. પણ હંસ તો વાતને ગંભીરતાથી લેતો જ નથી. હંસ નળને દમયંતી તો સાવ સાદી નારી છે, એમ કહી એક એકથી ચડિયાતી કન્યાઓ તમારા ચરણે ધરી દઉં એમ કહી તે વિવિધ દેવોની પુત્રીઓ અને અપ્સરાઓનાં નામ કહે છે. નળને કહે છે શરમ કરો, રાજા તમે સાવ સામાન્ય નારીની ઝંખના કરી જ કેમ શકો? અરે હું તમને એવી કન્યા પરણાવું કે એની આગળ દમયંતી તો માત્ર દાસી જ લાગે. આમ, પ્રેમાનંદ સમસ્ત વિશ્વમાં ફરી વળવાનું હંસ દ્વારા કહેવડાવે છે. તે માટે જે શબ્દ પ્રયોગ કરે છે. તે પ્રેમાનંદની લયસૂઝ અને નાદ–તાલનો પરિચય કરાવે છે :

''અતળ વિતળ સુતળ નિતળ તળાતળ રસાતળ પાતાળ ''

પરંતુ નળ કહે છે મેં તો બધા જ પ્રકારની અને બધા જ દેશની કન્યાઓ જોઈ છે પણ મને તો બસ વિદર્ભ દેશની રાજકન્યા જ જોઈએ. હંસ તરત જ એક માસનો વાયદો કરીને ઊડે છે. જતાં જતાં એમ કહે છે કે હે રાજન અવધિ પૂરી થયાના આઠ દિવસ પહેલાં તમે પીઠી ચોળી તૈયાર રહેજો. એણે એમ પણ કહ્યું કે હું ન આવું ત્યાં સુધી બીજા સાથે સ્નેહ ન કરતાં. હંસ વિદર્ભ દેશમાં ઊડી જાય છે. હવે એક જ કડવામાં બે જુદાં જુદ સ્થળનો નિર્દેશ કરી પ્રેમાનંદ ગતિશીલતા–ચિત્રાત્મકતા બતાવે છે. ભીમકરાયની ઘરની વાડીમાં ઉતરીને હંસ નળનું નામ ઉચ્ચારે છે. તે સમયે દમયંતીની ક્રિયા અને તે રાત્રિનો સમય તથા ચંદ્રમાની અજવાળી રાત્રિનો પણ સુંદર યોગ પ્રેમાનંદ કરે છે.

''ચંદ્રમા માથે આવ્યો, પૂનેમ મધ્યા જામિની,
સખી સાથે ધૂત રમે છે, દમયંતી ભામિની. ''

આવા ટાણે હંસ નળની પ્રશંસા કરે છે. મધુર અવાજ અને કોઈ પુરુષની પ્રશંસા સાંભળી દમયંતી કાન સરવા કરે છે. તે સમયે દમયંતી ચંપાના છોડ પર બેઠેલા હંસને જુએ છે. સોનાના પંખીને જોઈને એને પકડવાનું મન થાય છે. તે નિશ્ચય કરે છે કે આ શોભાયમાન અને માનવપેરે બોલતું પક્ષી પકડું નહીં તો મારો પ્રાણ ત્યજી દઉં અને તે એમ કરતાં ઝાંઝર કાઢીને હંસ પાછળ દોડે છે પણ હંસ હાથમાં આવતો નથી. ત્યારે હંસ દમયંતીને કહે છે કે અમે તો કમળમાં રહેનાર છીએ અમને તો એક જ વ્યકિત 'નળ' જ પકડી શકે ! અને તે દમયંતીને મૂરખ કહે છે. નળના જેવી ચપળતા તારામાં નથી, એમ પણ કહે છે. પ્રેમાનંદની વર્ણનકળા અને સવાંદકળા સાથે સ્થળ અને કાળનું સુયોજન સુપેરે અહીં વ્યકત થયું છે. વિવિધ જ્ઞાતિની કન્યાઓના ગોત્ર વર્ણવવા, દમયંતીનાં મહેલ અને વાડીની તાદશ્યતા પ્રેમાનંદ એકાદ બે કડીમાં જ આપી દે છે. ગતિશીલ ચિત્રો તો પ્રેમાનંદની જાણે હથોટી હોય એમ અહીં નિરૂપાયાં છે. પ્રેમાનંદની ભાષા અને યોગ્ય શબ્દ પસંદગી પણ અહીં જોઈ શકાય છે.

⇨ કડવા અગિયારમાં દમયંતી હંસને પકડવાનો નિર્ધાર કરે છે. એ માટે યુકિત પણ વિચારે છે. કેમકે તેને હંસે જ કહ્યું છે કે અમે કમળમાં રહેનારા છીએ. ત્યારે દમયંતીને થાય છે કે મને કમળ જેવી હથેળી આપી છે. એનો ઉપયોગ કરું. એ મનોમન આખું શરીર સંતાડી હથેળીનું કમળ બતાવવાનું વિચારે છે. તરત તેની પર અમલ કરે છે. પરંતુ હંસ એને ઓળખી જાય છે. આ યુકિતને પ્રેમાનંદ આ રીતે વર્ણવે છે.

''મસ્તકે મૂકયું પલાશનું પાન, વિકાસી હથેલી કમળને સમાન,
મધ્યે મૂકયું જાંબુનું ફળ, જાણી લે છે ભ્રમર પ્રીમળ,
પોતે નાસિકાએ ગણગણતી, ભામા ભ્રમરની પેરે ભણતી,
તે હંસે હરિવદની જાણી, ન હોય પંકજ, પ્રેમદાનો પાણિ.''

આ વખતે હંસને નળ યાદ આવે છે કે નળરાજાને પરણાવવો છે તો હવે હાથે કરીને પકડાઈ જવું જ પડશે અને તે પકડાય છે. જયારે દમયંતી તેને નહીં મારવાનું કહે છે ત્યારે હંસ ગર્વથી કહે છે કે હું તો જાણી જોઈને પકડાયો છું. તમે અમથા ફુલાશો નહીં. હું ધારું તો ચાંચના પ્રહારથી તારા હાથને નુકસાન કરી શકું છું. દમયંતી હંસની મિત્રતા ઝંખે છે. પછી તે હંસને ખોળે બેસાડી નળ વિશે પૂછે છે. ત્યારે હંસ નળની પ્રશંસા કરતાં કહે છે કે તે ગુણમાં બ્રહ્માની સભામાં વખણાય છે. રૂપમાં વિષ્ણુ કરતાંય ચઢિયાતો છે. એકાદ બે વેણમાં જ હંસ દમયંતીના મનમાં નળ વિશે ઉત્સુકતા જગાવી દે છે. દમયંતી ત્યારબાદ નળ વિશે વધુ જાણવા હંસને વિનંતી કરે છે. ત્યારે હંસ કહે છે કે નળને પરણવા સરખી કોઈ નારી મળી નથી. નળની ઉત્પત્તિ વિશે પ્રેમાનંદે જેમ નારદ દ્વારા દમયંતીના ઉત્પત્તિ વિશે ચંદ્રની વાત કહી હતી તે જ વાત અહીં તે સૂરજ વિશે કહે છે. અને કલ્પના કરવામાં પણ કેવી ચતુરાઈ બતાવે છે તે જોઈએ.

''એક વાર બ્રહ્માએ શું કરીયું ? સકળ તેજ એક પાત્રમાં ભરિયું,
તે તેજનો ઘડયો નરરાય, કાંઈ રજ વાધી પાત્રને માંહય,
તેહેની એક થપોલી હવી, તેહેનો આકાશે ઊપન્યો રવિ,
વાહાણે–સાંઝે નળ બહાર નીસરે, તેજવંત વનમાં સાંચરે. ''

કડવાને અંતે પ્રેમાનંદે નળની પ્રશંસા યોગ્ય જગ્યાએ યોગ્ય ઉપમા આપીને કરી છે. જો કે સૂર્ય કરતાંય નળને ચઢિયાતો બતાવીને પ્રેમાનંદે અતિશયોકિત કરી છે. પરંતુ એ કથારસને જાળવવા જરૂરી છે.

⇨ કડવા બારમાં હંસ નળની વધારે પ્રશંસા કરે છે. અન્ય દેવો તથા પ્રકૃતિનાં ઉચ્ચ તત્વો સાથે તુલના કરી નળને ચઢિયાતો બતાવે છે. પ્રેમાનંદ આ કડવામાં હંસના મુખમાં જે પ્રશંસાયુકત શબ્દો અને ભાષા મૂકયાં છે તે કલ્પના અને ચતુરાઈ પ્રેમાનંદ જેવા માણસના જાણતલ અને શાસ્ત્રના જાણકાર સર્જક જ કરી શકે. આ કડવામાં પ્રેમાનંદ નળની પ્રશંસા અને સૌંદર્યનાં તથા રૂપ–ગુણનાં વખાણ કરતી વખતે દેવો અને દેવોની પત્નીઓને એકદમ ઉતારી પાડે છે. જે યોગ્ય નથી. આ સમયે પ્રેમાનંદ હાસ્યરસ ઉત્પન્ન કરે છે. તો ધીર–ગંભીર ભાવો પણ બતાવે છે. નળરાજાના સૌંદર્યને નીરખી દેવોને ચિંતા થાય છે કે નળને જોઈ આપણી પત્નીઓ એને પરણી જશે તો ! એવી શંકાથી દરેક દેવનું જે સ્થાન જે જગ્યાએ છે એ સ્થળના નિર્દેશને નળના સૌંદર્યના વખાણ કરવા ખપમાં લે છે. તે પ્રેમાનંદની આગવી સૂઝ બતાવે છે. વિષ્ણુ દરિયામાં જતા રહયા, ઈન્દ્રએ હજાર આંખો કરી, ગણપતિએ પણ પાસે પત્નીઓ રાખી, ઋષિઓ પત્નીને લઈને વનમાં ચાલ્યા ગયા, વરુણદેવ પાતાળમાં ચાલ્યા ગયા, અગ્નિએ પોતાનું અડતાળીસ કાયાનું રૂપ કર્યું, નારદ બ્રહ્મચારી રહ્યાં. નળ કેવો છે તે દર્શાવવા પ્રેમાનંદ લખે છે.

''હંસ કહે : 'હો હરિવદની ! એમ સહુએ શ્યામા સંતાડી,
નળે રૂપ–ગુણ–જશ–તેજથી સર્વે સૃષ્ટિ કષ્ટ પમાડી. ''

''પુરૂષને અદેખાઈનું બળતું, નારીને દહે કામ,
અનળ પ્રગટયો સર્વને, માટે 'નળ' ધરિયું નામ. ''

પ્રેમાનંદની સર્જકતા અને કલ્પના એવી સબળ છે કે દમયંતીને એની તરફ આકર્ષણ થયા વિના રહે જ નહિ. હંસ તો ત્યાં સુધી કહે છે કે આવા સુંદર અને ગુણમાં ઉત્તમ નળને પરણનાર જે નારી હશે તે કેટલા જપ–તપ કરેલા હશે. દમયંતી આટલા વચન સાંભળી હંસને ભાઈ કહીને સંબોધે છે. તે કહે છે કે બસ હવે નળ સાથે જ મારું વેવિશાળ નકકી કરાવ. પ્રથમ તો હંસ દમયંતીને કહે છે કે આવા સપનાં જોવા છોડી દે એને (નળને) પરણવાનાં ફાંફાં ન માર. ખરેખર તો પ્રેમાનંદની ચતુરાઈ અને કલ્પના જે કથા સંયોજનાનો આ પ્રસંગ, આ સંવાદ અને આ ઘટના ઉપસાવે છે. જો હંસ તરત માની જાય તો દમયંતીને શક પડી જાય. પણ નળની ઉચ્ચાવચ્ચતા બતાવવા હંસ દ્વારા પ્રેમાનંદ આમ કરાવે છે. દમયંતી પોતાનો અહંકાર તજી દઈને નળને પરણાવવા હંસને ખૂબ જ આજીજી કરે છે. પ્રેમાનંદે આ કડવામાં એક માનવ અને એક માનવેતર પાત્રને ઉઠાવ આપ્યો છે. એમના સંવાદો દ્વારા નળની અને દમયંતીની આંતર–બાહ્ય ઈચ્છા અને વેદના બતાવવામાં પ્રેમાનંદ સફળ રહ્યા છે.

⇨ કડવા તેરમાં નળને દમયંતી સાથે પરણાવવા નિશ્ચય કરતો હંસ આપણને જોવા મળે છે. અહીં હંસ દમયંતીને બહેની કહી સંબોધે છે. આ કડવામાં હંસ દમયંતીને એમ પણ કહે છે કે તારો વિવાહ નકકી નળ સાથે જ થશે કેમકે હું હવે નળને એવી જડીબુટ્ટી સુંઘાડીશ કે એ તારી પાછળ ઘેલો થઈ જશે. હંસ દમયંતીને ચેતવે પણ છે કે જો એ પહેલાં તું કોઈને વરીશ તો મારી ફજેતી થશે. અહીં હંસ દ્વારા દમયંતીની પરોક્ષ પ્રશંસા એ રીતે મળે છે કે હંસ એને કહે છે કે તારી સાથે લગ્ન કરવા દેવો પણ આવશે. એટલે ખાતરી કર્યા વિના વરમાળા ન પહેરાવતી. હંસ દેવોને ઓળખવાની નિશાની બતાવે છે કે દેવોના પગ જમીન પર ના હોય અને આંખનો પલકારો પણ ના મારે. આગળ જયારે દમયંતીનો સ્વયંવર થશે ત્યારે શું પરિસ્થિતિ થશે એનો અગાઉથી નિર્દેશ અગાઉથી હંસ અહીં કરે છે. દમયંતીને એ એમ પણ કહે છે કે જો તારા પિતા તારા સ્વયંવરનું નોતરું મોકલે તો પણ તારે અલગથી પત્ર મોકલવો. હવે દમયંતી હંસને વિદાય કરે છે અને પોતાના મનની મૂંઝવણ પણ કહે છે કે મારો તારી પરનો વિશ્વાસ ન તોડતો. કેમ કે તારી આશાના તાંતણે તો મારો પ્રાણ અટકેલ છે. ત્યારે હંસ એને પોતાની પર વિશ્વાસ રાખવાનું કહી ઊડી જાય છે. હંસ નળ પાસે આવી પોતાની સાથે બનેલી બધી વાત કહે છે. અને આનંદ ખુશી મનાવવાનું પરોક્ષ રીતે કહી દે છે. પાંચ–દશ દિવસમાં એના સ્વયંવરનું માંગુ આવશે જ. પ્રેમાનંદે આ કડવામાં શૃંગાર, કરૂણ, વિષાદ, આનંદ, અડગતા, વિશ્વાસ વગેરે ભાવ અને રસનું નિરૂપણ કર્યું છે. તો દમયંતીના મનની સ્થિતિ વર્ણવીને દમયંતીને હવે નળ વિના કોઈ ભાવે નહીં એવો નિર્દેશ કરી દીધો છે. પ્રેમાનંદે આ કડવામાં ભાવિમાં બનનારી બે–ત્રણ ઘટનાનો પૂર્વ નિર્દેશ કરીને ભાવકોને કથારસમાં જકડી રાખવાની કળાનો પરિચય કરાવ્યો છે. ભાવકને થાય છે કે હંસ હવે શું કરશે ? સ્વયંવરમાં શું થશે ? નળ શું કરશે ? દેવો જો દમયંતીને વરવા આવશે તો શું થશે ? વગેરે બાબતોથી શ્રોતાનો રસ જળવાઈ રહે છે. વીસ પંક્તિના આ કડવામાં હંસ અને દમયંતીનો વાર્તાલાપ અને દમયંતી તથા હંસની એકબીજાને અપાતી બાંહેધરી તથા દમયંતીના મનનો તાગ બતાવીને પ્રેમાનંદ એક સિદ્ધ આખ્યાનકાર છે તેનો પરિચય કરાવ્યો. અંતિમ પંક્તિમાં નળને 'સમાચાર કહ્યો જઈ હંસે નળને તાં અથ–ઈતિ' બધી વાત કહી દીધાનો નિર્દેશ બતાવ્યો છે. આગળના કડવામાં હંસ નળને હવે વિગતે વાત કરશે. પ્રેમાનંદ રસસ્થાન ખિલવવામાં અને વર્ણન તથા પ્રસંગને સચોટ બનાવવાની એક પણ તક જતી કરતા નથી એનો પરિચય આ કડવુ વાંચવાથી થાય છે.

## 3.4 વસ્તુલક્ષી કસોટી : 1

દશ, અગિયાર, બાર અને તેરમા કડવાની સમીક્ષાનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 નળ હંસ પાસે શું માગે છે અને હંસ એનો કયો જવાબ આપે છે. ?
2 હંસ એક માસનો વાયદો કરીને કયાં જાય છે ? શા માટે ?
3 હંસ જયારે વિદર્ભ દેશમાં દમયંતીના ઘરની વાડીમાં જાય છે ત્યારે તે શું જુએ છે. ?
4 હંસને પકવા મથતી દમયંતીને હંસ કયો જવાબ આપે છે. ?
5 હંસને પકડવા દમયંતી કઈ યુકિત અજમાવે છે. ?
6 નળની પ્રશંસામાં હંસ કઈ કઈ વાતો દમયંતીને કરે છે. ?
7 નળ રાજાને બ્રહ્માએ કઈ રીતે ઘડયો છે. ?
8 નળની સુંદરતાથી અંજાઈ દેવોએ શું કર્યું. ?
9 કેવી નારી નળને પરણશે ?
10 નળ સાથે પોતાને પરણાવવા દમયંતી હંસને કઈ વિનંતી કરે છે ?
11 હંસ દમયંતીને કયું અભય વચન આપે છે. ?
12 હંસ નળને દમયંતી સાથે પરણાવવા કઈ યુકિત અજમાવશે. ?
13 સ્વયંવર રચાય ત્યારે દમયતીએ શું ધ્યાન રાખવાનું છે ? કઈ બાબત લઈ હંસ એને ચેતવે છે. ?
14 હંસને વિદાય કરતી વખતે દમયંતી શું કહે છે. ?
15 નળ પાસે આવી હંસ કઈ વાત કરે છે. જેનો નિર્દેશ આગળના કડવા ૧૪ માં મળવાનો છે. ?

## 3.4 વસ્તુલક્ષી કસોટી : 2

નીચે આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે દર્શાવી ખોટા વાક્યો ફરીથી લખો.

1 નળ હંસ પાસે ધન–દોલતની માગણી કરે છે.
2 વિદર્ભ દેશમાં જવા માટે હંસ ઉડે છે ત્યારે પાછા આવતાં બે માસ થશે એમ કહે છે.
3 ભીમકરાયની વાડીમાં દમયંતી પકડદાવ રમતી હોય છે.
4 વાડીમાં હંસ ચમેલીના છોડ પાછળ સંતાય છે
5 સોનાના હંસને જોઈને દમયંતી એને 'સુનાનું સાવજું' કહે છે.
6 હંસને પકડવા દમયંતી અવાજ ન થાય માટે પગના ઝાંઝર કાઢી નાખે છે.
7 નળ વિના મને કોઈ ના પકડી શકે હંસનો ઉવાચ.
8 હંસને કપટથી દમયંતી પકડી લે છે.
9 હંસ દ્વારા નળની સુંદરતા સાંભળી દમયંતીનો અહંકાર ઓગળી જાય છે.
10 સ્વયંવર નિમિત્તે હંસ દમયંતીને અલગથી નળને પત્ર લખવાનું સૂચવે છે.
11 પોતાના લગ્નની વાત ભાઈ–માતા–પિતાને કહેતાં દમયંતીને શરમ આવે છે.
12 હંસ નળને કહે છે કે ૧૫–૨૦ દિવસમાં પરણવાનું નોતરું આવશે.
13 નળ હંસને દમયંતીના સૌંદર્યની વાત ટૂંકમાં કહેવાનું કહે છે.

## 3.4 વસ્તુલક્ષી કસોટી : 3

આપેલ પંક્તિઓ કયા કડવાની છે અને કોણ બોલે છે તે દર્શાવો.

| | | | |
|---|---|---|---|
| 1 | હસીને બોલ્યો વિહંગમ વાણીજી<br>ભ્રાત શું માંગ્યું લજજા આણીજી. | 1 | કડવું ૧૩ |
| 2 | કોટિ મુગ્ધા પરણાવું પદમણી ગૌર–ગાત્ર. | 2 | કડવું ૧૨ |
| 3 | કોટિ કારજ તેં કર્યાં, મેળવ વૈદર્ભી–વિહિવાય. | 3 | હંસ દમયંતીને |
| 4 | શોભતું ને બોલતું નળનું કરે વખાણ<br>એ પંખી કર ચઢે નહીં તો તજુ મહારા પ્રાણ. | 4 | દમયંતી હંસને |
| 5 | પંખી ધીરે કમળને કાજે, હાથ મુઝને આપ્યા મહારાજે,<br>જોગવાઈ જુગદીશે મેલી, કમળ જેહવી માહારી હથેલી. | 5 | કડવું ૧૦ |
| 6 | બેસું જઈ થઈ અજ્ઞાન, પરણાવવો છે નળ રાજાન. | 6 | હંસ |
| 7 | તહારા અવગુણ હું વિસારું, તુઝને બાપના સમ, નહિ મારૂં. | 7 | નળ |
| 8 | પણ નળની જોડે મેળવું, મહી તળમાંહાં તુલના કો નહિ. | 8 | કડવું ૧૧ |
| 9 | ચંદ્ર–સૂર્ય તાં નાસતા ફરે, રખે ઠરતી નારી. | 9 | દમયંતીની સ્વગતોક્તિ |
| 10 | જાઓ કહું તો માહારી જીભડી કાપું,<br>પણ ગયા વિના કામ ન થાય. | 10 | હંસની સ્વગતોક્તિ |

## 3.5 મહત્વનાશબ્દોના અર્થ :–

કડવું –૧૦

● પ્રયાણને – તારા પ્રયાણ પરત્વે, ● હુતો – હતો, ● મધ્યા જામિની – મધરાત/ ● યામિની–રાત્રી ● ભામિની – સુંદરી/યુવતી, ● દ્યૂત – સોગઠાંબાજી, ● સાવજું – પંખી, ● આળ – વિઘ્નરૂપ થાય તેવાં, ● સુધ – ભાન/ઓળખ, ● બુધ – કળ, યુક્તિ

કડવું –૧૧

● અકલિત – કોઈના કહયામાં ન આવે એવી, ● ધીરે – વિશ્વાસ મૂકે, ● મહારાજે – ભગવાને, ● પ્રાણપંકજ – કમળ જેવો હાથ/હાથનું કમળ, ● ચેહેબચો – બીલ અને વનસ્પતિથી ભરપૂર હોજ, ● વિકાસી – વિસ્તારી/પહોળી કરી, ● પલાશ – ખાખરો, પ્રીમલ – પરિમલ, સુગંધ, ● હલ્યા – હે અલ્યા, ● ગાઠુઓ – ગઠિયો/પકકો, ● ● ગાઠો – ઠગાયો/ઝલાયો, ● બોલદેવો – કોલ આપવો, ● હાથેથો – હાથમાંથી, ● ભિયા – ભાઈ, ● કશી – કેવીક, ● ડોઝાં – બખોલ, ● વેહેવલ – વિહવળ,

કડવું –૧૨

● જુગ્મ રવિસુત – સૂર્યના બે જોડિયા પુત્રો/અશ્વિનીકુમારો, જાય નખજી ● વાટ – રસ્તો છોડી સંતાઈ જાય છે, ● ગંભીરતાએ ખારાટ – નળ ગંભીરતામાં સાગર જેવો છે પણ સાગરમાં તો ખારાટ છે, નળમાં એ નથી.વ્યતિરેક અલંકાર, ● આદિત્ય –સૂર્ય, ● પૃષ્ઠ – પીઠ/પૂંઠ, ● ઈશ્વર જુદયથી – યુધ્ધ સ્પર્ધામાં, ● હિમસુતા – પાર્વતી/હિમાલય ની પુત્રી ● સ્વાહા – અગ્નિની પત્ની, ● અડતાલીસ કાય – અગ્નિના અડતાલીસ રૂપ કહેવાય છે, ● ખપ કરીને – શ્રમ લઈને/પ્રયત્ન કરીને, ● નિભ્રંછે – તુચ્છકાર કરે છે, જેણીએ કરવત – જે ઈચ્છા મનમાં રાખીને મનુષ્ય કાશીએ જઈને કરવત માથા ઉપર મૂકાવે તે ઈચ્છા એને બીજે જન્મે ફળે એ માન્યતાનો ઉલ્લેખ, ● પિંડ – શરીર, ● ધરણ – ધરતી પર/જમીન પર

કડવું –૧૩

● મળતાને – મિત્રને/મળતિયાને, ● પાશ – જાળ, ● અફળિયે – પોતાની મેળે/આપમેળે, ● નિરધાર – નકકી, ● સંકેત – અહીં બોલ/વચન, ● ઘાતી – કપટી/ઘાત કરે એવા, ● વહવાતી – છેતરાતી, ● વહેરો – ભેદ/તફાવત, ● વિરજ – મેલ કે ધૂળ વગરનાં, ● નિમેષ – પલકારો, ● રાખી – વિના, ● રાખ્યાનું – ઉગાર્યાનું, ● અગ્નિથી – વિરહાગ્નિથી ● અલેતી – હલેતી/મુગ્ધા/અણસમજુ, ● ગુઝની વાત – ગુહરા/ખાનગી વાત, ● વૃધ્ધ – પીઢ, ● રઢ – લગની

## એકમ–4

## ૧૪ અને ૧૫ માં કડવાંની સમીક્ષા

રૂપરેખા

**4.1** ઉદ્દેશ

**4.2** ભૂમિકા

**4.3** સમીક્ષા

**4.4** વસ્તુલક્ષી કસોટી

**4.5** મહત્વના શબ્દો

### 4.1 ઉદ્દેશ

'નળાખ્યાન'ના ૧૪ અને ૧૫ માં કડવાની રસલક્ષી સમીક્ષાના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી પરિચિત થશે.

- બંને કડવાનો સારાંશ અને આસ્વાદ મેળવશે.
- નળ અને દમયંતીના લગ્નની ભૂમિકા રચવા હંસે અને નારદે નળ–દમયંતીના પાત્રમાં જગાડેલ આકર્ષણની ભૂમિકાથી પરિચિત થશે.
- નળના દૂતકાર્યનો પરિચય થશે.
- દમયંતીના મનનો તાગ મેળવવા હંસે કરેલી યુકિતની સફળતા કેટલી તે વિશે માહિતી મેળવશે.
- નળ રાજા પાસે આવીને હંસ દમયંતી વિશે જે વાત કરે છે અને જે સૌંદર્ય વર્ણવે છે તેનાથી પરિચિત થશે અને વિદર્ભ દેશના મહેલ, વાડીનો પરિચય થશે.
- પ્રેમાનંદની ચતુરાઈ અને બુદ્ધિગમ્યતાથી પરિચિત થશે.
- હંસ દ્વારા થયેલ દમયંતીના સૌંદર્યની પ્રશંસાથી પરિચય થશે. તો પ્રેમાનંદે અપનાવેલું સૌંદર્ય માટેનું શબ્દ ભંડોળ અને કલ્પના શકિતનો પરિચય થશે.
- ઈન્દ્રિયવ્યત્ય અને પ્રેમાનંદની ચિત્રાંકન શકિતનો પરિચય થશે.

### 4.2 ભૂમિકા

નળાખ્યાનનાં ૧૪ અને ૧૫ માં કડવામાં હંસે પાર પાડેલા દૂતકાર્ય પછી નળ પાસે આવીને વિદર્ભ દેશનું જે વર્ણન કરે છે તેનું આલેખન થાય છે. એ દ્વારા પ્રેમાનંદની વર્ણનકલા અને હંસના મુખમાં મુકેલી એની શબ્દ રમતથી વિવિધ ભાવોનો પરિચય થાય છે. કડવું નંબર ચૌદમું કડવું પ્રેમાનંદે ઝડપથી આટોપી લીધું છે. તેમાં હંસ દમયંતીને ત્યાં ગયા પછી ત્યાંની વાટિકામાં પોતે કેવી ક્રીડા કરી તેનો આલેખ મળે છે. કડવા પંદરમાં દમયંતીના સૌંદર્યનું વર્ણન વિસ્તારથી રજૂ થયું છે. નળના મનમાં દમયંતી વિશે તાપ જગાવવા અહીં પ્રેમાનંદે તક ઝડપી છે. તો સાથે સાથે દમયંતીના આંતર–બાહ્ય સૌંદર્ય અને ગુણોની ખીલવણી સુંદર રીતે કરી છે. પ્રેમાનંદની સૂક્ષ્મ નિરીક્ષણ શકિત અહીં ખીલી ઉઠી છે. દમયંતી અને નળનાં જીવનમાં જે સુખ સમૃદ્ધિ આવશે તેનું અનુસંધાન પણ અહીં મળે છે.

## 4.3 સમીક્ષા

ચૌદમાં કડવામાં નળરાજા હંસને વિદર્ભ દેશમાં કેવી રીતે ગયો અને ત્યાં શું કર્યું એ વિગત પૂછે છે. વિવાહ કેવી રીતે નકકી થયો એ પૂછે છે ત્યારે હંસ એ બધી વાતો વિગતે કહી સંભળાવે છે. કથારસ જાળવવા અને ભાવકની ઉત્સુકતા વધારવા પ્રેમાનંદ હંસ અને નળ વચ્ચે સંવાદ રચાવીને હંસના મુખમાં વિદર્ભ દેશની ગૌરવગાથા મૂકે છે. એમાં એવી વાત છે કે હંસના પરત આવવાથી નળ અધીરો બનીને બધું જાણવા આતુર છે. ત્યારે હંસ જે વાત કરે છે, તે અતિશયોકિત ભરી છે અને રુચિકર પણ છે.

''પંખી કહે : 'સાંભળીએ, સ્વામી ! કન્યા વરણુ વિવેક જી !
શેષ છેક ન પામે સ્તવતો, શું કહું, જિહવા એક જી ? ''

હંસ પોતાના કાર્યનો અહેવાલ આપતાં પહેલાં આવી વાત કરીને નળને શાંતિ જાળવવાનું સૂચવી દે છે. ત્યારબાદ હંસ કુંદનપુર એટલે કે વિદર્ભ નગરની વાત કરે છે. દેવોની નગરી અમરાપુરીને પણ શરમાવે એવું એ નગર છે. જયાં ભીમકરાયનું રાજય છે. પ્રજા સર્વ રીતે સુખી છે. ચારેય વર્ણના લોકો હળીમળીને રહે છે. આનંદથી રહેતા આ નગરમાં રોજ ઉત્સવ જેવો માહોલ હોય છે. ઢોલ ત્રાંસા, નગારા વાગે છે, ઘેર ઘેર હરિની સેવા થતી હોય છે. ભીમકરાયનું ભવન ત્રણ લોકમાં નથી એવું છે. ત્યાં ઘરની વાડી પરમ મનોહર છે. એની વચ્ચે એક સુંદર આવાસ છે. સાત માળનાં આકાશ જેવાં ભવનને ચારેય બાજુ બારીઓ અને બારીઓએ જાળીઓ છે. ત્યાં દશ હજાર જેટલી સેવિકાઓ હથિયારબંધ રહીને 'દમયંતી'ની રક્ષા કરતી હતી. આમ દમયંતીની રહેવાની સગવડ વર્ણવીને તે ત્યાંની વાડીનું અને તેમાં રહેલા વિવિધ ફૂલ છોડ, ફળ–ફળાદિ અને વૃક્ષોનું રસસભર વર્ણન કરે છે. ત્યારબાદ તે પક્ષીઓના વિવિધ મધુર અવાજ અને પવન તથા સુગંધની વાત કરે છે. પછી હંસ કહે છે કે એવા એ વાતાવરણમાં હું એક ચંપાના વૃક્ષમાં બેઠો ત્યારે મેં જોયું કે ચંદ્રમા બરાબર મધ્યાકાશમાં છે અને દમયંતી સખીઓ સાથે દ્યૂત રમી રહી હતી ત્યારે નળ મેં તમારા વખાણ કર્યા એ દમયંતીએ સાંભળ્યાં, અને કોણ આ કોઈ પુરૂષના વખાણ કરે છે તે જોવા બહાર આવી.

''પાસે દાસી બન્યો રાખીને ચતુરા ચોહોદિશ ભાળે જી,
આ વનમાં જન કોએક આવ્યો બોલી કરે અકાળે જી. ''

દમયંતી આ કોણ બોલી રહ્યું છે તે જોવા આમ તેમ ફરી રહી હતી ત્યારે મેં તેને જોઈ, તો હું હતપ્રભ થઈ ગયો. કેમકે એ એટલી સુંદર હતી કે એને વર્ણવતા મારા શબ્દો ઓછા પડે છે. પ્રેમાનંદ રાજમહેલ, ત્યાંનો બાગ, બગીચો, રખેવાળી વગેરેના સારા જાણકાર હશે તેની પ્રતિતિ આ કડવામાં થાય છે.

⇨ પંદરમા કડવામાં હંસે જોયેલી દમયંતીનું સરસ–સુંદર વર્ણન છે. તેમાં તે દમયંતીના આંતર–બાહ્ય ગુણો અને દેખાવ વર્ણવે છે. પ્રેમાનંદની સૌંદર્ય વર્ણવવાની કલ્પનાશકિતનાં દર્શન આ કડવામાં થાય છે. પ્રેમાનંદે દમયંતીના વર્ણન માટે આ કડવાને પ્રમાણમાં લાંબુ રાખ્યું છે. ૩૨ કડીના આ કડવામાં દમયંતીનું સૌંદર્ય તથા હંસ અને દમયંતીએ કેવી વાત કરી એનો નિર્દેશ મળે છે. પ્રેમાનંદ ખૂબ જ ધીરજથી વિગતે ઝીણું વર્ણન કરતાં કરતાં પોતાની સર્જકતાનો પરિચય બતાવતો જાય છે. કડવાની શરૂઆતમાં તે–

''ભૂપ ! મેં દીઠી ગર્વિષ્ઠ ગેહેલડી,
સખી બે મધ્ય ઊભી અલબેલડી,
કદલીસ્તંભા જુગ્મ સાહેલડી,
વચ્ચે વૈદર્ભી કનકની વેલડી !

હંસ જયારે દમયંતીને જુએ છે ત્યારે પોતાનું દૂતત્વ પણ ભુલી જાય છે. સોનાની વેલ સમી દમયંતીને નિહાળતાં હંસ જે કલ્પનાસભર વર્ણન કરે છે તેમાં પ્રેમાનંદની પોતાની નિરીક્ષણ શકિતથી આભૂષણની જાણકારી અને પ્રકૃતિનાં તત્વો સાથે દમયંતીના ભાવનું સાયુજય પણ કરી બતાવે છે. જયારે દમયંતીએ હંસને પકડયો ત્યારે હંસના સ્વામીનું નામ,

ગામ, ઠામ પૂછે છે. ત્યારે હંસ દમયંતીને નળની બધી વાત કરે છે અને તે સમયે પ્રેમાનંદ દમયંતીના સૌંદર્યને અમૃતકુંભ સુધી લઈ જાય છે. જે પુરુષે ખૂબ દાન અને તીર્થ કર્યા હશે તે જ તેને વરશે એમ કહે છે. પછી નળનું વેવિશાળ નકકી કરીને હંસ આવ્યો છે. તે કહે છે કે કાલે તમારું સ્વયંવરમાં જવાનું નિમંત્રણ આવ્યું જ જાણો ! આવી હંસની વાત સાંભળી નળનાં આનંદનો પાર રહેતો નથી. આ કડવામાં પ્રેમાનંદની રસિકતા, કલ્પનાશકિત, અલંકારશકિત અને વાણીછટાનો સુભગ સમન્વય થયો છે. ઉ.ત.કટિમેખલા તે ઉદર સરોવરની પાળ, દમયંતીની પીઠ કેળના ઊંધા પાંદડા જેવી, ઉદરરૂપી સરોવર, આભૂષણરૂપી કમળ, સૌદર્યની કેફ ચડાવે એવી મદિરા વગરે પ્રેમાનંદની કલ્પના રસિકતાનું દર્શન કરાવે છે. આખ્યાનમાં પ્રેમાનંદ રસ સ્થાનો ખીલવવા યોગ્ય પ્રસંગ નિપજાવે છે. અહીં એક વાત એ પણ જોવા મળે છે કે પ્રેમાનંદનું શબ્દભંડોળ કેટલું વિશાળ અને સમૃદ્ધ છે.

## 4.4 વસ્તુલક્ષી કસોટી : 1

કડવા ચૌદ અને પંદરની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરીને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 હંસ વિદર્ભથી આવ્યો ત્યારે નળ એને કઈ વાત પૂછે છે ?
2 હંસે કરેલું કુંદનપુરનું વર્ણન ટૂંકમાં કરો.
3 દમયંતીની વાટિકામાં હંસ કેવી રીતે પ્રવેશે છે અને કયાં બેસે છે ?
4 હંસ દ્વારા નળના વખાણ સાંભળી દમયંતીની પ્રતિક્રિયા કેવી હતી ?
5 હંસે દમયંતીને જોઈ ત્યારે એને કેવો ભાવ થયો ?
6 કડવાં પંદરમાં પ્રેમાનંદની અલંકાર શકિતનો પરિચય કરાવો.
7 દમયંતીના સૌંદર્યથી પ્રકૃતિ પર કેવી અસર થઈ તે લખો.
8 કડવાનાં અંતે હંસ નળને શું કહે છે. ? નળ પર એની શું અસર થાય છે ?

## 4.4 કસોટી : 2

આપેલાં વાકયો ખરાં છે કે ખોટાં તે લખો.

1 'લાજની મારી એ શ્યામા તારી સાથે કેવી રીતે બોલી' એમ નળ હંસને કહે છે.
2 કુંદનપુરમાં ચારેય વર્ણ પોતપોતાના નિયમો પ્રમાણે ભેદ–ભાવ રાખે છે.
3 દમયંતીનું ભવન સાત માળનું અને આકાશ જેવું ઊંચું છે.
4 પાંચ દાસીઓ દમયંતીનું રક્ષણ કરે છે.
5 દમયંતી જયારે દ્યૂત રમતી હોય છે ત્યારે ચંદ્ર આથમી ગયો હોય છે.
6 હંસ દમયંતીને સોનાની વેલી કહે છે.

## 4.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૧૪

- પ્રસ્થાને – ઉત્તમ સ્થળે / યાત્રા કરીને પૃથ્વી પર, અમરાપુરી – દેવોની નગરી,
- સુખનિવૃત – સંતુષ્ટ/સુખી, વાસવ – ઈન્દ્ર, વિરંચિ – બ્રહ્મા, વાસ સુખ – તે નગરીમાં વાસ કરવાનું સુખ , નિશાચર – ચોર, દિશાચર – ગામ બહાર ગમે ત્યાં રખડી ખાનાર
- જુગ્મ કપાટ – બે બારણાની જોડ, જુઆં – જુદાં/ચોરીનો ભય નથી,
- કર્મત્યાગ – શિકાર અને પ્રાણી હિંસાના કાર્યનો ત્યાગ, ભુવન ત્રણ વીત્રેકજી – ત્રણેય ભુવનોમાં ઉત્તમ, વીત્રેક –વ્યતિરેક, સપ્તભોમ – સાત માળ,

- વ્યોમસમાને – વ્યોમ સમાન ઊંચા ●આંબારાળ શેલડીજી – કેરી અને શેરડી અથવા શેરડી જેવી ગોળ કેરી ● નેત્ર – નેતર ● ષટયાદ –ભ્રમર, ●ગુંજાગુંજ – ગંજારવ,
- ખલોખલી – લતાગૃહ/જલસ્થાનક ● વેલ.... ખલોખલી – વેલ્ય અને સુગંધી વાળાવાળી ખલોખબી હતી ● વચણ – વચન/અહીં કલરવ ● રયણ – રજની/રાત્રિ
- ડોલે રાજા ગીરજી – પક્ષીઓના એ કલસંગીતથી રાજા ડોલતો હતો. ● હવો – થયો,
- ગોપવીને – ગુપ્ત રાખીને/સંતાડીને ● બાલી – બાલા ● અટારી – અગાશી
- નેત્રતીક્ષણ – અણિયાળા નેત્રથી ● અકાળે – મધરાતે

કડવું –૧૫

- ગર્વિષ્ઠ ઘેલડી – રૂપમત્તા, કદલીસ્થંભા.... ● વેલડી – કેળના થાંભલા જેવી બે સાહેલડી વચ્ચે ઊભેલી (વૈદર્ભી/વિદર્ભની રાજકુમારી) દમયંતી સુવર્ણની વેલ જેવી લાગતી હતી
- હેમની – સોનાની ● અવેવફૂલે – અવયવરૂપી ફૂલે ● ચકિત – આનંદાશ્ચર્ય
- મૂઢ વ્યોમભોમે સોમ – આકાશમાં ચંદ્ર અને ભોમ/પૃથ્વી પર

# એકમ–5

## કડવા ૧૬, ૧૭ અને ૧૮ની સમીક્ષા

રૂપરેખા


**5.1** ઉદ્દેશ

**5.2** ભૂમિકા

**5.3** સમીક્ષા

**5.4** વસ્તુલક્ષી કસોટી

**5.5** મહત્વના શબ્દોની જોડણી


## 5.1 ઉદ્દેશ

'નળાખ્યાન' ના કડવા સોળ, સત્તર અને અઢારની રસ સમીક્ષાના આસ્વાદ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- આખ્યાનમાં નળ અને દમયંતીના લગ્ન પૂર્વેની ભૂમિકાથી જ્ઞાત થશે.
- દમયંતીનો વિરહ તાપ જોઈને તાત્કાલિન રીત–રિવાજ અને શ્રદ્ધા–અંધશ્રદ્ધાનો પરિચય થશે.
- પહેલાના સમયમાં રાજાઓ સ્વયંવર કેવી રીતે યોજતા અને તેમાં કઈ કઈ બાબતો ધ્યાન પર લેવાતી તેનો પરિચય મેળવશે.
- દમયંતીને પરણવા દેવોના મનમાં લોલુપતા જગાડનાર નારદની યુકિત અને ક્રિયાથી પરિચય થશે.
- નારદની ચઢવણીથી દેવો જુદી જુદી રીતે દમયંતીને પરણવા જાય છે. પરંતુ અણધાર્યા ભેગા થઈ જાય છે. અને જે વાત કરે છે તેમાં માનવીય ગુણ–અવગુણ દેખા દે છે તેનો પરિચય થશે.
- નળને પોતાનો દૂત બનાવી દેવો દમયંતી પાસે એને મોકલે છે તેમાં મધ્યસ્થી પાસે મજબૂરીનો લાભ કેવો લેવાય તેનાથી પરિચીત થશે.
- કથારસ જળવાઈ રહે તે માટે પ્રેમાનંદે યોજેલ કથા સંકલનથી પરિચીત થશે.

## 5.2 ભૂમિકા

પ્રસ્તુત એકમમાં કડવું સોળ, સત્તર અને અઢારનો રસલક્ષી પરિચય આપ્યો છે. કથા પ્રવાહમાં શૃંગાર અને હાસ્ય રસ કારગત નીવડયા છે તેવી પ્રેમાનંદની એ સિદ્ધિદર્શન અહીં થાય છે. કડવા સોળની આરંભની પંકિતઓથી જ ખબર પડે છે કે હંસે કરેલું નળનું સૌંદર્યવર્ણન દમયંતીના મનમાં બેવડા ભાવ જગાવે છે. હંસે આપેલી વચનની વાતથી પણ દમયંતીને સંતોષ નથી. હજી એને ફફડાટ છે કે લગ્ન થશે કે નહિ અને નળના વિરહમાં તે પોતાની જાતને દમે છે. એવી સ્થિતિમાં તેને તાવ આવી જાય છે. તે સમયે તેની માતા દ્વારા તેના મનની વાત જાણવી, ભીમકરાજાને કહેવું, સ્વયંવરની તૈયારી, દમયંતી દ્વારા નળને લખાતો પત્ર, નારદ દ્વારા દેવોને લલચાવવાનું કાર્ય, નળની દેવો સાથે મુલાકાત, નળનું દૂત બનવું, સમજાવવું વગેરે બાબતોને રસભર શૈલીમાં પ્રેમાનંદે આ ત્રણ કડવામાં કરી છે. પ્રેમાનંદની રસનિરૂપણકલા,

પ્રસંગ ખિલવવાની ફાવટ, ચિત્રાત્મકતા, અલંકારશકિત અને માનવ મનનાં ભાવોની જાણકારીનો પરિચય થાય છે. પોતાના પુરોગામી આખ્યાનકારોમાંથી પ્રેરણા લઈને કે યથાયોગ્ય ફેરફારો કરીને સમકાલીન સમાજને રૂચિકર પ્રસંગો ખિલવનાર પ્રેમાનંદનો પરિચય અને પ્રસંગનો આનંદ આપણને મળે છે. આખ્યાનની કથાને પુષ્ટ બનાવવા આ પ્રસંગોની આવશ્યકતા કેટલી છે તે પણ સમજાય છે.

## 5.3 સમીક્ષા

નળાખ્યાનનાં ૧૬માં કડવામાં પ્રેમાનંદે ૨૦ કડીઓમાં બે પ્રસંગો વણી લીધા છે. એક તો દમયંતીની વિરહ–વેદના દર્શાવીને સૂક્ષ્મ ભાવોનું આલેખન કર્યું છે તે. બીજું કે દમયંતીની પરણવાની વાત જાણીને દમયંતીની માતાના કહેવાથી એના પિતા સ્વયંવરની તૈયારી કરે છે. આ કડવામાં હંસને નળ પાસે મોકલીને દમયંતી પોતાના વિવાહનું નકકી કરવાનું કહે છે. ત્યાર પછી તે (દમયંતી) વિરહાગ્નિમાં બળે છે તે અને પોતાની જાત સાથે જ વાત કરતી વખતે હંસ, નળ, લગ્ન, સ્વયંવર વિશે વિચારતી તે બીમાર પડી જાય છે.

''એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારૂણીને આવ્યો તાવ,
અન્ન ન ભાવે, નિંદ્રા ન આવે કો–શું વાત કીધાનો નહિ ભાવ. ''

દમયંતીને આવેલા તાવની ખબર એની માતાને પડે છે ત્યારે તે દોડતી તત્કાળ દમયંતી પાસે આવે છે અને દમયંતીને પૂછે છે કે શું થયું ? ભાવક જાણે છે કે શું સ્થિતિ છે. પ્રેમાનંદ માનવભાવોના કેટલા ઊંડાણમાં જઈ શકે એ અને તત્કાલિન રીત–રિવાજો કેવા હતા તેનું દર્શન પણ આ કડવામાં થાય છે. દમયંતીને પરણવાની તાલાવેલી લાગી છે. એ નળના વિરહમાં તપ્ત છે. દમયંતીની વ્યથા એ છે કે એ પોતાની હાલત નથી પિતાને કહી શકતી કે નથી પોતાના ત્રણ ભાઈઓને કહી શકતી. ઉપરથી એની માતા એમ વિચારે છે કે દમયંતીને કોઈની નજર લાગી છે. એવું માનીને એના માથા ઉપરથી દાણા ઉતારે છે. (આજના સમયે પણ આ રિવાજ પ્રચલિત છે. ગામડામાં અને શહેરમાં પણ–કોઈ પાણીનો લોટો ભરીને વાળે છે, કોઈ મરચાં વાળે છે, કોઈ રાઈ વાળે છે, કોઈ મીઠું વાળે છે.) ત્યારે પ્રેમાનંદે દમયંતીના મુખમાં એની માતા વિશેના વચનો કહેવરાવ્યાં છે. તે દમયંતીની રીસ અને ચીડ પણ પ્રદર્શિત કરે છે. દમયંતી દ્વારા પોતાની માતા વિશે આવા વચન કહેવરાવી –દમયંતીની જુવાનીનાં આવેગોમાં સમકાલીન જીવનરંગો પૂરવા જતાં પ્રેમાનંદ ઔચિત્ય જાળવી શકતા નથી. ઉચ્ચ પ્રકારનું પાત્ર અહીં નિમ્નતા ધારણ કરેલું જણાય છે.

''........ગરઢાં માણસ ઢોર

પરણ્યાં–કુંઆરાં કાંઈ ન પ્રીછે, ફોકટ કરવો શોર,
હું સમાણી જાય છે સાસરે તેહેના જુઓ ભોગ,
તેહેની પેર થાશે માહારે ત્યારે જાશે આફણિયે રોગ.''

આવા વચન સાંભળી દમયંતીની માતાને ખ્યાલ આવી જાય છે કે દમયંતીના લગ્ન કરાવી દેવાં જોઈએ તે ભીમકરાજાને (પોતાના પતિને) જાણ કરે છે. અહીં એક વાત સ્ત્રીઓની બાબતમાં એ જાણવા મળે છે કે 'મોટી દીકરી તો પિયરમાં ના જ શોભે ' આ પંકિતમાં પ્રેમાનંદ ઘણી બધી ઊંચી વાત કરી જાય છે. વાત જાણ્યા પછી ભીમકરાજા પોતાના પુત્રોને બોલાવે છે. અને દમયંતીના લગ્નની તૈયારીઓ શરૂ કરવા કહે છે. સ્વયંવર રચવાની પણ સૂચના આપે છે. સુદેવ નામના બ્રાહ્મણને નૈષધ દેશ રવાના કરવામાં આવે છે. નળ માટે નોતરું મોકલ્યું ત્યારે દમયંતી એક છૂપો પત્ર પણ એની સાથે મોકલાવે છે. એમ અહીં કડવું પૂરું થાય છે. આ કડવામાં પ્રેમાનંદનાં સામાજિક જ્ઞાનની ઝાંખી થાય છે. નાની કડીઓમાં ભાવનું આલેખન સુંદર રીતે કરી બતાવ્યું છે.

⇨ કડવા ૧૭ માં પ્રેમાનંદ એક સાથે નળની સ્થિતિ, પત્રની વાત, સ્વયંવરની વાત, દેવો દ્વારા સ્વયંવરમાં આગમન, હંસે કરેલ પોતાની પૂર્વકથાનું બયાન, નળને અપાતી શિખામણ, નારદની ઝઘડા કરવાની વૃત્તિ બધું જ કહી દીધું છે. ઓગણચાલીસ કડીમાં પથરાયેલા આ કડવાની કથા પ્રમાણમાં લાંબી છે. પ્રેમાનંદ કથારસ જાળવવા અહીં અદભૂત, શૃંગાર, કરુણ અને હાસ્યરસનો સમન્વય કરે છે. એક જ સમયે જુદે જુદે સ્થળે થતી ઘટના–પ્રસંગનું નિરૂપણ આ કડવાની ખાસિયત છે. વર્ણનકલા અને પ્રસંગ સંકલના બાબતે અહીં પ્રેમાનંદની કાવ્યકળા ધ્યાન ખેંચે છે. સંવાદો દ્વારા પણ ઘણી બધી બાબતો આપણને જણાવે છે. આ કડવામાં શ્રોતાઓ સજાગ થઈ જાય એવી ત્રેવડ બતાવી છે. ઉત્સુકતા જાગે, કથામાં રસ પડે એવી આ યોજના પ્રેમાનંદની સિદ્ધિ લેખાય છે.

કડવાની શરૂઆતમાં દમયંતીનો પત્ર વાંચીને નળ હરખાય છે. તત્કાળ સ્વયંવરમાં જવાની તૈયારી કરે છે. કેમકે પત્રમાં દમયંતીએ કહ્યું છે કે હું મનોમન તમને વરી ચૂકી છું. એટલે સ્વયંવરમાં તમારું આવવું જરૂરી છે. જયારે સ્વયંવરમાં જવા નીકળતા નળને ગાયના દર્શન થાય છે ત્યારે હંસ એને કહે છે કે શુકન સારા છે તું ચોકકસ દમયંતીને જ પરણીશ અને હંસ પોતાને જવા દેવાની આજ્ઞા માગે છે. ત્યારે નળ રડી પડે છે, પણ જતાં જતાં હંસ એને શિખામણ આપે છે કે જીવનમાં ‘કોઈ સ્ત્રી પર વિશ્વાસ ના કરીશ’ અને કદી પણ ‘જુગાર ના રમીશ’. એ સંદર્ભે હંસ પોતાની અને નળરાજાની પૂર્વકથા કહે છે, અને કહે છે કે ગયા ભવનું તારૂં ૠણ ચૂકવવા મેં આ જન્મમાં પક્ષીરાજનો અવતાર લીધો છે. હવે હું તારા ૠણમાંથી મુકત થાઉં છું, પણ જયારે જરૂર પડે તો બોલાવજો હું આવીશ. એમ કહી હંસ ઉડી જાય છે. નળ વિદર્ભ દેશ તરફ આવે છે. વિદર્ભ દેશમાં આવીને જુએ છે તો આખું નગર સાગરમાં નાવડીઓ જેમ ભરચક ભરાઈ હોય એમ લાગે છે. ખીચોખીચ નગરમાં ભીમકરાજાએ આવનારા રાજાઓ માટે કોઈ વાતની કમી રાખી નથી. આનંદ પ્રમોદ માટે હીંડોળા, મંડપ, રહેવાની સગવડ, દરેક રાજાને એના જેવું માન, રાજા–સેવકો અને પશુઓ માટે ખાવા પીવાની વ્યવસ્થા પણ સુંદર કરી છે. પ્રેમાનંદની વર્ણનકળા અહીં થોડામાં જે શબ્દચિત્ર ઉપસાવે છે તે કોઈ ચલચિત્ર જેવું દ્રશ્ય બતાવી જાય છે. ભીમકરાજાનું હકડેઠઠ ભરાયેલું નગર જાણે આપણી નજર સમક્ષ તાદ્રશ્ય થાય છે.

આટલેથી કથા અટકાવી પ્રેમાનંદ હવે આ જ કડવામાં નારદને સ્વર્ગમાં જયાં દેવો બેઠા છે ત્યાં મોકલે છે. એ વખતે પ્રેમાનંદ કહે છે–

‘‘ૠષિ નારદને કલહની ટેવ, ગયા સ્વર્ગ જયાં બેઠા દેવ.’’

અહીં જે બાબત બને છે તેમાં પ્રેમાનંદ હાસ્યરસ જમાવે છે. ઈન્દ્ર જયારે નારદને પૂછે છે કે કેમ હમણાંથી આ સ્વર્ગમાં કોઈ મૃત્યુ પામી આવતું નથી. ત્યારે નારદ કહે છે કે પૃથ્વીના મનુષ્યો અવગતે મૃત્યુ પામે છે, તેથી તેઓ જમપુરીમાં જાય છે. અને જમનગર ભરાઈ ગયું છે. કેમકે દમયંતી એક એવી નારી છે કે જેને પામવા સૌ કોઈ અધીર છે. જેણે દમયંતીને જોઈ નથી તે જીવતે જીવત મરેલા છે. આ સમયે પૃથ્વી પર તેનો સ્વયંવર રચાયો છે. આ સ્વર્ગની અપ્સરા પણ એની પાસે દાસી સમાન છે. એમ દેવોના મનમાં આકર્ષણ અને લાલચ જગાવી નારદ અદ્રશ્ય થઈ જાય છે. ત્યાર બાદ દેવો દમયંતીના સ્વયંવરમાં જવા ઉપડે છે. અહીં કડવું સત્તર પૂરું થાય છે. અહીં પ્રેમાનંદની તર્કશકિત, શબ્દશકિત, રસસિદ્ધિની કળા અને સામાજિક જીવન સંદર્ભ તથા રીત–રસમ વગેરેનું દર્શન થાય છે. શ્રોતાઓની નાડ પારખું નજર ધરાવતા પ્રેમાનંદ આ કડવામાં પ્રસંગને ખીલવે છે. પોતાની લાઘવ કળાનો પણ અહીં પરિચય કરાવે છે.

⇨ અઢારમાં કડવામાં પ્રેમાનંદ ઉપરોકત કડવાના અનુસંધાને એજ પ્રસંગને આગળ લઈ જઈ કથારસની જમાવટ કરે છે. અહીં પ્રેમાનંદ હાસ્ય રસને બરાબર જમાવે છે. ચારેય દેવો એકબીજાથી છુપી રીતે સ્વયંવરમાં આવવા નીકળે છે. પરંતુ સ્વયંવરમાં ભેગા થઈ જાય છે. તે સમયે દેવો પોતાના આગમનનો સાચો હેતુ પ્રગટ કરતા નથી. એકબીજાની ખબર પૂછે છે. આખરે અગ્નિદેવ બધાંનો ભાંડો ફોડે છે. ત્યારે દેવો દમયંતીને પરણવાની આશા છોડી દેવી એવી અંદરો અંદર એકબીજાને સલાહ આપે છે. પ્રેમાનંદ આ કડવામાં પોતાના મૌલિક ઉમેરા દ્વારા હાસ્ય જન્માવવામાં સફળ થયા છે. દેવો અંદરો અંદર જે તર્ક અને હકીકત બયાન કરે છે. તે આજના સંદર્ભે પણ એટલું જ પ્રસ્તુત છે. દેવો દમયંતીની નિંદા કરે છે અને કહે છે કે જો એ નળને પરણશે તો આપણી ફજેતી થશે. દેવો આ સમયે બેઉ બાજુ તર્ક લડાવી પોતાની જાતને છેતરવાનો પ્રયત્ન કરે છે.

દેવો તો ત્યાં સુધી વિચારે છે કે જો નળને ત્યજી આપણને દમયંતી વરે તો એ એનો અવગુણ કહેવાય. એવી ગુણ વિહોણીને આપણા જેવાથી તો કેમ પરણાય ? આ રીતે પ્રેમાનંદ દેવોની વાતો દ્વારા પરોક્ષ રીતે નળ અને દમયંતીની જ પ્રશંસા કરાવે છે.

''ભીમકસુતાને આલિંગન દે અભાગિયાં આપણા શરીર જી ?
વીરસેનસુત આગળ વિષ્ણુ ન પામે, તો આપણે ન રખાય ધીર જી,
જદ્યપિ મનસા નળની મૂકીને, આપણ ઉપર ધરે જી,
તો ગુણવિહોણી દમયંતીને બલા આપણી વરે જી.''

આમ દેવો પોતાની રીતે દમયંતી અને નળ વિશે અફરાતફરી વાતો કરીને આખરે એવા નિર્ણય પર આવે છે કે નળને જ આપણો દૂત બનાવી દમયંતી પાસે મોકલવો. પછી બ્રાહ્મણ વેશ ધરીને દેવો નળ પાસે આવે છે અને નળ એમનું સ્વાગત અને સેવા કરે છે ત્યારે દેવો વચનમાં બાંધીને પ્રગટ થાય છે. ત્યારે નળ આભો બની જાય છે. પણ નળ વિના દેવોને કોઈ જોઈ શકતું નથી. દેવો કહે છે કે તું દમયંતી પાસે જઈને એવી વાત કરકે દમયંતી અમને જ વરે. એમ કડવું પૂરું થાય છે. પ્રેમાનંદ નળની મહત્તા બતાવવા અને દમયંતીના રૂપને ઉચ્ચ કક્ષાએ મૂકવા આ કડવાના પ્રસંગને આલેખે છે તે જોઈ શકાય છે. પરંતુ એમ કરવા જતાં તે દેવોને સાવ નીચલા સ્તર પર લઈ જાય છે. એ જમાનાના સમાજની માંગને લઈ પ્રેમાનંદ એમ કરે છે. નાના કડવામાં પ્રેમાનંદ આગળ બનનારી ઘટનાની પૂર્વભૂમિકા બાંધે છે. એમ પણ લાગ્યા વિના રહેતું નથી. સામાન્ય મનુષ્યના ગુણો દેવોમાં આરોપીને મનુષ્યની લાલસાની વૃત્તિ બતાવી છે. ભાષા અને સંવાદ કૌશલ અહીં સહાયભૂત તત્વ તરીકે ખપમાં લીધા છે.

## 5.4 વસ્તુલક્ષી કસોટી : 1

આખ્યાનનાં કડવા સોળ, સત્તર અને અઢારનો રસલક્ષી પરિચય કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 હંસને વળાવ્યા પછી દમયંતીની વિરહ વેદના કેવી છે. ?
2 ચંદ્રની ચાંદની / તેજ વિશે દમયંતીના વિચાર કેવા છે. ?
3 દમયંતીની માતા શા માટે દમયંતી પાસે આવે છે. ?
4 દમયંતીની માતાને દમયંતીને કઈ બીમારી લાગી હોય એમ લાગે છે એનો એ શો ઉપાય કરે છે. ?
5 દમયંતી પોતાની માતાને કયા શબ્દોથી નવાજે છે. શા માટે ?
6 પુત્રીને પરણાવવાની છે એવી જાણ ભીમકરાજાને થતાં એ શું કરે છે. ?
7 કઈ પરિસ્થિતિમાં નળ જલદી સ્વયંવરમાં જવા તત્પર થયો. ?
8 હંસ અને નળની પૂર્વભવની કથા આલેખો.
9 નારદે દેવોના મનમાં દમયંતી વિશે આકર્ષણ કેવી રીતે જમાવ્યું. ?
10 ચારેય દેવોની વિદર્ભમાં પધરામણી કેવી રીતે થાય છે. ?
11 દેવો અંદર–અંદર કઈ વાત છુપાવે છે. ?
12 દેવો દમયંતી અને નળ વિશે શું વિચારે છે. ?
13 નળને વચનમાં બાંધવા દેવો શું કરે છે. ?
14 નળને દૂત બનાવી દમયંતી પાસે મોકલવાનો વિચાર કોણ આપે છે. ?
15 નળને દૂત બનાવી દમયંતી પાસે મોકલી, દેવો શું કરવા માંગે છે ?

## 5.4 વસ્તુલક્ષી કસોટી : 2

આપેલ વાકયો ખરાં છે કે ખોટાં તે કહો.

1 હંસે દમયંતીને નળનો મોહ લગાડયો.
2 દમયંતીને લાગે છે કે મારી અકળામણને ચંદ્રના કિરણો શાંત કરી દેશે.
3 દમયંતી વિરહાગ્નિમાં બળતાં મૂર્છા ખાય છે.
4 દમયંતીની માતાને એમ લાગે છે કે દમયંતીને કોઈની નજર લાગી છે.
5 'ગરઢાં માણસ ઢોર' એમ દમયંતી પોતાની માતાને કહે છે.
6 ભીમકરાજાને એમનો પુત્ર કહે છે કે દમયંતીને કયાં સુધી કુંવારી રાખશો.
7 નળરાજાને આમંત્રણ આપવા સુદેવ જાય છે.
8 દમયંતી પક્ષી દ્વારા નળને અંગત પત્ર મોકલે છે.
9 નળ સ્વયંવરમાં જવા નીકળે છે ત્યારે ગાયના શુકન થાય છે.
10 સ્વયંવર રચવા ભીમકરાજા પોતાના નગરને સર્વ રીતે શણગારીને વ્યવસ્થા કરે છે.
11 દમયંતી વિશે વાત કરવા નારદ દેવ પત્નીઓને મળે છે.
12 પૃથ્વી પર લોકો દમયંતીના નામ લઈ અવગતે મરે છે.
13 દમયંતીને નારદ અપ્સરાઓ કરતાંય ચડીયાતી બતાવે છે.
14 દેવો એકબીજાથી છાનાછપનાં વિદર્ભ દેશમાં જાય છે.
15 દમયંતીને પરણવા ચારેય દેવો નકકી કરીને આવે છે.
16 દમયંતીને પરણવાની વાત મૂકી દો એમ વરૂણ દેવ કહે છે.
17 આયુષ્ય પુરૂ થયા વિના પણ યમ નળને મારવા રાજી છે.
18 નળને દૂત બનાવી દમયંતી પાસે મોકલવાનું સૂચન અગ્નિદેવ કરે છે.
19 દેવો નળ પાસે જવા વેપારીનું રૂપ ધારણ કરે છે.
20 દેવો પ્રત્યક્ષ થાય છે ત્યારે એ ફકત નળને જ દેખાય છે.

## 5.4 વસ્તુલક્ષી કસોટી : 3

નીચે આપેલા જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| 1 | ચંદ્રકિરણ અગ્નિ પે અધકાં,<br>નાખશે હું ને બાળી | 1 | અગ્નિદેવ |
| 2 | તુને શું દુઃખે છે માડી ? | 2 | કડવું ૧૭ |
| 3 | આંખે ઉતારૂં, દ્રષ્ટિ બેઠી<br>હશે કોની મેલી–ચોખી | 3 | હંસ |
| 4 | દેશાંતરના જે છે રાજા,<br>દૂત મોકલાવી તેડાવો. | 4 | કડવું ૧૮ |
| 5 | આવી સુદેવે આપ્યો કાગળ,<br>રુદયા ચાંપી વાંચે નળ. | 5 | નળ |
| 6 | ભલા શુકન : તું દમયંતી,<br>પામ્યો, રાજન! | 6 | નારદ |
| 7 | કોહો ઋષિજી ! પ્રથવીની પેર,<br>કો પુરુષ ના આવે અમારે ઘેર. | 7 | દમયંતીની મા |

| | | | |
|---|---|---|---|
| 8 | શું અધર્મ બોલવું ? સર્વ દમયંતીના લોભી જી. | 8 | કડવું ૧૬ |
| 9 | વૈદર્ભી વર્યાની મૂકો,<br>મનની આશા | 9 | દમયંતી |
| 10 | ગોળ મૂકીને ખોળને ખાય,<br>ન હોય ચતુર, પશુવત્તજી. | 10 | ભીમકરાજા |
| 11 | કાંઈ કામ કાજ અમ સરિખું કહિયે,<br>હરિ મોટા છે કરનાર જી. | 11 | વરુણદેવ |

## 5.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૧૬

● **સિંહકાસુત** – રાહુ ● **તણખલા**– તણખા ● **ટાઢક ચર્ચે**– સુખડ જેવા ઠંડક આપનારા પદાર્થોનો લેપ કરે ● વ્યાધ – શિકારી ● દોખી – દોષી, દોષિત ● આખે – અક્ષત, દાણા ● દ્રષ્ટ બેઠી– નજર લાગી ● ઓરિયો – લ્હાવો ● સમોતી – સાજીતાજી ● પનોતી – મોંઘી ● હું સમાણી – મારા જેવડી ● ભોગ– સુખ ભોગ ● આફણિયે – એની મેળે ● કોહોને – કોક ને ભાગ્યે ● ધવળમંગળ– લગ્ન ગીત ● નફેરી – ઢોલ જેવું વાદ્ય ● અપછરા – અપ્સરા ● નિશાન – જવાની તૈયારીનાં કે આનંદના ઉભરામાં

કડવું –૧૭

● **મીન–નીર** – માછલી અને પાણી ● **સવત્સી** – વાછરડાવાળી ● કુરંગ–કુરંગની – હરણ–હરણી ● સિધ – સિધ્ધિ, ફતેહ ● વેર સંબંધ – એકમેક સાથેના સંબંધથી નિરવાણ – નકકી ● કાષ્ઠ ભક્ષ કીધું – લાકડાની ચિતામાં બળી મરી ● રણીયો – ઋણી, દેવાદાર ● આશીશા –આશિષ ● ચોહો ફેર – ચોમેર, ચોતરફ ● સાગરમાં તેમ – તંબુઓને કારણુ ● તરાંસે – ત્રાજવે ● અરજના – અર્ચના, કમાણી ● ખચખચી – ખોચોખી ● ચકલા – કલહ, તકરાર ● પેર– પરિસ્થિતિ અવગત્ય – અવગતિ ● સરવથી – સર્વથા ● છાના – એકમેકથી છાની રીતે અથવા પોતાના અંતરમાં ● લૂલતા – લોલુપતા ● જૂજવાં – જુદાં જુદાં

કડવું –૧૮

● **એટલે** – એટલામાં ● **ખેમજી** – કુશળક્ષેત્ર ● **ભડશે** – ભળશે, ફળશે ● મનસા – મનીષા, ઈચ્છા ● પશુવત – ઢોર જેવી ● આપાં – આના કરતાં ● વણખૂટે – આયુષ્ય ખુટયું ન હોય તો ● સાચું – સફળ ● વિપ્ર – બ્રાહ્મણ ● ઉદયા – ઉદય પામ્યા

## એકમ–6

## કડવા ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ની સમીક્ષા

રૂપરેખા


**6.1** ઉદ્દેશ

**6.2** ભૂમિકા

**6.3** સમીક્ષા

**6.4** વસ્તુલક્ષી કસોટી

**6.5** મહત્વના શબ્દો


### 6.1 ઉદ્દેશ

'નળાખ્યાન' ના કડવા ઓગણીસ, વીસ, એકવીસ, બાવીસ અને ત્રેવીસની રસલક્ષી સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી પરિચિત થશે.

- કડવાં ૧૯ થી ૨૩ની કથાનો સારાંશ મેળવશે.
- દેવોની વિનંતીથી નળને દમયંતીના આવાસમાં જોગીવેશે જવાની ફરજ પાડતા દેવો અને નળની પરિસ્થિતિ જાણશે.
- દમયંતીના અને નળના પ્રથમ મિલન પ્રસંગનો પરિચય પ્રાપ્ત કરશે.
- પ્રેમાનંદની આખ્યાન કળામાં જોવા મળતાં વર્ણનશકિત અને સંવાદકળાથી પરિચિત થશો.
- પ્રેમાનંદ અહીં બુદ્ધિચાતુર્ય કેવી રીતે ખીલવે એ અને ચતુર નર–નારી કેવાં હાજર જવાબો આપે એનો પરિચય થશે.
- નળ અને દમયંતીના સંવાદોથી કથામાં પ્રસંગની જરૂરીયાત કેટલી ઉચિત છે તે જાણશો.
- નળના નિષ્ઠાથી બજાવેલ દૂતકાર્યથી પરિચિત થશો અને દમયંતીને સમજાવતાં દમયંતી નળને જ વરી ચૂકી છે એવી પરોક્ષ રીતે નળને થતી પ્રતિતિથી પરિચિત થશે.
- દમયંતી નળ એને ગમે તેટલું સમજાવ્યા છતાંય દેવોને પરણવાની દાસીને ના પાડે છે. તે ઉત્તરથી અને નળ તરફના અનુરાગથી પરિચિત થશે.
- નળ દેવો સમક્ષ બધી વાત કરે છે, દેવો નળનું રૂપ ધારણ કરીને સ્વયંવરમાં જવાનો નિશ્ચય કરે છે, સ્વયંવરમાં રાજાઓનાં આગમન વિશે પરિચિત થશે.
- પ્રેમાનંદની શબ્દચિત્ર નિર્માણ શકિતથી પરિચિત થશે.

### 6.1 ભૂમિકા

નળાખ્યાનનાં ઉપરોકત ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ કડવામાં પ્રેમાનંદની મૌલિકતા અને રસસ્થાનો ખીલવવાની ત્રેવડનો પરિચય થાય છે. આ એકમમાં પ્રેમાનંદનું મૂળકથામાં ફેરફાર કરી લોકભોગ્ય પ્રસંગો બનાવવાનું કૌશલ દેખાય છે. નળ અને દમયંતીના વિવાહ પૂર્વે દમયંતીના નગરમાં કેવો વૈભવ વિલાસ છે તે, ભીમકરાજાએ સ્વયંવરની તૈયારી કેવી કરી છે તે,

સ્વયંવરમાં આવનાર રાજાઓ માટે અને એ રાજાઓ સાથે આવેલા કાફલા માટે ભીમકરાજાએ કેવી વ્યવસ્થા કરી છે તે, દમયંતીને પરણવા માટે રાજાઓએ કરેલી વિવિધ યુકિતઓ, દેવોએ તો માનવીય ગુણ ધારણ કરી હદ વટાવી દીધી એ બધી બાબતોનું આસ્વાદપૂર્ણ આલેખન આ પાંચ કડવામાં મળે છે. નળ દેવોનું દૂત કાર્ય કરે એ માટે દેવોએ તેને જોગીવેશ લેવડાવ્યો છે અને વચનમાં બાંધ્યો છે કે યેનકેન પ્રકારે દમયંતી અમને જ પરણે એવી વાત કરજે. અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે પ્રેમાનંદની નિરીક્ષણ શકિત કેટલી સૂક્ષ્મ છે તેનું પણ દર્શન થાય છે. દમયંતીનો આવાસ, દાસીઓના ચિત્રાત્મક વર્ણનો, નળની સમજાવટ, દમયંતીનો ઉત્તર, પ્રેમાનંદનું બુદ્ધિચાતુર્ય, સંવાદ કૌશલ્ય, દેવોનું નળરૂપ ધારણ કરવું, નળનું આગમન અને દમયંતીનું ખુશી ખુશી સ્વયંવરમાં આવવું આ બધી જ બાબતો આપણને આ એકમ દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદ પોતાના જમાનાને અનુલક્ષીને જે પ્રસંગો અને પાત્રોના માનસનો પરિચય કરાવે છે તેમાં તેમની રસ ખીલવણી, ભાષા પ્રભુત્વ, અલંકાર આયોજન, સમકાલીન જીવનરંગો અને પ્રેમાનંદની સર્જકતાનો પરિચય થાય છે.

## 6.3 રસલક્ષી સમીક્ષા

કડવા ઓગણીસની શરૂઆતમાં નળ અને દેવોનો વાર્તાલાપ થાય છે. તેમાં દેવો નળને વિનંતી કરે છે કે તું અમારો મિત્ર છે અને બીજાનું પુણ્ય કરવાવાળો છે. તું અમારો વેવિશાળિયો બની દમયંતીના આવાસમાં જા અને અમારા ચારેય દેવોની પ્રશંસા કર. અમારો મોહ જગાડ. જેથી કરીને દમયંતી જેને પસંદ કરશે એને પરણશે. ત્યારે નળ કહે છે કે ત્યાં ઘણા બધા રક્ષકો અને સેવકો પહેરગીર હશે મને અંદર જવા પણ નહીં દે. ત્યારે દેવો તેને જોગીવેશ ધારણ કરીને જવાનું કહે છે. એ સ્થિતિમાં દમયંતી સિવાય તને કોઈ દેખી નહીં શકે. દેવો ગમે તેમ કરીને આવી રીતે સમજાવી નળને દમયંતીના આવાસમાં મોકલે છે. પણ દેવોને ચિંતા એ થાય છે કે જો દમયંતી નળનું રૂપ જોશે તો એને મોહી પડશે તો ? એટલે દેવો તેને સ્વભાવ તીખો અને કઠોર રાખવાનું કહે છે. જેથી દમયંતી એના પ્રત્યે અણગમો દર્શાવે. જેથી દમયંતી દેવોને જ વરે.

"વાત કહે નહિ આપણી વરણી, વેવિશાળિયો બેસશે પરણી,
નળને લેવરાવ્યો જોગીનો ભેખ, શીખવ્યો : 'તામસ કરજે તેખ."

જયારે નળ દેવોનો દોરવ્યો દમયંતીના આવાસમાં જાય છે ત્યારે ત્યાં જે દાસીઓ છે તે અને એ આવાસનું વર્ણન આ કડવામાં પ્રેમાનંદે ખૂબ સરસ રીતે કર્યું છે. દાસીઓની ક્રિયાઓ, ત્યાં જે ગાયન–વાદન થાય છે તેનું વર્ણન, દાસીઓની વિવિધ ઉંમર અને સ્વભાવનું પણ દર્શન કરાવ્યું છે. નળને જે દાસીઓ જોવા મળે છે તે દેવકન્યા જેવી છે. નળ ત્રીજે માળે જાય છે તયારે વાર્તારસ જમાવવા આખ્યાનકાર પ્રેમાનંદ જે દ્રશ્ય ખડું કરે છે એમાં એમની વિશિષ્ટતા રહેલી છે. કદાચ આવી તક ઝડપવાનું બીજા કોઈ આખ્યાનકારને કદાચ ના જ સૂઝયું હોત. દમયંતીને પહેલી વખત જુએ છે તેનું વર્ણન પણ પ્રેમાનંદ સુંદર રીતે કરે છે. દમયંતી એક હિંડોળા પર બેઠી છે એક દાસી વાળમાં તેલ નાખે છે. તેનું પ્રતિબિંબ (દમયંતીનું) જોઈ નળને ચંદ્ર ચળકતો હોય એમ લાગે છે. એક ક્ષણ માટે નળનું મન ડગી જાય છે. પરંતુ પોતાની સત્યનિષ્ઠાનું ભાન થતાં તેનું કાર્ય છે એ કરવા તે પ્રવૃત્ત થાય છે. ત્યાં નળ પોતાના મનનું સત્યનિષ્ઠાથી સમાધાન કરે છે એ પણ નોંધવું રહ્યું.

⇨ કડવા ૨૦ માં દમયંતી પોતાના આવાસમાં આવતા નળને ખાપમાં (અરીસો) જુએ છે. એ તેનું પ્રતિબિંબ જોઈ તે નળને ઓળખી કાઢે છે. વાતચીતના અંતે નળ પ્રગટ થાય છે. તે પ્રસંગ રસભર રીતે પ્રેમાનંદે અહીં આલેખ્યો છે. નળ જોગીવેશે જયારે દમયંતી બેઠી હોય છે ત્યાં આવે છે ત્યારે અચાનક ભીંતમાં જડેલા અરીસામાં નળનું બિંબ જોઈ દમયંતી ગભરાઈને ઊભી થઈ ને એક બાજુ ખૂણામાં જતી રહે છે. એ દાસીને ચેતવે છે કે કેવી મૂરખ છે. કોઈ આવી રહ્યું છે એ તને દેખાતું નથી. પરંતુ દેવોના વરદાનથી નળને ફકત દમયંતી સિવાય કોઈ જોઈ શકે એમ નથી. દમયંતી ખાતરી સાથે કહે છે કે આવું દિવ્યરૂપ ધરાવનાર નળ જ હોય ! ત્યારે દાસી કહે છે કે બહેન એ તમારી ધખના (વહેમ) છે. અહીં પક્ષી પણ ના આવી શકે તો નળ કેવી રીતે આવી શકે. ? ત્યારે દમયંતી ફરીથી અરીસામાં નળનું પ્રતિબિંબ દેખાડે છે ત્યારે બેઉ જણ વિસ્મય પામે છે. તેઓ ચમકીને ઊભા થઈ જાય છે. પ્રેમાનંદે આ વખતે જે શબ્દપ્રયોગ કર્યો છે તે 'ઝબકારે ઝબકી વીજળી' માં નળની મહત્તા અને દમયંતીનું ઝાંખાપણું દર્શાવ્યું છે. આ કડવામાં પ્રેમાનંદ શ્લેષ અને દ્વિઅર્થી પ્રયોગ સારી પેઠે કરે છે. એક વીજળીવાળા પ્રસંગમાં અને અંતરપટ વાળી વાતમાં પ્રેમાનંદની કલાસૂઝ અહીં રમૂજ અને અદભૂત તથા ગભરામણ સાથે જિજ્ઞાસાના ભાવ આલેખી બતાવે છે. જે ભાવક

ભોગ્ય લાગે છે. ત્યાર બાદ અંતરપટ રાખી દમયંતી નળને પ્રગટ થવાનું સૂચવે છે. ત્યારે નળ પોતાનું અસલ રૂપ પ્રગટ કરે છે. અહીં 'સ્ત્રી પર પડદો રાખવો' એ શાસ્ત્ર નિયમનો પણ પ્રેમાનંદ પરિચય કરાવે છે. જયારે દાસી પૂછે છે કે કયાંથી આવ્યા ત્યારે નળ એને 'દાસી સાથે વાત નથી કરતો', 'દમયંતી વાત કરે તો કરું' જેવી ઉકિત કહે છે. ત્યારે દમયંતી જે જવાબ આપે છે તે પણ દ્વિઅર્થી છે. નળ સંન્યાસીરૂપ છે એટલે દમયંતી કહે છે કે સંન્યાસી સાથે તો દાસી જ વાત કરે ને !

''દમયંતી કહે છે : દેવ જધપિ, પણ થૈ આવ્યા સંન્યાસી,
કપટ રૂપને કન્યા ન પૂછે, માટે પૂછે દાસી.''

આવી વાતથી કડવું પૂરૂં થાય છે. પણ નળનાં મનમાં હરખ થાય છે.

➪ કડવા ૨૧માં નળ કેટલી તટસ્થતા અને સ્વસ્થતાથી દૂતકાર્ય નિભાવે છે તેનું વિગતસભર સંવાદાત્મક વર્ણન છે. આ સમયે કેવી કેવી વાતો કરીને – વિવિધ પ્રકારની લાલચ આપીને નળ દમયંતીને દેવો સાથે લગ્ન કરવા સમજાવે છે. તે વાતો પણ રસિક રીતે રજૂ થઈ છે. આ કડવાને એકાદ બે શબ્દમાં નામ આપવું હોય તો એમ કહી શકાય કે આ કડવું 'નળ–દમયંતી સંવાદ'નું કડવું છે. આ કડવામાં નળની નિષ્ઠા પણ જોઈ શકાય છે. દમયંતીનું સૌંદર્ય જોઈ નળ મોહ પામે છે. છતાંય એમ વિચારે છે કે દમયંતી દેવોને વરે એજ ઉચિત છે એ દમયંતીને કહે છે અમને જોગીને નારીની કોઈ વાસના હોય નહિ, હું તો કોઈના દૂત તરીકે તારે માટે આવ્યો છું. માટે અંતરપટ આઘો કરીને વાત કરે તો માંડીને વાત કરું. ત્યારે દમયંતી અંતરપટ ત્યજીને નળ સાથે વાત કરવા ઉતાવળી થાય છે. જયારે તે બહાર આવે છે ત્યારે લજજા અને શરમની મારી તેને પ્રસ્વેદ થયો છે અને જાણે વીજળી ઝબકી હોય એમ નળને લાગે છે. પ્રેમાનંદે આ જ ક્રિયાને દમયંતી પ્રથમ નળને જુએ છે તેમાં દર્શાવ્યું જ છે. પ્રેમાનંદ આ સમયે કહે છે 'તારુણી–તેજ–તાપ ભરમાયો ઝબકારે નળ ઝંખવાયો' પછી પ્રેમાનંદે દમયંતીની સ્થિતિ અને નળની ઉપસ્થિતિ તથા બેઉની ક્રિયા–વિક્રિયા ખૂબીથી વર્ણવી છે. અહીં થોડાક જ શબ્દોમાં દમયંતી અને નળના ચિત્રો ઉપસાવી આપ્યાં છે. 'પગને અંગૂઠે પ્રથવી ખણતી' દમયંતીનું તો 'કર દીધો છે ગળ–સ્થળે, એહેવી નારી દીઠી નળે' નળનું મન બતાવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રેમાનંદ એમાં સફળ પણ થાય છે. પણ નળ મનમાંથી દમયંતીને પરણવાનું કાઢી નાખે છે. દમયંતીને ખબર છે કે આ નળ છે પણ નળ પોતાની ઓળખાણ છુપાવવાનો પ્રયત્ન કરે છે. નળની ખોદણી કરવાનું નળ જ શરૂ કરે છે. ત્યારે ભાવકને પણ મર્માળુ હાસ્ય આવી જાય છે. તો એમાં રહેલી વિવિધ વક્રતાનાં પણ દર્શન પ્રેમાનંદે કરાવ્યાં છે. જેને પરણવાનું છે એની જ સામે પોતાના મુખે પોતાના જ અવગુણ ગાવા એનાથી મોટું દુઃખ કયું હોય. આ સમયે નળ ચારેય દેવોની ખૂબીઓ અને ચારેય દેવોનો સુખ વૈભવ વર્ણવીને કહે છે કે આમાંથી તું જેને પરણીશ એ દેવ સાથે તને કેટલી સુખ–સાહેબી મળશે. નળ પાસે એવું કંઈ નથી જે તને સુખ શાંતિ આપે, આનંદ આપે, વિલાસ આપે. ત્યારે નળ દમયંતીને કહે છે :

'' 'નળ' 'નળ' મુખે શું ભાખે ? તજી સુધા વિષ કાં ચાખે ?
મૂકી સ્વજન શત્રુને કાં મળિયે ? મૂકી ચંદન કાં વળગ્યાં બાવળિયે ?''

નળ મનુષ્ય અવતાર છે એટલે એને જીવન મરણ છે. જયારે દેવો અમૃતનું સેવન કરે છે તેથી તે અમર છે. જે એમને જીવન–મરણ છે જ નહીં. એ બધી બાબતો સમજાવતાં નળ દમયંતી પાસે ઘણી દલીલો કરે છે. મનુષ્ય જીવનની ક્ષણભંગુરતા પર પ્રકાશ નાખતાં નળ કહે છે. :

'' મનુષ્યને ઘડીએ શત ઘાત, પીડે જવર શીત સનેપાત,
માનવ ભર્યો(છે) મળમૂત્ર, તે સાથે શું ઘરસૂત્ર''

આ કડવામાં દમયંતી માટેની પોતાની ઝંખનાને દાબી દઈ, દમયંતીને પોતાનો વરવાનો સંભવ સાવ લુપ્ત જ થાય એવી દેવોની પ્રશંસા અને પોતાની નિંદા કરીને નળ પોતાનું દૂતકાર્ય જે નિષ્ઠાથી બજાવે છે તેમાં નળનું સત્યવાદીપણું અને આભિજાત્યપણું દર્શાવે છે. પ્રેમાનંદે આ કડવામાં એ પણ બતાવ્યું છે કે દેવોએ સોંપેલા કાર્ય દ્વારા નળને દેવોથી (મનુષ્ય) ચડિયાતો બતાવ્યો છે. એટલે એમ કે દેવો જેની ઝંખના કરે એવી અપૂર્વ સુંદરી વરવાનો નળનો દેવોથીય ચડિયાતો અધિકાર સિદ્ધ કર્યો છે. છતાં નળ દમયંતીને એમ કહે છે કે હંસ તો નળ વિશે ફકત લવારો કરી ગયો છે એને પરણવાનું માંડી વાળ. એમ કડવું એકવીસ પુરું થાય છે. આ કડવામાં પ્રેમાનંદ પોતાની ચિત્રનિર્માણ શકિત, ભાષા પરની પકડ અને કયારેક સંસ્કૃતના શબ્દોનો ઉપયોગ કરે છે. દમયંતીના ઉદગારોમાં પ્રેમાનંદનું કલાકૌશલ તરત ધ્યાન ખેંચે છે.

➡ કડવું બાવીસ નળે દમયંતીને નળનો વિચાર ત્યજી દઈને દેવોને પરણવાની વાત કરીને જે જે દલીલો કરી તેના ઉત્તરમાં દમયંતી જે વાત કહે છે તેનું દર્શન કરાવતું કડવું છે. આ કડવામાં નળ પ્રત્યેના દમયંતીના લગાવ અને પ્રેમનો પરિચય થાય છે. નળની નિંદા અહીં દમયંતી સહી શકતી નથી. નળના આટલું સમજાવ્યાં છતાંય દમયંતી તો નળને મનથી વરી ચૂકી છે અમરત્વ એને મન કંઈ જ મહત્વનું નથી. આ કડવામાં આપણે એ પણ જોઈ શકીએ છીએ કે પ્રેમાનંદ કોઈ પરિસ્થિતિને રસભરી બનાવવામાં કેટલો પાવરધો છે. નળની દલીલ સામે દમયંતી કહે છે. :

''અપ્રાપ્તિ અમને અમરની ને અલ્પ માનવ–આય,
જે કહો તવ દેવને : એ કારજ તાં નવ થાય.
'ઉત્કૃષ્ટ અમર, નિકૃષ્ટ નળ' મેં તમોથી જાણ્યું આજ,
નૈષધપતિને પિંડ સોંપ્યો, અન્ય તણું નહિ કાજ.''

નળ દમયંતીનો ઉત્તર સાંભળી વધુ તેજ રીતે દલીલો કરે છે. દમયંતી એનો એવો જ સબળ જવાબ આપે છે. નળ પહેલાં દેવ અને માનવનો ભેદ બતાવી, પછી સુધા, અમરતા અને સ્વર્ગસુખની લાલચ આપે છે. સામ અને દામનો પ્રયોગ કરે છે પણ દમયંતી નળને ગાંઠતી જ નથી. છેવટના ઉપાય તરીકે નળ દેવો એને બળપૂર્વક લઈ જશે એવી ધમકી આપે છે. આ બધી રીતે પ્રત્યેક કડીમાં દમયંતી અને નળનો ત્વરિત સંવાદ આલેખાયો છે. કડી ૧૪ થી ૧૭માં પહેલી લીટીમાં દમયંતી પ્રાણત્યાગના જુદા જુદા રસ્તાથી જ દમયંતી અનાયાસે તે તે દેવના હાથમાં જઈ પડશે એમ દેખાડે છે. આવો ચાતુરીભર્યો સંવાદ આ કડવામાં નિરૂપાયો છે.

આ કડવાની એક બાબત એ પણ ધ્યાન ખેંચે છે કે નળ આકરી કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. તો બીજી બાજુથી નળ પ્રત્યેના અનુરાગને ઓછો કરી શકે એવાં દેવોનાં સામેથી આવતાં માંગાથી દમયંતીની પણ એવી જ આકરી તાવણી થઈ રહી છે. એ પ્રસંગથી દમયંતીનું શુદ્ધ મન અને નળ પ્રત્યેની નિષ્ઠા જોવા મળે છે. આવી આકરી કસોટીમાંથી પસાર કરીને જ કવિ બંનેને ભેગા કરે છે. નળને દમયંતીના મુખે જ પોતાના તરફની અવિચળ પ્રીતિનો એકરાર સાંભળવા મળે છે. હવે નળને ખાતરી થાય છે કે ચોકકસ દમયંતી એને જ મળશે. આમ આ કડવું ધ્યાનપાત્ર અને મહત્વનું બની રહે છે.

➡ કડવું ત્રેવીસ નળ–દેવોને દમયંતી તરફથી મળેલો જવાબ સંભળાવે છે. એના પ્રત્યાઘાતમાં દેવો જે પગલું ભરે છે તેનું વર્ણન પ્રસ્તુત કરે છે. એક રીતે જોઈએ તો આ કડવામાં પણ નળની કસોટી જ થાય છે. દમયંતી પાસેથી પાછો આવેલો નળ પોતાને સોંપેલા કાર્યનો અહેવાલ આપે છે. ત્યારે દેવો છેલ્લાં ઉપાય તરીકે નળનું જ રૂપ ધારણ કરી સ્વયંવરમાં જવાનું નકકી કરે છે. એ જ વખતે પડો વાગતાં જુદાં જુદાં દેશના રાજાઓ સ્વયંવરમાં જવાની તૈયારી કરે છે. આ પ્રસંગે નળ પણ સ્વયંવર માં આવવાનો છે એ વાતની જાણ દમયંતીને થાય છે. આ બધા જ પ્રસંગોનું વિગતે અને રસિકસભર વર્ણન આ કડવામાં છે.

દમયંતી આ કડવામાં નળને ઓળખી કાઢે છે કે જેવું વર્ણન હંસે કરેલું એવો જ તું દેખાય છે. ત્યારે નળ વાતને હસી કાઢે છે. દમયંતીને ખાતરી છે કે ખુદ બ્રહ્મા પણ જો પ્રયત્ન કરે તોય બીજો નળ જેવો પુરૂષ પેદા નહીં કરે છે. દમયંતી નળને પોતાની ઓળખ આપવા સમ પણ આપે છે. છતાં નળ પોતાના કાર્યમાંથી વિચલિત થતો નથી. નળના ગયા પછી દમયંતીની હાલત ગંભીર બને છે. તેને દાસીઓ કહે છે તમને નળ જ વરશે. બીજી બાજુ નળ દેવો પાસે જઈને કહે છે કે દમયંતી કોઈ વાતે મારી વાત માનવા તૈયાર નથી. હંસે નળનું વર્ણન જ એવું કર્યું છે કે દમયંતીને નળ સામે દેવો ઝાંખા જ લાગે છે. નળ દેવોને ત્યાં સુધી કહે છે કે કોઈ બીજાને મોકલો જેની વાત દમયંતી માને અને તમને પરણે, ત્યારે દેવો કહે છે કે હવે અમે તારું રૂપ લઈને સ્વયંવરમાં આવીએ. જેનું ભાગ્ય હશે એને દમયંતી વરશે ત્યારે નળ દેવોની પંગતમાં એમની સાથે ઊભા રહેવાનું ભાગ્ય સાંપડે છે. એ વાતને પોતાનું કિસ્મત ગણે છે. એમ દેવો નળને વચનમાં બાંધી લે છે કે કાલે એમ જ કરવું. પેલી તરફ દમયંતી એની માતા પાસે જાય છે. સ્વયંવરની વાત કરે છે. ત્યાં ભીમકરાજા પણ આવે છે. તે દમયંતીને કહે છે કે તને જેની ઝંખના છે તે નૈષધપતિ પણ સ્વયંવરમાં આવ્યો છે. પછી ભીમકરાજા સ્વયંવરમાં આવેલા રાજાઓને તેડવા પડો વગાડવાનું સૂચન કરે છે. સ્વયંવરમાં જવાનું આવું ફરમાન મળતાં બધા રાજાઓ તૈયારી શરૂ કરે છે. પ્રેમાનંદ કડવાના અંતે એ રાજાઓની ક્રિયાઓ અને આકાંક્ષા બે જ પંકિતમાં કહી બતાવે છે. જેમાં એમની લાઘવની કલા અને ચિત્રનિર્માણની કળા જોવા મળે છે. આ કડવું ત્યાં

પૂરું થાય છે. પ્રેમાનંદની રસ જમાવટની કળા પણ અહીં દેખાય છે. લગ્ન કરવાના કોડ ધરાવતા રાજાઓ કેવા કેવા વાનાં કરે છે દમયંતી જાણે એમને જ પસંદ કરે એ માટેના રાજાઓના હવાતિયાં પ્રેમાનંદ બખૂબી આલેખે છે. આપણને તો જાણ છે જ કે દમયંતી કોઈ પણ સંજોગોમાં નળને જ વરવાની છે. રાજાઓની ધખના આમ વ્યકત થઈ છે. :

''રાતમાં શીખે ચાતુરી ચાલ, રખે વીસરી જાતા કાલ,
આખી રાત થયા સાંતરા, ઢળી ઢળી પડે, છે ઉજાગરા''

આ કડવામાં પ્રેમાનંદ નળના પાત્રને જે રીતે ઉઠાવ આપે છે તેમાં ભાવક તરફથી નળ અઢળક પ્રશંસા પ્રાપ્ત કરે છે. દેવોનો પ્રસ્તાવ તે કશી દિલચોરી કે આનાકાની વિના તરત જ સ્વીકારી લે છે. બીજું એ કે નળને રૂપમાં તો કવિએ અપૂર્વ ચીતર્યો છે જ. સાથે સાથે એના આત્માનું સૌંદર્ય અને ગુણ સંપત્તિ પણ અપૂર્વ બતાવી છે.

## 6.4 વસ્તુલક્ષી કસોટી : 1

આપેલા સવાલના જવાબ ઉપરોક્ત કડવાની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી આપો.

1 દેવો નળને કઈ વિનંતી કરે છે ? શા માટે ?
2 દેવોનો દૂત બની નળ દમયંતી પાસે જાય છે ત્યારે દેવો એના વિશે શું વિચારે છે ?
3 નળને અરીસામાં જોતા દમયંતી શું કરે છે. ?
4 દમયંતીને જોઈ નળ શું વિચારે છે ? દમયંતીને શું કહે છે. ?
5 અંતરપટમાંથી બહાર આવેલી દમયંતી કેવી દેખાય છે ?
6 દમયંતી પાસે નળ પોતાની ખોદણી કેવી રીતે કરે છે ?
7 દેવો સાથે લગ્ન કરવા નળ કઈ કઈ લાલચ દમયંતીને આપે છે. ?
8 નળની નિંદા સાંભળી દમયંતી કયો જવાબ આપે છે. ?
9 દમયંતીને વરવા દેવો કયો ઉપાય અજમાવશે. – તેની સામે દમયંતી નળને કયો જવાબ આપે છે ? વળતો નળ કયો જવાબ આપે છે ?
10 નળને ઓળખ્યા પછી દમયંતી એને શું કહે છે ?
11 નળ દેવો પાસે આવી શું કહે છે ? શા માટે ?
12 દેવો દમયંતીને વરવા છેલ્લે કયો ઉપાય અજમાવે છે ?
13 સ્વયંવરમાં જવાનો પડો સાંભળતાં રાજાઓએ શું કરવા માંડયું ?

## 6.4 વસ્તુલક્ષી કસોટી : 2

આપેલાં વાકયો ખરાં છે કે ખોટાં તે દર્શાવી ખોટાં વાકયો સુધારી ફરીથી લખો.

1 દેવો નળને દમયંતીના આવાસમાં બ્રાહ્મણ વેશે મોકલે છે.
2 નળના રૂપની ચિંતા દેવોને બિલકુલ નથી.
3 દમયંતીને જોઈ થોડી ક્ષણો માટે નળ વિચલિત થઈ મોહ પામે છે.
4 દર્પણમાં નળનું પ્રતિબિંબ જોઈ દમયંતી ખુશ થાય છે.
5 આવનાર પુરૂષ નળ જ છે એવી શંકા દમયંતીને થાય છે.
6 દમયંતીએ ગુસ્સે થઈ નળને પ્રગટ થવા કહ્યું.
7 નળ દમયંતી સાથે અંતરપટમાંથી બહાર આવે એ શરતે જ વાત કરવા તૈયાર થાય છે.
8 આવનાર બ્રાહ્મણ નૈષધપતિએ મોકલ્યો છે એમ દમયંતીને લાગે છે.
9 નળ દમયંતીને દેવો સાથે પરણવાની ઘસીને ના પાડે છે.

10 દમયંતીને સમજાવવા નળ પોતાની ખોદણી કરી પોતાના જ અવગુણ ગાય છે.

11 નળ સાથે લગ્ન ન થાય તો દમયંતી આપઘાત કરવાનું કહે છે.

12 નળ દેવો પાસે દમયંતીનો ઉત્તર લાવે છે ત્યારે દેવો નળનું રૂપ લઈ સ્વયંવરમાં જવાનું વિચારે છે.

13 દમયંતીને સ્વયંવરમાં નળની પ્રતિક્ષા છે તે આવ્યો જ છે એમ ભીમકરાજા કહે છે.

14 સ્વયંવરમાં પધારવા રાજા બધા રાજાઓને ભેરી વગાડી જાહેર કરે છે.

15 દમયંતીને પરણવા રાજાઓ જાત–જાતની કલા અને રીત–ભાત શીખે છે.

## 6.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૧૯

● **રક્ષક** – દમયંતીના મહેલનાં ચોકીદારો ● **સણસારા** – ઈશારા, સૂચન **દ્રેષ્ટ દ્રષ્ટ** – મીટેમીટ, એકમેકની દ્રષ્ટિ ● **તામસ** – રોષવાળી ● **તેખ** – તીખાશ ● **વરણી** – વર્ણવી ● **દેહીના ચોર** – અદ્રશ્ય ● **આપઆપણે** – પોતપોતાને ● **ત્રિભોયું** – ત્રીજો માળ ● **ખાપ** – દર્પણ ● **આપ** – પોતાનું શરીર ● **જાણે ચમકે** – દર્પણમાંના દમયંતીના મુખચંદ્રનાં પ્રતિબિંબનું ● **આડો આંક** – છેલ્લી રાહ ● **ચહુમા** – ચાર દેવોમાં ● **ભાએગ** – ભાગ્ય ● **રુચ્યે** – રુચિથી, ઈચ્છાથી ● **અંતરાઈ** – વિધ્નરૂપ ● **વિવેક** – સારાસારનો વિચાર ● **પદારથ** – સમાધાન

કડવું –૨૦

● **સ્વયંવરને** – સ્વયંવરને માટે ● **સાંતરી** – સજજ ● **પૃષ્ઠે** – પૂંઠે, પીઠ પાછળ ● **પુરખ** – પુરુષ ● **નાટક** – નટ ● **ધંખના** – ઝંખના ● **કામકોડ** – કરોડો કામદેવ જેવી ● **થયાં બેઠાં** – ચમકીને ઉભા થયાં ● **અંતરપટ** – કાપડનો પડદો ● **નીચ** – હલકા દરજજાની

કડવું –૨૧

● **આપણો** – પોતાનો, જોગીનો ● **નૂન્ય** – ન્યૂન ● **મોદવર્ધન વારતા** – ખુશખબર ● **ઉલટ** – ઉત્સાહ, ઉમંગ ● **કોટાનકોટ** – અસંખ્ય ● **પ્રસ્વેદ મુકતા** – મોતી જેવાં પ્રસ્વેદ બિંદુઓ ● **માતંગી** – હાથણી ● **તકિયે–અઠંગી** – તકિયાને ટેકો દઈને ઉભી છે. ● **ગલસ્થલે** – ગાલ પર ● **મેહેલા**– મહિલા ● **પર્ણવું** – પરણવાની ઈચ્છા ● **આકરખે** – ખેંચી લે છે, આકર્ષી લે છે ● **પરમારથ** – પરાર્થ, પારકા નું કામ ● **કશું** – કેવું ● **નાખી** – ફેંકી દઈ ● **મદગળ** – હાથી ● **મહિષ** – પાડો ● **અજા** – બકરી ● **શાળ** – ચોખા ● **વગિયો** – હિતૈષી, સ્નેહી ● **આદે** – વગેરે ● **માનસી દ્વારે** – મનના હ્રદયના સૂક્ષ્મ દ્વારે ● **ઈક્ષુક** – શેરડી ● **મરત** – મૃત્યુ ● **નરત** – નિવૃત્તિ, છુટકારો, અંત ● **ઘાત** – મૃત્યુનાસંયોગ ● **ઘરસૂત્ર** – ઘરસંસાર ● **અણાવે** – મંગાવે ● **ઓસરે** – અટકે, પાછા પડે ● **હીંચ** – હીંચજે ● **નીચ** – ઉતરતાં ● **સુધાભોગ** – અમૃતનું પાન

કડવું –૨૨

● **નંધો** – નિંદા કરી ● **દાધી** – દાઝી ● **બાધી** – બંધાઈ ●**સાન** – શુદ્ધિ, ભાન ● **આય – આયુ** ● **અકલ – વિષ્ણુ** ● **અજ – બ્રહ્મા** ● **અનંગ–અરિ – મહાદેવ–શિવ** ● **નાસ – નાક, આબરૂ, નાસિકા** ● **હેત – હિત, ભલું, કાર્ય** ● **શકે તો – કદાચ એમ તો નથી કે** ● **સુરશું – સૂર સાથે, દેવો સાથે** ● **જથારથ – યથાર્થ** ● **અગોચરની ગત્ય – દદ્રશ્ય રહેવાની શકિત** ● **મઘવા – ઈન્દ્ર** ● **જાચશે – કલ્પવૃક્ષ પાસે માગશે** ● **જલશાઈ – જલપાત** ● **વાહી – ખેંચી અને પછી પરણી** ● **કંઠ પાશ – ગળા ફાંસો**

કડવું –૨૩

● **અરાપરા** – આઘાપાછા ● **મીટામીટ** – દ્રષ્ટિ દ્રષ્ટ ● **મૂળ** – પ્રથમ ● **લેહ – લગની** ● **પ્રેમરહેણ– પ્રેમરૂપી રહેણ** ● **ઝાળ્યું – જોડેલું, સાંધેલું** ● **સોવ્રણકાર – સોની, સુવર્ણકાર** ● **લીનતા – લગની, એકાગ્રતા** ● **જાતાં – પાછા ફરતાં** ● **બોલબંધ – પ્રતિજ્ઞા** ● **પડાદાર – પડો વગાડનાર**

## એકમ–7

## ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ કડવાની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા

**7.1** ઉદ્દેશ

**7.2** ભૂમિકા

**7.3** સમીક્ષા

**7.4** વસ્તુલક્ષી કસોટી

**7.5** મહત્વના શબ્દાર્થ

### 7.1 ઉદ્દેશ :–

'નળાખ્યાન' ના કડવા નંબર ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ની રસલક્ષી સમીક્ષાના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી પરિચિત થશે.

- ૨૪ થી ૨૮ સુધીના પાંચ કડવાનો પરિચય મેળવી એમાં નિરૂપાયેલ ઘટના–પ્રસંગનો પરિચય મેળવશે.
- પ્રેમાનંદની વર્ણનકળાનો પરિચય મેળવશે.
- પ્રેમાનંદના સમકાલીન સમાજમાં ઉચ્ચ ઘરાના (રાજ પરિવારોમાં) સ્વયંવર વખતે કેવા રિવાજ હતા તેનાથી પરિચિત થશે.
- દમયંતીને પરણવા આવેલા રાજાઓની લોલુપતાથી અને એમની ક્રિયા–પ્રતિક્રિયાનો પરિચય મેળવશે.
- પ્રેમાનંદ દ્વારા પુરૂષના સૌંદર્યના વર્ણન કેવા થતાં તેનો પરિચય મેળવશે.
- આ એકમમાં વિદ્યાર્થીઓ પ્રેમાનંદની રસનિરૂપણકળા, વર્ણનકળા, શબ્દચિત્રકળા, વિવિધ અલંકારોનું આયોજન પણ અહીં જોઈ શકાશે.
- કળિયુગ દમયંતી અને નળને હેરાન કરવાનો નિશ્ચય કેમ કરે છે તે બાબતથી પરિચિત થશે.

### 7.2 ભૂમિકા

આ એકમમાં કડવા ૨૪ થી ૨૮માં નિરૂપાયેલ કથાના વિવિધ પાસાંનો પરિચય મેળવીને ભાવકો દમયંતીના સ્વયંવરમાં કેવી સ્થિતિ થઈ હતી તે વિશે પરિચિત થશે. પ્રેમાનંદ કેવી સૂક્ષ્મ નિરિક્ષણ શકિત ધરાવે છે, તેનો પરિચય થાય છે. તેનો આશય સ્વયંવરમાં આવેલા રાજાઓનું રમૂજી ચિત્ર આપીને દમયંતી તથા નળની અલગ જ છાપ આપણા મનમાં મૂકી આપવાનો છે. દેવોના કાવતરાથી નળ ધર્મસંકટમાં મૂકાઈ જાય છે. દેવોની જીદ અને આંકાક્ષા સ્વયંવરમાં દમયંતીને જે સ્થિતિમાં મૂકે છે તેમાં પ્રેમાનંદ હાસ્ય રસમાં તરબોળ કરે છે. મંડપમાં કેવી શોભા વિદ્યમાન હતી તેનું સુંદર વર્ણન પ્રેમાનંદ અહીં ૨૪માં કડવામાં કરે છે. આખરે બધી સમસ્યાઓ વટાવતાં નળ–દમયંતી પરણે છે. દેવો દ્વારા વરદાન પણ મેળવે છે. પરંતુ નળ–દમયંતીના લગ્ન પછી મુસીબત શરૂ થાય છે. કેમકે કળિને દમયંતી ન મળતાં તે રોષે ભરાઈને આ દંપતિને હેરાન કરવાનો નિશ્ચય કરે છે. એક સમયે નળના શરીરમાં પ્રવેશી પોતાનો પ્રભાવ બતાવવાનું શરૂ કરે છે. પ્રેમાનંદ આ પાંચ કડવામાં પોતાની આખ્યાનકાર તરીકેની પ્રતિભા બતાવવાનું ચૂકતા નથી.

## 7.3 રસલક્ષી સમીક્ષા

ચોવીસમાં કડવામાં પ્રેમાનંદે સ્વયંવરના મંડપનું વર્ણન વિગતો સાથે કર્યું છે. સ્વયંવરમાં દમયંતીને વરવા પધારેલા રાજાઓ કોઈ પણ યુક્તિ કરીને દમયંતીને પોતાની કરી લેવા માગે છે. દમયંતી પોતાને જ વરે એવી જાત જાતની તરકીબો વિચારે છે. પ્રેમાનંદે રાજાઓની જે ઉત્સુકતા બતાવી છે તેમાં હાસ્યરસ ઝળકી ઉઠે છે. રાજાઓ સ્વયંવર જવા માટે જે તૈયારી કરે છે. રાજાઓ શુકન લે છે, પછી રથ જોડે છે. કોઈ પોતાના સેવક પર ગુસ્સો કરે છે. અતિશય ભીડ–ભાડ ઊભી છે. બધા રાજાઓને ચિંતા છે કે જગ્યા નહીં મળે તો ત્યાં 'ચરણરેણુએ છાયો અભ્ર' પંક્તિથી પ્રેમાનંદ આખો કોલાહલ આપણને બતાવી દે છે. તો આ સ્વયંવર જોવા હકડેઠઠ ભીડ જામી છે. જેને જયાં જગ્યા મળી ત્યાં ઊભા થઈ ગયા છે. એવું ચિત્ર પ્રેમાનંદ એકાદ બે પંક્તિમાં આપી દે છે. સ્વયંવર મંડપ અને ત્યાંની સ્થિતિ પ્રેમાનંદ આ પંક્તિમાં બતાવી આપે છે.

''કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના ?''

આગળ પ્રેમાનંદ કહે છે કેળના થાંભલા રોપ્યાં છે, હારબંધ આસનો ગોઠવ્યાં છે. જાતજાતના ચિત્રો દોરાયા છે. મુનિઓ વેદ મંત્ર ઉચ્ચારે છે. અબીલગુલાલના છાંટણા ઊડે છે. ત્યાં નૃત્ય પણ થઈ રહ્યાં છે. ગીત–ગાન થઈ રહ્યાં છે. આવા સમયે વિવિધ દેશના રાજાઓ સભામાં આવી ભીમકરાજાને માન–પાન આપીને પોતાના નામના આસને બિરાજે છે. પધારેલા રાજાઓમાં કેવા કેવા રાજાઓ પધાર્યા છે તે વર્ણવી પ્રેમાનંદ હાસ્ય ઉત્પન્ન કરે છે. રાજાઓ જાતે જ પોતાની બડાઈ હાંકે છે, એમ પણ બતાવ્યું છે. પ્રેમાનંદ કંઈક આ પ્રકારનું વર્ણન કરે છે. બે જ પંક્તિમાં આપણને હાસ્યની દુનિયામાં લઈ જાય છે.

''શરીર ક્ષુદ્ર કાષ્ઠનાં ખોડ, તેહને દમયંતી વર્યાના કોડ,
બાળક, જોવન ને વૃદ્ધા, તેહને દમયંતી વર્યાની શ્રદ્ધા. ''

આ કડવાની કડી ૧૮ થી ૨૬ દરમિયાન પ્રેમાનંદ જે રીતે રાજાઓની ક્રિયાઓ–ભાવ અને વ્યકિતત્વનું નિરૂપણ કરે છે, એમાં જે હાસ્ય ઉત્પન્ન થાય છે તેવું હાસ્યનું નિરૂપણ ગુજરાતી સાહિત્યમાં મળવું મુશ્કેલ છે. આ કડવમાં પ્રેમાનંદ મૂરતિયાઓનું ઉપહાસમય આલેખન કરે છે. તે જોઈએ તો બોખાં ડાચાવાળા અને માથે પરિયાવાળા ઉમેદવારો બતાવી અતિશયોકિતભર્યું વર્ણન કર્યું છે. પણ હાસ્ય ઉત્પન્ન કરવા અતિશયોકિત જરૂરી છે. લગ્ન લોલુપ રાજાઓને દમયંતી જુએ છે. પણ કોઈ એની નજરમાં વસતું નથી. એ તો ફકત નળની જ રાહ જોઈ રહી છે. પ્રેમાનંદ હાસ્ય ઉત્પન્ન કરવા કયારેક સ્થૂળતામાં તો કયારેક સૂક્ષ્મ હાસ્ય નિરૂપે છે. 'પણ કન્યા નળની વાટ જોય' એટલી અર્ધી લીટીમાં રાજાઓના હવાતિયાં જેવા પ્રયાસોની વ્યર્થતા બતાવી દે છે. જેના ગાલ બેસી ગયા છે તે વળી ગલોફામાં સોપારી ભરી રાખે છે. આ બધા પ્રસંગોએ પ્રેમાનંદ અદભૂત શબ્દચિત્રો અને ગતિશીલ ચિત્રો આપે છે. પ્રસંગ આલેખન અને વર્ણન સ્થાન તથા રસ સ્થાન ઓળખનાર પ્રેમાનંદની ખૂબીઓ અહીં વ્યકત થઈ છે.

⇨ આ કડવા ૨૫માં દમયંતી શણગાર સજીને સ્વયંવરના મંડપમાં આવવાની તૈયારી કરી રહી છે. એનું વર્ણન પ્રેમાનંદે કર્યું છે. એકદમ નાના કડવામાં પણ પ્રેમાનંદ માનવમનની હિલચાલ બતાવી શકયા છે. દમયંતીનું ભલે થોડું પણ સૌંદર્ય વર્ણન કરી લે છે. તથા દમયંતી સ્વયંવરમાં આવવાની કેમ વાર લગાડે છે તેનું પણ જ્ઞાન આ કડવાથી થાય છે. પ્રેમાનંદ એક સાથે બે ત્રણ સ્થળના દ્રશ્યો બતાવે છે. એક દમયંતીના આવાસનું, બીજું સ્વયંવરમાં બેઠેલા, સભાખંડમાં બિરાજેલા રાજાઓની ઉત્સુકતા અને આ પ્રસંગે થતું નાચ–ગાન–વાદન પણ બતાવે છે. ભીમકરાજા વારે વારે દમયંતીને બોલાવવા મોકલે છે. પણ દમયંતીને જેનો ઈંતજાર છે તે નથી આવ્યો તેથી તે કોઈ બહાનું (શણગાર સજવાનું) બનાવીને આવતી નથી. પ્રેમાનંદે આ કડવાની બે ત્રણ કડીમાં જ આખી પરિસ્થિતિ બતાવી છે. દમયંતીને જુઓ–

''માનપૂરણ માનિની મહીપતિ મોહવા કાજ,
સ્વયંવરના સુભટ જીતવા, ધરે શ્યામા સાજ,
પ્રેમપાશ લીધો પ્રેમદા, નાખવા મંડપ ક્ષેત્ર,
ભ્રૂકુટિ ધનુષ આકર્ષ્યું, બાણ બંન્ને નેત્ર.''

આવે વખતે જેમ બધે થાય છે (કોઈ કોઈ વાર એમજ વાતને વહેતી કરવામાં આવે છે.) એમ 'દમયંતી મંડપમાં આવી' એવો ઘોષ વારે વારે એમ જ કરવામાં આવે છે. રાજાઓ અને નગરજનો અથવા સેવકો દ્વારા એમ કરાવવાનું કારણ એજ કે પ્રેમાનંદને લોકાચાર બતાવવો છે. અહીં તો પ્રેમાનંદે રાજાઓની હાલત કફોડી કરી મૂકી છે. અધીરતા પણ એટલી જ બતાવી છે. 'કન્યા આવી'નો નાદ સાંભળતા રાજાઓ તો વાંકા વળી વળીને જોવે છે. તે શબ્દચિત્ર આખા સ્વયંવરની હિલચાલ બતાવી આપે છે. પ્રેમાનંદની આ ખાસિયત ઊડીને આંખે વળગે એવી છે. બીજું કશું વર્ણન નહીં કરવા છતાં તે સ્વયંવરનો ખૂણે–ખૂણો અને ત્યાં થતી હિલચાલ બતાવી આપે છે.અહીં પ્રેમાનંદ લાઘવકળા અને શબ્દ પસંદગી કરીને ઓછા શબ્દોમાં વર્ણન કરવાની શકિત પણ બતાવે છે.

⇨ છવ્વીસમાં કડવામાં પ્રેમાનંદ ભાવક, દમયંતી અને સ્વયંવરમાં બેઠેલા રાજાઓની ઈંતેજારીનો અંત લાવે છે. જેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે –જેના લીધે આખી સભા અટકી છે – જેના કારણે દમયંતી હજી મંડપમાં આવી નથી તે નળનો પ્રવેશ સ્વયંવરમાં કરાવીને નળની પ્રશંસા તો કરે જ છે. પણ દમયંતી સામે હંસે કરેલાં વર્ણન કરતાં અહીં જુદા જ પ્રકારનું વર્ણન – બલકે સૌંદર્ય વર્ણન કરે છે. નળના વ્યકિતત્વને ઊંચા સ્થાને બેસાડે છે. પ્રેમાનંદ અહીં જે રીતે નળની 'એન્ટ્રી' બતાવે છે તે જાણે ફિલ્મી સ્ટાઈલનો કલોઝઅપ કેમેરા છેક નજીક લઈ જઈને નળનું વ્યકિત ચિત્ર બતાવે છે અને નળના પ્રભાવથી કેવો સોપો પડી ગયો તે પણ પ્રેમાનંદ આ કડવામાં બતાવે છે. પ્રેમાનંદ નળના આગમનથી થતી અન્ય રાજાઓની દયનીય સ્થિતિ પણ બખૂબી બતાવે છે. આ કડવું નળનો અલંકારિક સૌંદર્યનો વૈભવ બતાવે છે. તે સાથે પ્રેમાનંદ 'ઓ નળ આવ્યો રે' અને 'તે નળ આવ્યો રે' એ બે પંકિતઓને કડવાની દરેક પંકિતના અંતે મૂકીને જે સ્થિતિ આપે છે તે તો અદભૂત કલાકારી કહેવાય. 'ઓ' અને 'તે' શબ્દો દ્વારા આપણને જે જ્ઞાન થાય છે તે પ્રેમાનંદની કલા નહીં તો બીજું શું ? લોકાચારની વાતચિત ઢબનો ઉપયોગ પંકિતમાં કરીને કમાલ કરી નાખી છે. નળને પ્રકૃતિનાં વિવિધ તત્વો સાથે સરખાવીને –નળને ઊંચુ સ્થાન આપીને તથા એ સંદર્ભે વિવિધ અલંકારોમાં નળને વર્ણવી –ગુજરાતી સાહિત્યમાં પુરુષનાં સૌંદર્યનું વર્ણન પણ ઉચ્ચકોટિનું હોઈ શકે એ બતાવી આપ્યું છે. તો શંકર ભગવાન, કુબેર, શિબિરાજા, નહુશ રાજા, ઈન્દ્ર, હરિશ્ચંદ્ર, વગેરેની જે ખાસિયતો છે એ બધી જ ખાસિયતો નળમાં બતાવીને કવિએ અહીં પોતાની કલમ છુટ્ટી મૂકી દીધી છે. નળનું રૂપ અને તેજ જોઈને અને તેનો નિરાશ થતા રાજાઓ પર તેમને ઝંખાવી નાંખતો પ્રભાવ નાયકનું કેવું ગૌરવ કરે છે. કવિએ નળને અનેક કામદેવના શરીરથી બનેલો કલપ્યો છે. હાથીની સૂંઢ જેવા હાથ, સિંહ જેવી કેડ જેવી ઉપમાઓ દ્વારા કવિ સંસ્કૃત મહાકાવ્યોની પ્રણાલીને અનુસર્યા છે. એમાં તેમણે અદભૂત રસ પણ ખૂબ જ સરસ જમાવ્યો છે. આ કડવાની વિશેષતા એ પણ છે કે નળને અનેક સુંદર ઉપમા–પુષ્પોથી વધાવતો કવિ નળના બાહ્ય રૂપ પરથી એના ગુણો પર ઊતરી ગયા છે. નળના આગમન સાથે જ દમયંતીને એના આવ્યાની જાણ થાય છે. ત્યારે ચાર દાસીઓ એને પાલખીમાં બેસાડી મંડપમાં લાવે છે. પ્રેમાનંદની સૂઝ–સમજ અને શબ્દ ભંડોળનો પરિચય આ કડવામાં થાય છે. તો વિવિધ શાસ્ત્ર અને પુરાણોનું –મહાકાવ્યોનું જ્ઞાન પ્રેમાનંદને હશે એનો પણ પરિચય થાય છે. ભાષા બાબતે પ્રેમાનંદ સંસ્કૃત, ગુજરાતી અને દેશ્ય એમ ત્રણેય ભાષાના શબ્દ પ્રયોગો તત્કાલીન સમાજને અનુલક્ષીને કરે છે.

⇨ કડવાં ર૭માં પ્રેમાનંદ દમયંતીના રૂપવર્ણનનો પરિચય કરાવે છે. સ્વયંવરમાં પ્રથમ નળનું આગમન આગળના કડવામાં કરાવ્યા પછી આ કડવામાં દમયંતીનું આગમન અને એના સૌંદર્યનો પરિચય આપતી વખતે પ્રેમાનંદ કેટલી બધી વસ્તુઓ અને પ્રકૃતિના તત્વો સાથે દમયંતીના બાહ્ય અંગોની તુલના કરી છે. તો સાથે સાથે સજેલા શણગાર એને કેવા શોભી રહ્યા છે તે બતાવી તેને વરવા આવેલા રાજાઓની વિવિધ ચેષ્ટાઓ દ્વારા હાસ્ય જન્માવે છે. શૃંગાર, અદભૂત અને હાસ્ય રસનો સમન્વય કવિએ આ કડવામાં કર્યો છે. અહીં કવિએ હવે પોતાનું ધ્યાન દમયંતી પર કેન્દ્રિત કર્યું છે. નારદ દ્વારા દેવો પાસે અને હંસ દ્વારા નળ પાસે દમયંતીના સૌંદર્યનું વર્ણન કરાવ્યા પછી કવિ અહીં એના રૂપનું વર્ણન કરવાની ત્રીજી તક ઝડપીને આપણને શૃંગારમાં તરબોળ કરે છે. તો કલ્પનામય દુનિયામાં રમમાણ કરાવે છે. બીજી તરફ એ રાજાઓની દમયંતીને વરવાની લોલુપતા અને ઉત્સુકતા રમૂજ કરીને બતાવે છે. દમયંતીનું આ વર્ણન આગળનાં વર્ણનો કરતાં વધુ મૂર્ત અને ચિત્રાત્મક બન્યું છે. દમયંતીના બાહ્ય વર્ણનમાં કવિએ તેના અંગોનું સૌંદર્ય એ અંગો પર શોભતાં વિવિધ આભૂષણોનાં વર્ણન દ્વારા શૃંગારનું રસપાન કરાવ્યું છે. હરિગીતનાં લય–ઢાળમાં કવિએ જે કાવ્યબાની નિપજાવી છે. તે જોતાં ભાવક તરીકે આપણ ભાન પણ ભુલી જઈએ છીએ. સુંદર યુવતીની મૂર્તિ આપણી આંખો સમક્ષ ચાક્ષુસ થાય છે. કડવાંની શરૂઆતમાં આવતી બીજી પંકિતમાં કવિ કહે છે.–

''ભીમક–તનયા રૂપ બનયા, રસાળી રંગપૂરણં,
નારાંગના દેવાંગના માનિની માનહ–ચૂરણં. ''

તો દમયંતીના સૌંદર્યમાં વધારો કરતું પ્રેમાનંદનું કલાકૌશલ, શબ્દોની સમજ, અર્થ સભરતા, કલ્પના સૃષ્ટિ અને શબ્દચિત્ર તો કડી ૫ અને કડી ૬ માં જોઈ શકાય છે.

''અધર સુધાસિંધુ, વદન ઈંદુ, ભ્રકુટી ભમર બે ગુંજયં,
નેત્ર અમળે જુગ્મ કમળે, બહુ રંગ ફુલી કુંજયં,
અણિયાળાં અંજન, ચપળ ખંજન, મીન–મૃગ દ્વે હારયં,
પડયા રાય શૂરા, ઘાએ પૂરા, કટાક્ષ–બાણે મારયં.''

પ્રેમાનંદની આવી રસઝરતી કલમ માટે ખૂબ જ માન થાય છે, અહોભાવ પણ જાગે છે. પ્રેમાનંદ સનાતન આખ્યાનકાર છે. આ કડવામાં તે વિશ્વસુંદરીનું અદભૂત વર્ણન કરતા હોય એવો અહેસાસ થાય છે. ઉપરની પંક્તિઓમાં એનો પરિચય થાય જ છે. પ્રતિભાશાળી સર્જક જયારે પુરોગામીઓની કૃતિઓ કાવ્યો અને મહાકાવ્યોની અસર તળે હોય ત્યારે પોતાના સર્જનમાં જે પ્રતિભા બતાવે એ ઉચ્ચ કક્ષાની અને આગવી સાબિત થતી હોય છે. એવું જ અહીં બન્યું છે. બાવીસ કડીઓના આ કડવામાં પ્રેમાનંદ જે ભાષા કૌશલ બતાવે છે તેમાં સંસ્કૃત ભાષી શબ્દોનો વિનિયોગ, ગાનઅનુકૂળતા, વર્ણવિન્યાસનું સંયોજન પ્રેમાનંદનું ભાષા પ્રભુત્વ જ બતાવે છે. દરેક પંકિતના અંતે નાસિકય વ્યંજનનું બેવડાપણું 'અર્ધવ્યંજન' પર અને નાસિકય 'ણ' પર અનુસ્વારથી જે રણન પેદા થાય છે તે કાનને કર્ણપ્રિય લાગે છે. તો નાદ અને તાલનું અદભૂત સંયોજન આકર્ષક લાગે છે. પૂરણં, ચૂરણં, શોભયં, લોભયં જેવા શબ્દો તથા શબ્દાનુપ્રાસ રંકણ–કંકણ, રંભા–સ્થંભા વગેરેની યોજના તથા દ્વિરુકિતઓ પણ આ કડવામાં અઢળક પડી છે. શબ્દોની ઝમકભરી નાદલીલા પણ પ્રેમાનંદના દમયંતી વર્ણનમાં જોઈ શકાય છે. આ નાદલીલા આપણને ચારણી છંદોની યાદ અપાવી જાય છે.

પ્રેમાનંદ આ કડવામાં યુદ્ધની પરિભાષામાં દમયંતીનું સૌંદર્ય વર્ણન કરે છે. –નેત્રોના કટાક્ષબાણથી 'શૂરારાય' નાં હૈયાં વીંધાઈને ઘાયલ થવા લાગ્યાં, દમયંતીના આવા નેત્રો જોઈ માછલી અને મૃગ બંને હારી જાય છે. નાસિકા સુવર્ણવર્ણ સમી અને દીપજયોત જેવી કલ્પવાનું તો પ્રેમાનંદને જ સૂઝે ! એવી નાસિકાથી પોપટ પણ એની તરફ મોહ પામે છે. નાક પછી દાંત, જીભ, હડપચીનો ખાડો, ડોકના અલંકારો, હાથની આંગળીઓને ચોળાની શીંગ સાથે સરખાવીને 'લોકગીત' ની યાદ અપાવે છે. હાથીના કુંભસ્થળના આકારનાં છાતી પર બે સ્તન, ઉદરને પોયણાનું પાન કહે છે. કમરનો વળાંક અને કેળના થંભ જેવી જાંઘ કલ્પે છે. અહીં પ્રેમાનંદ દમયંતીનું સૌંદર્ય અને અલંકારો વર્ણવતા તેના મસ્તકથી શરૂ કરી ક્રમશઃ નીચેના અવયવો પર આવતા જઈ અને પગના નૂપુરને અણવટ સુધી પહોંચે છે.

દમયંતી આવી સૌંદર્યસભર, મોહિનીરૂપ, સુંદરતા જોઈ રાજાઓ ભરમાય છે. એ સમયે રાજાઓ જે ચેષ્ટા કરે છે તેમાં હાસ્યરસ જોવા મળે છે. રાજાઓ આડા ઊતરે, ખૂંખારા કરે, એવે વખતે માથા પરથી ખસી ગયેલા મુગટ પાછળથી સેવકો સરખા કરે. પ્રેમાનંદ કડવાના અંતે લગ્ન લોલુપ રાજાઓ દમયંતીની સહેલીઓને સુવર્ણની લાલચ આપે છે. એ સિવાય પણ કંઈ કંઈ વાના કરતા રાજાઓ હાસ્યાસ્પદ બને છે. પણ પ્રેમાનંદ જયારે શ્રોતાઓને હસાવવા જ બેઠા છે. રાજાઓની અકકલ પણ હરી લે છે. દમયંતી જેમ જેમ આગળ વધે તેમ તેમ રાજાઓ પોતાની ડોક આગળ ધરી વરમાળા પહેરાવવા વિનવે છે. પણ દમયંતી તો આ બધા રાજાઓને તણખલાની તોલે ગણી મોં મરડીને તિરસ્કારથી આંખ વાળી લઈને–બધાની ઉપેક્ષા કરતી મંડપમાં નળની દિશામાં આગળ વધે છે. પરંતુ નળ પાસે જતા વાર જ તે પાંચ નળને જુએ છે. ત્યાં કડવું પુરુ થાય છે. કડવામાં પ્રેમાનંદે જે રીતે સૌંદર્ય વર્ણન કર્યું છે, દમયંતીની ચાલ બતાવી છે, રાજાઓની હરકત બતાવી છે તેમાં શબ્દચિત્રો, વર્ણનશકિત, ગતિશીલતા, ભાષાકૌશલ, અલંકાર વૈભવ જોવા મળે છે.

⇨ કડવા ૨૮ માં દમયંતી સ્વયંવરમાં નળ તરફ જાય છે ત્યાં પાંચ નળ જોઈને મૂઝાય છે. પરંતુ છેવટે સાચા નળને ઓળખી કાઢી એના ગળામાં વરમાળા આરોપે છે. તેથી રોષે ભરાયેલ કળિયુગ નળ–દમયંતીને હેરાન પરેશાન કરવાનો નિશ્ચય કરે છે. એ માટે તે નળના શરીરમાં પ્રવેશ કરે છે. એ બધી બાબતો વર્ણવીને પ્રેમાનંદ કથાનકને વળાંક આપે છે.

વરમાળા લઈને આગળ વધતી દમયંતીએ એક સાથે પાંચ નળ જોયા એથી એ વિમાસણમાં પડી તે જેવો હાર આગળ કરે છે તો પાંચેય નળ પોતાની ડોક આગળ ધરે છે. કડવાની શરૂઆતમાં દમયંતીની મૂંઝવણ વ્યકત કરતાં પ્રેમાનંદ જે ચિત્ર ઊભું કરે છે તે ભાવકને પણ કૌતુકલોકમાં લઈ જાય છે.

''મન માંહાં ઈચ્છા નૈષધરાય તણી, કન્યા ગઈ નળરાજા ભણી,
જુએ તો ઊભા છે નળ પંચ, કન્યા કહે–આ ખોટા સંચ.''

દમયંતીને આ સમયે કંઈ જ રસ્તો ન સૂઝતાં તે પાછી વળી પોતાના પિતા પાસે આવે છે. પિતા પણ તેની વાતથી આશ્ચર્ય પ્રગટ કરે છે કે અમને તો કંઈ પાંચ નળ દેખાતા નથી. મતલબ એ કે 'તારા સિવાય કોઈ પાંચ નળને જોઈ શકતું નથી.' પિતા ચતુર છે તેઓ સાચો નળ ઓળખવાનો ઉપાય દર્શાવે છે. જો દેવો નળનું રૂપ ધરીને આવ્યા હોય તો દેવોની આંખોની પાંપણોને પલકારા નહીં થતા હોય. અહીં એક વાત નોંધવી જોઈએ કે દમયંતીને હંસે દેવોને ઓળખવાની યુકિત બતાવી હતી તે કેમ યાદ ના આવી. પણ એ બાબત અત્યારે અસ્થાને રાખીએ ને પ્રેમાનંદ હવે જે કૌતુક રચી હાસ્ય ઉત્પન્ન કરે છે – જે રમૂજ કરે છે. તેનો આનંદ લેવો રહ્યો. પિતાએ આપેલી નિશાનીથી સાચા નળને ઓળખી દમયંતી તેની ડોકે હાર ધરે છે એજ ઘડીએ ઈન્દ્ર ધસી આવીને નળને આઘો હડસેલી પોતાની ડોક આગળ ધરે છે. એ ઓછું હોય એમ ઈન્દ્રને ડર લાગે છે કે પોતાની બાજુમાં બેઠેલ અગ્નિ લાભ લઈ જશે. એથી એ અગ્નિને શાપ આપીને વાનરમુખો બનાવી દે છે. તો અગ્નિને જાણ થતાં – કે આ ઈન્દ્રનું કામ છે તેથી તે પણ ઈન્દ્રને શાપ આપી રીંછમુખો બનાવી દે છે. તો બીજા બે દેવો પણ એકબીજાને શાપ આપીને યમ–બીલાડાંના મુખવાળા તથા વરૂણ કૂતરાંના મુખવાળા બની જાય છે. આમ ચારેય દેવો એકબીજાનો દ્વેષ કરીને વાનર, રીંછ, બિલાડો અને કૂતરો બની જાય છે. પ્રેમાનંદ જે ભાવકોને હસાવે છે તે ભાવક કદી ભૂલતો નથી. એમ જ ભાવક બોલી જાય છે, 'ખરી મજા આવી હોં.' પ્રેમાનંદ દેવોને આમ નિમ્નકક્ષાએ લઈ જઈ ફજેતી કરે છે તે આપણી દ્રષ્ટિએ મર્યાદા બને છે. પણ તે સમયના સમાજલોકને અનેરો આનંદ અને જીવનનો સંદેશ આપવામાં કારગત નીવડતું હશે એ ચોકકસ.

''રીંછ, વાંનર, શ્વાન, માંજાર, કન્યા કહે, 'વર રુડા ચાર',
ઈન્દ્રરાય વાણી એમ ભણે : 'આધાવેષ માંડયો આપણે',
જમ કહે 'કાં હસાવો લોક', શાપ કીધા માંહો માંહાં ફોક,
દમયંતી વિચારે વળી : 'સમાન શોભે પંચે નળી'.

દેવો આ બધી ફજેતી કરી પોતાની જ હાંસી ઉડાવતા નજરે ચડે છે ત્યારે તેઓ શાપ ફોક કરીને નળ રૂપ ધારણ કરે છે. એટલે દમયંતી વળી સાચા નળની ઓળખ મેળવવા પાંચેયને બાપના નામ પૂછે છે તો દેવો દમયંતીના મોહમાં ભાન ભુલી–લગ્નના લોભમાં બાપનું નામ 'વીરસેન' બતાવે છે અને ભાવક ખડખડાટ હસી પડે છે. તો દમયંતીને પણ મરક મરક હસવું આવી જાય છે. તેવું શબ્દચિત્ર આપણી નજર સમક્ષ ઉપસ્થિત થાય છે. દમયંતી માટેની લાલસા દેવો પાસે ગરજના માર્યા આવું બોલાવે છે. આ કડવામાં કથા આગળ વધે છે ત્યારે પરિસ્થિતિને વધુ રમૂજી બનાવવા પ્રેમાનંદ નારદમુનિને આકાશમાં લઈ આવે છે. એ પણ પેલા ચારેય દેવોની પત્નીઓને લઈને આવે છે. આમ પણ નારદનું વ્યકિતત્વ ભાવકના મનમાં ટીખળખોર અને ઝઘડા કરાવનાર તરીકે સ્થાપિત છે જ. દ્રશ્ય જ આવું છે. 'ચાર દેવો' 'હું નળ, હું નળ કહીને વરમાળા પહેરાવવા ડોકું આગળ ધરે અને પેલી દમયંતી એમને નજર અંદાજ કરે એ જ ઘડીએ દેવોની પત્નીઓ આકાશમાંથી આ બધું જુએ.' ભાવક તરીકે આપણને જે રસ પડે એનો તો આનંદ છે જ પણ દેવો આગળ પત્નીઓ ભોંઠપ અનુભવે એનાથીય વધુ દેવો પોતાની પત્નીઓ પોતાને આ હાલમાં જોઈને એ વાતે કેવી ભોંઠામણ અનુભવે એ અને આ બધું જ જોતાં નારદનાં મુખ પરની મરક મરક હાસ્યની રેખાઓ, પ્રેમાનંદની દ્રશ્ય બનાવવાની ત્રેવડ બતાવે છે. પ્રસંગને ખીલવતાં કેવું આવડે છે તે પ્રેમાનંદની હથોટી અહીં જોઈ શકાય છે. હાસ્યરસ ઉત્પન્ન કરી કવિએ બધી રીતે બધાને નિશાન બનાવી નળ સિવાયના દમયંતીના બીજા લોભીઓની પેટ ભરીને ફજેતી કરી છે. આ સમયે દમયંતી હવે દેવોને વિનંતી કરે છે કે તમે તો મારા પિતા સમાન છો. હું તમારી પુત્રી સમાન છું. એમ આંખે આંસુ સાથે આવે છે. ત્યારે પ્રત્યક્ષ થઈને આખો મંડપ શોભાવે છે. પછી નળ અને દમયંતીને દેવો વિવિધ વરદાન આપે છે ને સ્વર્ગમાં જતા રહે છે. અગ્નિથી દાઝે નહિ એ અગ્નિનું આપેલ વરદાન, ઈન્દ્ર દ્વારા અશ્વમંત્ર અપાય છે. જે ઘડીના છઠા ભાગમાં કેટલાય જોજન અંતર ઘોડા કાપે, વરુણ દેવ દ્વારા સૂકું વૃક્ષ લીલું થાય અને યાદ કરવા માત્રથી જળ ઉત્પન્ન થશે. એમ નળ વરદાન પામે છે. તો દમયંતી પણ 'અમૃતસ્ત્રાવિયા'

હાથનું વરદાન પામે છે.એટલે એના હાથમાં મૃત પશુ, પ્રાણી, પક્ષી, આવે તો સજીવન થાય. એમ વરદાન પામી દેવોને પ્રણામ કહે છે. હવે નળ દમયંતીના હરખનો પાર નથી. દમયંતી નળને વરમાળા પહેરાવે છે. વરકન્યાને પરણાવી ભીમકરાજાએ બહુ જ ભારે પહેરામણી કરી.

આ પ્રસંગે પ્રેમાનંદ ગુજરાતીપણું બતાવે છે કે પહેરામણી કરી વરકન્યાને વળાવવા તે ગુજરાતના કોઈ કુટુંબની કન્યાના લગ્ન વખતનો આખો માહોલ આટલી વાતમાં બતાવી આપ્યો છે.

પરણ્યા પછી વાજતે ગાજતે નળદમયંતી પોતાને ઘેર જવા ઉપડે છે. ત્યારે કળિયુગ અને દ્વાપર સામે મળે છે. એમને પણ નારદે જ મોકલ્યા છે. દમયંતી સાથે લગ્ન કરવા. પણ અહીં તો લગ્ન થઈ ગયાં છે. ત્યારે રોષે ભરાયેલો કળિયુગ નળ–દમયંતીને સુખે નહીં રહેવા દે એવો નિશ્ચય કરે છે અને દ્વાપરને પોતાના સહાયક તરીકે રાખે છે. અહીં આખ્યાનકારે બે જ લીટીમાં દોરેલું કળિયુગનું બિહામણું ચિત્ર જુઓ.

''બેઠો મહિષ ઉપર કળિકાળ, કંઠે મનુષ્ય–શીશની માળ,
કરમાં કાતું લોહ–શણગાર, શીશ સગડી ધીકે અંગાર.''

કળિયુગનો આ બાહ્ય દેખાવ એની દુષ્ટતાનો દ્યોતક છે. પેલી બાજુ નવાં નવાં લગ્ન કરેલાં નળ દમયંતી દાંમ્પત્યજીવનનું સુખ માણે છે. ભોગ–વિલાસ કરે છે અને સ્વર્ગનું સુખ ભોગવે છે. તેમનો પ્રેમ દિન–પ્રતિદિન વધતો જાય છે. નળના રાજ્યમાં આ સમયે ચારેય વર્ણ પોતાનો ધર્મ પાળે છે. યજ્ઞાદિ જેવાં શુભ કાર્યો થઈ રહ્યાં છે. તેથી કળિયુગની કોઈ કારી ફાવતી નથી. એ નળના શરીરમાં પેસવાનો રસ્તો શોધ્યા કરે છે. નળની સત્યનિષ્ઠા સામે કળિયુગનું કંઈ ચાલતું નથી. દમયંતીને બે બાળક થયાં. તેનાથી તેમનો આનંદ બમણો થઈ જાય છે. એવામાં એક સમયે સાંજના નળ હાથ પગ ધોવે છે ત્યારે તેના પગની પાની કોરી રહી જાય છે. ત્યાંથી કળિયુગ નળના શરીરમાં પ્રવેશ કરે છે. નળ હવે ભ્રષ્ટ થઈ ગયો છે. ત્યારે કળિ વિચારે છે કે હવે બેઉ ભાઈ વચ્ચે ઝઘડો કરાવું અને તે પુષ્પકર પાસે જાય છે. અહીં કડવું અઠાવીસ પૂર્ણ થાય છે. પ્રેમાનંદે આ કડવા સુધી નળ–દમયંતીની સુખાંત કથાને વિવિધ રસો દ્વારા, પોતાની કલ્પના શકિત દ્વારા, પોતાની અદભૂત વર્ણનશકિત દ્વારા રસળતી શૈલીમાં વિસ્તારી છે. ભાવકને શૃંગાર, હાસ્ય, અદભૂત રસમાં તરબોળ કર્યાં છે. હવે પછીના વૃતાંતમાં એ દંપતીને પડનારાં દુઃખની કથા શરૂ થવાની છે. એનો નિર્દેશ આપણને આ કડવાના અંતે મળી જાય છે.

## **7.4** વસ્તુલક્ષી કસોટી : **1**

ઉપરોકત આપેલ કડવાની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી અહીં આપેલ સવાલોના જવાબ લખો.

**1** કડવું ૨૪ માં કયો પ્રસંગ વર્ણવાયો છે. ?

**2** રાજાઓ શું કરીને રથ જોડે છે. ?

**3** ભીમકરાજાએ મંડપની રચના કેવી કરી છે. ?

**4** દમયંતીને વરવા કેવા કેવા રાજાઓ આવ્યા છે. પ્રેમાનંદ એ વર્ણન કરતી વખતે કયો રસ જમાવે છે. ?

**5** કડવું ૨૫ કઈ ઘટનાનું વર્ણન કરે છે. ?

**6** સ્વયંવરમાં આવેલો નળ કેવો છે. તે ટૂંકમાં વર્ણવો.

**7** કડવું ૨૭ સ્વયંવરમાં કોનું આગમન સૂચિત કરે છે. ?

**8** કડવા ૨૭ માં પ્રેમાનંદે કરેલ દમયંતીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**9** કડવા ૨૭ માં પ્રેમાનંદે કરાવેલ શણગારનું વર્ણન કરો.

**10** દમયંતી નળ પાસે જાય છે ત્યારે શું જુએ છે. ?

**11** દેવોએ દમયંતી ને વરવા અંદર–અંદર શું કર્યું ?

**12** દમયંતીની મૂંઝવણનો ઉકેલ કયો આવ્યો. ?

**13** કડવા ૨૮માં પ્રેમાનંદે કરેલ હાસ્ય રસનું દર્શન કરાવો.

14 દેવોએ નળ–દમયંતીને કયા વરદાન આપ્યા. ?

15 નળ–દમયંતીના લગ્નથી કોણ રોષે ભરાયું ને કઈ પ્રતિજ્ઞા લીધી. ?

16 કળિયુગે નળના શરીરમાં ક્યારે પ્રવેશ કર્યો ? ત્યારે નળનું દાંમ્પત્યજીવન કેવું હતું. ?

## 7.4 વસ્તુલક્ષી કસોટી : 2

યોગ્ય જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| 1 | સ્વયંવરનું વર્ણન | 1 | નળ નથી આવ્યો તેથી |
| 2 | કડવું ૨૪ | 2 | મારૂણી |
| 3 | મંડપના રાજાઓ | 3 | સ્વયંવરમાં નળનું આગમન |
| 4 | દમયંતી મંડપમાં નથી આવતી | 4 | દમયંતીનું સ્વયંવરમાં આગમન |
| 5 | કડવા ૨૬ નો રાગ | 5 | પાંચ |
| 6 | કડવા ૨૬ નો પ્રસંગ | 6 | અભિમાની |
| 7 | કડવું ૨૭ નો પ્રસંગ | 7 | રાગ સોરઠી |
| 8 | દમયંતી કેટલા નળ જુએ છે. | 8 | વૈશપાયન |
| 9 | વાનરમુખ | 9 | દે પત્ની લઈ આવ્યા |
| 10 | રીંછ મુખ | 10 | અમૃતસ્રાવિયા |
| 11 | બિલાડાનું મુખ | 11 | કળિયુગ |
| 12 | કૂતરા જેવું મુખ | 12 | વરુણદેવ |
| 13 | નારદ | 13 | યમરાજા |
| 14 | દમયંતીને વરદાન | 14 | ઈન્દ્ર ભગવાન |
| 15 | લગ્ન પછી બદલો લેનાર | 15 | અગ્નિ |
| 16 | કળિયુગનો સાથી | 16 | પુત્ર–પુત્રી |
| 17 | નળ–દમયંતીના સંતાન | 17 | પગની કોરી પાની |
| 18 | નળનો ધર્મ | 18 | પુષ્પર |
| 19 | કળિનો નળના શરીરમાં પ્રવેશ | 19 | સત્યનિષ્ઠા |
| 20 | નળનો પિતરાઈ | 20 | દ્વાપર |

## 7.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૨૪ **● ઊઝમ – ઉત્સાહ, સ્ફૂર્તિ ● અતિકાલ – વિલંબ, મોડું ● કહીંએક – કોઈક જ ● છબ – પગ જમીન પર પડતા થતો ધ્વનિ ● અભ્ર – આકાશ ● ડંક – ઢોલનો જોદાર અવાજ ● જેષ્ટિકાદાર – દ્વારપાળ ● તેડે – સત્કાર કરે ● ધૂનિ– ધ્વનિ ● ભાવન – ભાવના, સ્તુતિ, બિરદાવલી ● ઉવેખે – ઉપર ફેંકે, વેરે ● અલેખે–ઘણો ● નટુઆ – નટો, નર્તકો ● નરત – નૃત્ય ● કહાડે સરત – એકમેબની સ્પર્ધામાં ઉતરે છે. ● અપછરા – અપ્સરા ● નગરી અમરા – દેવોની નગરી અમરાપુરી ● ઝાકળઝોળ – ઝબોળેલાં ● વરવાં – કદરૂપા, બેડોળ ● ખોડ – સૂકાયેલું થડિયું ● મૂકયાં પર – પીંછા, ખોસ્યાં ટાળે – દૂર કરે હટાવે ● વતાં – હજામત, ● દ્વેખ – દ્વેષ, ઈર્ષ્યા ● ચંત – ચિત્ત ● મળિયાં – સૂકાઈ બેસી ગયેલાં**

કડવું –૨૫ ● શ્રીકાર – સુંદર, ઉત્તમ ● વાસવર્ધન – સુગંધ વધારનાર ● મર્જન – માર્જન, લેપ, અર્ચન ● મુકતા–તરર્જન – મોતીનો વરસાદ (પર્જન્ય–વરસાદ) ● ઉદ્યો – ઉગ્યો, ઉદભવ્યો ● શર–શબ્દ – બાણ જેવો શબ્દ

કડવું –૨૬ ● ભાગ્યાં – કપાયાં ● તાક – નેમ, લક્ષ્ય, અભિલાષ ● ભાણ – ભાનુ, સૂર્ય ● અંગ – શરીર ● વિદ્યોત – વિદ્યુત, વિજળી ● કીરની ચંચ – પોપટની ચાંચ ● ગજમુકતા – હાથીના લમણામાંથી મળતું મોતી ● કુંજર–શુંડાકાર – હાથીની સૂંઢ જેવા ● કુંજરકાળ – હાથીનો કાળ, સિંહ ● શાર્દૂલ – વાઘ ● ગત્ય – ગતિ ● નરપત્ય – નરપતિ, રાજા ● વાય – વાયુ ● મેર – મેરુ પર્વત ● કુબેર – દેવોનો ખજાનચી

કડવું –૨૭ ● બનયા – બની ઠની ● નરાંગના – માનુષી સુંદરીઓ ● લલિત લક્ષણવંતયં – પદ્મીનીના ઉત્તમ સુકુમાર લક્ષણોવાળી ● મન ઉલ્લાસિક – મનને ઉલ્લાસ એવી, ઉલ્લાસપૂર્ણ મનવાળી ● વેણવાસિક – સુવાસિત વેણીવાળી ● અલકા ઉપર મલયતં – વાળ, ચોટલા પર મોતી વાળી ● રાખડી, શીશફૂલ – માથાના અલંકારો ● ઝાલ – કાને પહેરવાનું આભૂષણ ● બહુકુંજયં – બહુ રંગે ફૂલેલી ● નયનઘેરે – ઘેરા નયનથી ● દીપક પકાશા – દીવાની શગ જેવી ● હેમ નાસા – સોનેરી નાક ● હીંડે લીધયં – પોપટના મન હરી લીધાં, હરાવ્યાં ● મધુકરવાલયં – નાની મધમાખી ● મુકતા –મોતીના હાર ● જુગતા – યુકત –જોડેલા, બંધબેસતા ● અવલાં અંબુજ – અવળા, ઉંધા ● રંકણ – રણકતો ● નખજયોત – નંગની ધાર જેવી નખજયોત ● કુસુમગુચ્છ – છાતી પર ઉદય પામેલા બે ખીલેલા બે સ્તન ● અલક લલિતા – અલકાવલિ–સંભવત ● સલિતા – સરિતા ● વિચિત્ર – સુંદર ● લંક – લાંક, મરોડ ● ઢૂકી – પાસે ● માણે – ધીમે ધીમે ● રંભા – કદલી

કડવું –૨૮ ● સંચ – પ્રપંચ, યુકિત ● અવસ્થા – મિથ્યા, નકામું ● ધરા – ધરતી ● તવ – ત્યારે ● વિપરીત – વિચિત્ર, કશુંક વિલક્ષણ ● અંતરિક્ષ – ધરતીથી અધ્ધર ● સંચ–ફરી – આવો લાગ ફરી ફરી ન આવે ● માંજારમુખો – બિલાડા ના જેવો મોં વાળો ● આધા વેધ – હુંસાતુંસી ● પંચનળી – પાંચ નાળ ● ઉવેખીએ – ઉપેક્ષા કરીએ, અવગણના ● કરને ઘસે – નિરાશામાં હાથ ઘસે ● કપટ રૂપને – કપટી રૂપ વાળાને, કપટી વેશ ધારીઓને ● વના – વિનંતી ● પૂજનિક – પૂજ્ય ● પરતક્ષ – પ્રત્યક્ષ ● તુષ્ટમાન – પ્રસન્ન ● ધર્મ – યમ ● જમજાચના – યમનું તેડું ● અમૃતસ્રાવિયા – જેમાંથી સંજીવન પ્રદ અમૃત સવે છે ● સાધુ – ભલા, સુશીલ ● અદેખવા – અદેખા, ઈર્ષાળુ ● હલફલ્યા – હાંફળા હાંફળા ● મનુષ – મનુષ્ય, માણસ ● કાંતુ – મોટો છરો ● પ્રભુ–પત્ની – પ્રભુ–નળ, પત્ની–દમયંતી ● છીંડી – છીંડું, બાકોરું

## એકમ–8

## ૨૯ થી ૩૩ કડવાની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા

**8.1** ઉદ્દેશ

**8.2** ભૂમિકા

**8.3** સમીક્ષા

**8.4** વસ્તુલક્ષી કસોટી

**8.5** ચાવીરૂપ મહત્વના શબ્દો

## 8.1 ઉદ્દેશ

આ એકમમાં 'નળાખ્યાન'ના ૨૯ થી ૩૩ કડવાંની સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ.

- ૨૯ થી ૩૩ કડવાંની રસલક્ષી સમીક્ષાનો પરિચય મેળવશે.
- નળરાજાનાં સુખી દામ્પત્ય જીવનમાં મુસીબતોની શરૂઆત કેમ થઈ તેનાથી માહિતગાર થશે.
- માતૃહૃદયનો વિલાપ દમયંતીના મુખમાં મૂકી પ્રેમાનંદે જે વાત્સલ્ય નિરૂપ્યો છે તેનાથી પરિચિત થશે.
- વનવાસ દરમ્યાન નળ અને દમયંતીને કેવી રીતે મુસીબતોનો સામનો કરવાનો આવે છે તેનાથી પરિચિત થશે.
- કળિ નળ–દમયંતીને હેરાન કરવા કેવી યુક્તિઓ અજમાવે છે તે જાણશે.
- પ્રેમાનંદની પ્રસંગ આલેખન કુશળતાથી પરિચિત થશે.
- પ્રેમાનંદની રસ જમાવટ, કથાપ્રવાહ અને સંકલનાનો પરિચય મેળવશે.

## 8.2 ભૂમિકા

નળાખ્યાનની કથા આગળ વધારતાં કડવાં ૨૯ થી ૩૩ માં પ્રેમાનંદે જે પ્રસંગો અને ઘટનાઓ આલેખ્યાં છે. તેમાં લગ્નજીવન પછી નળ–દમયંતીને બે બાળકો થયાં છે અને નળરાજાની ચારે તરફ ખૂબ જ કીર્તિ છે. સુખી દામ્પત્યથી હેરાન થયેલો કળિ અદેખાઈ કરીને નળના ભાઈને નળ સાથે જુગાર રમવા તૈયાર કરે છે. હારેલો નળ વનમાં જવા તૈયાર થયો છે. દમયંતી પણ તેની સાથે જવા તૈયાર થઈ છે. તે પોતાના બાળકોને મોસાળ વળાવી શિખામણ આપે છે. એ પ્રસંગમાં પ્રેમાનંદ ખૂબ જ વેધકતાથી ભાવકનું હૈયું હલબલી ઊઠે એવું કવિત્વ બતાવે છે. નળ–દમયંતીને વનમાં અનેક મુશ્કેલીઓ આપતો કળિ બેઉને વિખૂટા પાડીને જંપે છે અને દમયંતી વિશે નળમાં નર્યું ઝેર ભરી દે છે. આ એકમના કડવાઓમાં નળ–દમયંતીને મળેલા વરદાન જ એમને દુઃખ આપે છે. પ્રેમાનંદની આખ્યાનકલામાં પ્રસંગ ગૂંથણી કેવી યથાયોગ્ય થાય છે તેનો પરિચય આપણને આ એકમમાં થાય છે. પ્રેમાનંદની ભાષા અને રસ જમાવટનો પરિચય પણ અહીં મળે છે.

## 8.3 સમીક્ષા

કડવા ૨૯માં બદલો લેવાની ભાવનાવાળો કળિયુગ દ્વાપર સાથે મળીને ભૂદેવનું રૂપ ધારણ કરી નળના ભાઈ પુષ્કરને કાન ભંભેરણી કરવા જંગલમાં જાય છે. જ્યાં પુષ્કર તપોમય જીવન ગાળતો હોય છે બનાવટી વિલાપ કરી તેઓ પુષ્કરને ઉશ્કેરે છે કે નળ અને તું એક જ કુળનાં હોવા છતાં અને ભાઈ હોવા છતાંય તું વનવાસી થયો અને નળ ત્યાં રાજા થઈ

અનેકવિધ ભોગવિલાસ ભોગવે છે. કળિયુગ તો પુષ્કરને એમ પણ કહે છે કે ભાઈ તારા પિતા સાથે અમારી મિત્રતા હતી એટલે તારી લાગણી થાય છે. એમ કરી પુષ્કરને ભેટતાં જ કળિયુગ તેના શરીરમાં પ્રવેશી જાય છે.

''ભેટતાંમાં પિંડ પુષ્કરના મધ્યે, કીધો કળિએ પ્રવેશ,
તેડી ચાલ્યા નૈષધપુર ભણી કરવા નળ–શુ કલેશ.''

રસ્તામાં કળિયુગે પુષ્કરને સમજાવ્યો કે તું નળ સાથે દ્યૂત રમજે. આ દ્વાપર પોઠિયો થશે અને હું પાસો થઈશ. એમ તું નળનું રાજય લઈ લેજે. પુષ્કરમાં કળિનો પ્રવેશ થયો હોવાથી તે ઈર્ષ્યાથી આગ આગ થઈ જ ગયો હતો. ઉપરથી આ બે જણનો સાથ મળે છે. તેથી તે નળની સભામાં જાય છે ત્યારે નળ એને આવકાર આપે છે. પણ પુષ્કર તો દ્યૂત રમવાની જ વાત કરે છે. તે સમયે નળ એને ઘણું સમજાવે છે પણ તે માનતો જ નથી. તો સામે પક્ષે નળમાં પણ કળિએ પ્રવેશ કર્યો હોવાથી તે દ્યૂત રમવા બેસે છે. આ કડવામાં પ્રેમાનંદ નળ–પુષ્કરનાં ભાઈના સબંધો કેવા હતા એનો પરોક્ષ પરિચય કરાવે છે તો કોઈની ચઢામણીથી ભાઈ–ભાઈ સાથે જ વેરી બને એવું સામાજિક દુષણ પણ અહીં બતાવે છે.

⇨ કડવા ૩૦માં નળ અને પુષ્કર જુગાર રમવાનું શરૂ કરે છે. આ વાત વાયુવેગે નગરમાં ફેલાઈ જાય છે. નગરમાં જે સારા અને સમજદાર લોકો હતા તે અને ખુદ નળનો પ્રધાન પણ નળને આ બાબતમાંથી પાછા વળવાનું કહે છે. પરંતુ કળિયુગ ના પ્રકોપે ચિતભ્રમ થયેલો –મતિભ્રષ્ટ થયેલો નળ કોઈનું કહ્યું માનતો નથી અને દ્યૂત રમે જ છે. હવે આ સમયે શરત એવી છે કે જે કોઈ હારે તે ત્રણ વર્ષ વનમાં જઈ રહે અને જો અવધિ પૂર્ણ થયા પહેલાં ઓળખાઈ જાય તો ફરીથી ત્રણ વર્ષ વનમાં રહેવાનું. દ્યૂતની શરત પ્રમાણે એક બાજુ પુષ્કરે પોઠિયો (જે દ્વાપર બન્યો હતો) મૂકેલ છે. ને બીજી બાજુ નળે પોતાનું રાજય. જયારે પાસા ફેંકાઈ છે ત્યારે પાસા તો કળિયુગ બન્યો છે તેથી પુષ્કર જીતી જાય છે ને નળ હારી જાય છે.

''હાર્યો નળ ને પુષ્કર જીત્યો, જઈ બેઠો સિંહાસન જી,
આણ પોતે વરતાવી પુરમાં, 'કહો નળને જાયો વન જી'. ''

પુષ્કરના આદેશથી નળે બધા શણગાર ઊતારી નાખ્યા અને વનમાં જવા તૈયાર થયો. આ સમયે પ્રેમાનંદ ઓછા શબ્દોમાં અર્થસભર શબ્દોમાં પ્રસંગને બહેલાવ્યો છે. પોતાની આગવી વર્ણન છટાથી ચલચિત્રની જેમ નળ–દમયંતી–પુષ્કર–નગરજનો–નગર શ્રેષ્ઠીઓ, પ્રધાન, બાળકો વગેરેને નજર સામે મૂકે છે. પ્રેમાનંદની કુશળતા જ એ છે કે ભાષા દ્વારા ધાર્યું નિશાન પાર પાડે છે. આ કડવામાં જયારે નળ દમયંતીને સંદેશો મોકલે છે કે પિયર જતા રહેવું. ત્યારે દમયંતી સાથે આવવાનો આગ્રહ રાખે છે. આ પ્રસંગથી પ્રેમાનંદ પતિવ્રતપણું દર્શાવવા માગતા હોય એમ લાગે છે. ઘણી સમજ પછી નળ દમયંતીને સાથે લઈ જવા તૈયાર થાય છે. પરંતુ બાળકોને મોસાળ વળાવ્યા પછી પંદર કડીના કડવામાં પ્રેમાનંદે કરૂણરસની છાયા પાથરી છે. હવે પછીના કડવા માં તેની ઉત્તરોઉત્તર વધતી તીવ્રતા ભાવકને કરૂણમાં ઝબકોળશે એનો અંદેશો મળે છે. ભૂમિકા બાંધવા પ્રેમાનંદે આ કડવામાં રાગ મેવાડોનો ઉપયોગ કર્યો છે. અહીં પ્રેમાનંદનો માનીતો અલંકાર સ્વભાવોકિત તો સરસ કામ કરી જાય છે.

કડવા ૩૧માં પ્રેમાનંદ માનવભાવ–ખાસ કરીને સ્ત્રી હૃદયના ભાવના કેટલા નજીકના જાણકાર હશે એનો પરિચય થાય છે. બાળકોને મોસાળ વળાવતી દમયંતી જે રીતે આલિંગન આપી માતૃહૃદયની ઊર્મિઓ ઠાલવે છે તે સમયનું રૂદનયુકત ગતિશીલ ચિત્ર ભલભલા ભાવકનેય રડાવી જાય છે. પ્રેમાનંદ જે રીતે આંસુની વહેતી સેર બતાવે છે તેમાં કરૂણરસને ઘટ્ટતાથી બહેલાવ્યો છે. પોતાના બાળકોને નમાયાં થઈને રહેવાની શિખામણ આપતી દમયંતીનું હૃદય કેટલું રડતું હશે એનો ખ્યાલ આ પંકિતઓથી આવી જાય છે.

''મોસાળ પધારો રે, મોસાળ પધારો રે બાડુઆં રે !
મોસાળ પધારો રે, લાડકવાયાં બે બાળ,
નમાયાં થઈ વરતજો રે, સહેજો મામીની ગાળ રે.''

ઉપરોકત પંકિતમાં છેલ્લી પંકિત તો આ કડવાનો સાર છે. જાણે ! આમ તો આ આખું કડવું ગુજરાતી સાહિત્યમાં આ એક જ પંકિતીથી પ્રચલિત થઈ ગયું છે. રૂદન કરતી દમયંતી બાળકોની થનારી દશા કલ્પે છે તેમાં પ્રેમાનંદ તત્કાલીન સમાજની ઝાંખી કરાવે છે કે મોસાળમાં ભાણેજને બહુ દિવસ બધા સાંખી લે પણ મામી કદાચ ન સાંખે એ બતાવવાનો આશય પણ કહેવડાવે છે કે મારા આ બાળકોનું સારી રીતે જતન કરજો. કડવાના અંતે જે સ્થિતિ પેદા થઈ છે તેમાં પ્રેમાનંદ દરેક ભાવકને હચમચાવી જાય છે.

''રોયે રાણી અતિઘણું રે, વચ્છ સોંપ્યાં ગુરૂ–કર માંહે રે,
વળાવ્યાં બે બાળકો રે ઋષિ સાથે નળરાયે રે.''

કડવું ૩૨ મું ૨૫ કડીઓનું છે. રાગ વેરાડીમાં ચાલતા આ કડવામાં પ્રેમાનંદે મહેલમાંથી નળ સાથે વનમાં જવા નિકળેલી દમયંતીના પ્રસંગથી લઈને જંગલમાં ભૂખે ટળવળતા નળ–દમયંતી, દમયંતી પર આળ મૂકી એને છોડી જતો નળ સુધીના પ્રસંગો વણી લીધા છે. પ્રેમાનંદને ખ્યાલ જ છે કે કયું કડવું કેટલા પ્રસંગ માટે કેટલું લંબાવવું કે કેટલું ટૂંકુ કરવું. આ કડવામાં દમયંતી પોતાના બાળકોને સુદેવજી સાથે મોસાળ વળાવીને નગરની બહાર નીકળવા પ્રયાણ કરે છે. નળ–દમયંતી આખા નગરમાં ફર્યા પરંતુ પુષ્કરના આદેશથી કોઈ એમને પાણી પણ આપતું નથી. એક રાત્રિ ત્યાં રોકાઈ તેઓ નગર બહાર જાય છે. ત્યારે કળિ તેમની સાથે થઈ જાય છે. નળ–દમયંતી જયાં જયાં જાય ત્યાં કળિ આગળ જઈને વાડી–વજીફા, કૂવા, સરોવર, ફળો બધું જ ઉજાડી મૂકે છે. એમ ભૂખે ટળવળતાં તેઓ વનમાં સાત દિવસ સુધી રઝળે છે. બંનેએ એક એક વસ્ત્ર પહેર્યું છે. અને દમયંતીની કોમળ કાયને ખૂબ જ મુશ્કેલી પડે છે. પગમાં કાંટા વાગે છે એ સતત રડતીને દુઃખ સહન કરતી નળ સાથે ચાલી છે. પ્રેમાનંદ એકથી સાત કડીઓમાં નગર, મહેલ, વન, રઝળપાટ અને નળ–દમયંતીને પડતાં દુઃખ લાઘવથી આપી દે છે. એ એમની કવિ કુશળતા તરત ધ્યાન ખેંચે છે. રઝળતાં નળ–દમયંતી આખરે એક સરોવર પાસે આવે છે. તે કળિયુગથી ના સુકાયું ત્યાં નળ–દમયંતી પાણી પીએ છે ને તરસ છીપાવે છે. પણ ભૂખ કેમ સંતોષવી એ વિચાર સાથે નળ સરોવરમાં માછલાં પકડવા જાય છે.

''સ્વામી કહે : સાંસતાં થઈએ, શ્યામા ! બેસ થઈને સ્વસ્થ,
જઈ સરોવરમાં શોધી લાવું, જડે એકુ બે મચ્છ.''

નળને ત્રણ માછલાં મળે છે તે લઈ દમયંતી પાસે આવે છે. તે સોંપી પાછો બીજા માછલાં પકડવા જાય છે કેમકે ત્રણ માછલાંમાંથી તેમની ભૂખ ભાંગશે નહિ એમ નળને લાગે છે. પરંતુ કળિયુગ હવે સાપનું રૂપ લઈ માછલાં ભગાડી મૂકે છે. નળની અથાગ મહેનત છતાં કંઈ હાથ લાગતું નથી એટલે તે દોઢ દોઢ માછલું ખાઈશું એમ વિચારી દમયંતી પાસે આવે છે પરંતુ આ તરફ ઘટના એવી બને છે કે દમયંતીના હાથ અમૃતસ્રાવિયા છે. એ હાથમાં પકડતાં માછલાં સજીવન થઈને પાછા પાણીમાં ચાલ્યાં જાય છે. એકબાજું નળનું માછલા પકડવા જવું અને બીજી બાજુ દમયંતીથી માછલાંનું સજીવન થવું. પ્રેમાનંદ એક સાથે બે પ્રસંગ પર પોતાનો કેમેરો ગોઠવીને જે ચિત્ર ઉપસાવે છે. તેમાં જ તેમની કાવ્યકલા અને ભાષા કસબ તથા વર્ણન–લાઘવની આવડત છે. દમયંતી હવે અંદરથી ગભરાઈને મુંજાઈ છે. સામેથી નળ આવે છે. દમયંતી વિચારે છે કે સ્વામીને શો ઉત્તર આપું? તે ચોધાર આંસુએ રડે છે. નળ દમયંતીનું આવું રૂપ જોઈ તેને પાપણી કહે છે અને દમયંતી માછલાં ખાઈ ગઈ એમ ધારે છે. આ ક્ષણે ભાવક તો જાણે જ છે કે શું બીના બની છે. પરંતુ પ્રેમાનંદ ભાવકને દમયંતીને પડતું દુઃખ બતાવવા નળ દ્વારા તેનો તિરસ્કાર કરાવે છે. દમયંતીને ખબર પડે છે કે સાચું કહીશ તોય નળ માનશે નહિ, તેથી તે મચ્છ પોતે ખાધાં છે એમ કહે છે.

''રૂદે ફાટતે બોલ્યાં રાણી, પડે આંસુ મોતીદાણા,
ક્ષુધા પાપણીએ મચ્છ ભક્ષ્યાં, મેં રહેવાયું નહિ રાણા.''

આટલું સાંભળતાં જ નળ ક્રોધે ભરાઈ જાય છે અને આક્રોશ સાથે દમયંતીને ન કહેવાના વેણ કહે છે. અહીં હંસે આપેલી શિખામણ નળ યાદ કરી દમયંતીને સંભળાવે છે.

''નળ કહે, 'હંસે શિખામણ દીધી, જયારે વિદાય થયો આકાશ,
એક દ્યૂત ન રમવું, બીજો ન કરવો નારીનો વિશ્વાસ',
બે વાના વાર્યા તે કીધાં, હાથે દુઃખ લીધું માગી,
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં ! શું આગ પેટમાં લાગી ?''

પ્રેમાનંદ જમાનાને ઓળખે છે અને માનવ સ્વભાવના તો નજીકના જાણતલ છે. શાસ્ત્રજ્ઞાન થકી તે પ્રકૃતિના સનાતન સત્યો પણ જાણે છે. નળાખ્યાનના દરેક કડવામાં સામાજિક શિક્ષણના એકાદ બે બોલ તો તે કહે છે. જેમ ઉપરની પંકિતમાં કહ્યું છે તેમ. શબ્દોનો પ્રયોગ અને અર્થક્ષમતા તો પ્રેમાનંદની જ એ બાબતનો પરિચય અહીં થાય છે. નળ દમયંતી પર લગાવે છે. ત્યારે દમયંતીને થાય છે કે કોના સમ ખાઈને નાથને સમજાવું. કળિયુગનો દોરવાયો નળ દમયંતીને કહ્યા વિના ચાલતો થાય છે. ત્યાં કડવું પૂરૂં થાય છે.

કડવા ૩૩માં દાઝે ભરાયેલ નળ વનમાં આગળ જાય છે ને દમયંતી તેની પાછળ થોડું અંતર રાખતી મનમાં અપરાધભાવ ભરતી ચાલી જાય છે. તેવું ગતિશીલ ચિત્ર અહીં મળે છે. દમયંતી રડે છે ને નળ એને કટુ વેણ સંભળાવતો જાય છે. એમ નળ પોતાને કોશતો, દમયંતીને તિરસ્કારતો આગળ આગળ જાય છે. ત્યાં બે મારગ આવે છે. ત્યાં નળ દમયંતીને એના પિયરનો મારગ બતાવી કહે છે કે તારો મારો કોઈ જ સંબંધ નથી. તું અહીંથી તારા રસ્તે જા. ત્યારે દમયંતી કહે છે કે મારે નથી જાવું પિયર તમે મને ક્ષમા કરો. મારા પર તમે રીસ ના કરો. તમે દેવોના વરદાનને કેમ ભૂલી જાઓ છો.

''ફોકટ હું પર કરો છો રીસ, મચ્છની વાત જાણે જગદીશ.
દેવતાનું મુજને વરદાન, કાં એ નથી જાણતા રાજન ?''

પરંતુ કળિના પ્રકોપે નળ દમયંતીની વાત માનતો નથી હવે તે આગળ જાય છે. ત્યાં વળી કળિયુગ બગલાનું રૂપ ધરી લલચાવે છે. નળને લાગે છે કે જો આને પકડું તો ઘણું ભોજન મળે, ભૂખ મનુષ્યને કેટલી હદ સુધી ઉતારી પાડે છે તેનો નિર્દેશ અહીં પ્રેમાનંદ ભાવકને કરાવે છે. સમાજનું પણ દર્શન થાય છે. ગમે તેવો ભડવીર હોય પણ સંજોગો એને લાચાર બનાવી દે છે. નળની પાસેનું એક વસ્ત્ર કાઢી તે બગલા પર નાખે છે. નળ હવે નગ્ન અવસ્થામાં છે. નળની આવી દશાની કરૂણતા બતાવવા પ્રેમાનંદ દમયંતીને અવળું જોવડાવે છે. અને વનનાં તત્વોને વાતમાં સંયોજે છે.

''લાજયાં પંખી ને લાજયાં રે વન, લાજયાં સૂર્ય, મીંચ્યાં લોચંન,
સ્વાદ–ઈન્દ્રિયે પીડયો મહારાજ, થયો નગ્ન મૂકીને લાજ.''

કિસ્મતની બલિહારીનું દર્શન નળની દશામાં થાય છે. નાખેલું વસ્ત્ર માયાવી બગ લઈ ઊડી ગયો. નળ કપાળે હાથ પછાડે છે. પ્રેમાનંદ એક એક ક્ષણનું ગતિશીલ ચિત્ર ઓછા શબ્દોમાં ઉપસાવી આપણને તાદ્રશ્યતાનો પરિચય કરાવે છે. નળનું વસ્ત્ર ગયું તો દમયંતી પોતાના વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર નળને આપે છે. સંધ્યાકાળ થતાં બેઉ થાકેલાં પાકેલા એક વૃક્ષ નીચે આશ્રય લે છે. ભૂખ અને તરસથી થાકેલી દમયંતી તરત જ ઊંઘી જાય છે. નળ તેને જુએ છે ને થોડા સમય માટે એના સૌંદર્યને નિહાળી પ્રશ્ચાતાપ કરે છે કે કયાં રૂપવતી દમયંતી અને કયાં આ વનવાસ, પરંતુ તરત જ માછલાંવાળી વાત યાદ આવતાં તેને તિરસ્કાર ઉપજે છે અને દમયંતી દુષ્ટ દેખાય છે. તે મનમાં વિચારે છે કે 'જેણે પતિને દગો દીધો તેનો શો વિશ્વાસ ? કોઈ વાર તે મને પણ ખાઈ જાય !' એમ વિચારી તે દમયંતીને છોડી દેવાનો વિચાર કરે છે. તો બીજી તરફ તેનો પ્રેમ અને ત્યાગ યાદ આવતા છોડી જવાનો વિચાર પડતો મૂકવાનું મન થાય છે. આખરે ત્યાં કળિયુગ બેઉની વચ્ચે છરી બની પડે છે. નળ તેનાથી અડધુ વસ્ત્ર ફાડી જવાની તૈયારી કરે છે પણ તેમ કરી શકતો નથી. નળ છૂટો થઈને સાત વાર જઈને પાછો દમયંતી પાસે આવે છે. આ સમયે નળના મનમાં સત–અસતનું બરાબર યુદ્ધ જામેલું આપણે જોઈ શકીએ છીએ. આખરે કળિયુગનો પ્રભાવ જીતે છે. અને નળ દોટ મૂકીને સવાર પડતાં સુધી કયાંય દૂર નીકળી જાય છે.

કડવાને અંતે પ્રેમાનંદે આ વાતની પુષ્ટિ આપતું વલણ આપ્યું છે. આ કડવાના અંતમાં આવતાં તો પ્રેમાનંદ ભાવકને દમયંતી પર દયા ખાતો કરી દે છે ને નળ માટે ફીટકાર વરસાવતો કરી મૂકે છે. એજ તો પ્રેમાનંદની સિદ્ધિ. ઉપરોકત પાંચ કડવાનો અભ્યાસ કરવાથી પ્રેમાનંદની વર્ણનશકિત, શબ્દ પસંદગી, લાઘવપણાનો પરિચય થાય છે. શબ્દો દ્વારા ચિત્રો ઉપસાવતાં પ્રેમાનંદ કરૂણ સાથે અદભૂત રસના લસરકા પણ આપે છે. દમયંતીની વનમાં હવે શી દશા થશે એ જાણવા ભાવકને આગળનાં કડવામાં લઈ જશે. કથામાં ભાવકને બરાબર ખેંચી રાખવાની આવડત પણ દ્રષ્ટિગોચર થાય છે.

## 8.4 વસ્તુલક્ષી કસોટી : 1

૨૯ થી ૩૩ સુધીના કડવાંનો અભ્યાસ કરી આપેલ પ્રશ્નોના જવાબ આપો.

1 કળિયુગ અને દ્વાપર કયા વેશે પુષ્કર પાસે જાય છે ? અને કઈ વાત કરે છે.
2 નળ પાસે આવીને પુષ્કર કઈ વાત કરે છે ? શા માટે ?
3 નળ અને પુષ્કર કેમ મતિભ્રષ્ટ થાય છે ?
4 દ્યૂત રમતી વખતે નળ–પુષ્કર હાર–જીત માટે શું મૂકે છે. ?
5 જુગારમાં હારનાર માટે કઈ શરત છે ?
6 બાળકોને મોસાળ વળાવતી વખતે દમયંતીની વ્યથા વર્ણવો.
7 નળ–દમયંતીને નગરમાં શા માટે કોઈ આશરો આપતું નથી ?
8 નળ–દમયંતી વનમાં જાય છે ત્યારે કળિયુગ શું કરે છે. ?
9 માછલાં ખાવાનો આરોપ નળ–દમયંતી ઉપર કેમ મૂકે છે ?
10 દમયંતી દોષ કેમ વહોરી લે છે ?
11 કળિયુગ બગલો બને છે ત્યારની નળ–દમયંતીની સ્થિતિ વર્ણવો.
12 સૂતેલી દમયંતીને નળ શા માટે છોડી જાય છે ?
13 દમયંતીને છોડતી વખતે નળની અવઢવ વર્ણવો.
14 નળ દમયંતીને આખરે કઈ રીતે છોડી દે છે. ?

## 8.4 વસ્તુલક્ષી કસોટી : 2

આપેલા વાકયો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

1 કળિયુગ અને દ્વાપર રસોઈયાનો વેશ ધારણ કરે છે.
2 દ્યૂત રમતાં કળિયુગ પાસાં બને છે.
3 દ્યૂતની શરતમાં હારનાર પાંચ વર્ષ વનવાસ ભોગવે.
4 નળ કળિયુગના પ્રભાવે કોઈની વાત માનતો નથી.
5 પુષ્કરની આણને લીધે નળ–દમયંતીને કોઈ નગરમાં આશરો આપતું નથી.
6 નળ હારતાં દમયંતીને સાથે વનમાં આવવા કહે છે.
7 દમયંતી બાળકોને પોતાની બેનને ત્યાં મોકલે છે.
8 કડવા ૩૧ માં પ્રેમાનંદ હાસ્યરસ બહેલાવે છે.
9 નળ–દમયંતીને વનમાં જતા નગરના લોકો રોકે છે.
10 નળ–દમયંતીની આગળ કળિયુગ બધું ઉજાડી મૂકે છે.
11 દમયંતી માછલાં ખાઈ જાય છે.
12 નળ વધુ માછલાં પકડવા ં બીજા સરોવરમાં જાય છે.
13 નળને લલચાવવા કળિયુગ બગલો બને છે.
14 બગલો નળનું એક માત્ર વસ્ત્ર લઈ ઉડી જાય છે.
15 નળ–દમયંતીને કહીને એને છોડી જાય છે.
16 દમયંતીને છોડતી વખતે નળ દશ વાર આવે જાય છે.
17 દમયંતીને છોડતી વખતે નળને એનો પ્રેમ યાદ આવે છે.
18 દમયંતીને છોડતી વખતે કળિયુગ દોટ મૂકીને ચાલ્યો જાય છે.

## 8.5 મહત્વનાં ચાવી રૂપ શબ્દો –

કડવું –૨૯ ● **પરઠી** – ગોઠવી, નક્કી કરી ● **ઝાંસા નાખ્યે** – કાકલૂદી કર્યે કે હઠ–ત્રાંગુ કર્યે ● **પોણ કરજે** – દાવમાં મૂકજે ● **અભિલેખા** – અભિલાષા ● **જુગ્મ** – બે યુગ ● **સંચે** – રુચે, ગોઠે ● ઉદર ચોળીને શૂળ – પેટ ચોળીને પીડા ● **અપ્રમાણ** – શાસ્ત્રનિશિધ્ધ ● ભાવી પદારથ – ભાવિ ઘટના

કડવું –૩૦ ● **સત્ય** – સત, ધર્મચારીપણું ● **ત્રાહિ ત્રાહિ** – દુઃખ, ત્રાસ ● **સંકરમ્યો** – અંદર પેઠો છે ● ગુપતે – ગુપ્ત, છુપું ● પ્રીછ પડે – પિછાન, ઓળખાણ પડે ● શોણિત વરસાદ – લોહીનો વરસાદ ● વનકૂળ – વનવાસને યોગ્ય ● પીહર – પિતુગૃહ, પિયરે ● સુહાય – શોભે, ગોઠે ● સેવાને – સેવાને માટે ● સહી – નક્કી

કડવું –૩૧ ● **પેટ** – પેટનાં સંતાનને ● છેલું વહેલું – છેલવહેલું, છેક છેલ્લું ● દોહ્યલું – દુર્લભ, મુશ્કેલ ● અમ જોગી – વનમાં રહેવાના તેથી જોગી ● વછ – વત્સ, બાળક

કડવું –૩૨ ● **પડો વાગ્યો** – ઢંઢેરો પીટાયો ● **પત્ર** – પર્ણ, પાંદડાં ● **માન–સરોવર** – કોઈ પણ તળાવને પ્રેમાનંદ માનસરોવર કહે છે. ● ધીવર – માછીમાર ● મીન – માછલાં ● વારુ – સારું ● ભારજા – ભાર્યા, પત્ની ● ભુજ – હાથ ● વરાં – વાર, વેળા ● થઈ આયું વિપરીત – ઉંધુ જ થયું, અણધારી આફત આઈ ● વેવલાં વીણે – ફાં ફાં મારે ● ક્યાંહે – કાયાં છે ? ● રાણા – નળને સંબોધન ● હા હા કરે – અરે અરે કરે ● અણતેડી – નળે કરેલા તિરસ્કારનું સૂચન ● પીઉ – પિયુ, પતિ

કડવું –૩૩ ● ગત – ગતિ, ચાલવાનો વેગ ● કાં – જે, કારપે **અજુગત** – અયુક્ત, અજુગતું ● હુતી – બની હતી તેવી ● ભાર – માંસનો ભાર ● કોણ પ્રકારે – કઈ રીત ● ઉફરાંટી – અવળી, પીઠ ફેરવેલી ● સૂત્ર – સૂતર ● ઉભે – ઉભયે, બંન્ને ● અડવડિયાં – લથડિયાં

● **ઝંખજાળ** – ઝાડ, ઝાંખરાની ગીચ ઝાડી ● **વસુધાવશ પડી** – ખુલ્લી જમીન પર સૂતી છે ● નરખતાં – નીરખતાં ● છેહ – દગો ● કાતું – છરો, ખડગ ● ત્રેલોક્ય મોહન – ત્રણ લોક ● રાનની – જંગલની ● અંતર પરજળ્યો – અંતરમાં ઘણું દાઝ્યો ● સાધુ – સુશીલ, પતિવ્રતા ● અંગી નવ કરે – અંગીકારે નહિ ● વમન – ઉલટી ● નેટ – જરૂર ● હુંપે – હુંથી, મારા કરતાં ● ઉવાટે – આડે રસ્તે ● સાસોટ – શ્વાસભેર ● ધીશ – બુધ્ધિ જાગ્યો રુદે – પોતે શું કર્યું એનું હૃદયમાં ભાન થયું ● દીશ – દિવસ

## ⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

### કસોટી –૧

- સવાલ–૧,૨,૩ –કડવું–૨૯
- સવાલ–૪,૫,૬–કડવું–૩૦
- સવાલ–૭,૮,૯,૧૦–કડવું–૩૧
- સવાલ–૧૧ –કડવું–૩૨
- સવાલ–૧૨,૧૩,૧૪ –કડવું–૩૩

### કસોટી –૨

૧– X    ૨– ✓    ૩– X    ૪– ✓    ૫– ✓    ૬–X    ૭– X

૮– X    ૯– X    ૧૦– ✓    ૧૧– X    ૧૨– X    ૧૩– ✓    ૧૪– ✓

૧૫– X    ૧૬–X    ૧૭– ✓    ૧૮– ✓

## એકમ–9

## ૩૪ થી ૩૫ કડવાની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા


9.1 ઉદ્દેશ

9.2 ભૂમિકા

9.3 સમીક્ષા

9.4 વસ્તુલક્ષી કસોટી

9.5 મહત્વના શબ્દો


### 9.1 ઉદ્દેશ :–

આ એકમમાં 'નળાખ્યાન'ના કડવાં ૩૪ અને ૩૫ ની સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી માહિતગાર થશે.

- ૩૪ અને ૩૫માં કડવાંનો રસલક્ષી આસ્વાદ મેળવશે.
- પ્રેમાનંદની પ્રસંગ સંકલનાનો પરિચય મેળવશે.
- પ્રેમાનંદની કરૂણરસ જમાવટની ફાવટથી પરિચિત થશે.
- દમયંતીને છોડી જતાં નળની હાલત વિશે માહિતી મેળવશે.
- નળનું વનભ્રમણ અને પ્રેમાનંદની વર્ણનકળાનો પરિચય થશે.
- દમયંતીથી વિખૂટા પડયા પછી નળનો વિલાપ પણ જોઈ શકશે.
- કર્કોટક નાગ સાથેની નળની મુલાકાત અને નાગ દ્વારા અપાતાં બિહામણાં રૂપ અને વસ્ત્રો નળને શા માટે ઉપયોગી છે તે વિશે માહિતી મેળવશે.
- નાગના દંશથી બાહુકરૂપ ધારણ કરેલ નળનું ઋતુપર્ણને ત્યાં અયોધ્યામાં આગમન વિશે પરિચય થશે.

### 9.2 ભૂમિકા

નળાખ્યાનનું કડવું ૩૪ અને ૩૫ પ્રેમાનંદની વર્ણનકલાનું તથા ભાવનિરૂપણનું મહત્વનું છે. આ બેઉ કડવામાં નળ વનમાં વિલાપ કરતો રઝળે છે. દમયંતીને શોધે છે. વનમાં તે ખૂબ જ રડે છે. પોતાને કોશે છે કે મેં કયાં એને વનમાં છોડી અને દમયંતી પાસે પાછો આવવા ચાહે છે. પણ કળિયુગે પગાલ ભૂસી રસ્તો ભૂલાવી દીધો છે. નળના કલ્પાંત વખતે કોઈ અવાજ એના કાને પડે છે. જે બચાવવાનો આગ્રહ કરતો હોય છે. જળ જઈને જુએ છે તો નાગ આગમાં બળતો હોય છે. નળ તેને બચાવીને તેનું પૂવવૃતાંત સાંભળે છે. નાગ દ્વારા દંશ આપી નળનું રૂપ કદરૂપું બનાવી દેવાય છે. જે નળને અજ્ઞાતવાસમાં મદદરૂપ થશે એમ નાગ કહે છે અને મૂળરૂપ ધારણ કરવા નળને ત્રણ વસ્ત્રો આપે છે. તે લઈને બાહુકરૂપ ધારણ કરી નળ અયોધ્યામાં રાજા ઋતુપર્ણને ત્યાં અશ્વપાલક તરીકે રહે છે. ત્યાં સુધીની કથા પ્રેમાનંદે આલેખી છે. તેનો વિગતે પરિચય હવે મેળવીએ.

### 9.3 સમીક્ષા

આ એકમનાં ૩૪ માં કડવામાં પ્રેમાનંદે ૧૫ કડીઓમાં નળની દયનીય સ્થિતિ વર્ણવી છે. દમયંતીને છોડીને નાસી ગયેલો નળ જયારે સવારે આખી વાત ધ્યાનમાં લે છે ત્યારે ખૂબ જ દુઃખી થાય છે. આ કડવામાં પ્રેમાનંદ રામગ્રી રાગ લઈને શોક–

લહેકણી પ્રયોજે છે. જે કરૂણ રસ જમાવવા માટેની દેશી રાગણી છે. નળ પોતાને જ કોશીને હાથ–પગ જમીન પર પછાડે છે ને પસ્તાવો કરે છે કે બિચારી રાંક દમયંતીને મેં ઘોર જંગલમાં કયાં એકલી મૂકી દીધી. એ તો રોઈ રોઈને મરી જશે. બેબાકળી આમતેમ ફરશે તો જંગલનાં રાની પશુઓ એને ફાડી ખાશે એમ વિલાપ કરતો નળ દમયંતીને પાછો શોધવા સાદ પાડે છે. આ વખતે કરૂણ રસમાં તરબોળ થયેલ પ્રેમાનંદની ભાષા અને લય–લહેકા તથા પ્રાસ–અનુપ્રાસ ભાવકને ભય અને ભાવમાં ખેંચી જાય છે. પ્રેમાનંદની શબ્દો બનાવી લેવાની યુકિતનો પણ અહીં પરિચય થાય છે. સંસ્કૃતના શબ્દો પણ તે યોજી લે છે.

''નહીં મળે ફરી કોકિલાસ્વરી, શે ઊપન્યો વિખવાદ ?
મન–ગમયંતી! બોલ દમયંતી! નળે માંડયો સાદ,
વિશ્વમોહિની! સૃષ્ટિદોહિની! સુંદરી સુજાણ!
વિરહિણી–વલ્લભ દર્શનદુર્લભ બોલ, પિયુના પ્રાણ!''

પ્રેમાનંદ મહાકવિ કહીએ છીએ એ આ જ કારણે ! શબ્દ પસંદગી વખતે ભાવકનેય સમજ પડે નહિ તોય લયના તાલ સાથે ડોલાવવાની શકિત તો છે જ. વિલાપ કરતો નળ દમયંતી પાસે પાછો જવા વળે છે પરંતુ કળિએ પગલાં ભૂસી નાખ્યાં છે. તેથી તે ભૂલો પડયો છે. દમયંતી ન મળતાં તે રૂદન કરી વિલાપ કરે છે. તેનું અદભૂત વર્ણન કવિએ આ કડવામાં કર્યું છે. જે દમયંતીને વર્યા વિના દેવો પણ પાછા ગયા એ સુંદરીને છોડી જવાની મતિ મને કેમ સૂઝી ? એમ વિચારતો નળ દમયંતીને યાદ કરી ખૂબ જ દુઃખી થયો છે. એવા સમયે 'મને દવમાંથી બહાર કાઢો' એવો સાદ સાંભળી નળ એ તરફ દોડી જાય છે કે રખેને એ દમયંતી હોય ! પરંતુ જઈને જુએ છે તો એક નાગ આગથી બળી રહ્યો છે ને નળને વિનંતી કરે છે કે મને આ જવાળાથી બચાવ. નાગ નળને કહે છે

''વહનિવરદાન ગયો રાજાન, નાગે કીધો નમસ્કાર,
આપ પ્રાણદાન, હો કરૂણાવાન! હું કરીશ ઉપકાર.''

નળને અગ્નિનું વરદાન છે તેથી તે સાપના ડંસવાનો ડર રાખ્યા વિના આગમાં જઈ ખૂબ જ લાંબા નાગને પોતાના ખભે લઈ બહાર કાઢે છે. પ્રેમાનંદ તો નાગની લંબાઈ 'જોજન દેહ પ્રમાણ' કહી છે. જો કે મહાભારત કે અન્ય પ્રેમાનંદનાં પુરોગામી આખ્યાનકારોનો નળકથામાં નાગની આટલી બધી લંબાઈ બતાવી નથી. પ્રેમાનંદે અદભૂત અને વિસ્મય પમાડવા આમ કર્યું હશે. નળ નાગને બહાર કાઢે છે ત્યારે નાગને શાતા મળે છે. ત્યાર બાદ નળ નાગને પૂછે છે કે તારી આવી હાલત કેવી રીતે થઈ એ કહે. નાગ પોતાની કથા કહેવાનું શરૂ કરે છે ત્યાં કડવું પુરૂં થાય છે.

કડવા ઉપમાં પ્રેમાનંદ નાગનું પૂર્વવૃતાંત કહેવડાવી અદભૂત રસની જમાવટ કરે છે. કડવાની કથામાં આગળ વધતાં તે વધુ વિસ્મયનો પરિચય કરાવે છે. નાગ પોતાની પૂર્વ કથા કહે છે કે મારૂં નામ કર્કોટક છે. મને શપ્તઋષિઓએ શાપ આપ્યો હતો કેમકે એક વખત પુષ્પક વિમાનમાં બેસી ઋષિઓ જઈ રહ્યા હતા ત્યારે મેં અજાણતાં વિષ ભરેલી ફેણ ફુત્કારી હતી તેનાથી ક્રોધે ભરાઈને ઋષિઓએ કહ્યું કે હવે તું આગમાં જ બળતો રહીશ અને ખૂબ જ યાતના ભોગવીશ પરંતુ મોત આવશે નહિ. ત્યારે મેં પશ્ચાતાપ કર્યો કે ઋષિજી તમારો શાપ મિથ્યા થાય નહિ પરંતુ એમાંથી ઉગરવાનો રસ્તો બતાવો. ત્યારે ઋષિઓએ કહ્યું કે પુષ્પપ્રતાપી નળ રાજા તને આ શાપમાંથી મુકત કરશે. હે નળરાય ત્યારથી હું તમારી રાહ જોઉં છું અને આજે તમે મને એમાંથી મુકિત અપાવી છે.

આ કડવામાં નળ અને નાગનાં સંવાદમાં આપણને વ્યવહારિક સમાજ વાત કરતો હોય એમ લાગે છે. બીજુ કે આખ્યાનનાં માનવેતર પાત્ર તરીકે નાગનું પાત્ર નળના કલ્યાણ અર્થે લીધું છે. નળ સાથેની વાતચીત દરમિયાન તે નળને દંશ મારે છે.

''એવું કહીને સર્પ જ ધસ્યો, કર્કોટક નળ–કોટે ડસ્યો,
લાગી વિષજવાળા દાધો ભૂપ, કાળી કાયા, થયું કૂબડું રૂપ,
કાજળપે શ્યામતા વિશેષ, વાંકુ મુખ, પંચવર્ણા કેશ,
છતે દંતે ડાચાં ગયાં મળી, નીસર્યું ખૂંધ, કટી બેવડ વળી.''

કર્કોટક નાગની વિષ જવાળાથી નળની કાયા કાળી થઈ ગઈ, વાંસો વળી ગયો, પાછળ ખૂંધ નીકળી આવી, ગાલ બેસી ગયા, મોં વાંકુ થઈ ગયું અને વાળ ધોળા થઈ ગયા. હવે નળનો દેખાવ વિચિત્ર થઈ ગયો. આ પ્રસંગે પ્રેમાનંદ કરૂણ, અદભૂત અને હાસ્યરસ ઉપજાવે છે. નળના આવા રૂપથી ભાવક મનોમન હસે છે. તો સાથે સાથે રહેલો કરૂણ રસ પણ તે માણે છે. નળની સ્થિતિ તો આવે વખતે ન સમજાય એવી છે. તે વિમાસણમાં જ નાગને પૂછે છે કે ઉપકારનો બદલો તેં આવો કેમ વાળ્યો. ત્યારે નાગ નળને સમજાવે છે કે આ મેં કર્યું એ તમારા ભલા માટે જ કર્યું છે. સરળ ભાષા અને વાતચીતમાં લઢણ જે ચિત્ર ઉપસાવે છે તે ભાવકને જંગલની ભયાનકતા નાગનું બિહામણું રૂપ અને નળનો કદરૂપો વેશ તાદશ બતાવે છે. પ્રેમાનંદની આખ્યાનકલામાં સંવાદ કૌશલ પ્રયોજન છે. તેનો પરિચય આખ્યાન દરમ્યાન દરેક કડવામાં થાય છે. એમ અહીં પણ પ્રસંગ અને પાત્રને ઉપસાવવા સંવાદ ઉપયોગી સાબિત થયા છે એ પણ જોઈ શકાય છે.

''નાગ કહે, રખે દુઃખ ધરો, જોતાં એ ઉપકાર જ ખરો,
ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ, કોઈ નહીં ઓળખે એણે વર્ણ.''

પ્રેમાનંદ આ પ્રસંગ દ્વારા ભાવકને સમજાવવા માગે છે કે સત્ય યુગમાં કોઈ વ્યકિત કે શાપિત જનાવર કંઈ કરે તેની પાછળ કંઈક આશય હોય છે. પછીથી એના સારા ફળ બતાવી લોકોમાં કોઈનું ભલું કરવાની વૃતિનું સિંચન કરવાની વૃતિ જોઈ શકાય છે. પ્રેમાનંદનો સમય ભકિત અને ધર્મના રંગે રંગાયેલો હતો. પ્રેમાનંદ અહીં સમાજ દર્શન પણ કરાવે છે કે એ સમયે ભોળા લોકો પોતાને થતા નુકસાનને જોયા વગર સામે વાળાને મદદ કરતા.

નળને ત્રણ વર્ષ અજ્ઞાત વાસમા રહેવાનું છે. એટલે નાગ દ્વારા મળેલું રૂપ નળને વરદાનરૂપ થઈ પડે છે. નાગ નળને ત્રણ વસ્ત્રો આપે છે જે પહેરવાથી નળ પોતાનું મૂળ–અસલ રૂપ મેળવી શકે છે. નળ એની ચકાસણી પણ કરી જુએ છે. આવું કદરૂપું શરીર લઈ, બાહુક નામ ધારણ કરી તે અયોધ્યામાં ઋતુપર્ણ રાજાના દરબારમાં આવે છે.

નગરમાં આવા કદરૂપા માણસને જોઈ લોકો હસે છે. મશ્કરી કરે છે. બાળકો એની પાછળ દોડે છે. મોટેરાંઓ હાથતાળી લઈને ખડખડાટ હસે છે. આમ લોકો છેટા રહીને પણ નળની ટીખળ કરે છે. સત્ય હકીકત જાણનાર ભાવક તો એમ કહે છે કે લોકો આની ઓળખ જયારે થશે ત્યારે તમે ભોંઠા પડશો પણ પ્રસંગ પૂરતો પ્રેમાનંદ હાસ્યમાં તન્મય કરે છે. આ પ્રસંગ વાંચતાં જ આપણને પ્રેમાનંદનું સુદામા ચરિત્ર યાદ આવી જાય છે. જયારે સુદામા દ્વારકા જાય છે ત્યારે એનો વેશ જોઈ લોકો જે રીતની મશ્કરી કરે છે તે. નળ જયારે ઋતુપર્ણના દરબારમાં જાય છે ત્યારે સેવકો પણ ખસી જાય છે. નળને જોઈને રાજાની આખી સભા હસી પડે છે. પ્રેમાનંદને તો ગમ્મત કરાવવી છે ને હાસ્ય રેલાવવું છે.

''હસી સભા, હસ્યો ઋતુપર્ણ : વિધિએ આ કાંહાંથી નિરમ્યો વર્ણ,
હાર્યું કાજળ ને જાંબુફળ, આ તો રૂપ જાણે બીજો નળ !''

નળની થતી મશ્કરીમાં જે શબ્દો ઋતુપર્ણ દ્વારા વપરાયા છે ને તે નળને ખરેખર લાગુ પડે છે. 'રૂપ જાણે બીજો નળ' પ્રેમાનંદની પ્રયુકિત આ આખ્યાનમાં ધાર્યું નિશાન પાર પાડે છે. અજાણ લોકો સાચા નળની મશ્કરી મૂળ નળના રૂપ સાથે સરખાવી કરે એ કેવી વિડંબના ! પ્રેમાનંદ આ પંકિતઓ ગાતા હશે ત્યારે ભાવકો કેવા માહોલમાં આવી જતા હશે એની તો ફકત કલ્પના જ કરવી રહી. ઋતુપર્ણના દરબારમાં બાહુકરૂપી નળની મશ્કરી પછી ઋતુપર્ણ નળને પૂછે છે કે 'કોણ છો સ્વરૂપના ધામ ? કેમ આવવું પડયું, શું કામ ? ત્યારે નળ કહે છે કે હું બાહુક છું અને અશ્વવિદ્યા જાણું છું. એક પળમાં તો કેટલાય જોજન અંતર કાપી શકું છું અને કંઈક કામની શોધમાં અહીં આવ્યો છું. ત્યારે ઋતુપર્ણ તેને કહે છે કે આ વિદ્યા તો ખૂબ જ દુર્લભ છે અને તે ફકત ઈન્દ્ર અને નળ બે જ જણ જાણે છે. તું કયાંથી લાવ્યો. ત્યારે બાહુક રૂપે નળ પોતાને નળનો સેવક ગણાવે છે ને કહે છે કે જયારે નળ રાજા આ મંત્રનો પાઠ કરતા તે સમયે શીખ્યો છું. અત્યારે નળ રાજા તો વનમાં છે એટલે એમના વિના મારી આ હાલત થઈ છે. જો તમે મને કામ આપશો તો હું કંઈ પણ બીજું આડુ અવળું કાર્ય નહીં કરું ! અને ભોજન પણ જાતે બનાવીને જમીશ. રાજાને આ સમયે થાય છે કે આવા વિદ્યાના જાણતલને જવા તો કેમ દેવાય એટલે તે પોતાના રાજ્યના ઘોડા સાચવનારનો ઉપરી તરીકે બાહુકને રાખે છે. હવે બાહુક ઋતુપર્ણના આશરે છે. નળ રોજ રાત્રે દમયંતીના વિરહમાં એક શ્લોક બોલતો અને પોતાની વ્યથા ઠાલવતો. પ્રેમાનંદે સંસ્કૃતના કવિ ભારવીના મહાકાવ્ય 'કિરાતાર્જુનિયમ'નો શ્લોક મૂકયો છે. આ શ્લોકથી એમ સાબિત થાય છે કે

પ્રેમાનંદને સંસ્કૃત ભાષાનું અને સાહિત્યનું સારું એવું જ્ઞાન હશે.

નળના શ્લોક રટણ વખતે આજુ–બાજુના પાડોશીઓ એમ વિચારે છે કે આવા કદરૂપા પર વળી કઈ સ્ત્રી મોહી પડતી હતી ? (આમ વિચારવું સહજ છે) શ્રોતાઓને હસવાનું મળે અને વાસ્તવમાં નાયકની પ્રશંસા થાય એવો બેવડો હેતુ સાધતાં આવાં વ્યંગ વચનો પ્રેમાનંદને ઘણા ફાવે છે. નળના વિજોગ વેણ સાંભળી કડવાના અંત ભાગમાં લોકો હસતા બતાવ્યા છે કે એવી કઈ સ્ત્રી ભાગ્યશાળી સ્ત્રી હશે જેને આ રૂપ વર્યું હશે ? સારૂં થયું કે તે આ ભૂતથી છૂટી ! આ શબ્દો દમયંતીને છોડીને ચાલ્યા આવેલા નળને સંભળાવવામાં એક પ્રકારનો કાવ્યન્યાય જ છે ને ! કેમ કે આવા વચનો સાંભળી નળ ખીજાતો નથી ઉલટાનો રાજી થાય છે. કેમ કે એ શબ્દો બાહુક રૂપને લાગુ પડે છે, પોતાના સાચા સ્વરૂપને નહીં. પ્રેમાનંદ 'ભૂત' શબ્દ પ્રયોજી તત્કાલીન સમાજનો રૂઢપ્રયોગ પણ બતાવી દે છે. બીજું કે સમાજના લોકો તે સમયે કેવા હતા તેનો ખ્યાલ પણ પ્રેમાનંદે આપ્યો છે.

## 9.4 વસ્તુલક્ષી કસોટી : 1

આપેલા સવાલોના જવાબ કડવાં ૩૪ અને ૩૫નો અભ્યાસ કરીને આપો.

1 દમયંતીથી નાસી છૂટેલો નળ સવારે શું કરે છે ?
2 નળ દમયંતી વિશે યાદ કરીને શું વિચારે છે ?
3 દમયંતી પાસે જવા વળેલો નળ ભૂલો કેમ પડે છે ?
4 નળ દમયંતીને યાદ કરી વિલાપ કેવી રીતે કરે છે ?
5 'મને દવમાંથી બચાવો' ની બૂમ સાંભળતાં નળ શું કરે છે ? કેમ ?
6 નાગને દવમાંથી બહાર કાઢીને નળ તેને શું પૂછે છે ?
7 નળને નાગ ડંશે છે તેનું કારણ જણાવો.
8 કર્કોટકની આવી હાલત કયા કારણે થઈ હતી.?
9 નાગના ડસવાથી નળ કેવો થઈ જાય છે.?
10 નળનું મૂળ રૂપ પાછું લાવવા નાગ શું કરે છે ?
11 નળનું બાહુક રૂપ એને વરદાનરૂપ કેમ છે ?
12 બાહુકરૂપે નળ કયાં જાય છે ?
13 અયોધ્યામાં બાહુકરૂપ નળની શી હાલત થાય છે ?
14 ઋતુપર્ણને બાહુક શી વાત કરે છે ?
15 ઋતુપર્ણ બાહુકને કઈ નોકરીએ રાખે છે ?
16 રોજ બાહુક દમયંતીના વિરહમાં શું કરે છે ?
17 નળનો વિલાપ સાંભળી પાડોશીઓ શું વિચારે છે ?

## 9.4 વસ્તુલક્ષી કસોટી : 2

નીચેના વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાકયો સુધારીને લખો.

1 નળને દમયંતીને ત્યજવાની વ્યથા સાલે છે.
2 દમયંતી માટે નળ સહચરી શબ્દ વાપરે છે.
3 વનનાં પ્રાણીઓથી દમયંતી ફાટી મરશે.
4 દમયંતીની હાલત વિચારતાં નળ પાછો દમયંતી પાસે જવા માગે છે.
5 નળ પોતાના રાતનાં પગલાં જોતો જોતો દમયંતી પાસે પહોંચે છે.
6 નળ વડની ડાળીએ વળગી રૂદન કરી વિલાપ કરે છે.

7 વિલાપ કરતી વખતે નળને રાણીનો અવાજ સંભળાય છે.

8 દવમાં બળી રહેલો નાગ શાપિત છે.

9 નળ નાગને મોટા વાંસથી બહાર કાઢે છે.

10 બહાર નીકળતાં જ નાગ નળને દંશ મારે છે.

11 નાગના દંશથી નળ કાળો–કૂબડો થઈ જાય છે.

12 નળને ત્રણ વસ્ત્રો અને બાહુક નામ નાગ આપે છે.

13 નાગનું મૂળ નામ કર્કોટક છે.

14 નળનું બાહુક રૂપ એને ગુપ્તવાસમાં કામમાં આવશે.

15 નળ બાહુક બની અયોધ્યા જાય છે.

16 અયોધ્યા જતો નળની દયા ખાય છે.

17 ઋતુપર્ણ નળને જોતાં જ ઓળખી જાય છે.

18 નળની અશ્વવિદ્યાથી તેને નોકરી મળે છે.

19 નળ જાતે રાંધીને ખાવાનું કહે છે.

20 નળ રોજ રાતે સૂતી વખતે દમયંતીને યાદ કરીને એક શ્લોક ગાય છે.

## **9.5** મહત્વનાં શબ્દો –

કડવું –૩૪

**● આપ** – પોતાને **● જીવવાની વળી અવધ્ય** – એનું આયુષ્ય પુરૂં થયું **● અવધ્ય** – અવધિ, હદ **● વિખવાદ** – વિરોધ, કલેશ **● દર્શન દુર્લભ** – હવે જેનું દર્શન દુર્લભ બનવાનું એવી **● આવ્યાની વાટ** – પોતે આવેલો તે રસ્તો **● ચરણ ધરણનાં** – નળનાં ધરતી પર પડેલાં પગલાં **● નિરવાટ** – માર્ગ કે કેડીના નિશાન વગરનું, નિર્વાટ **● કલપે** – કલ્પાંત કરે, રોકકળ કરે **● સુખસ્નેહ** – સુખ, સુખના દિવસો **● પામી** – હું પામ્યો **● પ્રેમજલ** – આંખના પ્રેમનાં જળથી ભરેલો **● દવાડા** – દવ, દાવાગ્નિ **● વ્યાલ** – નાગ **● વહનિ વરદા** – અગ્નિનું વરદાન **● ઉપગાર** – ઉપકાર **● જોજન દેહ પ્રમાણ** – એક યોજન જેટલો લાંબો **● શાંતા પામ્યો પ્રાણ** – નાગના પ્રાણને શાંતિ થઈ **● વિપ્રવાચા** – બ્રાહ્મણો–સપ્તર્ષિઓએ કહેલું તે વચન પ્રમાણે

કડવું –૩૫

**● પ્રાચીન** – પૂર્વ ભવના **● અવનિ ઉપર** – પૃથ્વી ઉપર **● પંચ વર્ણ કેશ**– કાળા, ધોળા, ભૂખરા, પીળાશ પડતા એમ પાંચ રંગના કેશ **● શાહી સામાન** – કાળો **● એણે વર્ણ** – એ કાળા વર્ણથી **● મૂળગું** – મૂળનું હતું તે **● ધરિયું** – ધારણ કરાવ્યું **● લીહ** – હદ, લીટી **● કામુરડાં** –છોકરાં

## ⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

### કસોટી –૧

● સવાલ–૧ થી ૭ – કડવું–૩૪ ● સવાલ–૭ થી ૧૭ – કડવું–૩૫

### કસોટી –૨

૧– ✓ ૨– X ૩– ✓ ૪– ✓ ૫– X ૬– ✓ ૭– ✓

૮– X ૯– ✓ ૧૦– X ૧૧– X ૧૨– ✓ ૧૩– ✓ ૧૪– ✓

૧૫– ✓ ૧૬– ✓ ૧૭– ✓ ૧૮– X ૧૯– X ૨૦– ✓

૨૧– ✓ ૨૨– ✓

# એકમ–10

## ૩૬ થી ૪૫ કડવાની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા

**10.1** ઉદ્દેશ

**10.2** ભૂમિકા

**10.3** સમીક્ષા

**10.4** વસ્તુલક્ષી કસોટી

**10.5** મહત્વના શબ્દો

## 10.1 ઉદ્દેશ

કડવાં ૩૬ અને ૪૫ ની રસલક્ષી સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી માહિતગાર થશે.

- નળ દ્વારા ત્યજાયેલી દમયંતીની હાલત કેવી થાય છે તે વિશે જાણશે.
- વનમાં વલવલતી દમયંતીને કઈ કઈ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે તે વાતથી પરિચય થશે.
- પ્રેમાનંદની વર્ણનકલામાં કેવી અને કેટલી ખૂબીઓ છે તે વિશે માહિતી મેળવશે.
- કરૂણરસ બહેલાવવામાં પ્રેમાનંદની હથોટી છે તેનાથી માહિતગાર થશે.
- પ્રેમાનંદની પ્રસંગ સંકલના અને ભાષાની લાઘવતા વિશે પરિચિત થશે.
- તત્કાલીન સમાજનાં વણઝારા કે અન્ય સમાજની આળ મૂકવાની પ્રથાથી પરિચિત થશે.
- નળાખ્યાનને રસપ્રદ બનાવવા પ્રેમાનંદ મૂળ કથામાં યથા યોગ્ય ફેરફાર કરે છે તે બાબતનો પરિચય થશે.

## 10.2 ભૂમિકા

દમયંતીને વનમાં એકલી મૂકીને જતો રહેલો નળ પાછો વળી શકતો નથી અને એની જે હાલત થઈ છે તે વાત આગળનાં કડવામાં જોયું. બરાબર એજ વખતે આ બાજુ નળ વિના બેબાકળી બની ગયેલ દમયંતીની હાલત ખૂબ જ વિકટ બની જાય છે. પોતાના નાથને બૂમ પાડતી તે ચોતરફ ફરી વળે છે. ચોધાર આંસુએ રડતી–રઝળતી વલોપાત કરતી તે આમ તેમ ભટકે છે. તે સમયે તેના વાળ વિખરાઈ ગયા છે. એનું વસ્ત્ર ફાટી ગયું છે. સુધબુધ ખોઈ બેસેલી દમયંતીને એ પણ ખબર નથી કે તેનો પગ અજગરના મોંમાં આવી ગયો છે. કલ્પાંત કરતી દમયંતીને એક પારધી બચાવે છે. પરંતુ પારધી તેને પોતાની રાણી બનાવવા માગે છે અને બળજબરી કરે છે. પરંતુ દમયંતીના શાપથી તે બળીને ભસ્મ થઈ જાય છે. ત્યાંથી છૂટેલી દમયંતી વણઝારાના પડાવને નળ વિશે પૂછે છે. પણ કોઈ ઉત્તર મળતો નથી. તે પાગલની જેમ દૂર સૂતી હોય છે ત્યારે હાથીઓના ટોળાને કળિયુગ સિંહ બની ભડકાવે છે ને વણઝારાના કાફલાને ખેદાન–મેદાન કરી નાખે છે. એ સમયે કળિયુગ યુક્તિથી દમયંતીને અપશુકનિયાળ ઠરાવે છે. આખરે દમયંતી આત્મહત્યા કરવા વિચારે છે ત્યારે કળિયુગની માયાજાળથી ઋષિ આશ્રમથી બચી જાય છે. ત્યાંથી તે પોતાની માસીને ત્યાં આશરો મેળવે છે. કળિયુગ તેને હેરાન કરવા હાર ચોરીની ઘટના બનાવે છે પણ દમયંતીના સતિત્વથી કળિયુગ ત્યાંથી નાસી જાય છે ને દમયંતીની સાચી ઓળખ એની માસીને થાય છે. ત્યાં સુધીની કથાને પ્રેમાનંદે અહીં વણી લીધી છે. દમયંતીને હવે ફરીથી એના પિયર મોકલવાની પૂર્વ તૈયારી અને ઘટના પ્રેમાનંદ ઘડે છે. આ એકમનાં કડવામાં પ્રેમાનંદની કવિત્વ શકિત ભરપૂર ખીલી ઉઠે છે. રસભગ્ન થયા વિના કથાનો વેગ પકડી રાખી તે શ્રોતાઓને જકડી રાખે છે. એક તરફ નળને આશરો અપાવી બીજી તરફ દમયંતીને આશરો અપાવી બેઉને ભેગા કરવાનો કીમિયો પ્રેમાનંદ ઘડે છે.

## 10.3 રસલક્ષી સમીક્ષા

કડવા ૩૬માં જાગ્યા પછી દમયંતીની શી સ્થિતિ થઈ તેની કથાનો આરંભ કરે છે. પહેલી કડીમાં દમયંતીને દુઃસ્વપ્ન આવે છે. એમાં નળ એને છોડી જતો હોય એમ જુએ છે. (ખરેખર તો છોડી જ ગયો છે.) જેનાથી દમયંતી જાગી જાય છે. પરંતુ નળને ન જોતાં તે ગભરાઈ જાય છે. બેબાકળી બની ચારે બાજુ જુએ છે. આમ તેમ ફરી સાદ પાડે છે. પરંતુ નળનો કોઈ પ્રત્યુત્તર નથી મળતો. ત્યારે તે રડી પડે છે. હવે તે વિલાપ કરે છે. પોતાની દશા જાણે નળને કહેતી હોય એમ સ્વાગતોક્તિમાં બોલે છે. પોતાની હવે થનારી દશાનો ચિતાર આપે છે. પ્રેમાનંદ દમયંતીને પડતાં દુઃખોમાં કરૂણ રસ બહેલાવવાની તક અહીં ઝડપે છે. કલ્પાંત કરતી દમયંતી જાત–જાતના વિચારો કરી લે છે કે આવા ઘોર વનમાં–જંગલી પશુઓની વચ્ચે મારી શી દશા થશે એનો લેશ માત્ર વિચાર કર્યા વિના તમે મને તરછોડી જતા રહ્યા! તમને દયા પણ ન આવી ? હે નળરાય હું આ વનમાં તમારા વિના મરી જઈશ. દમયંતીના આ વિલાપ પ્રસંગને પ્રેમાનંદ પુરોગામીઓનાં નળાખ્યાનના દમયંતી વિલાપ કરતા જુદી રીતે વર્ણવે છે. એ પણ નોંધવું જોઈએ. આ કડવામાં પ્રેમાનંદે રાગ મારૂની દેશી અને દોહરાનો ઉપયોગ કર્યો છે. આ કડવાની કથામાં સામાજિક સંદર્ભ એ છે કે કોઈ પણ બાબત સમજયા વિના પગલું ન ભરવું. સંજોગો જયારે આપણી વિરૂધ્ધ હોય ત્યારે આપણને સારા નરસાનું ભાન રહેતું નથી. સંજોગો ગમે તેવા કપરા હોય પણ પત્નીને આમ તરછોડવી યોગ્ય નથી એ સામાજિક શિક્ષણ પણ પ્રેમાનંદ આપે છે.

કડવા ૩૭ માં નળના વિરહમાં તપ્ત અને નળને શોધતી–વલવલતી–રઝળતી દમયંતીનું વનભ્રમણ નિરૂપાયું છે. કરૂણરસ ઘેરો બનાવવામાં અને શબ્દો દ્વારા તાદ્રશ્ય ચિત્રણ ઉપસાવવામાં પ્રેમાનંદની જે શક્તિ છે એનો પરિચય આ કડવામાં થાય છે. પ્રથમ પાંચ કડીઓમાં દમયંતીનું હૃદયદ્રાવક શબ્દચિત્ર ઉપસાવ્યું છે. તેની હાલત 'હાં નળ ! હાં નળ !' શબ્દોમાં જ આપણને જોવા મળે છે ને એને પડેલ દુઃખ પણ જોઈ શકાય છે. વનમાં ભટકતી વખતે એ વન કેવું છે તેનો પરિચય પણ પ્રેમાનંદ આપે છે. વનની ભૂગોળ આપતી વખતે તે પોતાના વન નિરીક્ષણનો લાભ લે છે. કદાચ કોઈ અન્ય કવિના વનવર્ણનમાંથી પણ પ્રેરણા લીધી હોય અને આમ પણ વન વિશે સામાન્ય માણસના મનમાં જે ચિત્ર હોય છે એવું જ તે બતાવે છે. પ્રેમાનંદને પણ ખ્યાલ હોય જ કે વનમાં તો બધું આવું જ હોય.

"વાંકી વાટ, ટીંબા ટેકરા, ભયાનક ખોહ,
રાફડા માંહે સાપ ફૂંફવે, ઘૂઘવે ગોહ,
શબ્દ પશુ–પક્ષી તણા, ન પડે કાંઈ પ્રીછ,
વરુ ઘણા અરણ્ય બિહાવે, ઘણા ધાયે રીંછ."

પ્રેમાનંદ બિહામણું જંગલ બતાવીને ત્યાંના ઝાડ, વેલા, છોડનો પરિચય પણ આપે છે. આ કડવાની દરેક કડીને અંતે 'વૈદર્ભી વન વલવલે' ધ્રુવ પંક્તિનું આવવું એ કરૂણને ઘેરો તો બનાવે જ છે. સાથે સાથે દમયંતીની દયનીય હાલત પણ બતાવે છે. પ્રેમાનંદ આમ તો વનનું ચિત્ર પરંપરાગત રીતે જ આપે છે પણ તોય આપણને તે તાદ્રશ્યતાની સાથે પોતાપણાનો પરિચય કરાવે છે.

કડવું ૩૮ મું ૧૫ કડીનું છે. એમાં પ્રેમાનંદે રાગ રામગ્રીની દેશીનો લહેકો લીધો છે. નળે દમયંતીને છોડયા પછી, એનું અડધું વસ્ત્ર કાપી લીધા પછી વનમાં ભટકતાં એની જે ચિંથરેહાલત થઈ છે તે ફિલમની પટ્ટીની જેમ આંખ સામે તરી આવે છે. આ કડવું વાંચતાં આપણને કાલીદાસના વનવર્ણનો અને એમના નાયક નાયિકાઓની વિરહ અવસ્થા યાદ આવે છે. આ કડવાથી પ્રેમાનંદ દમયંતી પર પડતાં દુઃખોની શરૂઆત કરે છે. દમયંતી વનમાં ભમતી વખતે નળની મુદ્રા ઉપસાવતી વન્ય સૃષ્ટિને નળની ભાળ પૂછે છે. પણ કોઈ સરખો ઉત્તર આપતું નથી. ઉલટું સિંહ તો દમયંતીને જોઈ નાસી જાય છે કે રખેને વનદેવી અમને પકડીને કંઈ સજા આપે તો ? પ્રેમાનંદ અહીં હાસ્ય પછવાડે કરૂણ મૂકીને જે ભાવ નિરૂપણ કરે છે તે ભાવકને હસાવે છે. અને દમયંતી પર દયા પણ ખવરાવે છે. દમયંતીનો નળ માટેનો તલસાટ આ કડવામાં તીવ્ર રીતે નિરૂપાયો છે. કલ્પાંત કરતી દમયંતીને ભાન રહેતું નથી કે કેવા વનમાં ભટકી રહી છે. એને તો ફકત નળનું ધ્યાન છે. એવી સ્થિતિમાં તેનો પગ અજગરના મુખમાં પડી જાય છે ભયાનકતા બતાવવા પ્રેમાનંદ અજગરને આનંદિત થતો બતાવે છે કે આજે તો મનગમતું ભોજન મળશે. દમયંતીની હાલત તો એકદમ નજીકથી પ્રેમાનંદ બતાવે છે.

''અગિયર આનંદ પામિયો રેઃ 'ભલું જડિયું ભક્ષ રે',
વૈદર્ભી ઘણું વલવલે રે, ઊંચા ચઢિયાં ચક્ષ રે,
કંઠે બંધાઈ કાચકી રે, મુખે પડિયો ષોક રે,
મરણ સમે મૂકયો નહીં રસના–રૂદે પુણ્યશ્લોક રે.''

એક બાજુ અજગરના મુખમાં પગ છે, બીજી બાજુ તે રડે છે. અજગરનાં મુખમાંથી બચવાના ફાંફાં મારે છે. નિઃસહાયની આર્તવાણી એ સમયે એક પારધી સાંભળીને દોડી આવે છે. તે દમયંતીને અજગરનાં મુખમાં જોઈ અજગરને કુહાડીના ઘા ઝીંકીને ફાડી નાખે છે. તે દમયંતીને બચાવી લે છે. દમયંતીને વરદાન હોવાથી તેને ઝેર ચડતું નથી. (હવે પછીના કડવામાં પ્રેમાનંદ ભયાનકતાનો જે પરિચય કરાવે છે તેમાં તો દમયંતી પણ કંપી જાય છે. તો ભાવકને બીભત્સ રસનો પરિચય થાય છે.) પ્રેમાનંદની ચિત્રનિર્માણશકિત અને ગતિશીલતા બતાવવાની તાકાત આ કડવામાં જોઈ શકાય છે. શબ્દ પસંદગી અને વર્ણનશકિત તો અજોડ છે જ. દરેક પંકિતમાંનો અંત્યાનુપ્રાસ અને અંતે આવતો 'રે' કરૂણમાં વધારો કરે છે.

કડવું ૩૯ પ્રેમાનંદે ૩૮ કડીઓનું નિરૂપ્યું છે. પ્રમાણસર લંબાઈ ધરાવતું આ કડવું રાગ મારૂની દેશીમાં છે. દમયંતીને અજગરનાં મુખમાંથી બચાવ્યા પછી પારધી મરેલા અજગરને ખભે લઈ ચાલે છે. દમયંતી એની પાછળ બીતી બીતી ચાલે છે. એક તળાવ કાંઠે આગ લગાવી પારધીએ અજગરના શરીરને શેકીને ભક્ષણ કીધું. આ જોઈ દમયંતી વિસ્મય પામે છે. ત્યારબાદ તે દમયંતીને પોતાની પટરાણી બનાવવાની વાત કરે છે. દમયંતીને તે પૂછે છે કે તારા માતા–પિતા કોણ છે ને આ વનમાં કેમ ફરે છે ? તે એમ પણ કહે છે કે તને દુઃખ પડયું પણ મારું ભાગ્ય ઉઘડી ગયું. એમ કહી તે દમયંતીને સ્પર્શ કરવા જાય છે. તે સમયે દમયંતીની દશા શિકારીના પંજામાં તરફડતી હરણી જેવી થઈ છે. તે ભાવક જાણે છે. પારધીએ બચાવી પણ તે ઉલમાંથી ચૂલમાં પડી છે. દમયંતી પોતાની સાચી ઓળખ આપે છે. ત્યારે પારધી વધુ ખુશ થાય છે. તે દમયંતીને પકડવા જાય છે ત્યારે દમયંતી ક્રોધે ભરાઈને સમજાવે છે. મારી સાથે બળજબરી ના કરીશ, તારું મોત આવ્યું લાગે છે. પણ પારધી માનતો નથી. તે તો કામાંધ બન્યો છે. એને તો બસ પોતાનો સ્વાર્થ જ દેખાય છે.

''થાનાર હોશે તે દેઈશ થાવા, પણ નહિ દેઉં તમને જાવા,
સુખે વ્યાધ–વાસમાં વરતો, હું નળ–પે ન હોઉં નરતો,
લક્ષણવંતી મુંને લોભાવો, પૂરી વાસ સદન શોભાવો,
અન્નવસ્ત્ર વિના નહિ દમાઓ, લિયો–ગ્રહસ્તાધર્મનો લહાઓ.''

દમયંતીના રૂપમાં પારધીને આંધળો બતાવી પ્રેમાનંદ સામાજિક શિક્ષણનું કાર્ય કરે છે કે જે નર મોહાંધ બને છે તેનું મોત નકકી છે. નરાધમ પારધી ઊલટો ખુશ થાય છે કે જે દમયંતી દેવોને ના મળી એ મને મળશે. મારું ભાગ્ય તો ખરેખર ઊઘડી ગયું એમ તે કહે છે. ને આલિંગન આપવા ધસે છે. ત્યારે દમયંતી એને શાપ આપે છે. એ સમયે દમયંતી ધ્રુવ, પ્રહલાદ વગેરે ભકતોની ભગવાને રક્ષા કરી હતી તે વાત યાદ કરીને મનમાં બોલે છે કે મેં નળ સિવાય કોઈનું ધ્યાન નથી ધર્યું અને પંચમહાભૂતને સાક્ષી માની તે પારધીને ભસ્મ કરી દે છે.

''સત્યબળે દેઉં છઉં શાપઃ 'ભસ્મ થજો વ્યાધનું આપ',
વાકય નીસર્યું મહિલા–મુખથી, અગ્નિ લાગ્યો પગના નખથી,
ન થયું સ્તવન બે કર જોડી, નમતાંમાં થયો રાખોડી,
પ્રેમદા પામી પરિતાપઃ 'ઉગારીને દીધો શાપ'.''

દમયંતીએ શાપ આપી પારધીને રાખ બનાવી દીધો. પણ પોતે અંદરથી વલોવાઈ ગઈ અને ખૂબ જ દુઃખ થયું કે જેણે મને અજગરના મુખમાંથી ઉગારી એને જ મેં આપ શાપ આપીને નષ્ટ કર્યો. દમયંતી એવા અપરાધભાવથી આત્મહત્યા કરવાનો વિચાર કરે છે. પોતાના વાળનો ફાંસો બનાવી તે એમ કરવા જાય છે. એ મરતાં પહેલાં નળની જ પત્ની થઈને ફરી અવતરવાનું ભગવાનને પ્રાર્થે છે. પરંતુ કળિની માયા એવી હતી કે દમયંતી આત્મહત્યા કરવાનું માંડી વાળી કળિએ ઉપજાવેલા આશ્રમ તરફ જાય છે. કળિયુગ તો બધું જાણે છે. એટલે દમયંતીને બધી પૃછા કરે છે. દમયંતીને લાગે છે આ દિગંબર તાપસ

આટલું બધું જાણે છે તો નળની વાત પણ જાણતા હશે. એમ ધારી તે નળની પૃછા કરે છે. ત્યારે તાપસરૂપી કળિયુગ તેને કહે છે કે નળ તો સારો નરવો છે. પણ તારાથી પ્રેમ ઉતારી નાખ્યો છે. હવે એ બીજી કોઈ સાથે પરણવા ઉત્સુક થયો છે. ત્યારે દમયંતી જે ઉદગાર કાઢે છે તે કળિયુગને હાડોહાડ લાગી જાય એવો છે અને દમયંતીનો નળ પ્રત્યેનો અતૂટ પ્રેમ ભાવકને જોવા મળે છે.

''હરખ્યો તવ પ્રેમદાનો પ્રાણ : 'મારા પ્રભુને છે કલ્યાણ',
લક્ષ નારી કરો રાજન, પણ માહારે (તો) નળનું ધ્યાન'.''

આમ મનમાં નિશ્ચય કરી તે થોડો ફળાહાર કરીને આરામ કરે છે અને આટલા દિવસના રજળપાટથી થાકેલી દમયંતી તરત ઊંઘી જાય છે. ત્યાં કડવું પૂર્ણ થાય છે. પ્રેમાનંદે આ કડવામાં દમયંતીના સાલસ વ્યક્તિત્વનો, પતિવ્રતા પત્નીનો અને સત્યનિષ્ઠ દમયંતીનો પરિચય કરાવ્યો છે. ભાષાપ્રભુત્વ તો એવું કે પારધીનું થોડા શબ્દોમાં જે શબ્દચિત્ર ઉપસાવી આપ્યું છે તે પારધીની આખી જીવનપ્રણાલિનો પરિચય કરાવી આપે છે. કળિયુગ દ્વારા જે કાર્ય કરાવ્યું છે તે સમકાલીન શ્રોતાઓના મનોરંજનઅર્થે વધુ સજીવ બનાવ્યું છે. પરંતુ કળિયુગના પ્રયત્નો વ્યર્થ જાય છે. અને દમયંતી ઊંઘમાંથી જાગી છે તો માયાવી આશ્રમ અને વાડી હોતા નથી. દમયંતી તે સમયે બેબાકળી બની જાય છે.

કડવા ૪૦માં તે બહાવરી બનીને નળને શોધવા વનમાં આમ તેમ ફરે છે. ચોધાર આંસુએ રડતી દમયંતી નળને એક પણ કડવું વેણ ન કહેતા પોતાને જ દોષી માને છે. અને 'પાપણી' કહે છે. નળ અને પોતાના સુખી દિવસોને યાદ કરતી તે આગળ વધે છે ત્યારે એક નદી કિનારે કેટલાક વટેમાર્ગુઓને આવતા જુએ છે. દમયંતી એકદમ એમની પાસે જઈ નળના ખબર પૂછે છે. અહીં નળ માટેનો દમયંતીનો તલસાટ જોઈ શકાય છે.

કડવા ૪૧ માં તે નદી કિનારે ઉતરેલા વણઝારા વેપારીઓને નળનું વર્ણન કરી પૂછે છે. પ્રેમાનંદે અહીં નળના વ્યક્તિત્વને અને સુંદરતાને ઉપસાવવા તક ઝડપી છે કેમકે દમયંતીના સૌંદર્યનું તો ખૂબ જ વર્ણન કર્યું છે. આ કડવામાં પ્રેમાનંદ નળથી વિખૂટી પડેલી દમયંતી નળને જે રીતે વર્ણવે છે તેમાં પ્રેમાનંદની કલ્પના શક્તિ અને શબ્દચિત્ર નિર્માણ શક્તિનો પરિચય થાય છે. પ્રેમાનંદે આ કડવામાં રાગ મલારની દેશી લહેકાનો ઉપયોગ કર્યો છે. કડીની દરેક પંક્તિને અંતે 'વ્યાપારી રે' શબ્દપ્રયોગ કડી ૧૨ સુધી, ૧૩ થી ૧૬ કડીના અંતે 'ગેહેલી રે' અને ૧૭ થી ૨૭ કડીના અંતે 'ધર્મરાય રે' શબ્દનું પુનરાવર્તન વાતને ગાઢ રીતે આપણી સમક્ષ મૂકે છે. કડી ૧ થી ૧૬ દમયંતી અને વ્યાપારીઓની વાતચીત છે. કડી ૧૭ થી ૨૭ બૃહદશ્વઋષિ યુધિષ્ઠિરને કહે છે કે દમયંતીની આવી હાલત તમે કલ્પી પણ નહીં હોય. દમયંતી વણઝારાને પૂછે છે કે...

''રૂપે બ્રહ્માએ વાળી હદ્ય રે, વ્યાપારી રે !
માહરો સ્વામી ઓળખાયે સદ્ય રે, વ્યાપારી રે !
છે અદભુત ગોરૂં ગાત્ર, વ્યાપારી રે !
દીઠે અડસઠ થળે જાત્ર વ્યાપારી રે !''

નળની પ્રશંસા કરતી દમયંતી પૂછે છે પણ પેલા વણઝારાનાં કેટલાક લોકો દમયંતીને 'નિર્લજ્જ' અને અપશુકનિયાળ કહી એની મશ્કરી કરે છે. પ્રેમાનંદ આ કડવામાં નળના રૂપ વર્ણનમાં અતિશયોક્તિભર્યું વર્ણન કરે છે. જ્યારે પેલા દમયંતીની મશ્કરી કરે છે. ત્યારનું દમયંતીનું મન આપણે કલ્પી શકીએ છીએ કે એના મનમાં કેવી માનસિકતા છવાઈ હશે. વણઝારા નદી કિનારે પડાવ નાખે છે. ત્યાં હાથીનું ટોળું પાણી પીવા આવે છે. કળિયુગ સિંહ બની તેમને ભડકાવે છે. ત્યારે હાથીઓનું ટોળું વણઝારાના કાફલા પર ફરી વળે છે. અને કેટલાય લોકોને મારી નાખે છે. વણઝારાનો પડાવ ખેદાન–મેદાન થઈ જાય છે. એ સમયે વળી પાછો કળિયુગ જોષીનો વેશ ધારણ કરી દમયંતીને પરેશાન કરવા આવે છે. તે વણઝારાઓને કહે છે કે (દમયંતીને બતાવી) પેલી કુલટાને લીધે આમ થયું છે. આ વખતે ભાવકને અંદરથી એમ થાય છે કે 'અરે કળિયુગ આ પવિત્ર સ્ત્રીને હવે તો છોડ! શું કામ હેરાન કરે છે!' પણ પ્રેમાનંદને તો કરૂણનો ઘટ્ટ રસ પીવડાવવો છે તે દમયંતી પર દુઃખ પાડીને સમાજદર્શન કરાવે છે. કે સમાજમાં આવા કુટુંબ તોડી પાડનારા લોકો પણ વસતા હોય છે. દમયંતીને પડતા દુઃખો હજી આગળ ચાલે છે.

કડવા ૪૨ માં દમયંતીને પડતાં દુઃખોમાં પ્રેમાનંદ વધારો કરે છે. આપણને થાય કે શા માટે પ્રેમાનંદ આટલા નિર્દય થાય છે. એના માથે ત્રાસ ગુજારવામાં કંઈ બાકી નથી રાખતા. રાગ મેવાડો આ કડવાની કથાને યથાયોગ્ય નિરૂપાયો છે. કળિયુગનાં દોરવ્યા વેપારીઓ દમયંતીને ગડદાપાટુ મારે છે. પથ્થર ને લાકડીના ઘા પણ મારે છે. આ બધી ધમાલમાં દમયંતીની

હાલત ચીંથરેહાલ થઈ જાય છે.

''રહ્યુ બોલતું હો, કંઠે કાંટા પડે,
બંધન ત્રુટયાં હો, નાસતી આખડે.
'હું વધૂને દેખી હો, પૂર્વજ લાજિયાં,
મુઝને રાખો, હો નૈષધ રાજિયા !''

એ સમયના સમાજનો પરિચય કરાવતાં પ્રેમાનંદ આ કડવામાં દમયંતી પર ગુજારાતો ત્રાસ બતાવે છે. સ્ત્રીની –એમાંય અપશુકનિયાળ સ્ત્રીની હાલત લોકો કફોડી કરી નાખતા એ જોઈ શકાય છે. દમયંતી હવે હાલવા–ચાલવાના દાવની નથી રહી. તે દુઃખ સહન કરતી પડતી આખડતી –વેદના સહન કરતી ચાલી જાય છે.

''અંગે ઢીમાં હો, રૂધિરધારા ઝરે,
સળ બહુ ઊઠયા હો, અવલોકન કરે.
ઉષ્ણ રેણુ હો, ચરણે દાઝે,
કળિ પૂંઠે પળિયો હો, દેવા દુઃખ કાજે.''

પીડાતી અને લોહી નીંગળતી હાલતે દમયંતી એક નગરમાં આવી પહોંચે છે. જે હકીકતમાં દમયંતીની માસીનું રાજય છે. આવી ચીંથરેહાલ દમયંતીને નગરમાં જોઈ છોકરાંઓ તેને પાગલ સમજી બેસે છે અને તેની સાથે હસી–મજાક કરે છે. આ દ્રશ્ય અને પ્રસંગ વાંચતાં આપણને પ્રેમાનંદનું જ આખ્યાન 'સુદામાચરિત્ર' યાદ આવી જાય છે. જરા જુદી રીતે પણ સુદામાની હાલત જોઈ નગરનાં છોકરાં એની ઠેકડી ઉડાવે છે. તે અહીં દમયંતીની જે હાલત છે તે જુદા પરિપ્રેક્ષમાં છે. કરૂણ રસને બહેલાવવામાં પ્રેમાનંદ પાવરધો છે. તે તો આપણે જાણીએ જ છીએ. નગરમાં આથડતી–છોકરાંના ઠઠા સહન કરતી દમયંતીનું અને એની માસી ભાનુમતી એની દયા ખાતી હોય એવું દ્રશ્ય પ્રેમાનંદ ખૂબ જ ઓછા શબ્દોમાં અંકિત કરી શકયા છે. એ એમની કવિત્વ શકિત બેજોડ છે. દમયંતીને પોતાની પાસે બોલાવી લાવવા ભાનુમતી એક દાસીને મોકલે છે. ભાનુમતી પાસે આવતાં જ દમયંતી માસીને ઓળખી જાય છે. પણ ભાનુમતી દમયંતીને ઓળખતી નથી.

કડવા ૪૩માં દમયંતીને ભાનુમતી કહે છે કે તું દેખાવે સામાન્ય સ્ત્રી નથી અને કેમ આવી દશામાં છે. જરા વાત કર ત્યારે દમયંતી પોતાની કથની રજૂ કરે છે કે ભાગ્યને વશ મારી આવી હાલત થઈ છે. આમ તો ભાનુમતીને બહેનની દીકરી જેવી જ આ લાગે છે. પણ પ્રેમાનંદને તો દમયંતીનાં દુઃખો બતાવવા છે. તેથી તે ઓળખાણ છતી કરતા નથી. રાગ ગોડીની ચાલની ટુકડીમાં આ કડવું દમયંતીનાં દુઃખોની પરાકાષ્ઠા તરફ લઈ જાય છે. આ કડવામાં પ્રેમાનંદ દમયંતીને માસીને ત્યાં છુપાવેશમાં રાખવાનો પેંતરો રચી લે છે. દમયંતી પોતાના દુઃખો કહેતી વખતે કહે છે કે તીર્થયાત્રાએ જતી વખતે રસ્તામાં મારા પતિએ મને ત્યજી દીધી છે. ત્યારે ભાનુમતી કહે છે કે તું મારે ત્યાં ઈન્દુમતી મારી દિકરી અને સુબાહુ મારા પુત્ર સાથે બહેનની જેમ રહેજે. અહીં દમયંતી 'સતી' નામ ધારણ કરીને રહે છે. તે અગ્નિને હવન કર્યા પછી જે અનાજ વધે તે જમે છે. રોજ ભોંય પર સૂએ છે. સતત નળનું ધ્યાન જપતી દિવસો પસાર કરે છે. અહીં સુખથી રહેતી દમયંતીથી કળિ પરેશાન થઈ ઊઠે છે. તે ભાનુમતીના મનમાં દમયંતી પ્રત્યે અવિશ્વાસ પેદા કરવા યુકિત અજમાવે છે. અત્યાર સુધી તો દમયંતીના પતિ–પરાયણતાથી કળિ હારતો આવ્યો છે. દમયંતીનો દ્રઢ, ઊંડો અને વિશુધ્ધ પ્રેમ અંતે તો કળિયુગનો વિનાશ લાવે છે. કળિયુગ એક વખત ભાનુમતીની દીકરી ઈન્દુમતી સ્નાન કરતી વખતે પોતાનો મોતીનો હાર ઘરના ટોડલે મૂકે છે, તે લઈ ટોડલામાં પેસી જાય છે. ઈન્દુમતી સ્નાન કરીને બહાર આવે છે. ત્યારે હાર ન જોતાં અને દમયંતી ત્યાં હોવાથી હારચોરીનું આળ સીધું દમયંતી પર નાખે છે.

કડવા ૪૪ માં દમયંતી અને ઈન્દુમતીનો હારચોરી બાબતે સંવાદ રજૂ થયો છે. રાગ પરિજયોમાં નિરૂપાયેલ આ કડવામાં પ્રેમાનંદની ભાષા સાથે સંવાદકળાનો પરિચય થાય છે. ઈન્દુમતી ઝઘડાના મૂડમાં વાત કરે છે કે તેં મારો હાર લીધો હોય તો આપી દે. પણ દમયંતીએ હાર લીધો હોય તો આપેને ! આખરે આ

ઝઘડામાં ત્યાં રાજમાતા આવે છે. તે પણ દમયંતીને સમજાવે છે. હાર લીધો હોય તો આપી દે. આ ઈન્દુમતી બહુ જીદ્દી છે. પણ દમયંતી તો શું જવાબ આપે. એ તો એક જ વાત લઈને બેઠી છે કે હાર તો મેં તો લીધો જ નથી. ભાનુમતી કહે છે કે આ હાર મારા ઘરનો હોત તો ના શોધત પણ એ ઈન્દુમતીનાં શ્વસુર પક્ષનો છે. આ વાતથી પ્રેમાનંદ એ સમયે સમાજમાં સાસરી પક્ષ જણસો કેવી હાલત કરે એવું દર્શન કરાવે છે. ભાનુમતી દમયંતીને સમજાવે છે ત્યારે દમયંતી કહે છે....

''રૂદે ફાટતે કહે દમયંતી : 'અપવાદ દીધો એહેવો,
હા હા બાઈજી ! હાર તમારો લીધો છે, મેં દેવો,
ન ઘટે રાજમાતાજી ! તમને દુઃખ દેવું ઘેર રાખી,
અમો ન હોઉં ચોરીનાં કરનારાં, છઉં જશ તણાં અભિલાખી.''

ત્યારે ઈન્દુમતી ગુસ્સે થઈને કહે છે કે હાર આપીશ તો જ તને છૂટકારો મળશે. આમ બોલ બોલ કર્યે શું વળશે ? અહીં રાજકુંવરીનો જ આખો મહેલ પક્ષ લે છે તે પણ પ્રેમાનંદે બતાવ્યું છે. બધા એમ કહે છે કે એને બાંધીને મારો તો જ સાચું માનશે કેવી ચોરટી છે. કશું માનતી જ નથી. પ્રેમાનંદ આ કડવામાં દમયંતીની દયનીય સ્થિતિ બતાવીને ભાવકના મનમાં ઉત્સુકતા જગાડે છે કે હવે દમયંતી અને કળિયુગનું શું થશે. કડવાના અંતે રાજમાતા પણ રીસ ચડાવીને દમયંતીને ચોર સમજી લે છે. ત્યારે દમયંતી પોતાના એક માત્ર આશરા ભગવાનને યાદ કરે છે.

રાગ મારૂની દેશીમાં નિરૂપાયેલ કડવું ૪૫ દમયંતીની આર્તવાણીનો પ્રસંગ વર્ણવે છે. દમયંતી પર હાર ચોરીનો આરોપ લગાવીને બધા એને ફરી વળે છે. ત્યારે દમયંતીને એકેય બાજુથી સહારાની આશા ન રહેતાં તે ઈશ્વરને પ્રાર્થના કરે છે કે હું શા માટે હું આવું કામ કરૂં ? દમયંતીએ અત્યાર સુધી વેઠેલા વીતકોની પરાકાષ્ટા જેવો આ પ્રસંગ છે. નિર્દોષને દુનિયા સામે ગુનેગારના પીંજરામાં ઊભા રહેવું પડે છે. એને ન્યાય કોઈ આપી શકે એમ નથી. કારણકે સાચી વાત કોઈ જાણતું નથી. દમયંતીનાં હૈયામાં વેદના જ વેદના ભરાઈ છે. પ્રેમાનંદે આ કડવામાં દમયંતીના દુઃખ અને અન્યાયની ફરીયાદ કળકળતી વાણીમાં આપણી સામે મૂકી આપી છે. એ ભગવાનને અનાથને વહારે આવવા વિનવે છે. એની વાણી ભગવાન સાંભળે છે. આ કડવું જેટલું હૃદયદ્રાવક છે તેટલો જ તેનો ભાવાનુકૂળ ઢાળ છે. ભાવમાં તરબોળ બનીને પ્રેમાનંદ ભાવકોને પણ હલાવી–રડાવી દેતા હશે. 'હરિ હું કહીંએ નથી સમાતી' એ શબ્દોમાં કેટલી બધી કરૂણતા ભરી છે એ ભાવક જોઈ શકે છે. દમયંતીને મન ચોરીના આળ જેવું બીજું વસમું શું હોય એમ થાય છે. દમયંતીને થાય છે કે આ ઘેર આશ્રય મળતાં મારા દુઃખો દૂર થયાં એમ સમજનારી હું શી ખબર કે મારી પર આવડું મોટું આળ આવશે. બધી રીતે પરેશાન થયેલી દમયંતી ફરી એકવાર ભાનુમતીને વિનંતી કરે છે. પણ કંઈ ન વળતાં તે આંખ રાતી કરી શાપ આપે છે.

''કહે માસીને કરી ક્રોધ : 'બાઈ ! હારની ફરી કરો શોધ,
સાખી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધો અન્યાય,
બાઈ ! હાર તમારો જડજો, લેનારું ફાટી પડજો,
કેહેતા માંહે કળિયુગ નાઠો, ચડેડાટ ગોખલો ફાટયો.''

આટલું કહેતા જ હાર જેમાં હતો તે ટોડલો ફાટયો અને દમયંતીનું સત જોઈ રાજમાતા ભાનુમતી એને વારે વારે પગે લાગી માફી માંગે છે. કહે છે કે અમે તારો અપરાધ કર્યો છે તે માફ કરજે. તો ઈન્દુમતી પણ ઓશિયાળી થઈ જાય છે. તે દમયંતી સામે આંખ મીલાવી શકતી નથી. આ હારનો પ્રસંગ પ્રેમાનંદે વિગતે ખીલવ્યો છે. અહીં પ્રેમાનંદ જે રીતે ઈન્દુમતી પાસે મહેણાં મરાવે છે તે સમકાલીન સમાજનું દર્શન કરાવે છે. જે આજે પણ પ્રસ્તુત છે ! આ કડવાના આ પ્રસંગ સાથે દમયંતીના દુઃખના દહાડા તેના પોતાના પૂરતા પૂરા થઈ દશાનું પરિવર્તન થવાનો આરંભ થાય છે.

## 10.4 વસ્તુલક્ષી કસોટી : 1

કડવાં ૩૬ થી ૪૫ ની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી નીચે આપેલા સવાલોના જવાબ આપો.

1 દમયંતી કેમ સફાળી જાગી જાય છે. ?
2 જાગ્યા પછી દમયંતીની શી સ્થિતિ હતી તે જણાવો.
3 કડવા ૩૭ માં દમયંતીની વિરહાવસ્થા વર્ણવો.
4 દમયંતી નળનાં સમાચાર વનમાં કયા કયા પશુઓને પૂછે છે. ?
5 સિંહ દમયંતીને જોઈ કેમ ભાગી જાય છે. ?
6 અજગરના મુખમાં દમયંતીનો પગ કેવી રીતે આવી જાય છે ? તેને બચાવવા કોણ આવે છે. ?
7 પારધી દમયંતીને કેવી રીતે બચાવે છે ? એ અજગરનું શું કરે છે. ?
8 દમયંતીને પારધી કઈ વાત કરે છે કે દમયંતી એને શાપ આપવા મજબૂર થઈ જાય છે. ?
9 દમયંતી કેમ આત્મહત્યા કરવા તૈયાર થાય છે. ?
10 દમયંતી આશ્રમના તાપસ પાસેથી કઈ વાતો સાંભળે છે. ?
11 દમયંતી આશ્રમમાં છે તે કોની માયાથી રચાયેલ છે. ?
12 પ્રેમાનંદે નળનું વર્ણન દમયંતીના મુખે કયા કડવામાં કર્યું છે ને કેવું કર્યું છે તે જણાવો.
13 વણઝારા દમયંતીને કેમ મારે છે ?
14 દમયંતી રઝળતી–વલવલતી કયાં આવી પહોંચે છે ? ત્યાં એની શું હાલત થાય છે. ?
15 દમયંતી પોતાની વિતકકથામાં ભાનુમતીને શું કહે છે ?
16 ભાનુમતી દમયંતીને પોતાને ત્યાં રહેવા શું કહે છે ?
17 ભાનુમતીને ત્યાં દમયંતી કેવી રીતે રહે છે ?
18 હારચોરીનો પ્રસંગ તમારા શબ્દોમાં લખો.
19 ઈન્દુમતી હારચોરી માટે દમયંતી પર કયા કયા આરોપ મૂકે છે.
20 દમયંતી પોતાની પર લાગતા આળ બદલ મદદ માટે કોને વિનવે છે.
21 પોતાના સતીત્વથી દમયંતી હાર કેવી રીતે કઢાવે છે ? એ વેળાની અન્ય પાત્રોની દશા આલેખો.

## 10.4 વસ્તુલક્ષી કસોટી : 2

આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

1 દમયંતીને દુ:સ્વપ્ન આવતાં તે જાગી જાય છે.
2 કડવાં ૩૭ માં વનની ભૂગોળ અને દમયંતીની દશા વર્ણવી છે.
3 કડવા ૩૭ માં જંગલી પશુઓ અને વનની વિગતો નથી.
4 દમયંતીને વનમાં ભટકયે પાંચ દિવસ થયા છે.
5 વનમાં દમયંતી નળની કસોટી ચિતરા સાથે સરખાવે છે.
6 દમયંતીને જોઈ સાવજ એને ખાવા દોડે છે.
7 ઉંચી ટોચ વાળા વૃક્ષને પણ તે નળની ભાળ પૂછે છે.
8 દમયંતીનો પગ મગરના મુખમાં આવી જાય છે.
9 દમયંતીનો પગ મગર ઘૂંટણ સુધી ગળી જાય છે.
10 દમયંતીને બચાવવા કઠિયારો આવે છે.
11 પારધી અજગરને શેકી ખાય છે.
12 દમયંતીને પોતાની રાણી બનાવવા ઈચ્છનાર પારધી છે.
13 પારધીને દમયંતી પોતાની ઓળખ આપતી નથી.
14 દમયંતી ક્રોધે ભરાઈને પારધીને શાપ આપે છે.
15 દમયંતી પારધીને બાળ્યા પછી નગર તરફ જાય છે.
16 વણઝારા દમયંતીને એના ઘરનો રસ્તો બતાવે છે.
17 હાથીઓનું ટોળું કળિયુગ સિંહ બની ભડકાવે છે.
18 ભાનુમતી દમયંતીને ઓળખી જાય છે.
19 હાર ચોરનાર કળિયુગ છે.
20 ભાનુમતી પણ દમયંતીનો વિશ્વાસ નથી કરતી.
21 દમયંતી પોતાના સતીત્વનું પારખું શાપ આપીને આપે છે.
22 શાપ આપતાં જ કળિયુગ મરી જાય છે.
23 ટોડલો ચોરીને હાર નીચે પડે છે.
24 કડવા ૪૫ માં પ્રેમાનંદે કરૂણ બહેલાવ્યો છે.
25 ઈન્દુમતી દમયંતી સામે આંખ માંડી શકતી નથી.

## 10.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૩૬

● **કારમાં** – કોમળ ● **તમારે હાસ** – તમારી મશ્કરીથી ● **હાડ જવું** – છેલ્લી હદે જવું ● **ફાંસુ** – વ્યર્થ, નકામું ● **તાણી** – જોરથી ● **વલવલતી** – વલોપાત કરતી ● **ભ્રાંતિ** – ભ્રાંતિ, સંદેશ, શંકા

કડવું –૩૭

● **વન** – કવનમાં ● **રાફ** – રાફડા ● **ઘોહ** – ઘો **શુકર** – ભૂંડ
● **ચિકરડાં – છીંકારા, હરણ ● ચીતરા – ચિત્તા ● ફાલુ – એક પ્રકારનું શિયાળ ● સેકટા – સરગવો ● ઝીંટાય – ભરાય, અંદર ગૂંચવાઈ જાય**
● **ઘાટ – પહાડમાં જવાનો રસ્તો**

કડવું –૩૮

● **નાર** – નારી ● **કટ** – કેડ ● **પશુ–અરિ** – પશુઓનો શત્રુ ● **દ્રમ** – વૃક્ષ
● **કહીં – ક્યાંય ● કહું – ક્યાંય ● વિકાસી મુખભાગ – મોં ફાડીને**
● **ચરી – ચડી ● ચક્ષ –આંખો**

કડવું –૩૯

● **વ્યાધ** – શિકારી ● **પાસું** – એ બાજુનો ભાગ ● **જીવાંતક** – જીવોનો અંત **આણનાર ● રળી – રળિયામણી ● રીસે – રસે–રસના, જીભ વડે**
● **કવરધું – વાંકુ, કડવું ● અંબર – વસ્ત્ર ● ઓસરવા– ખસવા ● ઝાંપે – ઢાંકવા, સંતાડવા ● ઓરું – નજીક, પાસે ● ખગ – આકાશ ● વટેસારુ – વાટે જનાર ● પૂરીવાસ – ઘર કરીને ● કર્મદિશા – ભાગ્યદશા ● ગડગડતી – જગજાહેર ● શું લોભી – કયા લોભે ● કમલાપત – લક્ષ્મીપતિ, વિષ્ણુ**
● **મધુસુદન – મધુ નામના દૈત્યને મારનાર, વિષ્ણુ ● મામ – લાજ ગ્રાહ– મગર**

---

⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

---

કસોટી –૧

● સવાલ–૧, ૨ – કડવું–૩૬ ● સવાલ–૩ – કડવું–૩૭ ● સવાલ–૪, ૫, ૬ – કડવું–૩૮
● સવાલ–૭, ૮, ૯, ૧૦, ૧૧ કડવું–૩૯ ● સવાલ–૧૨, ૧૩, ૧૪ – કડવું–૪૦
● સવાલ–૧૫, ૧૬, ૧૭, ૧૮ – કડવું–૪૧, ૪૨ ● સવાલ–૧૯ – કડવું–૪૩
● સવાલ–૨૦, ૨૧ – કડવું–૪૪, ૪૫

કસોટી –૨

૧– ✓ ૨– ✓ ૩– X ૪– X ૫– ✓ ૬– X ૭– ✓

૮– X ૯– X ૧૦– X ૧૧– ✓ ૧૨– ✓ ૧૩– X ૧૪– X

૧૫– X ૧૬– X ૧૭– ✓ ૧૮– X ૧૯– ✓ ૨૦– ✓

૨૧– ✓ ૨૨– X ૨૩– ✓ ૨૪– ✓ ૨૫– ✓

# એકમ–11

## ૪૬ થી ૫૦ કડવાની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા


**11.1** ઉદ્દેશ

**11.2** ભૂમિકા

**11.3** સમીક્ષા

**11.4** વસ્તુલક્ષી કસોટી

**11.5** મહત્વના શબ્દો


## 11.1 ઉદ્દેશ

આ એકમમાં નળાખ્યાનનાં કડવાં ૪૬ થી ૫૦ ની સમીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- પ્રેમાનંદે નિરૂપેલ બાળકોને વળાવતી દમયંતીથી વાતનો તંતુ અહીં મળતો જોઈ શકાશે.
- સુદેવ નામનો બ્રાહ્મણ નળ–દમયંતીની વાત કરે છે ત્યારે ભીમક પોતાની પુત્રીની શોધ કરવા જે પ્રયાસ કરે છે તે કથાનો પરિચય મેળવશે.
- સુદેવનું નગરભ્રમણ અને આખરે દમયંતીની મુલાકાત તથા દમયંતીની સાચી ઓળખ થાય છે તે બધા પ્રસંગોનો પરિચય મેળવશે.
- પ્રેમાનંદની વર્ણનકળા અને કથાને સંકલન કરી કઈ રીતે એક તાંતણે બાંધવી તે કુશળતાનો પરિચય થશે.
- દમયંતીને દુઃખ આપવા બદલ ભાનુમતી અને ઈન્દુમતી જે પસ્તાવો કરે છે તેનાથી જ્ઞાત થશે અને પ્રેમાનંદની ગૌણ પાત્ર નિર્માણશકિતનો પણ પરિચય મેળવશે.
- કઈ રીતે દમયંતી પાછી પોતાના નગરમાં આવે છે, પોતાના સગા–વહાલાઓને મળે છે, બાળકોને મળે છે, તે બધા પ્રસંગોમાં પ્રેમાનંદની સ્વભાવોકિત અલંકારની શકિતનાં દર્શન કરી શકશે.
- પ્રેમાનંદના ભાષાકૌશલ અને સામાજિક નિરૂપણથી પરિચય મેળવશે–તત્કાલીન રસમોનો પણ પરિચય થશે.

## 11.2 ભૂમિકા

આ એકમમાં કડવાં ૪૬ થી ૫૦માં પ્રેમાનંદે વણી લીધેલી કથા પ્રસંગોનો પરિચય મેળવી ભાવકો દમયંતીનાં સુખાંત તરફ નજર કરશે. પ્રેમાનંદ કથાને બહેલાવવામાં પાવરધા છે તો સંકલન પણ ક્ષતિ થયા વિના કરે છે. દમયંતીએ જ્યારે બાળકોને મોસાળ વળાવતી વખતે જે વલોપાત કર્યો ત્યાર પછી બાળકોની શી હાલત હતી તે બાબત આ કડવાં ૪૬માં મળે છે. સુદેવને ખબર પડે છે કે નળ–દમયંતી વનમાં એકલા અટૂલાં છે. સંજોગોએ બંનેને જુદો પાડયો છે. તે બાબત સુદેવ ભીમકરાજાને કહે છે. ભીમકરાજા પોતાની પુત્રીની શોધ કરવા સુદેવને જ મોકલે છે. ઘણા નગરો ફર્યા પછી સુદેવને ભાનુમતીના નગરમાં દમયંતીની ભાળ મળે છે. ત્યાં સુદેવ અને દમયંતીનાં સંવાદથી અન્ય લોકોને દમયંતીની સાચી ઓળખ જાણવા મળે છે. ત્યારે ભાનુમતીને અને ઈન્દુમતીને ઘણુ દુઃખ થાય છે. આ પ્રસંગ પછી દમયંતી પોતાના પિયર આવે છે. પોતાના ઘેર આવતાં દમયંતીને આનંદ થયો છે. પ્રેમાનંદની અદભુત વર્ણનકળા અહીં જોવા મળે છે. શબ્દચિત્રો અને અલંકારોનો પરિચય આપણને આ પાંચ કડવામાં થાય છે.

## 11.3 રસલક્ષી સમીક્ષા

કડવું ૪૬ હવે મહત્વનું એ માટે બની રહે છે કે આ કડવાથી પ્રેમાનંદ કથાને પલટો આપે છે. જુગારમાં હાર્યા પછી નળ અને દમયંતીની જે સ્થિતિ વારા ફરતી થઈ તે આપણે ૪૫ કડવાં સુધી જોયું. પ્રેમાનંદે એ બેઉને પડતાં વીતકો વિગતે વર્ણવ્યાં છે. આ કડવાથી પ્રેમાનંદ નળ–દમયંતીના ફરીથી મિલનની પૂર્વ તૈયારી આદરે છે. આ કડવામાં આપણને જાણ થાય છે કે સુદેવ નામનો બ્રાહ્મણ દમયંતીના બે બાળકોને લઈને તેમજ માધવી અને કેશવી નામની દમયંતીની બે સખીઓને લઈને કુંદનપુર આવે છે. રાગ દેશાખમાં નિરૂપાયેલ આ કડવામાં સત્તર કડીઓ નિરૂપી છે. અહીં પ્રેમાનંદ બૃહદશ્વજીને કથા કહેતા ફરી બતાવે છે એટલે પ્રેમાનંદ શ્રોતાઓને એમ પણ જણાવે છે કે બૃહદશ્વ ઋષિ યુધિષ્ઠિરને જે કથા કહી રહ્યા છે એની આ વિગતો છે. જયારે સુદેવ કુંદનપુર આવે છે ત્યારે જ ભીમકને સુદેવ દ્વારા સાચી હકીકતની જાણ થાય છે. સંવાદ દ્વારા એ પરિસ્થિતિ પણ જાણવા મળે છે.

''જાતાં જામાત્રનું રે જાણ્યું જોગી થઈ જાવું,
સખીજન સાંભર્યું રે, માંડયું નવગુણ ગાવું,
પૂછે વજાવતી રે : 'બોલો, સુત! સાહેલી!
દીકરી કયાંહાં ગઈ રે બે બાળકડાંને મેહલી'' ?

ત્યારે સુદેવ બધી હકીકત કહે છે. અને સુદેવની વાતથી ભીમકને એ જાણ થાય છે કે નળે દમયંતીને વનમાં એકલી મૂકી દીધી છે. ત્યારે આ વાત સાંભળતાં જ ભીમકરાજા નળ–દમયંતીની શોધ કરવા ચારે દિશામાં સેવકો દોડાવે છે. પ્રેમાનંદે અહીં અતિશયોક્તિ અલંકાર પ્રયોજી કરૂણને બહેલાવ્યો છે. ઘટ્ટ બનાવ્યો છે.

''વિલપે વૈદર્ભપતિ રે, નિઃશ્વાસે સાગર શો સૂકે,
ભીમકની ભામિની રે ભાણેજાં રૂદેથી ન મૂકે.''

અને ત્યારે બધા કુટુંબીઓ નળ–દમયંતીનાં સ્વયંવરને યાદ કરી વિલપે છે. ભીમકરાજાની રાણી તો એમ કહે છે કે જમાઈ ના મળે તો આપણે આ બધું છોડવું જ છે. રાણીનાં આ શબ્દોમાં સામાજિક રીત એ જાણવા મળે છે કે જમાઈનું કેટલું મૂલ્ય હોય છે ! કેટલું માન હોય છે ! રાણી તો હવે દમયંતી ના મળે ત્યાં સુધી અન્નનો ત્યાગ કરવાનું વ્રત લઈ લે છે. દમયંતીની કથની સાંભળી રાણી ખૂબ જ રડે છે. રાણીને ઉંઘ પણ નથી આવતી. તે તરત સુદેવને દમયંતી શોધવા મોકલે છે. ઓછા શબ્દોમાં પ્રસંગને બહેલાવવો – શબ્દચિત્ર ઉપસાવવું એમાંય ગતિશીલતા આણવી એ પ્રેમાનંદની આગવી ફાવટ છે. એ કવિત્વ શક્તિનો પરિચય આપણને આ કડવામાં થાય છે.

કડવા ૪૭ માં રાગ રામગ્રીનો ઉપયોગ કરી પ્રેમાનંદ દમયંતીની શોધ કરવા નીકળેલા સુદેવનું પરિભ્રમણ વર્ણવે છે. સુદેવ આ કડવમાં અનુચરનો વેશ ધારણ કરીને ગામ–ગામ નગર–નગર ફરી વળે છે. ૨૧ કડીઓમાં પ્રેમાનંદ સુદેવનું વર્ણન અને ચેષ્ટાઓ બખૂબી વર્ણવે છે. એકદમ ગરીબ અને નિર્ધન હોય એવો વેશ કરેલો બ્રાહ્મણ અહીં સુદામાની યાદ અપાવી જાય છે. પ્રેમાનંદની કુશળતા એમાંજ રહેલી છે કે થોડા શબ્દો ઘણું બધું કહી જાય. દમયંતીને શોધવા સુદેવ જે પરિશ્રમ ઉઠાવે છે એ પ્રેમાનંદના શબ્દોમાં જોઈએ તો....

''પગે અટણ, રસનાએ રટણ, દમયંતીનું નામ,
શ્રમ કરતાં સુદેવને આવ્યું રાજમાતાનું નામ.''

આ બ્રાહ્મણની એક જ ધૂન છે કે જ્યાં જ્યાં યુવતીઓ જુએ ત્યાં તરત દોડ્યો જાય છે ! રખેને દમયંતી પણ આવા ટોળામાં હોય ! ભાનુમતીના નગરમાં આવે છે ત્યારે જાણવા મળે છે કે રાજમાતા આજે કોઈ મોટું વ્રત ઉજવી રહ્યાં છે. અને એ વ્રતનો આજે પૂર્ણ થયાનો દિવસ હતો. આવા પ્રસંગે તો આખું નગર ભેગું થયું. ઘણા લોકોની વચ્ચે રસ્તો કરતો આગળ વધે છે. ત્યાં એ નગરનાં રાજમાતા ભાનુમતીનાં દીકરાએ દીક્ષા પણ લીધી છે. એટલે આવા પ્રસંગ અને ગાયન–વાદનનાં વર્ણન પણ પ્રેમાનંદ કરવાનું ચૂકતા નથી. સઘળે હર્ષોલ્લાસ છે. બધાને કંઈ કંઈ દાન મળી રહ્યું છે. પણ સુદેવને કંઈ પડી નથી તે તો બસ એક માત્ર દમયંતીની શોધની જ ધૂન લઈ નીકળેલ છે. એટલે લોકલાજની પરવા કર્યા વિના તે યજ્ઞકુંડ તરફ ઉભેલી સ્ત્રીઓનાં જૂથ તરફ ધસી જાય છે. એની આ ચેષ્ટા એને પોતાના કાર્યમાં સફળતા અપાવે છે.

''લોક કહે : 'ઓ ગેહેલિયા, ટેહેલિયા અંતર–અંધ !
ભિક્ષુક ભ્રષ્ટ વિકલ–દ્રષ્ટ! શું સ્ત્રી સાથે સંબંધ ?
કહ્યું કોહનું એ ન સાંભળે, છે કલેવર માંહા કષ્ટ,
એહેવે દમયંતી ને સુદેવની મળી દ્રષ્ટેદ્રષ્ટ. ''

પ્રેમાનંદની વર્ણનકળાનો આવો ઉત્તમ નમૂનો બીજે કયાં મળશે. સહજ–સરળ–વાસ્તવિક–સામાજિક બધું જ કડી ૧૬ થી ૨૦માં વણી લીધું છે. દમયંતી અને સુદેવ એકબીજાંને જોતાં વિમાસણમાં પડી જાય છે. આમ ઓળખાણ થઈ છે ને આમ શંકા છે. પરંતુ અમુક નિશાનીઓથી તેઓ એકબીજાને ઓળખી જાય છે. પ્રેમાનંદ અહીં દમયંતીનું એકાદ લસરકામાંય રૂપ વર્ણન કરી લે છે. યમક જેવા અલંકારનો ઉપયોગ અહીં સ્વભાવોક્તિ દર્શન કરાવતાં ઝળકી ઉઠયો છે.

''ગોપ્ય રાખતી માસીને મંદિર કેશ કેરી લટે,
ખસી વેણી, સૂર્ય ઝળકયો, રૂદે ભરાયું ઉલટે,
સમીપ આવ્યાં સામસામાં, નેત્ર ગળે જેમ નેવ,
સાથે બંને બોલિયાં : 'દમયંતી હું', 'હું સુદેવ' .''

આટલી ઓળખાણ થતા જ દમયંતી આનંદથી એવી ખુશ થઈ કે તે મૂર્છા ખાઈને ઢળી પડે છે. આ બધું કૌતુક જોઈ આખી સભા વિસ્મય થઈ જાય છે. પ્રેમાનંદની કુશળતાનો પરિચય આ કડવું કરાવી જાય છે. પ્રેમાનંદની બીજી ખૂબી એ જાણવા મળે છે કે હૃદયદ્રાવક દ્રશ્યો નિરૂપવમાં નિપુણતા. (સુદામાચરિત્રનું કૃષ્ણ મિલન અહીં યાદ આવે.)

કડવું ૪૮ રાગ વેરાડીમાં નિરૂપ્યું છે. શબ્દસાંકળીનો પ્રયોગ આ કડવામાં પ્રેમાનંદે કર્યો છે. શબ્દ ભંડોળનો અખૂટ ખજાનો પ્રેમાનંદ પાસે છે એ બાબત આ કડવામાં જોવા મળે છે. ૧૧ કડીના આ કડવામાં દમયંતીની સાચી ઓળખ–બધાને પરિચય કેમ થાય છે એ વર્ણન છે. પ્રેમાનંદનાં સંવાદ કૌશલનો પરચો અહીં જોઈ શકાય છે. દમયંતી અને સુદેવનાં સવાલ જવાબ છ કડી સુધી ચાલે છે. એમાં કેટલી બધી સજીવતા અને સ્વાભાવિકતા છે એ જોઈ શકાય છે. ત્યાર પછીની કડીઓમાં સુદેવ અને ભાનુમતી વચ્ચેનો સંવાદ છે. દમયંતીને નળે કેમ ત્યજી દીધી એવા સુદેવના પ્રશ્નના જવાબમાં દમયંતી પોતાનો જ દોષ બતાવે છે. અહીં જોઈ શકાય છે કે પતિનું જરા જેટલું ય ઘસાતું નહીં બોલવાની ઈચ્છા આ સતીના પાત્રને કેવું ઉચ્ચ બનાવે છે. સુદેવ જયારે એનાં માતાપિતાની વાત કરવા જાય છે ત્યારે સુદેવને પૂરૂં બોલવા દીધા વિના દમયંતી કહી ઉઠે છે કે 'હા એ બિચારાં ચોધાર આંસુએ રડતાં હશે, હું જાણું ને !' આવી ત્વરીત સંવાદની કળાથી દ્રશ્ય જીવંત બની ઉઠયું છે. એ ભાવકને જાણ થાય છે. બાળકોની ખબર પૂછે છે. નળની પૂછપરછ વિશે સુદેવ કહે છે કે એમની ભાળ મળી છે ત્યારે દમયંતી તરત જ એ ખોટું બોલે છે એ પકડી પાડે છે. આ બેઉનો સંવાદ જેવો પતે છે કે તરત જ ભાનુમતી સુદેવને પૂછે છે કે આ બધું શું છે, ત્યારે સુદેવ કહે છે કે આ તમારી ભાણેજ દમયંતી છે. ત્યારે બધાને નવાઈ લાગે છે. અને દુઃખ પણ થાય છે. ભાનુમતીને થાય છે કે મારી ભાણેજ મારા ઘેર દાસી થઈને રહી. સત્ય હકીકત જાણ્યા પછી ભાનુમતી મૂર્છિત થઈ જાય છે. ઈન્દુમતી તથા સુબાહુ છોભીલાં પડી જાય છે.

કડવું ૪૯ રાગ ગોડીની દેશીમાં નિરૂપાયું છે. અહીં આગળનાં કડવાનું અનુસંધાન જળવાય છે. પ્રથમ તો દમયંતીના માસીના અને ઘરનાં શરમના માર્યા શું બોલે એ જ ખબર ના પડે એવા થઈ ગયા છે. તેઓ એ વાતે પશ્ચાતાપ કરે છે કે પોતાની ભાણીને મેં દાસી તરીકે રાખી? ભાનુમતીનાં મુખમાં મૂકેલા શબ્દો ભાવને બરાબર ઘૂંટે છે. એનાં ભાવાર્થમાં દમયંતીનું વ્યક્તિત્વ ઝળકી ઉઠે છે. ૧૮ કડીઓનું કડવું દમયંતીને આશ્વાસન આપવામાં ખપમાં લીધું છે.

''દાધું કલેવર માહારું રે, ચીરી કોયલડા કાઢું,
ફૂલફૂલી માહારી દીકરી રે, જમી અન્ન દીધું ટાઢું,
હવે જીવીને શું કરું રે ? વિખ ખાઈને પોઢું,
થઈ ગોઝારી, બહેન આગળ રે, શું દેખાડું મોઢું ?''

સામાજિક દર્શન પ્રેમાનંદ ખૂબ ઝીણી નજરે કરે છે. સમકાલીન સમાજને ધ્યાન પર લઈ આ કડવામાં જે બાબતો વણી લીધી છે તે આજે પણ એટલી જ પ્રસ્તુત છે. એક કુટુંબની દીકરીની સાચી ઓળખ મળતાં જે અપરાધભાવ થાય એનું સુંદર વર્ણન પ્રેમાનંદ કરી શકયા છે. ભાનુમતી, ઈન્દુમતી અને સુબાહુનાં પશ્ચાતાપથી ગળગળી થયેલી દમયંતી કહે છે માસી મને તમારે ત્યાં કોઈ જ દુઃખ નથી પડયું. આ બધી બાબતોથી અને વાતચીત પછી સુદેવ અને દમયંતીને ભેટ સોગાદ આપી વિદાય કરે છે. વારે વારે ભેટીને માફી માગવાની મૂક ચેષ્ટા પણ પ્રેમાનંદ પરોક્ષ રીતે બતાવે છે. આવેલા મહેમાનને ભેટ–સોગાદ આપવાની પ્રથા સમાજનું દર્શન કરાવે છે તો ભારતીય સંસ્કારોનો પણ પરિચય કરાવે છે.

કડવું ૫૦ રાગ મેવાડો અને ધન્યાશ્રીમાં નિરૂપાયું છે. એકવીસ કડીમાં પ્રેમાનંદે દમયંતીનું એના પિયરમાં આગમન થાય છે ત્યાર પછીની એની સ્થિતિ અને આંતર–બાહ્ય ચેષ્ટાઓ વર્ણવી છે. નગરમાં પેસતાં જ સુદેવ એક એક વાતનું–સ્થળનું–વસ્તુ–વ્યકિતઓનું દર્શન કરાવે છે. પ્રેમાનંદની ચિત્રો ઊભા કરતી વર્ણનછટા અને માનવીના અંતરના ભાવોનાં કલાત્મક નિરૂપણનો પરિચય કરાવતું આ કડવું તેના ઢાળને લીધે પણ આકર્ષક બન્યું છે. ઉત્સુકતા અને હર્ષથી ભર્યું ભર્યું વાતાવરણ ભાવકનેય આનંદીત કરી દે છે. પ્રેમાનંદની સર્જક પ્રતિભાએ આ કડવામાં દરેક ક્ષણને બરાબર પકડી છે. દમયંતી જે રીતે બધુ જુએ છે તેનાં લસરકા પણ આસ્વાદ્ય છે.

''ઓ દીસે દુર્ગ કેરાં કાંગરાં, હો મુનિ!
ઓ ડોલે હસ્તી સાંકળે લાંગર્યાં, હો મુનિ!
ઓ પેલાં ઘર વાડીના ઝાડુઆં, હો મુનિ!
શું કરતા હોશે માહરાં બાડુઆં, હો મુનિ!''

દમયંતીના ઉદગારો કડી ૩ થી ૯માં અભિવ્યકત થયા છે. એમાં સ્વાભાવિકતા અને દમયંતીના અંતરમાં ઉભરાતી લાગણીઓ કેવી સુંદર રીતે ભાવ સાથે નિરૂપી છે. દમયંતી જેમ જેમ ઘરની નજીક આવતી જાય તેમ તેમ જે જુએ તેનો આનંદ વ્યકત કરતી જાય છે. ઘરની વાડી જોતાં એને પ્રથમ પોતાનાં બાળક, પછી બે સહેલડી અને પછી માતા યાદ આવે છે. એની સ્થિતિની કલ્પના કરતાં એમને યાદ કરે છે. ત્યાં તે પનિહારી વૃંદને જુએ છે. અને પોતાના બાપુના અશ્વોનો હણહણાટ સાંભળે છે. નજીક આવતાં પોતાનાં સ્વયંવરના મંડપનું સ્થાન જોતાં તે વખતની બધી વાતો યાદ આવે છે કે દેવોએ નળનું રૂપ ધારણ કરેલું ને નળ કેવી રીતે ઓળખાયા ને એ બધુ. તરત એ વાતો સાથે વનમાં પોતાની ઉપર પડેલી મુસીબતો યાદ આવે છે. એના પરથી નળ યાદ આવી જાય છે. નળની યાદ આવતાં પિયરનું સુખ તેને બેસ્વાદ લાગે છે. આખું નગર અને પોતાનો મહેલ દમયંતીને ઉજ્જડ લાગે છે. આ વખતે પ્રેમાનંદ દમયંતીનું પતિપરાયણપણું બતાવીને ભાવકને સત્યવતી નારીની યાદ અપાવતા રહે છે. દમયંતીને લઈ આવતો સુદેવ એકદમ મહેલમાં ધસી જઈ દમયંતી આવીની વધામણી ખાય છે. એમાં પ્રેમાનંદની દ્રષ્ટિ કલોઝપ કેમેરા જેવી થઈ જાય છે. (યાદ આવે અહીં સુદામાની ખબર સાંભળતાં કૃષ્ણ દોડે છે એ) દમયંતી આવી છે એ ખબર સાંભળતાં જ ઘરના સૌ સ્વજનો હર્ષથી એને મળવા દોડી આવે છે. પ્રેમાનંદની વર્ણનછટા અને ચિત્રાત્મક અભિવ્યકિત લાઘવભરી છે. પણ કેટલી સુંદર છે. સ્વજનોને કારણે કશાનું ભાન પણ રહ્યું નથી.

''ધાયાં ભાઈ ને ભોજાઈ, લજ્જા વીસરી, કયાંહાં દમયંતી ?
હરખે પડયાં ઝાંઝરિયા નીસરી, કયાંહાં દમયંતી ?
ગેહેલી રે સાહેલી મળવા ધસી, કયાંહાં દમયંતી ?
શીશ ઉઘાડાં રે, પાલવિયાં પડે ખસી, કયાંહાં દમયંતી ?''

સ્વજનોની ઉતાવળ એને આશ્વાસન આપવાની પણ હોય એમ આપણને થાય ! સામાજિક સંદર્ભ એ છે કે પિયરમાં લગ્ન પછી પહેલી વાર આવતી દીકરીને કેવાં કેવાં માન કોની કોની તરફથી મળે છે તે. દમયંતીની માતા તેને ગળે વળગી રડી પડે છે. પછી દમયંતીને ઘરમાં લઈ જાય છે. પોતાના ઘરે આવ્યાં પછી દમયંતીનું બાળકો સાથે મિલન પણ આ કડવાની ખાસિયત છે.

## 11.4 વસ્તુલક્ષી કસોટી : 1

કડવાં ૪૬ થી ૫૦ની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

1 કડવાં ૪૬ની વિશેષતા જણાવો.

2 સુદેવ કોને કોને લઈને કુંદનપુર ગયો છે. ?

3 સુદેવ ભીમકરાજાને નળ–દમયંતી વિશે કઈ વાત કરે છે. ?

4 સુદેવ દમયંતીને શોધવા કઈ યુક્તિ અપનાવે છે. ?

5 દમયંતીને શોધતી વખતે સુદેવ દરેક નગર–દેશમાં શું કરે છે. ?

6 ભાનુમતીને ત્યાં સુદેવ અને દમયંતી કેવી રીતે મળે છે. તે વિગતે લખો.

7 કડવાં ૪૮માં પ્રેમાનંદની ખાસિયત લખો.

8 ભાણીની સાચી ઓળખ મળતાં ભાનુમતી અને સુબાહુ તથા ઈન્દુમતી કેવો ભાવ અનુભવે છે. ?

9 દમયંતીને વિદાય કરતી વખતે ભાનુમતી શું કરે છે. ?

10 પિયરમાં આવેલી દમયંતી શું શું જુએ છે.?

11 ૫૦માં કડવાની ખાસિયત જણાવો.

12 નળની યાદ દમયંતીને કેવી રીતે આવી જાય છે. ?

13 નળ વિના દમયંતીને નગર કેવું લાગે છે. ?

14 દમયંતીનાં સ્વજનો એને મળવા કેવી રીતે આવે છે. ?

## 11.4 વસ્તુલક્ષી કસોટી : 2

નીચે આપેલા વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવી સાચા વાકયો લખો.

1 ૪૬ માં કડવાથી પ્રેમાનંદ નળ–દમયંતી નાં મિલન માટે ભૂમિકા બાંધે છે.

2 સુદેવ નામનો બ્રાહ્મણ બે બાળકો લઈ મોસાળ જાય છે.

3 સુદેવના આગમન પછી જ ભીમકરાજાને નળ–દમયંતીની સાચી હકીકત જાણવા મળે છે.

4 ભીમકરાજા નળને શોધવા સૈન્ય મોકલે છે.

5 રાણી સુદેવને દમયંતીની શોધ કરવા મોકલે છે.

6 સુદેવ દમયંતીને શોધવા વેપારીનો વેશ ધારણ કરી નીકળે છે.

7 યુવતીઓના જૂથ જુએ ત્યાં સુદેવ દમયંતીને ખોળતો જાય છે.

8 ભાનુમતીના નગરમાં સુદેવ એક વેપારીને મળીને દમયંતી વિશે જાણકારી મેળવે છે.

9 રાજમાતાએ રાખેલા વ્રતની અંતિમ દિવસની ઉજવણીમાં સુદેવ દમયંતીને શોધે છે.

10 દમયંતી અને સુદેવ એકબીજાને જોઈને તરત જ ઓળખી જાય છે.

11 સુદેવને ઓળખતાં જ દમયંતી મૂર્છા ખાઈ પડી જાય છે.

12 ૪૮માં કડવામાં ત્વરીત સંવાદની રીત અપનાવાઈ છે.

13 સુદેવના પૂછવાથી કે 'નળે કેમ છોડી ?' તો દમયંતી નળનો વાંક કાઢે છે.

14 દમયંતીની સાચી ઓળખ તથાં ભાનુમતીને દુઃખ થાય છે અને તે બેભાન થઈ જાય છે.

15 કડવું ૪૯ ભાનુમતીનો પશ્ચાતાપ વ્યકત કરે છે.

16 દમયંતીને પીડવાના આરોપથી ઈન્દુમતી ઓશિયાળી બનતી નથી.

17 દમયંતી ભાનુમતીને કહે છે કે 'હું તમારા ઘરે ઘણું સુખ પામી છું'

18 સુદેવ દમયંતીને લઈ કુંદનપુર જાય છે.

## 11.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૪૬ ● **અકૃત** – અશુભ પરિણામ ● **દેહી** – દેહથી બળેલી ● **સહિજન** – સ્વજન ● **સુતા–સાહેલી – દીકરી જેવી બે સખીઓ** ● **માયા ઉતારી – બાળકો પરથી માયા ઉતારી** ● **પૂજ્ય – જમાઈ** ● **ક્ષિતિનો છેક – ધરતીનો છેડો** ● **સાડ – સાલ** ● **ચડાવ્યો પાડ – તેને ફૂલ ચડાવ્યા**

કડવું –૪૭ ● **અટણ** – પરિભ્રમણ ● **કલા પાડી** – ચહેરાને શરીરની ક્રાંતિ ઝાંખી કરીનાખી ● **વરવું ગાત્ર – બેડોળ શરીર** ● **પાત્ર જોખમે – જોખમ રહિત વું તુંબી પાત્ર** ● **જયેષ્ટિકા – દંડ, લાકડી** ● **વસંત – વસ્ત્ર** ● **ઓવારા – પાણીઘાટ** ● **નવાણ – જલાશય** ● **સમવાય – સમુદાય** ● **શીશધૂણી – નિરાશામાં માથુ હલાવી** ● **દાસીઓ મલી – દાસઓ ભેગી** ● **વાડવ – બ્રાહ્મણ** ● **અહમેવ – ગર્વ, અભિમાન** ● **રેણુ – રજ, ધૂળ** ● **જશો – જેવો** ● **કલેવર – શરીર, દેહ** ● **બેહ – બન્ને** ● **એંધાણ – લક્ષણ કે નિશાની** ● **ગોપ – ગુપ્ત, ઢાંકેલું** ● **વારતા – ઘટના**

કડવું –૪૮ ● **સૂનળી** – ઝાંખી ● **વાછલ્ય** – વાત્સલ્ય, વહાલ, પ્રેમ ● **ત્યાજ** – તયાગ ● **વરાંસી – છેતરાઈ** ● **રાજકુંવર – સુબાહુ** ● **અતીશે – અતિશય, ખૂબ**

કડવું –૪૯ ● **વસંત લેખ્યું વન** – લસતી, ને તે વન ગણ્યું ● **છબીલી** – કાન્તિમતી ● **પિંડ – શરીર** ● **નેહેરી – માથામાં નાખવાનું તેલ** ● **નાડું – અંબોડે બાંધવાનું** ● **ફૂલફૂલી – ફૂલ સમાન** ● **ગોઝારી – ગો હત્યા કરનાર તે, પાપી** ● **છછોરી – ઉછાંછળી** ● **સુતસૂરજને –ભાનુમતિના પુત્રરૂપી સૂર્યને** ● **સારંગપાણિ – ધનુષ્ય જેના હાથ માં શોભે છે તે** ● **માત્યો – સન્માન્યો** ● **મુનિજન – સુદેવ** ● **છાં – છે** ● **ખેડી – ચલાવી** ● **સુખપાલ – પાલખી** ● **રાખે – રાખજે**

કડવું –૫૦ ● **તમ જજમાનની** – નળરાયની જાત, શરીર

## ⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

કસોટી –૧ ● સવાલ–૧, ૨, ૩ – કડવું–૪૬ ● સવાલ–૪, ૫, ૬ – કડવું–૪૭ ● સવાલ–૭ – કડવું–૪૮ ● સવાલ– ૮, ૯ – કડવું–૪૯ ● સવાલ– ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ – કડવું–૫૦

કસોટી –૨ ૧– ✓ ૨– X ૩– ✓ ૪– X ૫– ✓ ૬– X ૭– ✓

૮– X ૯– ✓ ૧૦– X ૧૧– ✓ ૧૨– ✓ ૧૩– X ૧૪– ✓

૧૫– ✓ ૧૬– X ૧૭– ✓ ૧૮– ✓ ૧૯– ✓ ૨૦– X

# એકમ–12

## કડવાં ૫૧ થી ૫૫ ની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા

**12.1** ઉદ્દેશ

**12.2** ભૂમિકા

**12.3** સમીક્ષા

**12.4** વસ્તુલક્ષી કસોટી

**12.5** મહત્વના શબ્દો

## 12.1 ઉદ્દેશ

નળાખ્યાનના કડવાં ૫૧ થી ૫૫ની રસલક્ષી સમીક્ષાના અભ્યાસ થકી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- પિયર આવ્યા પછી એક વર્ષ સુધી દમયંતીને નળની કોઈ ભાળ મળતી નથી ત્યારે દમયંતી જે ઉપાય સૂચવે છે તે વિશે પરિચિત થશે.
- નળને શોધવા માટે દમયંતીએ શીખવેલા પ્રશ્નો સુદેવ ટહેલમાં બોલીને નળની શોધ આદરે છે ને ગામે–ગામ ફરે છે તે પ્રસંગોથી પરિચય થશે.
- પ્રેમાનંદની વર્ણનકલા, હાસ્યરસ જમાવટની નોખી રીતથી પરિચિત થશે.
- ઋતુપર્ણ અને બાહુકનાં વર્ણનો દ્વારા પ્રેમાનંદ એક સાથે કરૂણ અને હાસ્ય ઉપજાવે છે તે બાબતથી વાકેફ થશે.
- બાહુક કઈ રીતે અશ્વમંત્ર દ્વારા અને ગણિતવિદ્યા દ્વારા કળીને ભગાડે છે બાબતથી જ્ઞાત થશે.
- દમયંતીએ અપનાવેલી યુકિત નળને એની પાસે લઈ આવે છે પણ સ્વયંવરનાં કશા નિશાન ન જોતો ઋતુપર્ણ આશ્ચર્યમાં ગરકાવ થાય છે, તે બાબતથી પરિચય મેળવશે.
- બાહુકના આંતર–બાહ્ય વ્યકિતત્વથી વાકેફ થશે.

## 12.2 ભૂમિકા

નળાખ્યાનના આ એકમમાં કડવાં ૫૧ થી ૫૫નો રસસ્વાદ મેળવતાં એ કથાનો પરિચય થાય છે કે કેવી રીતે દમયંતીએ નળને શોધી કાઢયો. એક તરફ ભીમકરાજાએ ખૂબ જ શોધ કરાવી છતાં નળનો કોઈ પત્તો લાગ્યો નથી. દમયંતીને કોઈ ચેન પડતું નથી. તેમ કરતાં એક વર્ષ વીતી જાય છે. આખરે કુલગુરૂ સુદેવને દમયંતી રહસ્યમય પહેલી શીખવાડીને મોકલે છે એમ કહે છે કે આનો જે ઉત્તર આપે તે જ નળ હોય. સુદેવ ગામ–ગામ, નગર–નગર ટહેલ નાખી પહેલી મૂકે છે. પણ કોઈ ઉત્તર મળતો નથી. આખરે તે અયોધ્યા માં આવી પહોંચે છે. તે સમયે સુદેવને ટહેલનો ઉત્તર મળે છે. તે આવી દમયંતીને કહે છે. દમયંતી તરત સ્વયંવરનું ગોઠવે છે ને એક જ દિવસમાં આવવાનું સૂચવે છે. જો બાહુક નળ હશે તો એક દિવસમાં પહોંચશે. એવો દમયંતીનો વિશ્વાસ છે. અહીં ઋતુપર્ણની હસી–મજાક, કુંદનપુરમાં આગમન, બાહુકની મનમાની વગેરે પ્રસંગો આ પાંચ કડવામાં પ્રેમાનંદ સુંદર રીતે આલેખે છે અને હાસ્યરસ જમાવટની ઉત્તમ તક ઝડપી લે છે. આ બધી બાબતો કવિત્વ ચીવટથી પ્રેમાનંદ આલેખે છે.

## 12.3 રસલક્ષી સમીક્ષા

દમયંતી પોતાના પિયર આવી ગઈ છે. પણ તેને નળ વિના કંઈ ચેન પડતું નથી. એ બાબતની શરૂઆત આ કડવાંથી થાય છે. ઝડપથી પ્રસંગોને આલેખી હવે નળ દમયંતીના મિલનની ઘડીઓ નજીક લાવવાનો પ્રયાસ જોઈ શકાય છે. કડવું ૫૧મું આશાવરી રાગમાં નિરૂપાયું છે. ૪૪ કડીઓમાં વિસ્તરેલા આ કડવાની શરૂઆતમાં પિતૃગૃહે રહેલી દમયંતીને બધાં પૂછે છે કે તારી પર શું શું વિત્યું ત્યારે તે પોતાની કથની કહે છે. પણ જે કહેવું જોઈએ એ જ કહે છે. દમયંતીની આવી દશા જોઈ ભીમકરાજા નળની શોધ કરાવે છે. બીજી બાજુ દમયંતીનો વિરહ અને કઠોર તપસ્યા જોવા મળે છે. તે અલૂણું ભોજન કરે છે. ભોંય પર સૂએ છે. કોઈ ઘરેણાં–શણગાર પહેરતી નથી. કાજળ પણ આંજતી નથી. પ્રેમાનંદ આ કડવાંની કડી બેથી ચૌદ સુધી દમયંતીના આચાર–વિચારનું વર્ણન કરે છે. ઋતુઓનો પ્રભાવ દમયંતી પર કેવો કેર વર્તાવે છે તે પણ પ્રેમાનંદે આલેખ્યું છે. પતિ વિયોગમાં તે વ્રત–આખડી પાળે છે તે ગુજરાતી નારીનાં સંસ્કાર બતાવે છે એટલે પ્રેમાનંદ ગુજરાતીપણું અને સામાજિક રીત–રિવાજની સાથે સાથે શ્રધ્ધા–અંધશ્રધ્ધા પણ બતાવે છે. પ્રેમાનંદ અહીં દમયંતીનાં પરિતાપમાં વિયોગ શૃંગારની તક ઝડપી છે.

''કોકીલા બપૈયા બોલે, શબ્દ ભેદે અંગ રે,
વિરહિણી ને વીજળી તે જાણે, અંગે વાગે સાગ રે,
વર્ષાકાળે વિયોગ દમે, માનિનીને મર્માળો રે,
વૈદર્ભી વર્ષાકાળે ઊતરી આવ્યો શત્રુ શિયાળો રે.''

આમ, વિરહમાં દા'ડા કાઢતી દમયંતીને એક વરસ વિતવા છતાંય નળની કોઈ ભાળ કે સંદેશો મળતો નથી ત્યારે આખરે તે કુલગુરૂ સુદેવને બોલાવે છે અને આંસુ ભરી આંખે વિનંતી કરે છે કે તમારા સિવાય મારૂં દુઃખ કોણ દૂર કરશે ! ત્યારે સુદેવ નળની શોધ કરવા નીકળે છે. દમયંતીને ધીરજ આપી તે દમયંતીએ શીખવાડેલી પ્રશ્નાવલી લઈ ગામે–ગામે ટહેલ નાખતો જાય છે. દોઢ મહિના પછી તે અયોધ્યામાં પહોંચે છે. સુદેવ ઋતુપર્ણની રાજસભામાં જઈને ટહેલ નાખે છે. ત્યાં બધાને આશ્ચર્ય થાય છે અને વિમાસણય થાય છે કે આ ટહેલમાં કંઈક રહસ્ય છૂપાયેલું છે, પણ કોઈને એનો ઉત્તર આવડતો નથી. પછી તે ઘોડાહારમાં જાય છે, ત્યાં ટહેલ નાખે છે. સુદેવની આવી વાણી સાંભળી બાહુક બહાર આવે છે અને ટહેલનો જવાબ બહુ કઠોર શબ્દોમાં આપે છે. આ સમયે પ્રેમાનંદે બાહુકનું વર્ણન કરી હાસ્ય નીપજાવ્યું છે.

''કારમો સરખો કપોલ ચઢાવ્યો, ટૂંકડા કર નચાવે રે,
નાસિકાએ સરકડાં તાણે, બેહુ નયણાં મચમચાવે રે.''

બાહુક સુદેવને કહે છે કે બ્રાહ્મણ તું મેણા મારવા નીસર્યો છે કે શું ? સુદેવની ટહેલનો જવાબ આપી તે પાછો ઘોડારમાં જતો રહે છે, પરંતુ સુદેવને વિમાસણમાં મૂકતો ગયો. કે આવો વિચિત્ર દેખાવનો જણ નળ હોય નહીં. પાડોશીને પૂછતાં માલુમ પડયું કે રાજાએ તેને રાખ્યો છે. તે અશ્વવિદ્યા જાણે છે, અને એ કોઈ વ્રત પણ પાળે છે. આટલું સાંભળી સુદેવ વિદર્ભ દેશ આવી જાય છે. ને દમયંતી પૂછે છે કે કંઈ ભાળ મળી તો સુદેવ કહે છે કે કોઈ જગ્યાએ નળ ભૂપાળની ભાળ નથી મળી. પણ અયોધ્યામાંથી પહેલીનો જવાબ મળ્યો. ઋતુપર્ણની સભામાં કોઈએ ઉત્તર ના આપ્યો. પરંતુ ઘોડારમાં રહેલો બિહામણું રૂપ ધરાવતા બાહુકે ઉત્તર આપ્યો. દમયંતી આટલું સાંભળતાં વિચારી લે છે કે ચોકકસ નળ જ હોય. વળી તે બાહુકને તેડી લાવવાનું સુદેવને વિનવે છે. પ્રેમાનંદે આ કડવામાં જે લંબાણ કર્યું છે તે પ્રસંગને બરાબર બહેલાવવા કર્યું છે. પહેલીમાં મૂકેલા મર્મવચન –ભાવકને રસભાવમાં જકડી રાખે છે. આ કડવામાં પ્રેમાનંદ ભાષા સંદર્ભે સંસ્કૃત અને તળપદા શબ્દોનો પ્રયોગ કરે છે. કડવાની કથા પરોક્ષ રીતે લોકશિક્ષણનું કાર્ય કરે છે. પ્રશ્નો અને મળતા ઉત્તરોથી ભાવકને બુધ્ધિ કસોટી ચકાસવા મજબૂર કરે છે. તે મહત્વની વાત છે.

કડવું પરમું ૬ કડીનું છે. અહીં પ્રેમાનંદ સોરઠી મારૂ રાગ અપનાવે છે. ઘરમાં કુલગુરૂ સાથે એકાંત વાતચીત દરમિયાન જે સહજતા જોવા મળે છે. તે ગુજરાતીપણાંના એક ભાગનો પરિચય કરાવે છે. વડીલને સાચી વાત કરીને દમયંતી નળનું વધુ એક પારખું કરવા માંગે છે. ટહેલના ઉત્તરમાં કહેલા બોલ બાહુકના નહિ પણ નળના જ છે એમ દમયંતીને પ્રતીત

થઈ જાય છે. દમયંતીનું મન ફટાફટ એક યોજના ઘડી કાઢે છે. તે સુદેવને કહે છે કે 'તમે ઋતુપર્ણ રાજાને જઈને કહો કે દમયંતીને નળરાજાએ ત્યજી દીધી હોઈ તેનો ફરીથી સ્વયંવર માંડયો છે અને આજે જ લગ્નનો દિવસ છે. આ રીતે ખોટું બોલીને તેને આ ખોટી કંકોત્રી પણ આપજો.' દમયંતી જાણે છે કે જો બાહુક એ જ નળ હશે તો અશ્વવિદ્યાને કારણે તે એક જ દિવસમાં કુંદનપુર આવી જશે. કડવાની નાની કથાથી એ પણ પ્રતીત થાય છે કે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને પાછો મેળવવા ગમે તેવું સાહસ કરવાથી પાછી પડતી નથી. દમયંતી જે રીતે સ્વયંવર અને કંકોત્રીનું ખોટું બહાનું પોતાના બાપુથી છુપું રાખે છે તેજ તેની હિંમત બતાવે છે. પ્રેમાનંદ નારીને આ રીતે શૌર્યવાન પણ બતાવી જાણે છે. દમયંતીને દોરવ્યો સુદેવ અયોધ્યામાં ઋતુપર્ણને ત્યાં આવે છે.

કડવું ૫૩ મું આ આખ્યાનનું લાંબામાં લાંબુ કડવું રાગ રામેરીમાં ચાલતું આ કડવું ૧૨૩ કડીઓનું છે. આ કડવામાં પ્રેમાનંદે ભાવકોને હસાવવાની જોગવાઈ કરી લીધી છે. એક જ કડવામાં બે ત્રણ પ્રસંગો નિરૂપીને પ્રેમાનંદ પોતાનો કવિકસબ બતાવે છે. તેજ તેમની આખ્યાનકાર તરીકેની સફળતા છે. આખ્યાનના આ લંબાઈવાળા કડવાથી હાસ્યરસને લીધે કોઈ કંટાળો આવતો નથી. આજ કડવામાં પ્રેમાનંદ વચ્ચે કળીયુગનું વર્ણન પણ કરી લે છે. અહીં પ્રેમાનંદ પોતાની વર્ણનકળા, ભાષાસમૃદ્ધિ, અલંકાર વૈભવ અને સમકાલીન સમાજનું દર્શન કરાવવામાં કંઈ જ બાકી નથી રાખતા. દમયંતીએ કહ્યા પ્રમાણે સુદેવ ઋતુપર્ણના દરબારમાં જઈ કંકોતરી આપે છે. કંકોતરી વાંચતાં જ તે એક તરફ આનંદ પામે છે અને બીજી બાજુ ગુસ્સે થાય છે સુદેવ ઉપર. ઋતુપર્ણની ડંફાસ અને મુગ્ધ આશા અહીં જોઈ શકાય છે. અહીંથી જ પ્રેમાનંદ હાસ્યરસ માટે ઋતુપર્ણને મહોરૂં બનાવે છે.

''અધર ડસે ને કર ઘસે, વિપ્ર ઉપર આંખ કાહાડે :
'નોહોતરિયાં નિર્માલ્ય દીસે છે, આવ્યો લગ્નને દાહાડે.''

ઋતુપર્ણની અકળામણ એવી રીતે રજૂ કરી છે કે તેને કોઈ રસ્તો જડતો નથી. તે ઘાંઘો થઈને કંઈનું કંઈ બાફી મારે છે. પ્રેમાનંદે ઋતુપર્ણને બરાબર પકડયો છે. તેને આ સમયે જાત–જાતના વિચારો આવે છે કે મારી પાસે કોઈ સાંઢણી નથી, કોઈ પવનવેગી ઘોડો નથી. હવે હું એ દમયંતીના હાથનો કંસાર કેમ જમું. આવી બુદ્ધિ બહેર મારી ગઈ છે. એવા સમયે ભાવક તરીકે આપણને હસવું રોકાતું જ નથી. સત્ય હકીકતથી અજાણ ઋતુપર્ણની જે વલે પ્રેમાનંદે કરી છે તેમાં જનસમુદાયનું ખાસ્સું મનોરંજન કર્યું છે. આ સમયે પ્રધાન ઋતુપર્ણને બાહુકની યાદ અપાવે છે. ઋતુપર્ણ બાહુકને રાજસભામાં તેડાવે છે. તે સમયે બાહુકની ચાલ–ઢાલ પણ હાસ્ય નિપજાવે છે. પ્રેમાનંદ હવે બરાબર ખીલ્યા છે એ જોઈ શકાય છે. પ્રસંગને બહેલાવવામાં પાવરધા પ્રેમાનંદ સભાનું આખું દ્રશ્ય આપણી સમક્ષ ઉપસ્થિત કરી દે છે. બાહુકનું વ્યકિતત્વ આમ નિરૂપીને સભાને હસાવી છે.

''ચાલ્યો બાહુક ચાબખો ઝાલી મુખે તે બબડતો,
આવ્યો નીચી નાડે નીરખતો, નાકે સરડતાં ભરતો,
સભામાં સર્વે હાસ્ય કરતાં : 'આ રત્ન રથ ખેડંન'!,
ઋતુપર્ણ બોલ્યા માન દઈ : 'આવો, દુઃખ ફેડન !.''

ગરજવાનને અકકલ ન હોય એ ન્યાયે ઋતુપર્ણને ગરજવાન બતાવે છે. વળી પાછું ઋતુપર્ણ બાહુકરૂપે નળને જ કહે છે કે મયંતીને મારી સાથે પરણાવો. બાહુકને જે માન પણ અપાઈ રહ્યા છે એ જોઈને ઋતુપર્ણની સભા પણ હસતી હશે. પ્રેમાનંદે જબરી યુકિત કરી છે. નળ પાસે જ દમયંતીને પરણવાની માંગણી કરતો ઋતુપર્ણ કેટલો પાંગળો લાગે છે. દમયંતી તો ખરેખર બાહુકને જ વરવાની છે. એ જાણનાર શ્રોતા –વાચકવૃંદને તે કેવો હાસ્યપાત્ર લાગે છે. આ સમયે ઋતુપર્ણની ગરજનો લાભ લઈ બાહુક કંઈ કેટલાય ખરાં–ખોટાં વચન તેને કહી નાખે છે પણ તેમ છતાંય દમયંતીને પરણવાની લાલચથી ગરીબ જેવો બની વળી વળીને બાહુકની પ્રશંસા કરે છે.

''બાહુક વળતું બોલિયો ફુલાવીને નાસા,
'આ ભિયા પરણશે દમયંતીને, અરે પાપણી આશા'!
હંસ–કન્યા કેમ કરે વાયસ શું સંકેત ?
નિર્લજની સાથે ન નીસરું, અમે થાઉં ફજેત,
છછેરા ન થઈએ, છત્રપતિ! પરપત્નીને શું તલખાં ?
કેમ વરે વર જીવતાં ? એ મિથ્યા કરવાં વલખાં. ''

નોકર તકનો લાભ લઈ ઋતુપર્ણનું અપમાન કરે છે. પણ ઋતુપર્ણ તો કામવિહવળતામાંય તણાયો છે, એટલે તે બધું સહન કરે છે. બાહુક આ સમયે શરત કરે છે કે ત્યાં જઈએ તો આપણા બે વચ્ચે કોઈ ભેદ ન રાખવો. અટલે કે બાહુક પણ સ્વયંવરનો ઉમેદવાર ગણાય. રાજા બોલે છે ભાઈ 'વર તમે પરથમ' રાજા આમ કહેતાં હસે છે, પણ ખરેખર તો એમ જ બનવાનું છે. રાજાને અત્યારે એક જ તાલાવેલી છે. 'ત્યાં જઈએ જયમ ત્યમ' પણ પાર પડવાનું તો બાહુકનું જ છે ને! આટલી બધી અધિરાઈ દેખાડતો રાજા ત્યાં ફજેત થવાનો છે એ વાત જાણતા શ્રોતા ખડખડાટ હસી ઉઠે છે. ઋતુપર્ણ સ્વયંવરમાં જવા તૈયાર થાય છે. ત્યારે એની પત્ની એને કહે છે કે તમારે બાહુકની મદદથી એને પરણવી છે. કટાક્ષમાં કહે છે કે આનાથી તમારૂં કુળ ઉજળું બન્યું અને દમયંતીના શીલ પર આળ ચઢાવે છે, ત્યારે ઋતુપર્ણ એને માર મારીને ધોઈ નાખે છે. ઉપરથી પાછો કહે છે કે અમે તો ભ્રમર છીએ કેટલાય ફૂલોને સેવીએ, તું શું કરવાની હતી ? તારે માથે તો, જોતી રહે હવે વીજળી સરખી વૈદર્ભીને લાવીને શોકયનું સાલ લાવીશ. ઋતુપર્ણના આ શબ્દોમાં, પત્ની સાથેની વાતચીતમાં આપણને ગુજરાતીપણું અને સામાજિક દર્શન થાય છે. ઋતુપર્ણને છેક સામાન્ય માણસની કક્ષાએ ઉતારતો બતાવી પ્રેમાનંદ એ સમયનાં સમુદાયને પોતાપણાનો અહેસાસ કરાવવા માગે છે.

હવે બાહુકે કુંદનપુર જવા જે રથ જોડયો છે એ ઘોડાનું વર્ણન વાંચીને–સાંભળીને આપણને કુંવરબાઈના મામેરાંની, નરસિંહ મહેતાની વેલની યાદ તરત આવી જાય છે. શ્રોતાઓ તો ખડખડાટ હસી પડે છે. પ્રેમાનંદની વર્ણનકળા અને શબ્દોનું ઔચિત્ય પ્રસંગને ગમ્મતીયાળ બનાવે છે.

''કાને સૂલી, ચરણ રાંટા, બગાઈ બહુ ગણગણે,
અસ્થિ નિસર્યા, ત્વચા ગાઢી, ભયાનક બહુ હણહણે,
ચારે ન હોયે ચાલવાના, આગળ નીચા, પૂંઠે ઊંચા,
ખૂંધા ને ખોડા ભર્યા, બે કરડકણા બે બૂચા. ''

આવા ઘોડા જોઈ ઋતુપર્ણ કહે છે કે કેમ પાણીપંથા ના જોડયા ત્યારે બાહુક કહે છે કે તમે અશ્વની જાત ન ઓળખો. બાહુકને આ સમયે ગુસ્સો પણ આવી જાય છે. પ્રેમાનંદે અહીં ખરાખરીનો ખેલ જમાવ્યો છે. વર્ણનો થકી એવાં અદભુત તાદ્રશ્ય ગતિશીલ ચિત્રો ઊભા કર્યાં છે કે એમની કવિત્વ શકિતથી અંજાઈ જવાય છે.

આ પ્રસંગે ઋતુપર્ણ પહેલો રથમાં બસે છે અને બાહુક જે રીતે રીસાય છે તે યોગ્ય નથી પણ જનમનોરંજનર્થે કરેલો આ પેંતરો હાસ્ય નિપજાવવા ખાસ્સો ખપમાં લાગ્યો છે. આખરે બાહુક અને ઋતુપર્ણ સાથે જ રથમાં બેસે છે. રથને હાંકતી વખતે બાહુક ઘોડાને ચલાવવા ઘણું મથે છે પણ ઘોડા ચાલતા નથી. ત્યાં બાહુક તો ભર્યે બોલે ગાળોય ભાંડે છે. વળી સુદેવનેય રથમાં બેસાડયો છે. પ્રેમાનંદ અહીં રથના વર્ણન દ્વારા તે સમયે રથના સરસામાન કેવાં હતાં તે વર્ણવી સમાજને પણ નિરૂપે છે. આ વખતે તે હાસ્ય નિષ્પન્ન કરવાના મૂડમાં છે. આ વરઘોડો નગરના લોકો જુએ છે ને જે કૌતુક થાય છે તે રમૂજ ભર્યું છે.

''સુદેવ તાણી બેસાડિયો, રાય ચઢાવે ડોળા,
શેરીએ શેરીએ જાન જોવા ઊભાં લોકનાં ટોળાં,
દુર્બળ ઘોડા, દરિદ્રી બ્રાહ્મણ જોગ્ય સારથિનો જોડો,
વૈદર્ભીને વરવા પધારે, પ્રજા કહે : 'ભજયો વરઘોડો !
હાંકે ને હીંડે પાછા પાછા, ઝૂસરાં કાઢી નાખે,
તાણી દોડે ઘર ભાણી, ઊભા રહે વણ રાખ્યે.''

જેમ તેમ કરીને તેઓ નગર બહાર આવી જાય છે પણ સમય હવે થોડોક જ રહ્યો છે. એવે વખતે બાહુકે અશ્વના કાનમાં અશ્વમંત્ર ફૂંકયો અને ઘોડાને જાણે પાંખો ફૂટી, ઘોડા આકાશે ઊડવા લાગ્યા. અહીં અદભૂત રસનો પરિચય થાય છે. રથમાં બેઠા બેઠા ઋતુપર્ણ કહે છે કે બાહુક આ બધું તારા પ્રતાપે થાય છે જો દમયંતીને હું વરું તો તને પ્રથમ પૂજુ. રથ પૂરજોશમાં જાય છે. ત્યાં રાજાનો પામરી જોટો ઝાંખરે ભરાય છે. રાજા કહે છે કે રથ ઊભો રાખ. એટલામાં તો રથ જોજન છેટે જતો રહ્યો હોય છે. તે પામરી પાછી લાવવાનું કહે છે. પણ બાહુક તે માનતો નથી. ત્યારે ઋતુપર્ણ પોતાની પાસે ગણિતવિદ્યા છે તે શીખવવાની વાત કરે છે. બાહુક તેની પરીક્ષા કરે છે. તે ઝાડની ડાળીના પાંદડાંની સંખ્યા કહી દે છે. બાહુક જયારે તે ગણે છે ત્યારે ઋતુપર્ણે કહ્યાં તેટલા જ નીકળે છે. હવે નળ ઋતુપર્ણથી હરખ્યો છે. તેઓના મન મળી જાય છે અને વિદ્યાની આપ લે કરે છે. જેવી નળમાં બીજી વિદ્યા આવે છે કે તરત જ નળના શરીરમાં રહેલો કળિયુગ નાસે છે. અહીં પ્રેમાનંદે કળિયુગનું જે વર્ણન કર્યું છે તે શ્રોતાઓને કથારસમાં જોડી રાખવાનું કાર્ય કરે છે. પ્રેમાનંદ અહીં પહેલી વખત કળિયુગનું અસલી રૂપ પ્રગટ કરે છે. બાકી અત્યાર સુધી તો તે જુદાં જુદાં વેશે જ જોવા મળ્યો છે.

''પાડાનું ચર્મ પહેરિયું, ઊંટ–ચર્મના ઉપરણા,<br>
ટૂંકડા ચરણ ને શ્યામ વરણ, કેશ છે પંચવરણા,<br>
કરમાં કાતી, આંખ રાતી, મુખે રુધિરના ઓઘરાળા,<br>
ભર્યો રીસે, સગડી શીશે, ઊઠે અગ્નિજવાળા,<br>
નીસરી નાઠો, ભય–ત્રાઠો, ધાયો નળ નરેશ,<br>
લપડાકે પાડી સગડી, ગ્રહયા કળિના કેશ,<br>
વીજળી સરખો ખડગ વીંઝયો : 'ના જાય જીવતો પાપી,<br>
રાજ ભ્રષ્ટ કીધું, દુઃખ દીધું, રહયો દેહેમાંહા વ્યાપી !''

નળ કળિયુગને મારવા લે છે તે સામાજિક દર્શન કરાવે છે. કે પોતાનું નુકસાન કરનારને લોકો કેટલા જનૂનથી મારે છે કે સબક શીખવાડે છે. કળિયુગ કરગરી પડે છે, નળને છોડી દેવા વિનંતી કરે છે. નળ એને છોડી દે છે. કળિયુગ એના ગુણ અવગુણ કહે છે. કળિયુગ જે લક્ષણો જણાવે છે તે અત્યારનાં જમાનાને પણ લાગુ પડે છે. માનવીની નબળાઈઓ વિકારો અને અસદવૃત્તિ કેટલુંક અભદ્ર આચરણ દરેક જમાનામાં એની પાસે કરાવતા હોય છે. તેથી દરેક જમાનો કળિયુગનાં લક્ષણોની યાદી બનાવી શકે. જયારે નળ દ્યૂત રમ્યો ત્યારે કળિ મુખ્ય પાશો બન્યો હતો. કળિયુગ એટલે કલહ કંકાસ, પહેલાંના સમયમાં દ્યૂત રમવાના પાસા બહેડાના ઝાડમાંથી બનતાં એટલે પુરાણકારને અનુસરીને આખ્યાનકારે બહેડાના ઝાડમાં વાસ કરવા જણાવ્યું છે. નળ સાથેની વાતચીત દરમિયાન ઋતુપર્ણ કળિયુગને જોઈ શકતો ન હતો. આટલી વાતચીત પછી બાહુક રથ જોડીને હંકારે છે. જયાં વૈદર્ભી એની વાટ જોઈ રહી છે.

કડવાં ૫૪ માં રાગ ગોડીની દેશીની ચાલ લીધી છે. આ કડવામાં દમયંતી ઋતુપર્ણના રથની રાહ જોઈ રહી છે. તે તેની સખી માધવી સાથે વાત કરતાં કહે છે કે જો બાહુક નળ હશે તો અશ્વવિદ્યાને બળે અહીં આજે જ આવી પહોંચશે. વાતચીત દરમિયાન દમયંતી પોતાનો વિરહ પણ વ્યકત કરે છે. બીજી બાજુ મનમાં ઉત્સુકતા છે કે નળ જો બાહુક હશે તો હમણાં દર્શન થશે. પોતાની સખી સાથેની વાતચીત દરમિયાન દમયંતીને કાને કાગડાનો અવાજ સંભળાય છે. દમયંતીનું ડાબુ અંગ ફરકે છે. આવા શુકન થતાં દમયંતીને આશા બંધાય છે કે નળ આવશે જ એવામાં રથ આવતો દેખાય છે. આપણા સમાજમાં એવી માન્યતા છે કે બારે કે આંગણામાં કાગડો બોલે એ કોઈ સ્વજનના આગમનની વધામણીની સૂચક ઘટના મનાય છે. ડાબી આંખને ડાબુ અંગ ફરકે તે સ્ત્રીઓને માટે કોઈ આનંદદાયક બનાવની આગાહીરૂપ શુભ શુકન મનાય છે. પ્રેમાનંદ આ કડવામાં દમયંતી ની અધિરાઈ વર્ણવીને દમયંતીના મુખમાં એવા શબ્દો મૂકે છે કે નળ આવ્યાની ખબર આપનારને તે શેનાથી નવાજશે. તે જ સમયે તે રથના હાંકનારની ડચકાર સાંભળે છે. ત્યારે દમયંતી સખીને કહે છે કે આ કોઈ સામાન્ય માણસનો ડચકાર નથી એ નળ જ હોય. ઋતુપર્ણ નગરમાં આવીને જુએ છે તો કોઈ સ્વયંવરનાં ચિહન જોતા નથી. તેથી તે દુઃખી થાય છે. કડવું ત્યાં પુરૂં થાય છે. પ્રેમાનંદ આ કડવામાં દમયંતીની મિશ્ર ભાવની પરિસ્થિતિ વર્ણવવામાં સફળ થયા છે. ભાષા દ્વારા જે કાર્ય પાર પાડયું છે, તે પણ કવિત્વ શકિતનાં દર્શન કરાવે છે.

૫૫મા કડવામાં પ્રેમાનંદે ૧૦ જ કડી ખપમાં લીધી છે. રાગ કેદારો આ નાના કડવામાં કારગત નિવડયો છે. સ્વયંવરના કોઈ એંધાણ ન જોવાથી ઋતુપર્ણ વિમાસણમાં મૂકાઈ જાય છે. તે સુદેવને પૂછે છે કે આમ કેમ ? શું આ કોઈ કપટ તો નથી કર્યું ને ! ત્યારે સુદેવ કહે છે કે આ તો બીજી વારનો વિવાહ હોઈ બીજા કોઈને કંકોતરી લખી નથી. એમ કહી સુદેવ ખબર આપવા આગળ જાય છે. દમયંતી તો આતુરતાથી રાહ જોઈ જ રહી હતી. તેણે સુદેવને નળની પૂછપરછ કરી. સુદેવે કહ્યું 'રૂપ તેનું બિહામણું જાણે બીજો નળ' ભીમકરાજા આવનાર રાજા ઋતુપર્ણનું ભાવભીનું સ્વાગત કરે છે. પરંતુ બાહુકને જોઈ બધા ખૂબ જ હસે છે. આ કડવામાંથી પ્રેમાનંદ આખ્યાનને સુખાંત બનાવવાનાં પ્રસંગો વર્ણવે છે.

## 12.4 વસ્તુલક્ષી કસોટી

કડવાં ૫૧ થી ૫૫ ની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરીને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 પિતૃગૃહે આવેલી દમયંતીની હાલત કેવી છે ?
2 દમયંતીના વિરહમાં ઋતુઓનો પ્રભાવ કેવો છે ?
3 દમયંતી કુલગુરૂને શું કહે છે ? શા માટે ?
4 બાહુકે આપેલ ટહેલનો જવાબ સુદેવ પર શો પ્રભાવ પાડે છે ?
5 જવાબની વાત કરતાં દમયંતી પર શી અસર થાય છે ?
6 નળની વધુ પ્રતિક્ષા કરવા દમયંતી કયો ઉપાય અજમાવે છે ?
7 કયા કારણસર દમયંતી સ્વયંવરનો એક જ દિવસ રાખે છે?
8 ઋતુપર્ણને કંકોતરી મળતાં તે શો વિચાર કરે છે?
9 કડવાં ૫૩ માં હાસ્યરસની ક્ષણો વર્ણવો.
10 ઋતુપર્ણનું અપમાન બાહુક કેવી રીતે કરે છે ? શા માટે તે સહન કરે છે?
11 બાહુક ઋતુપર્ણ પાસે કઈ શરત મૂકે છે ?
12 બાહુકે જોડેલા રથનાં ઘોડા કેવા છે ?
13 ઋતુપર્ણ પોતાની પત્નીને શું કહે છે ?
14 ઋતુપર્ણનું કૌતુક જોવા ગામલોક એકઠા થયા છે પ્રસંગ આલેખો.
15 કળિયુગ કેવો દેખાય છે ?
16 કળિયુગને નળ મારવા ધસે છે ત્યારે કળિયુગ શું કહે છે ?
17 બાહુક ઋતુપર્ણને કેવી રીતે કુંદનપુર પહોંચાડે છે?
18 વિદ્યાથી આપલે પછી નળનું વ્યકિતત્વ આલેખો.
19 દમયંતી સખીને કઈ વાત કરે છે. અને કયા કયા શુકન થાય છે?
20 સ્વયંવરની તૈયારી ન જોતાં ઋતુપર્ણની વિમાસણ વર્ણવો.

## 12.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૫૧ **● અશાંત** – અશાંતિ **● સંન્યાસ** – તપશ્ચર્યા, વ્રતનિયમ **● અલવણ** – મીઠા વિનાનું **● અવનિ પેર – જમીન પર ● આખડી – બાધા, વ્રત ● ધારણ – ધીરજ, આશ્વાસન ● શબ્દ – કોયલને બપૈયાના ટહુકાર ● અંગ – દમયંતી ના હૈયાને ● સાંગ – એ નામનું શસ્ત્ર ● શત્રુ શિયાળો – દુ:ખદાયક શિયાળો ● પાપી – પતિવિયોગ ● હેતસ્વી – હિતેચ્છુ, હિતકર્તા ● કળા પાડી – પોતાનું સ્વરૂપ છુપાવી ● ધર્મધોરીધર – ધર્મધુરંધર ● વસ્તુ – પેલી અલભ્ય વસ્તુ, દમયંતી ● વહોરતી આ – ગ્રાહક ● મર્માળી – રહસ્યમય**

કડવું –૫૨ ● કોણે – કોઈએ ● આચારો – વચન, આચરણ ● ઘોડારિયાની ઘાત – અશ્વપાલકની રીતુ ● પ્રપંચનું – બનાવટી, ખોટું

કડવું –૫૩ ● ખપ કરી – તકલીફ ઉઠાવી ● વેદવાણી – નકકી, અવશ્ય ● શતઠામ – સો ઠેકાણે ● રૂપના પલકા – દમયંતીના રૂપને ઝંખનારા ● સળકા – અભરખા ● આંતરો – ગાળો ● દ્રોડી – દોડીને ● ગયાની – એક દિવસમાં સો જોજન દૂર પહોંચવાની ● તક – રીત, યુકિત ● આ ભિયા – તું ઋતુપર્ણ ● વાયસ – કાગડો ● તલખાં – તલસે છે ● માહારી વતી – મારે ખાતર ● ભડશે – લડશે, ટકરાશે ● ઘઘરણું – નાતરું, પુનર્લગ્ન ● પરહરી – પતિએ જેને ત્યજી દીધી છે તેવી ● થકા – થઈને ● ક્ષેમ – શ્રેય, હિત ● ધફોઈ – કોઈ નાંખી, ફટકારી ● વાજી – અશ્વ, ઘોડા ● રાંટા – વાંકા વળેલા ● બુચા – કાન વગરના ● દેવની વેઠ – વિધાતાએ પણ વેઠવાળી ઘડેલા ● આતીવાર – આટલી વાર ● માંમૂચ – મા મૂક

● વિનય – વિનંતી, આજીજી ● પ્રણિપત્ય – પ્રાણીપાત ● ભજયો – શોભ્યો ● જૂંસરા – ધૂંસરી ● એકો – એક પણ ● સરવી – સિધ્ધ થવી ● ભૂપતિ – બાહુકવેશી નળરાજા ● વરુઆમાં – વરવા, કદરૂપા ● વશીકર્ણ – વશીકરણ ● ટાટુઆં – ટાયડાં ● પંખાળ – પાંખવાળા ● વાજીવિદ્યા – અશ્વવિદ્યા ● વાસવની – ઈન્દ્રએ આપેલી વિદ્યા ● હસ્તમેલાપક – હસ્તમેળાપ ● રતિ – પ્રેમ ● ઓસરે – ઓછી થાય ● ગુણે વળિયો છેક – ગુણની અવધિ આી રહી ● બેઢા – બેહેડાં ● તંતેતંત – બરાબર ● ચંત – ચિત્ત ● બીજી વિદ્યા – ગણિત ● કાતી – છરી ● ભય ફાટયો – ભયથી છળેલો ● વીંજયો – વિઝયો ● અલેખે – ઘણું ● અસ્થ – અસ્થિ, હાડકાં ● છેદન શાતા – શાન્તિનો ઉચ્છેદક ● વળતા – પછી ● વગોઈ – ખરાબ કરી ● સુધ – શુધ્ધ સ્નાનશીલીયો – શીલવંતો

કડવું –૫૪ ● અવિનય – અવગુણ, વાંક ● વસ્યા – નળરાયના મનમાં ● વાયસ – કાગડો ● ગયો જડશે સંજોગ – અમારા મિલનના દિવસો પાછા ફરશે ● પડઘી – ઘોડાના ડાબલાનો અવાજ

કડવું –૫૫ ● અવેવ – લક્ષણો, અવયવો ● તાંડવ – નૃત્ય ● છાનું – ભીમકથી ● ભાંજશો ભીમકને ભર્મ – ભીમક આગળ આ વાત કરશો નહિ ● પુંઠેથી – મારી પાછળ, થોડીવાર પછી ● પરીક્ષાને – પરીક્ષા સારૂ ● ત્રણે રાજકુંવર – દમયંતી ના ત્રણ ભાઈઓ ● બેઠી થઈ – માન આપવા ઊભી થઈ

---

⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

---

● સવાલ–૧ થી ૫ – કડવું–૫૧ ● સવાલ–૬, ૭ – કડવું–૫૨ ● સવાલ–૮ થી ૧૯ – કડવું–૫૩ ● સવાલ– ૨૦ – કડવું–૫૪ ● સવાલ– ૨૧ – કડવું–૫૫

# એકમ–13

## કડવાં ૫૬ થી ૬૦ ની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા

**13.1** ઉદ્દેશ

**13.2** ભૂમિકા

**13.3** સમીક્ષા

**13.4** વસ્તુલક્ષી કસોટી

**13.5** મહત્વના શબ્દોના અર્થ

## 13.1 ઉદ્દેશ

આ એકમમાં નળાખ્યાનના કડવાં ૫૬ થી ૬૦ના રસલક્ષી અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- પ્રેમાનંદ ઋતુપર્ણ અને બાહુકની ચેષ્ટાઓ દ્વારા ભીમકના દરબારમાં હાસ્ય વેરે છે તે બાબતથી જ્ઞાત થશે.
- પ્રેમાનંદ ત્વરિત પ્રસંગોની ગોઠવણ કેવી યથાર્થ કરે છે એ બાબતથી જ્ઞાત થશે.
- દમયંતી નળની પરીક્ષા કરવા જે યુક્તિ અજમાવે છે ત્યારે એની હાલત વિશેની જાણકારી મેળવશે.
- બાહુકને (જે મૂળ નળ છે) મળેલા વરદાનથી તે છતો થાય છે તે પ્રસંગથી પરિચિત થશે.
- દમયંતી પોતાનાં બાળકોને નળ પાસે મોકલી નળની ચોકકસ ખાતરી કરે છે તે બાબતથી પરિચિત થશે.
- નળ–દમયંતીનો સંવાદ યોજીને પ્રેમાનંદ આખ્યાનને સુખાંત બનાવે છે તે બાબતથી જ્ઞાત થશે.
- પ્રેમાનંદની પ્રસંગ સંકલના, ભાષા પ્રભુત્વ, શબ્દચિત્રો નિર્માણશકિત અને અલંકાર વૈભવથી જ્ઞાત થશે.

## 13.2 ભૂમિકા

આ એકમમાં પાંચ કડવામાં આખ્યાન એના અંત તરફ જાય છે. નળ–દમયંતીની મિલન ઘડીઓ નિરૂપવાની શરૂઆત પ્રેમાનંદ કરે છે. ઋતુપર્ણ કુંદનપુરમાં આવી જાય છે પછી ભીમકરાજા એની આગતા સ્વાગતા કરે છે એને રાજસભામાં લઈ જાય છે. બાહુક પણ ત્યાં જોડે આવે છે. અહીં પ્રેમાનંદ હાસ્યરસ નિરૂપવાની તક ઝડપી લે છે. સભામાંથી છૂટા પડેલા નળરૂપી બાહુકની પરીક્ષા દમયંતી કરે છે. એમાં હેમખેમ નળ પાર ઉતરે છે. દમયંતી એના બાળકો બાહુક પાસે મોકલી વધુ ખાતરી કરે છે પછી તે બાહુકને એકાંતમાં મળવા બોલાવે છે. ત્યાં બેઉ વચ્ચેના સંવાદથી દમયંતી નળને ઓળખી કાઢે છે. નળ પણ પોતાનું અસલી રૂપ પ્રગટ કરે છે. આ વાતની જાણ બધે થતાં આનંદ ઉલ્લાસનું વાતાવરણ ફેલાઈ જાય છે. સાચી હકીકતની જાણ થતાં ઋતુપર્ણ રાજા નાનમ અનુભવે છે. એ બધા પ્રસંગો અહીં નિરૂપાયા છે. એમની વિગતે સમીક્ષા હવે જોઈએ.

## 13.3 રસલક્ષી સમીક્ષા

આ એકમના પદ્દમાં કડવામાં પ્રેમાનંદ ભીમકરાજાએ કરેલા ઋતુપર્ણના આદર સત્કારનો પ્રસંગ આલેખે છે. ૧૧ કડીના આ કડવામાં કેદારો રાગની લહેકણી દેશીનો ઉપયોગ કર્યો છે. આ કડવામાં પ્રેમાનંદ હાસ્યરસ નિપજાવવાની સાથે પાત્રનું ઔચિત્યભાન પણ ગુમાવી બેઠા છે એની પ્રતીતી થાય છે. ઋતુપર્ણ કુંદનપુરમાં આવે છે ત્યારે ભીમકરાજાને નવાઈ લાગે છે. તે કારણ પૂછે છે કે કેમ આવવું થયું ? અને આ બાહુક સાથે તમારી મિત્રતા કેમ છે ? ભીમકરાજાને નવાઈ એ વાતે છે કે રાજા ઋતુપર્ણ આવાં દુર્બળ ઘોડા, વિચિત્ર સારથી, એઓ એકલા–સૈન્ય લીધા વિના કેમ આવ્યા છે. વાતનો ખુલાસો થતાં તે મીઠી વાણીથી સત્કાર કરે છે. બાહુકને જોઈ ભીમક પણ તેનો કટાક્ષ કરે છે. આખ્યાનકાર શ્રોતાના રંજન માટે તક જતી કરતા નથી તે અહીં દેખાય છે. તે ભીમકની રાજસભામાં બાહુક પાસે ગાંડી ચેષ્ટાઓ કરાવે છે. બાહુક ઋતુપર્ણની પાસે ખસતો હોય ને ઋતુપર્ણ આઘો ખસતો જાય છે. બાહુક તો કર્કોટક નાગે આપેલ ગાંસડી (કપડાંની) પણ ઋતુપર્ણને આપવાની ચેષ્ટા કરે છે. તે પ્રસંગને કે પાત્રને અનુરૂપ નથી જ. આ બધી બાબતો શ્રોતાને હસાવવા પૂરતી છે. પ્રેમાનંદને આ સમયે એ ખ્યાલ રહ્યો નથી કે કળિના નીકળી જવા પછી નળ આવું કેમ કરી શકે. ઉપરથી રાજા એને શાંત રાખવા ઈશારો કરે છે. તો બાહુક વળી જોરથી બોલે છે.

''ઋતુપર્ણને બાહુક પૂછે રે : 'વિહિવાનો વિલંબ શો છે રે ?  
રાજા સાને રાખે વારી રે, તેમ બાહુક બોલે ખંખારી રે,  
ઋતુપર્ણને પૂછે ભીમક રે, શું સખા કરે છે જક રે ?  
એ મિત્ર કયાંહાંથી ઉપારજયો રે, જેથી કામ હીંડે છે લાજયો રે.''

ઋતુપર્ણ રાજાને ભીમક રહેવાનો આગ્રહ કરે છે. વળી ઋતુપર્ણ બાહુક અશ્વવિદ્યાનો જાણકાર છે એટલે એની સાથે મિત્રતા છે અને તે સ્વયંપાકી છે, ત્યારે ભીમક કહે છે એને જોઈને જ ખાધેલું બહાર નીકળી જાય ને વળી પાછો એ સુગાળવો છે કે જાતે રાંધીને ખાય છે. આ નાના કડવામાં પ્રેમાનંદે જે પ્રસંગ આલેખ્યો છે તેમાં શ્રોતાસમૂહને ગમ્મત પડે છે.

કડવા ૫૭માં ઉપરોકત કડવાના અનુસંધાને મહેલમાં બધાને ખબર પડે છે કે ઋતુપર્ણ સાથે આવેલો કુબડો બાહુક સ્વયં પાકી છે. જયારે એ વાત દમયંતીના કાને આવે છે, ત્યારે તે પિતાની પરવાનગી લઈ બાહુકની પરીક્ષા કરવાનું કહે છે કે જો તે જાતે રાંધીને જમે તો એ ચોકકસ નળ હોવો જોઈએ. પિતાની પરવાનગી મળવાથી નળને એકાંતમાં વાડીમાં બધાં સરસામાન આપવામાં આવે છે. ત્યાંથી આ કડવાની શરૂઆત થાય છે. રાગ નટની દેશીમાં ચાલતું આ કડવું ૩૧ કડીનું છે. અહીં નળની પરીક્ષા દ્વારા દમયંતીને એના સાચા રૂપની ખબર પડે છે અને વધુ પરીક્ષા કરવા તે દોરાય છે. ત્યાં સુધીના પ્રસંગો અહીં આલેખાયા છે. દમયંતી પોતાની વાડીનાં એકાંતમાં આ બધો બંદોબસ્ત કરે છે અને માધવી તથા કેશીની બે દાસીઓને ત્યાં સેવા કરવા મૂકે છે. બાહુક પાસે ઈરાદાપૂર્વક જ ઠાલો કુંભ, લાકડાં અને પાત્રો મૂકવામાં આવે છે પણ પાણી, આગ અને કડછો મૂકવામાં આવતો નથી પછી દમયંતીએ પોતાના મહેલની અટારીએ અંતરપટ રાખી નિરીક્ષણ કરવાનું નકકી કર્યું. દમયંતીની સખીઓ પણ બાહુકની મશ્કરી કરે છે. જયારે બાહુકને દમયંતી જુએ છે ત્યારે તે નવાઈ પામે છે. પ્રેમાનંદ વળી અહીં બાહુકનું વર્ણન કરવાની તક ઝડપે છે. તે પણ દમયંતીની નજરે.

''શરીર દીસે દવનું દાધું, સ્કંધે જાડો, પગે પાતળો,  
ટૂંકડા પગ ને નસ નીસરી, મોટો પેટનો નળો,  
કયાંહાં નળ, કયાંહા બાહુક ! કયાંહાં સૂરજ રાહુમંડળ!  
વાંકુ મુખ ને મસ્તક મોટું પાઘડી ઊડળગુંડળ. ''

દમયંતી બાહુકને જોતાં જ વિચારે છે કે આના પગ પડવાથી જ જમીન કાળી થઈ જાય ! વળી આને વળી કેવી અશ્વવિદ્યા આવડતી હોય! ઋતુપર્ણને આની સાથે કેવી દોસ્તી. આ સમયે દમયંતીની ભાભીઓ તેની પાસે આવીને તેની મશ્કરી કરે છે. બાઈ, આ પૂતળું કેમ પધરાવ્યું ? જેવા શબ્દમાં હાસ્યકટાક્ષ તરત ધ્યાન ખેંચે છે અને ભાભીઓ તો એમ પણ કહે છે કે આજ નળ નીકળશે તો ? કોઈ કારમા શાપને લીધે એ આવો જ રહેશે તો સાથે કેમ રહેવાશે! આ ઉકિતઓમાં પ્રેમાનંદ દમયંતીના પતિપ્રેમની કસોટી કરતા જણાય છે. દમયંતી પોતાની ભાભીનાં અને સખીઓના વેણ ધ્યાને લેતી નથી અને નળની ચેષ્ટાઓ ધ્યાનથી જોવાનું કહે છે.

''વૈદર્ભી કહે : 'કૌતિક મૂકો, બેસો, કીજે પરીક્ષા,
જાઓ, સેવા કરો, બાહુકની, સખીને દીધી શિક્ષા.''

દમયંતીના કહેવાથી સખીઓ બાહુક પાસે જાય છે. ત્યારે નળ એમને ઓળખી કાઢે છે. બાહુકરૂપી નળનું હૃદય ભરાઈ આવે છે. પછી નળ રાંધવાનું શરૂ કરે છે. બાહુકે સૂકા વૃક્ષને સ્પર્શ કર્યો કે તરત તે નવપલ્લવિત થયું. વરૂણનો આપેલ મંત્ર ભણતાં ખાલી કુંભ જળથી ભરાઈ ગયો ! અગ્નિનો મંત્ર ભણતાં લાકડાં સળગવા લાગ્યાં અને કડછા વગર હાથથી જ ઉભરાતું અન્નનું પાત્ર હલાવવા લાગ્યો. આ બધી વાત સખીએ દમયંતીને કહી કે ઘોડો, વૃક્ષ, જળ અને અગ્નિ એ ચારેયની પરીક્ષામાં બાહુકમાં નળના બધા જ લક્ષણો દેખાયાં. ત્યારે દમયંતીએ કહ્યું કે એણે રાંધેલું અનાજ લઈ આવો, ત્યારે બેઉ સખીઓ નળે(બાહુકે) રાંધેલું લેવા જાય છે. પ્રેમાનંદ આ સમયે પેલી બે રમતીયાળ યુવતીઓના હાવભાવ અને ગતિનું સુંદર ચિત્ર આપે છે. વર્ણનકળામાં પાવરધા પ્રેમાનંદ બે જ પંક્તિમાં કેટલીય બાબતો સૂચવી જાય છે.

''રમતી રમતી નેહે નમતી, નીરખતી નિજ ગાત્ર,
એકે બાહુક વાતે લગાડયો, એક નાઠી લેઈ અન્નપાત્ર,
'અરે પાપી' કહી બાહુક ઊઠયો, દાસીએ મૂકી દોટ,
માધવી કહે : 'ફરી રસોઈ કરો, હું દેઈ આવું અબોટ. ''

સુંદર ચિત્રાવલી ઊભી કરવામાં પ્રેમાનંદ અજોડ છે. આ પ્રસંગ પછી નળરાજાએ ફરીથી ભોજન રાંધ્યું. પેલી બાજુ દમયંતીએ બાહુકે બનાવેલું ભોજન ચાખ્યું કે તરત જ એ સ્વાદ ઓળખી જાય છે. પરંતુ દમયંતીને હજી વધુ પરીક્ષા કરવી છે. તેથી એક દાસીને પોતાના બાળકો નળ પાસે લઈ જવાનું કહે છે. પ્રેમાનંદ તત્કાલીન સમાજને આખ્યાનની કથા, પ્રસંગ, વ્યક્તિ વગેરેમાં સંડોવવા તળપદ ભાષાનો પ્રયોગ કરે છે. એ પણ અહીં નજરે પડે છે. આમ કરવાથી તે સમકાલીન જીવનરંગો પૂરે છે અને ભાવકોને કથા પોતાની આસપાસના પાત્રોની લાગે એ કાર્ય પર પાડે છે.

કડવું ૫૮ રાગ રામગ્રીની દેશીમાં ચાલે છે. આ કડવામાં પ્રેમાનંદ બાહુક પાસે બાળકોનો મિલાપ કરાવી બાહુક રૂપે નળની સત્ય હકીકત દમયંતીને કરાવે છે. બાહુકની હૃદયદ્રાવકતા એ બાબતની ચાડી ખાય છે. પોતાના બાળકોને જોઈ કોઈ બાપ લાગણી છૂપાવીને કઠોર બની શકે નહીં. તો સત્ય જાણીને બાહુકને દમયંતી પોતાને મળવા બોલાવે છે. આ પ્રસંગો અહીં વણી લીધા છે. દાસી બાળકોને લઈ બાહુક રૂપે નળ પાસે લઈ આવે છે. ત્યારે ત્રણ વરસથી બાપ વિનાના થઈ ગયેલાં પોતાનાં બાળકોને જોઈ નળ રડી પડે છે. નળની આ અવસ્થા પ્રેમાનંદે કરૂણ રસથી ભરી દીધી છે. નળ પર વીતેલી ક્ષણોને અહીં યાદ કરાવી નળનો પશ્ચાતાપ પણ રજૂ કરાયો છે. નમાયાં, ઓશિયાળા બાળકોને જોઈ બાહુક ગળે લાગાડવા જાય છે, પરંતુ બાહુકનું બિહામણું રૂપ જોઈ બાળકો છળી મરે છે. તેથી દાસી બાહુકને આઘો ખસવા કહે છે. અને 'રહેવા દે તાહારું રમાડવું, રડે છે રાજકુમાર' જેવી પંક્તિથી બાહુક પર શું વીતતી હશે તે ભાવક સમજી શકે છે. દાસી એમ પણ કહે છે કે તું એને ભેટીશ તો કુંવરો કાળા થઈ જશે. આતો છત્રપતિનાં છોકરાં છે, આવું સાંભળતાં નળનું હૃદય કેટલું વલોવાયું હશે તે તો કલ્પના કરવી જ રહી ! બાહુક દાસીને ઉત્તર આપતાં કહે છે કે મારે પણ આવા બે બાળકો છે, એથી તેમને રમાડવાની ઈચ્છા થઈ આવી. એમ કહી તે અશ્રુપાત કરે છે. આ વાત દાસીએ દમયંતીને કરી ત્યારે દમયંતીને ખાતરી થઈ કે એ નળ જ છે. એટલે તે પિતાની આજ્ઞા લઈ નળને એકાંતમાં બોલાવી મળવાની ઈચ્છા ધરાવે છે. ભીમકને પોતાની પુત્રી પર પૂરો વિશ્વાસ છે તેથી તે બાહુકને મળવાની પરવાનગી આપે છે. અહીં ભીમકને એમ પણ છે કે જો બાહુક નળ હશે તો દમયંતી જ એને ઓળખી શકે. કેમકે પતિ–પત્નીની અમુક વાતો એવી હોય જે એ બે જ જણ જાણતા હોય છે.

''ભીમક કહે : 'સતી સુતા ! તુંને શું દેઉં શિક્ષા ?
સુખે બોલાવો બાહુકિયાને, કરો નળની પરીક્ષા,
વૈદર્ભી આવ્યાં અંતઃપુર માંહાં, જયાંહાં પોતાની મેડી,
આજ્ઞા આપી દાસીને, લાવો બાહુકને તેડી. ''

બાહુક સાથે વાત કરવા દમયંતીએ પોતાની મેડી પર એને બોલાવવા દાસી મોકલી છે. બાહુકને બોલાવવા ગયેલી દાસીને નળ જે ઉત્તર આપે છે તે સમાજમાં રહેલા સારા પુરુષના લક્ષણો છે. એમાં પ્રેમાનંદ સ્ત્રીના મનનું પણ આલેખન કરી લે છે. બાહુક કહે છે કે હું તો સાવ સામાન્ય જણ છું. દમયંતીને મારી સાથે વાત કરવાનો શો ચસકો લાગ્યો છે. હું કોઈ સ્ત્રી સાથે વાત કરતો નથી. સ્ત્રી સાથે વાત કરવાથી બ્રહ્મચર્યનું ભંગ થાય છે અને સ્ત્રીનું મન ચંચળ હોય છે. તે મોહના બાણ મારે જ મારે અને બીજું કે પારકા ઘરમાં અમે કોઈ દિવસ જતા નથી. બાહુકની આવી વાતથી દાસીને હસવું આવી જાય છે.

''પારકા ઘરમાંહ અમો ન આવું, હોય સ્ત્રીનાં ચંચળ મન,
અમ્યો સાધુ પુરૂષને સદ્ય પાડે, આવી દે આલિંગન.
દાસીને તવ હાસ્ય આવ્યું : 'દૈવના કૌતિક જોએ,
વિશ્વમોહની વૈદર્ભી આ ભિયાને કેમ ન મોહે ?''

બળજબરીથી બાહુકને લઈ જવામાં આવે છે. તે વખતે દાસી મનમાં વિચાર કરે છે કે તને દમયંતી વરે એ કરતાં તો એ અગ્નિસ્નાન કરવાનું પસંદ કરે. દાસીની કડકાઈથી તે એની પાછળ ચાલ્યો આવ્યો છે. દમયંતીના અંતરપટ સામે આવે છે ત્યારે તે જાત–જાતની વિચિત્ર હરકતો કરે છે. પ્રેમાનંદ હાસ્ય રેલાવે છે. આ કડવાનાં પ્રસંગથી તે સામાજિક દર્શન પણ કરાવે છે. નળ અને દાસીના સંવાદમાંથી જે સહજતા અને સ્વાભાવિકતા નજરે પડે છે તેમાં પ્રેમાનંદની વર્ણનકળા અને સંવાદ કૌશલની શકિત દેખાય છે. શબ્દચિત્રો ઉપજાવી શ્રોતાઓને બેવડા–હાસ્ય અને કરૂણ રસમાં ઝબોળે છે. અતિશયોકિત નળની ડંફાસમાં આપણને એ જોવા મળે છે. કડવાના અંતે બાહુકને જે સ્થિતિમાં મૂકયો છે તે જોતાં આમ અજુગતું લાગે છે.

''બાહુક ખંખારે ને આળસ મોડે, માંડયાં વિષયનાં ચિહિન,
ચિત્ત મળ્યાં ત્યાંહાં ચક કશો, જો નથી ભિન્નભિન્ન ?''

કડવાં ૫૯મા રાગ કાફીની દેશી હુંસેની લીધો છે. આ કડવામાં પ્રેમાનંદ નળ અને દમયંતીનો સંવાદ આલેખે છે. અને દમયંતી અત્યાર સુધીની પોતાની વીતકકથા સંભળાવે છે. આ કડવાની વિશેષતા એ છે કે પ્રેમાનંદ ક્રમાનુસાર કથની આલેખી શકતા નથી તેથી ભાવકને મુશ્કેલી થાય છે. ઘણી વખત ભાવકને એમ થાય કે કવિ શું કહેવા માગે છે પણ એ વાત બાજુ પર મૂકીને ચાર પાંચ કડીનાં ચોસલામાં અંતિમ શબ્દોની રમઝટ બોલાવે છે. અહીં પ્રેમાનંદની લયસૂઝ અને ભાષા કૌશલ જોવા મળે છે. આ કડવાની બધી કડીઓ અણ સંધાયેલી રહે છે. પરંતુ દમયંતી જયારે લાંબા વિયોગ બાદ નળની સામે આવી છે એ પોતાની વાત કરે છે ત્યારે ત્રણ વર્ષના ગાળાની વાતો આડી–અવળી થાય જ ને! પોતાની કથની કહેવડાવતાં પ્રેમાનંદ દમયંતીને નળ માટે ખાસ્સુ અર્થસભર ભાથું આપે છે. વાતમાં કેટલાય કટાક્ષ અને આરોપ નજરે પડે છે. વનમાં પડેલાં વિતકો જણાવતી દમયંતી બાંધ્યા ભારે એમ કહે છે કે એક સાવ નજીવા કારણથી પોતાને એકલી ત્યજી દેવા બદલ તે નળને ઠપકો આપે છે. આ કડવામાં પ્રેમાનંદ દમયંતીની દયનીય સ્થિતિ આર્તસ્વરે વર્ણવે છે. કોઈ પુરૂષે પોતાની પત્નીને આમ એકલી ત્યજવી ન જોઈએ એ સામાજિક સંદર્ભ અને સમાજ શિક્ષણ પણ જોઈ શકાય છે.

''બેસીયે એકે પાટે કામિની કનક ઘાટે,
થોડા અન્યાય માટે ન મૂકિયે ઊજજડ વાટે.
અબળાનાં કોણ બળ કદલી પે કોમળ,
નયણે ભરે જળ, કડવાં કર્મફળ.''

આમ વીતકો કહી તે પૂછે છે કે જે પુરૂષે સ્ત્રીને આ રીતે દુઃખી કરી તેને પ્રભુ પૂછશે એ વાતથી કડવાનો અંત આવે છે.

કડવું ૬૦ રાગ ધન્યાશ્રીમાં ચાલે છે. આ કડવામાં ૨૧ કડીઓમાં બાહુક દમયંતીને જવાબ આપે છે. અને બધી વાત જાણ્યા પછી દમયંતી નળને અનુરોધ કરે છે ત્યારે નળ મૂળ રૂપે પ્રગટ થાય છે. એ પ્રસંગો આલેખાયા છે. નળ પોતાની વીતક કથા કહીને કહે છે કે જે સ્ત્રી પતિને ભૂખ્યો મૂકીને મત્સ્ય ભક્ષણ કરે તે સ્ત્રીને કેમ ત્યજવી ન જોઈએ ? પછી પોતે કેવી રીતે કર્કોટક નાગના દંશથી બાહુકરૂપે થયો. ઋતુપર્ણ રાજાને ત્યાં કેવી રીતે રહ્યો તે બધી વાત કરે છે. આ કડવામાં દમયંતી નળને પૂરેપૂરી ઓળખી ગઈ છે, તે વિનંતી કરે છે કે તમારું અસલ રૂપ પ્રગટ કરો. ત્યારે બાહુક કર્કોટકે આપેલાં વસ્ત્ર પહેરી પ્રગટ

થાય છે અને ઘણાં વર્ષે મળ્યાં તેથી ભીના હૈયે તેઓ એકબીજાને ભેટી પડે છે. આ વાતની જાણ કરવા દાસી દોડે છે. રાજા–રાણીને આ વાતની ખબર પડતાં તેઓ આનંદિત થઈ જાય છે અને સર્વત્ર જયજયકાર થઈ રહે છે. જ્યારે આ વાત ઋતુપર્ણ જાણે છે ત્યારે એની હાલત કફોડી થઈ જાય છે. દમયંતીને પરણવાની વાત તો દૂર રહી પણ નળ જેવા રાજાને પોતાને ત્યાં દાસ તરીકે રાખ્યો એ વાતે અને તેની ઠઠામશ્કરી કરી તે બદલ ખૂબ જ પસ્તાવો થાય છે. નળ તેમને ભેટીને આશ્વાસન આપે છે અને કહે છે કે મને ગુપ્તવેશે રાખવા બદલ તમારો ઉપકાર માનવો પડે. ભીમકરાજાએ ઋતુપર્ણને ઘણી ભેટ સોગાદ આપી અને નળના કહેવાથી ભીમકે દમયંતીની ભત્રીજી ઋતુપર્ણ સાથે પરણાવી ઋતુપર્ણને વિદાય આપી તે અયોધ્યા જાય છે અને નળ નૈષધ દેશમાં આવે છે. એ સમયે ભીમક એમને બહુ જ દ્રવ્ય અને સૈન્ય આપે છે. આ વાતની જાણ થતાં નળનો ભાઈ પુષ્કર એકદમ આસનેથી ઊભો થઈ ગયો અને પોતાનો બધો અહંકાર મૂકી પોતાના ભાઈની પૂજા કરવા જાય છે.

## 13.4 વસ્તુલક્ષી કસોટી –1

કડવાં ૫૬ થી ૬૦ ની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 નગરમાં આવતાં જ ઋતુપર્ણને કયા પ્રશ્નો થાય છે ?
2 ઋતુપર્ણનાં સવાલમાં સુદેવ કયો જવાબ આપે છે ?
3 ભીમકરાજા ઋતુપર્ણને કયા પ્રશ્નો કરે છે ?
4 ઋતુપર્ણ અને બાહુકની ચેષ્ટાઓ કેવી છે ?
5 બાહુક વિશે ભીમક કેવો મત ધરાવે છે ?
6 ઋતુપર્ણ બાહુકની કઈ વાત વિદ્યા વિશે કહે છે ?
7 બાહુકની પરીક્ષા કઈ રીતે કરવામાં આવે છે ?
8 દાસી બાહુકનું રાંધેલું અનાજ કેમ ઉપાડી જાય છે ?
9 દમયંતી બાહુકને મળવા કેમ બોલાવે છે ?
10 દાસી સાથેની વાતચીતમાં બાહુક શું કહે છે ?
11 બાળકોને મોકલવામાં દમયંતી કયો આશય ધરાવે છે ?
12 દમયંતી સામે નળ કેમ આવતો નથી ?
13 બાળકોને જોતાં નળની સ્થિતિ શી થાય છે ?
14 બાહુક દાસી સામે કઈ બડાશ હાંકે છે ?
15 બાહુકને દાસી કઈ રીતે અંતઃપુરમાં લઈ જાય છે ?
16 અંતઃપુરમાં ગયા પછી નળની ચેષ્ટાઓ કેવી છે ? શા માટે ?
17 દમયંતી વનમાં પહેલાં કયાં કયાં વીતકો રજૂ કરે છે ?
18 કડવાને અંતે દમયંતી નળને શું કહે છે ?
19 નળ પોતાની વીતકકથામાં શું કહે છે ?
20 કડવા ૫૯ અને ૬૦ માં પ્રેમાનંદની કઈ શકિત જોવા મળે છે ?
21 દમયંતી નળને ઓળખ્યા પછી શું કહે છે ?
22 નળ કઈ રીતે મૂળ રૂપે પ્રગટ થાય છે ?
23 રાજા–રાણીને નળની સાચી વાત ખબર પડતાં શું થાય છે ?
24 નળની સાચી ઓળખ મળતાં ઋતુપર્ણ રાજાની સ્થિતિ કેવી થાય છે ?

## 13.4 વસ્તુલક્ષી કસોટી –2

નીચે આપેલા વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવો.

1 ભીમકરાજા ઋતુપર્ણને સારો આવકાર આપે છે.
2 બાહુક ભીમકની સભામાં દૂર એક બાજુ બેસે છે.
3 બાહુક પોતાની ગાંસડી ઋતુપર્ણને આપે છે.
4 બાહુક રાજસભામાં ઋતુપર્ણના કહેવા પ્રમાણે વર્તે છે.
5 ભીમકરાજા બાહુકની વિદ્યા જાણી નવાઈ પામે છે.
6 ભીમકરાજા પણ બાહુકની મશ્કરી કરે છે.
7 દમયંતી બાહુકની પરીક્ષા કરવા એકાંતમાં મળવા જાય છે.
8 બાહુકને રસોઈ માટે ખાલી કુંભ, વાસણને લાકડાં જ આપવામાં આવે છે.
9 બાહુકને જોઈ દમયંતીની ભાભીઓ તેની મશ્કરી કરે છે.
10 ઘોડો, વૃક્ષ, જળ અને અગ્નિ એ ચારેય પરીક્ષામાં નળ બે માં પાર ઉતરતો નથી.
11 દમયંતી નળની વધુ પરીક્ષા કરવા પોતાના બાળકોને મોકલે છે.
12 બાળકો બાહુકને જોઈ વિસ્મય પામે છે.
13 બાહુક બાળકોને જોઈ ગળગળો થઈ અશ્રુપાત કરે છે.
14 દમયંતી બાહુકને મળવા પિતાની પરવાનગી લેતી નથી.
15 બાહુકને બળજબરી પૂર્વક અંતઃપુરમાં લાવવામાં આવે છે.
16 બાહુક સાથે વાત કરવા દમયંતીએ આડો અંતરપટ રાખ્યો છે.
17 દમયંતી આગળ નળ જાતજાતના ચાળા કરે છે.
18 બાહુકવેશી નળને દમયંતી સીધી જ ઓળખ પૂછે છે.
19 પોતાને વનમાં એકલી છોડવા બાબત દમયંતી નળને ખૂબ કઠોર શબ્દોમાં ફીરયાદ કરે છે.
20 દમયંતી કહે છે કે જે પુરૂષે સ્ત્રીને આ રીતે દુઃખી કરી તેને પ્રભુ પૂછશે.
21 નળ પોતાનો કંઈ જ દોષ નથી એમ કહે છે.
22 નળના બાહુકવેશી રૂપને તે કર્કોટકનું વરદાન ગણાવે છે.
23 નળ ઋતુપર્ણને ત્યાં છુપાવેશે રહે છે. એ વાત કરતાં કહે છે ‘પર ઘેર પેટ ભરવું’ એ પણ મેં કર્યું છે.
24 નળની ઓળખાણ થયા પછી દમયંતી નળને ચરણે પડે છે.
25 નળદમયંતી એકબીજાને ભેટી પડે છે.
26 રાજારાણીને નળની ઓળખાણ થતાં નળને ખરુંખોટું કહે છે.
27 નળની ઓળખાણ થતાં સમગ્ર શહેરમાં સર્વત્ર જયજયકાર થાય છે.
28 ઋતુપર્ણની હાલત કફોડી થઈ જાય છે.
29 પોતાને ત્યાં નળ દાસ તરીકે રાખ્યો એ બદલ ઋતુપર્ણને અફસોસ થાય છે.
30 કડવું ૫૯ અને ૬૦ એ પ્રેમાનંદની સંવાદ કળાનો સુંદર નમૂનો છે.

## 13.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૫૬

● **ભક્તિ** – મધુર વાણી દ્વારા સત્કાર ● **અટપટું** – ભેદપૂર્ણ, ન સમજાય એવું ● **ખંખારી** – **ખોંખારીને** ● **ઉપરાજ્યો** – **ઉપાર્જ્યો, મેળવ્યો** ● **મૃગયા** – **શિકાર માટે** ● **પરુણા** – **અતિથિ, મહેમાન** ● **હલભલ** – **સત્કાર માટેની તાજવી** ● **આપ નૈવેદી** – **સ્વયંપાકી**

કડવું –૫૭

● **મેક્ષણ** – કડછો, ચાટવો ● **સણગટ તાણી** – પલવનો છેડો મોં આગળ ખેંચી ● **હેરીને** – **નીરખીને** ● **ઉંડણગુંડળ** – **લઘરવઘર, અસ્તવ્યસ્ત** ● **ગોઠડી** – **ગાંઠ, મૈત્રી** ● **વારુ** – **સુંદર** ● **ઉપાગે** – **ઉપાયે** ● **ગજગામી** – **દમયંતીને સંબોધન** ● **શિક્ષા** – **શીખ, સૂચના** ● **દાસ** – **દાસી** ● **ધોખો** – **મૂંઝવણ** ● **ચોકો** – **અબોટ** ● **પાક નિપાયો** – **રસોઈ કરી** ● **બાહુઆં** – **બાળકો**

કડવું –૫૮

● **ઉલટયું અંતઃકર્ણ** – હૈયું દ્રવીને ઉછળ્યું ● **દામણાં** – દયામણાં ● **કલ્પાંત** – કારમો કેર, જુલમ ● **સાંઈ** – **આલિંગન** ● **ઓહોલાસ** – **ઉલ્લાસ** ● **પાડે** – **ચરિત્ર ભ્રષ્ટ કરે** ● **કર્મડા** – **નસીબ** ● **બાંહેધર** – **હાથ પકડી આગળ દોરનાર** ● **ફરી ગયાનો** – **પાછા ફરીને જવાનો** ● **કંબાડ** – **કપાટ** ● **ચક** – **આડશ, પડદો** ● **કશો** – **શો ?** ● **ભિન્નાભિન્ન** – **ભેદભાવ** ● **વિષય** – **વિષયી**

કડવું –૫૯

● **પ્રગટે** – સામે બેસીને ● **ચટે** – જીદે ● **માંને** – મનમાં ● **પ્રભાજળ**– પ્રવાહજળ ● **શલીતા** – **શિલા** ● **પાવલીએ** – **પગે** ● **અલેખે** – **એળે, વિનાકારણ** ● **તેખે** – **શોધ** ● **ચોરી** – **વાંક, ગુનો** ● **લંપટલોક કામી** – **વણઝારા પૈકી કેટલાક** ● **નફેટ** – **નફ્ફટ** ● **ઈંધણધોરી** – **બળદિયા જેવા મૂર્ખ** ● **ધીર** – **કઠણ** ● **પ્રભવી** – **પરાભવી**

કડવું –૬૦

● **ભાર** – ભાર્યા તરીકેનાં લક્ષણો ● **અજ્ઞાન** – પત્નીને ઓળખી ન શકતો ● **લાગી** – **ઝાળ લાગી** ● **વિપરીત વેષ** – **બાહુકનો વિલક્ષણ સ્વાંગ** ● **વનવેષ, પરેસેવા** – **નળ અને દમયંતી બંનેને લાગુ પડે છે.** ● **સાલકે** – **સાળાએ** ● **ઓળખાવ્યો** – **ઋતુપર્ણને** ● **સર્વસ્ત** – **સર્વસ્વ** ● **ઉપમા** – **પ્રશંસા**

## ⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

કસોટી –૧

● સવાલ–૧, ૨, ૩ – કડવું–૫૬ ● સવાલ–૪, ૫, ૬ – કડવું–૫૭
● સવાલ–૭, ૮, ૯ – કડવું–૫૮ ● સવાલ– ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ – કડવું–૫૮, ૫૯ ● સવાલ–૧૫, ૧૬, ૧૭,૧૮, ૧૯, ૨૦ – કડવું–૫૯ ● સવાલ–૨૧, ૨૨, ૨૩, ૨૪ – કડવું–૬૦

કસોટી –૨

૧– ✓ ૨– X ૩– ✓ ૪– X ૫– ✓ ૬– ✓ ૭– X

૮– ✓ ૯– ✓ ૧૦– X ૧૧– ✓ ૧૨– X ૧૩– ✓ ૧૪– X

૧૫– ✓ ૧૬– ✓ ૧૭– ✓ ૧૮– X ૧૯– X ૨૦– ✓

૨૧– X ૨૨– ✓ ૨૩– ✓ ૨૪– ✓ ૨૫– ✓ ૨૬– X

૨૭– ✓ ૨૮– ✓ ૨૯– ✓ ૩૦– ✓

# એકમ–14

## કડવાં ૬૧ થી ૬૫ની રસલક્ષી સમીક્ષા

રૂપરેખા


**14.1** ઉદ્દેશ

**14.2** ભૂમિકા

**14.3** સમીક્ષા

**14.4** વસ્તુલક્ષી કસોટી

**14.5** મહત્વના શબ્દોના અર્થ


## 14.1 ઉદ્દેશ

આ એકમમાં નળાખ્યાનના કડવાં ૬૧ થી ૬૫ના રસલક્ષી અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- આ આખ્યાનને પરિણામ તરફ આગળ વધતું જોઈ શકાશે.
- પ્રેમાનંદના સમયે રાજપરિવારમાં કેવી ઘટનાઓ બનતી તેનાથી વાકેફ થશે.
- નળ અને દમયંતીનાં મિલન પછી સુખાંત કાવ્યમાં નળ–દમયંતી પોતાને વીતેલાં વીતકો પરસ્પર કહે છે.
- નળ દમયંતી સિવાયનાં ગૌણ પાત્રોની ભૂમિકા કેવી રહી તે બાબતથી પરિચિત થશે.
- પ્રેમાનંદની વર્ણનકળા અને ભાષાપ્રભુત્વથી પરિચિત થશો.
- આખ્યાનનાં અંતિમ કડવાનાં સમાપન પછી કથાની ફલશ્રુતિ આપી કવિપરિચય, કૃતિની મહત્તા અને આખ્યાન સ્વરૂપમાં 'નળાખ્યાન' કઈ રીતે મહત્વનું છે તે જોઈ શકશે.

## 14.2 ભૂમિકા

નળાખ્યાનનાં આ અંતિમ એકમ થકી પ્રેમાનંદ કથાને પૂર્ણાહુતિ તરફ લઈ જાય છે. સુખાંત પરિણામની કથામાં નળદમયંતીનાં મિલન પ્રસંગોનું સંકલન કરી પ્રેમાનંદ કડવાં ૫૮ થી ૬૦ ની કથાને પુનરાવર્તન કરે છે. નળ–દમયંતી મળી ગયાં છે. ભીમકરાજાએ અતિશય દ્રવ્ય અને સૈન્ય આપી નળને વિદાય કર્યો છે. યુધિષ્ઠિરનાં મનનું સમાધાન થાય છે. બૃહદઋષિ અને યુધિષ્ઠિરનાં સંવાદની પૂર્ણાહુતિ અહીં થાય છે. છેલ્લા કડવાંના અંતે પ્રેમાનંદ પોતાનો પરિચય આપે છે. નળાખ્યાનના આધાર અને એની રચવાની શરૂઆતની રચના સાલ અને પૂર્ણાહુતિની સાલ પણ જણાવે છે. સ્થળ–કાળ સાથેનો નિર્દેશ આ કથાને ઐતિહાસિક દસ્તાવેજ પણ બનાવે છે. આ પાંચ કડવાનાં પ્રસંગોમાં પ્રેમાનંદ તત્કાલીન જીવનરંગો ઉમેરે છે. તેની પ્રતીતી આપણને થાય છે.

## 14.3 રસલક્ષી સમીક્ષા

પ્રેમાનંદ આ કડવામાં નળ–દમયંતીનો સંવાદ યોજે છે. એમનાં જીવનમાં બનેલી દુઃખદ ઘટનાઓનું પુનરાવર્તન કરે છે. બાહુક અને દમયંતીની પ્રશ્નોત્તરીમાં આપણે એમને પડેલા દુઃખોનું ફરીથી અવલોકન કરી શકીએ છીએ. આ કડવું ભુજંગી છંદની ચાલમાં લખાયું છે. નળ–દમયંતીની મિલન ક્ષણોને વધુ ખીલવવા જેવો પ્રેમાનંદને લાગ્યો હશે તેથી તે કડવા ૫૯ની કથાને ફરીથી વિશેષ રીતે રજૂ કરે છે. આ કડવામાં દમયંતી બાહુકની પ્રશંસા કરે છે. મૂર્ખ અને રૂપહીન પણ ગુણવાન એવા બે પુરૂષના ભેદ બતાવી કદરૂપા બાહુક તરીકેનાં એના ગુણલક્ષણોને ફૂલ ચડાવી દમયંતી ચતુરાઈથી નળને જ એના રૂપવંતા નળ સ્વરૂપ પર ચૂકાદો આપવા વિનંતી કરે છે. પોતે એની સામે તહોમતનામું કહી સંભળાવે છે.

''જયહાં કંદ–મૂળ ને નહીં ફળ પાણી,
તેહેવે ઠામ મૂકી કરી અનાથ રાણી,
કો ન કરે એહવા કરમ કીધા,
અપરાધ પાખે બહુ આડ દીધાં,
ફરી ઉદ્યાનમાં તારૂણી અર્ધવસ્ત્રે,
શતખંડ કીધી તે વિયોગ શસ્ત્રે,
ત્રણ દીવસ ત્રણ રાત વનમાંહે ભટકી,
નિરદે નાથને મંન તોહે ન અટકી.''

દમયંતીની મર્મવાણીથી અંતરમાં નળ પ્રસન્ન થાય છે. પણ દમયંતીની પતિ પ્રીત જોવા બહારથી એ ખિજાયેલો હોય એવો દેખાવ કરે છે. તે ઉત્તર આપે છે કે જે ભીમકસુતાને તે પુરુષ પરણ્યો તેણે વનમાં એની સાથે સાત દિવસના અપવાસ કીધા. અને એક જગ્યાએ ખાવાના મચ્છ શોધ્યા તો 'પેલી પાપણીએ પેલાં મચ્છ ખાધાં' એમ કહી બાહુક પૂછે છે કે એ નારી કેવી ? ત્યાર પછી પેલો પુરુષ તો રઝળતો જાય છે. ત્યાં કર્કોટક ડશે છે, કૂબડો બની કોઈના આશરે જાય છે. એમ દાસત્વ ભોગવનાર પુરુષની શી ગત થઈ હશે ? નળના મુખેથી ઉત્તર સાંભળીને દમયંતીને ખાતરી થઈ જાય છે કે આ નળ જ છે.

''સુણી મર્મની વાત, નાથે નાર જાણી,
ભાગ્યો ભેદ, મંન માંહા પ્રેમ આણી.''

''થયું ભેટવા મંન, મરજાદ નાઠી,
અંતરપટનું વસ્ત્ર ગયું રે ફાટી,
ગજગામિની ભામિની પ્રેમ માતી,
આવી નાથ પાસે, ગુણગામ ગાતી,
કરી પ્રદક્ષિણા પછે પાય લાગી,
બોલો નૈષધનાથ! કહુ માન માગી.''

બાહુક નળ જ છે એવી પ્રતીતિ થતાં દમયંતીની પતિમિલનની ઉત્સુકતા કવિએ કેટલી બધી ઉત્કટ બનતી વર્ણવી છે. એ બાબત ઉપરની પંક્તિઓમાં જોઈ શકાય છે. દમયંતી ત્યાર બાદ નળને કહે છે કે મેં માછલાં ખાધાં છે કે નહી તેનો સાક્ષી વિષ્ણુ ભગવાન છે. જો તમારા વિના ખાઉં તો એ ધૂળ ખાધા બરાબર છે. પ્રેમાનંદ આ કડવામાં દમયંતીના પાત્રની અભિજાત ઉજ્જવળતા દર્શાવે છે. દમયંતીને નળના બાહુકરૂપની કોઈ ચિંતા કે સૂગ નથી. નળના રૂપથી આરંભાયેલો એનો પ્રેમ હવે દેહને અતિક્રમી ભીતરનો પ્રગાઢ હૃદયપ્રેમ બન્યો છે. નળ પહેલાનો રૂપાળો નળ નહીં રહે તોય એના જ ચરણની દાસી બની રહેવામાં એ જીવનની ધન્યતા અનુભવવાની છે. સતીત્વનો અને એક આર્ય સ્ત્રીત્વનો નિર્મળ દાંપત્ય પ્રેમ કેવો હોય એની પ્રતીતી પ્રેમાનંદ કરાવે છે. આવું માનનાર સતીને હવે એક પળ પણ તડપાવવાનું નળને પોષાય એમ નથી. આપણે જાણીએ છીએ કે નળ પણ એનો એવો જ વિયોગી હતો. તેથી તે દમયંતીના ઉદગાર સાંભળી તેને ભેટવા વિલંભ કરતો નથી. તેણે તરત જ કર્કોટકે આપેલાં વસ્ત્રો પહેરી મૂળ રૂપ ધારણ કર્યું અને દમયંતીની જેમ 'તમાલ પૂંઠે વીંટાયે વેલી, તેમ કંથને વળગી રહી ગુણઘેલી' રસમય ખડું કરતું કાવ્યમય વર્ણન પ્રેમાનંદનીય

સર્જકતાનો સંસ્પર્શ પામી ઉત્કૃષ્ટતા ધારણ કરે છે. આ કડવામાં યોજાયેલ બાહુક અને દમયંતીનો સંવાદ પ્રેમાનંદનું પોતાનું મૌલિક સર્જન છે. ૫૯ મા કડવાની જ વાત અહીં થઈ છે. પણ અહીં પ્રેમાનંદનું કવિચાતુર્ય તરત નજરે પડે છે. પ્રસંગને નાટયાત્મક ચમત્કારપૂર્ણ બનાવીને રસની ઉત્કૃષ્ટતા નિરૂપે છે એ જ પ્રેમાનંદની સિદ્ધિ છે.

કડવું ૬૨ રાગ સારંગની દેશીમાં પ્રયોજાયું છે. આ કડવામાં નળના પ્રગટ થવાથી રાજકુટુંબમાં અને નગરમાં આનંદની લહેર ફરી વળે છે. એ કથાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ૧૫ લીટીના ટૂંકા કડવામાં પણ પ્રેમાનંદ નગરજનોના આનંદ ઉલ્લાસનું રમણીય ચિત્ર રજૂ કરવાની તક ઝડપી લે છે. આમ તો કંઈ ખાસ મહત્વ ન ધરાવતાં કડવાની પ્રસંગ આયોજના શ્રોતાસમૂહને નળ–દમયંતીના મિલનની શુભ–શુકનવંતી ઘડીઓ બતાવવાની છે એ સહજ નજરે પડે છે. ભીમકરાજાને તો આનંદનો પાર રહેતો નથી. આ કડવામાં નળની પ્રશંસા કરવાની તક પણ પ્રેમાનંદ ઝડપી લે છે.

''મન–પૂરણ ઉચ્છવ વ્યાપ્યો હો, ભીમક દિયે બહુ દાન જી,
ગયો અંતઃપુર માંહા રાય હો, સંઘાતે સુત પરધાન જી,
કાંતિએ ચંદ્ર, પ્રતાપે ભાનુ હો, વિલસે શક સમાન જી,
કંદ્રપ–કોટિ લાવણ્ય હો, દીઠો જમાઈ જાજુલ્યમાન જી.''

ભીમક નળને પાયે પડે છે. એને આલિંગન આપી ખૂબ જ આદર માન આપે છે. આ કડવાની ખાસ વાત એ છે કે નળ–દમયંતીના યુગલ માટેની લક્ષ્મી–નારાયણ અને શિવ–ઉમાની ઉપમામાં આર્ય સંસ્કાર કેવા તેજોમય દેખાય છે તે જોઈ શકાય છે.

કડવું ૬૩મું ઋતુપર્ણના પશ્ચાતાપનું કડવું છે. રાગ રામેરીમાં ૧૮ કડીઓ ધરાવતું આ કડવું પ્રેમાનંદની કવિ કુશળતાનું પણ મહત્વનું કડવું છે. ઋતુપર્ણને તો નળની સાચી ઓળખ થવાથી મરણ જેવી સ્થિતિ થાય છે. પ્રેમાનંદના ઉત્કટ આલેખનનો પરિચય પણ અહીં થાય છે. નળ રાજા જેવી વિભૂતિ પોતાને ત્યાં આવી ચડી અને પોતાથી મૂરખથી એની કશી કિંમત થઈ નહીં એનો ઋતુપર્ણનો પોતાને ધિકકારતો પશ્ચાતાપ સુંદર અલંકારમાં પ્રગટ થયો છે. દ્રષ્ટાંત અને ઉપમા અલંકારમાં થયેલી અભિવ્યકિત જુઓ :

''જેમ ચડકલીને માળે આવે ગરૂડ ગુણભંડાર રે,
તેમ માહારે ઘેર આવી રહ્યા વીરસેન–રાજકમુાર,
પુણ્યશ્લોકને પાયે લાગે, ફરી ફરી કરે વીનતી રે,
'એ કૃતકર્મનું કહો પ્રાશ્ચિત !' ભીરયાં લોચન ભૂપતિ.''

બીજી તરફ ઋતુપર્ણ ઘણો રાજી થાય છે કે બાહુક નળ રાજા નીકળે છે.નળના અજ્ઞાતવાસમાં પોતે કરેલા અપરાધની ક્ષમા નળ પાસે માગે છે. અને નળે કુંદનપુર આવતાં થાપણરૂપે જે અશ્વવિદ્યા હતી તે પણ શીખવે. પ્રેમાનંદ આવા સાદા પ્રસંગનેય ઉત્કટ બનાવી રંગત ચઢાવી તેના ખાસ્સાં બે કડવાં બનાવે છે. આખ્યાનકારની સહજ આવડત પ્રેમાનંદ પાસે આવી યુકિતઓ કરાવે છે.

કડવું ૬૪ મહત્વનું એટલા માટે છે કે નળ રાજાએ ઋતુપર્ણના ચિત્તનું સમાધાન કરી એને ઋણમુકત કર્યો છે. નળની સાચી ઓળખ થતાં ઋતુપર્ણની આંખ ભરાઈ આવે છે. તેના આંસુ નળ પોતાના હાથે લૂછે છે. અને નળ કહે છે કે તમારે દુઃખ લગાડવાની જરૂર નથી. અપરાધભાવ પણ અનુભવવાની જરૂર નથી. તમે તો મને મારી માતા કરતાંય વધુ સુખ આપ્યું છે. ત્રણ વરસ સુધી આશરો આપ્યો. જેમ ઉઘાડી તલવારથી ક્ષત્રિયની પરીક્ષા થઈ જાય છે. કોઈ સાચા દયાવાન વ્યકિતી પરખ દુઃખના દિવસોમાં થઈ જાય છે. કેમ કે કુપાત્ર અને નબળા લોકો ભીડ વેળા હંમેશા છોડી જતા હોય છે. આમ તો આ કડવું આખ્યાનના નાયક–નાયિકાનું પરોક્ષ રીતે ગૌરવ કરે છે.

કડવું ૬૫ આખ્યાનનું અંતિમ કડવું છે. હવે સર્વત્ર આનંદ છવાઈ ગયો છે. બધાને બધી ખબર પડી ગઈ છે. કે સાચી હકીકત શું હતી ને કેમ બની હતી. હવે બે જ બાબતો બાકી છે તે એ કે ઋતુપણનું શું કરવું. અને નળ–દમયંતીને નિષધ વળાવવાનું છે. આ કડવામાં આ બે બાબતોનું સમાધાન નિરૂપાયું છે. રાગ ધવલ ધન્યાશ્રીમાં નિરૂપાયેલ આ કડવું ૪૦ કડીઓનો પટ ધરાવે છે. ગુજરાતી સંસ્કૃતિને આપણી સામે મૂકી આપવાની પ્રેમાનંદની ઈચ્છા ઋતુપર્ણના લગ્ન બાબતે વ્યકત થઈ છે. પરણવા આવેલો વર કન્યાને પરણી ન શકાયું તો તે જ ગામની બીજી કન્યાને પરણીને ઘેર જાય એવા દાખલા આપણે ત્યાં બન્યા જ છે, બને છે. એમાં જે તે વ્યકિતના સ્વમાન પણ સાચવવાના હોય છે. આ વાતની પ્રતીતિ અહીં થાય છે. દમયંતીને પરણવા કોડભર્યો આવેલો ઋતુપર્ણ અત્યારે

ઝંખવાણો પડી ગયો છે. તે એમને એમ ચાલ્યો જાય તો શ્રોતાઓને ના ગમે એ વાત પ્રેમાનંદ જાણે છે. એટલે વ્યવહાર–બુદ્ધિ વાળા આ આખ્યાનકાર –શિરોમણી એ પોતાના પ્રતિનિધિ નળરાય દ્વારા વ્યવહારું માર્ગ કાઢી પ્રસંગ બરાબર સાચવ્યો છે. વાતને સંભાળી લીધી છે. ઋતુપર્ણ સાથે 'દમયંતી શું બીજી' એવી એની ભત્રીજીને વરાવવામાં આવે છે. આમ કરી બીજી રીતે સુખાન્ત બનતી આ કથામાં ભોંઠા પડતા ઋતુપર્ણને ફજેતીમાંથી ઉગારી પ્રેમાનંદ તેને પણ અંતે પ્રસન્ન કરી વિદાય કર્યો છે. આપણે જાણીએ છીએ કે દમયંતીએ ઋતુપર્ણને બાહુક કુંદનપુર આવે એ માટે મહોરું જ બનાવ્યો છે. માટે તેની ફજેતી થાય એ તો કેમ ચલાવી લેવાય. કડવું ૬૪ ઋતુપર્ણના દોષને ક્ષમ્ય ઠરાવી તેને શ્રોતાઓની સહાનુભૂતિ અને સદભાવનો અને સદભાગ્યનો અધિકારી પણ બનાવ્યો છે.

''પહેરામણી બહુ પ્રીતે આપી, સંતોષ્યો ઋતુપર્ણ જી,
અયોધ્યાપતિ ચાલ્યો અયોધ્યા નમી નળને ચરણ જી,
પરસ્પરે આલિંગની દીધાં, નળે આપી અશ્વવિદ્યા જી,
પંચરાત્ર રહ્યા સ્ત્રી સાથે, વિદાય થયા નળરાય જી. ''

ઋતુપર્ણને વિદાય કરી, અશ્વવિદ્યા આપ્યા પછી નળ પાંચ દિવસ કુંદનપુર રહે છે. બાદમાં ભીમકે ઘણું દ્રવ્ય આપ્યું અને સૈન્ય સાથે નળરાજા નિષધ દેશમાં આવે છે. આ સમાચાર પુષ્કરને મળતાં તે પ્રજા સાથે નળને સામે લેવા આવે છે. આખું નગર નળને જોવા ઉત્સુક છે. પ્રેમાનંદ જયાં જયાં તક મળે ત્યાં પોતાની વર્ણનકળા અને ભાષા વૈભવ તથા પોતાનાં જ્ઞાનનો પરચો બતાવે જ છે. વાજતે ગાજતે ખૂબ જ માન સાથે નળને અને દમયંતીને રાજમહેલમાં લઈ જવામાં આવે છે. જયારે ભીમકે સૈન્ય આપ્યું તે આશય એ હતો કે કદાચ પુષ્કર ક્રોધ કરે તો લડવા કામ આવે. પણ નળે જ કહ્યું હતું કે પુષ્કર હવે નિર્મળ થઈ ગયો છે. કળિયુગનો પ્રભાવ હવે રહ્યો નથી. નળને રાજમહેલ તેડયા પછી પુષ્કરનો પશ્ચાતાપ રજૂ કર્યો છે. નળ એને ક્ષમા આપે છે. નળરાજા પુષ્કરને સેનાપતિ બનાવી અનેક વિજયો હાંસલ કરે છે. અને પોતાની નગરીમાં ધર્મનું રાજય સર્જે છે. નળરાજાના રાજયમાં કોઈ બંધન હવે કોઈને ન રહ્યું. બધા લોકોએ પોતપોતાના કુકર્મ મૂકી દીધા હતાં. ચારેય વર્ણ એના રાજયમાં સુખચેનથી રહે છે. ઘણા વરસ પછી નળરાજા પોતાના પુત્રને રાજયાસન આપી તપ કરવા જતા રહે છે. બાદમાં પોતે અનશન લઈને દેહ ત્યાગ કરે છે. અને કથા પૂર્ણ થાય છે. નળ–દમયંતીની કથા પૂર્ણ થયા પછી બૃહશ્વ કહે છે કે હે યુધિષ્ઠિર નળરાજાને જે દુઃખ પડયાં એની આગળ તમારૂં દુઃખ દૂર થશે. આટલું સાંભળી યુધિષ્ઠિર મુનિવરને પગે લાગે છે. અને કહે છે કે મારા મનનો બધો પરિતાપ હવે જતો રહ્યો છે.

આખ્યાનનાં આ અંતિમ કડવમાં આખ્યાનની અને કવિની પરંપરા અનુસાર ફળશ્રુતિ આપવામાં આવી છે.

''સાંભળે ભણે વા લખાવે પુસ્તક, સર્વ તીર્થનું ફળ થાય જી,
અષ્ટ મહાદાન જજ્ઞ તણું ફળ, આપે વૈકુંઠરાય જી,
કર્કોટક ને નળ–દમયંતી, સુદેવ, ઋતુપર્ણ રાય જી,
એ પંચનામ લે સૂતાં–ઊંગતાં, તેના ઘેરથી કળિયુગ જાય જી.''

આ આખ્યાન વાંચવાથી અને સાંભળવાથી મહાયજ્ઞ જેટલું પુણ્ય મળશે અને પંકિતમાં આપેલ પાંચ નામલેવા માત્રથી કોઈ પણમનુષ્યને કળિયુગનો પ્રભાવ નડશે નહીં. એ સમયનાં સમાજને ધર્મ અભિમુખ કરવા આ પ્રમાણે ફલશ્રુતિ આપવામાં આવતી હતી. કડવાની ૪૨ થી ૪૭ કડીઓમાં કવિ પ્રેમાનંદે પોતાનો પરિચય આપ્યો છે. આખ્યાન કયાં શરૂ કર્યું ને કયાં પૂર્ણ કર્યું તેની વિગતો આપી છે. વાર–તિથિ પણ કહી છે. ને જે આ કથા સાંભળશે તેને બ્રહ્મહત્યા પાપ ટળી જશે.

''વીરક્ષેત્ર વડોદરુ નામે ગુર્જર દેશ ગુજરાત જી,
કૃષ્ણ સુત કવિ ભટ પ્રેમાનંદ મેવાડા ચોવીસા ન્યાત જી,
ગુરુપ્રતાપે પદબંધ કીધો, કાલાવાલા ભાખી જી,
અર્ણિકપર્વની મૂળ કથામાં નૈષધની લીલા ભાખી જી,
મુહૂર્ત કીધું સુરત મધ્યે, થયું પૂરણ નંદરબાર જી,
કથા નળ–દમયંતીજીની, સંસારમાંહાં સાર જી,
સંવત ૧૭૪૨ વરસે પોષ સુદ બીજ ગુરૂવાર જી,
દ્વિતીયા ચંદ્રદર્શનની વેળા, થઈ પૂર્ણ કથા–વિસ્તાર જી.''

આ પંક્તિઓમાં જાણી શકાય છે કે પ્રેમાનંદ વડોદરાના વતની હતા. તેમના પિતાનું નામ કૃષ્ણરાય હતું. તેઓ મેવાડા ચોવીસા બ્રાહ્મણ જાતિના હતા. તેમનાં ગુરૂપ્રતાપે આ આખ્યાન રચ્યું છે. મહાભારતના આરણ્યક પર્વની નળ કથાનો આધાર લઈ આ કથા કહી છે. આ આખ્યાનની શરૂઆત સુરતમાં કરી હતી. અને પૂર્ણ નંદરબારમાં કર્યું હતું. તિથિ વાર આપતાં તે લખે છે. વિક્રમ સંવત ૧૭૪૨ના પોષ સુદ બીજ ને ગુરૂવાર હતો. તે સમયે કથા પૂર્ણ કરી. પ્રેમાનંદની આ બધી વિગતો એમની ચીવટ દર્શાવે છે. અને આ પ્રકારનાં ઉલ્લેખો અભ્યાસીઓને ઐતિહાસિક માહિતી આપે છે.

## 14.4 વસ્તુલક્ષી કસોટી –1

કડવાં ૬૧ થી ૬૫ની રસલક્ષી સમીક્ષાનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1 પ્રેમાનંદ ૬૧માં કડવામાં કોનો સંવાદ યોજે છે ?
2 ૬૧ માં કડવામાં કવિએ કયો છંદ પ્રયોજયો છે ?
3 દમયંતી તહોમતનામું મૂકી નળને શું કહે છે ?
4 દમયંતીનો પતિપ્રેમ જોવા નળ શું કરે છે ?
5 દમયંતી નળને જેવો છે તેવો કેમ સ્વીકારવા તૈયાર થાય છે ?
6 કડવા ૬૨ માં કયો રાગ પ્રયોજયો છે ?
7 કડવા ૬૨ ની વિશેષતા બતાવો.
8 નળ–દમયંતીની મિલન ઘડીઓ વર્ણવો.
9 નળની ઓળખ થતાં ઋતુપર્ણની હાલત શી થાય છે ?
10 ઋતુપર્ણનો પશ્ચાતાપ વર્ણવો.
11 નળ–ઋતુપર્ણને શું કહે છે ?
12 આખ્યાનનાં અંતિમ કડવાની વિશેષતા વર્ણવો.
13 ઋતુપર્ણને કોની સાથે પરણાવવામાં આવે છે ?
14 પ્રેમાનંદ પોતાનો પરિચય કેવો આપે છે ?
15 ફલશ્રુતિમાં કવિ શું કહે છે ?

## 14.4 વસ્તુલક્ષી કસોટી –2

આપેલાં વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવો.

1 નળ–દમયંતી જીવનમાં બનેલી ઘટનાઓ પુનરાવર્તન કરે છે.
2 કડવા ૬૧ માં દમયંતી નળની પ્રશંસા કરતી નથી.
3 નળ બહારથી ખિજાયેલો રહે છે.
4 નળના મુખેથી ઉત્તર સાંભળી દમયંતીને ખાતરી થાય છે કે બાહુક જ નળ છે.
5 જો મેં માછલાં ખાધાં તે ધૂળ બરાબર–દમયંતી બોલે છે.
6 દમયંતી નળને બાહુકરૂપે સ્વીકારવા તૈયાર નથી.
7 દમયંતીના ઉદગાર સાંભળી નળ તેને વધુ તડપાવે છે.
8 નળ મંત્ર ભણીને પોતાનું મૂળ રૂપ ધારણ કરે છે.
9 નળ–દમયંતી બધાને પોતાની સાચી ઓળખ આપે છે.
10 કડવું ૬૨ મું રાગ કેદારમાં છે.
11 નળ–દમયંતી માટે લક્ષ્મી–નારાયણની ઉપમા આપવામાં આવી છે.
12 કડવું ૬૩ ઋતુપર્ણના પશ્ચાતાપનું કડવું છે.

## ⇨ વસ્તુલક્ષી કસોટીનાં ઉત્તરો –

### કસોટી –૧

- ● સવાલ–૧ થી ૫ – કડવું–૬૧ ● સવાલ–૬ થી ૮ – કડવું–૬૨
- ● સવાલ–૯ – કડવું–૬૩ ● સવાલ–૧૦ થી ૧૨ – કડવું–૬૪
- ● સવાલ–૧૩ થી ૧૫ – કડવું–૬૫

### કસોટી –૨

૧– ✓ ૨– X ૩– ✓ ૪– ✓ ૫– ✓ ૬– X ૭– X

૮– X ૯– X ૧૦– X ૧૧– ✓ ૧૨– ✓ ૧૩– ✓ ૧૪– ✓

૧૫– ✓

## 14.5 મહત્વનાં શબ્દોના અર્થ –

કડવું –૬૧

● **રાયે** – યુધિષ્ઠિરે ● **પ્રશ્ન કર્યું** – બૃહદશ્વને પુંછયું ● **હીસે** – હર્ષથી ઉત્સુક થાય ● **નિત્યપ્રત્યે** – પ્રતિદિન રોજ ●**તપન** – સૂર્ય ● **મર્ત્ય બાલક** – નળ ● **વિદોષી** – દોષવિહિન ● **ફંદ** – જાળ ● **ગયો હાડ** – પોત પ્રકાશી ● **ઉદ્યાન** – વન ● **ત્રિય** – ત્રણ ● **શીહારી** – હહિયારી, વેશ્યા ● **નાખ્યાં** – કાઢી નાખ્યાં ● **શ્રેષ્ઠ** – મોટું ● **અપવાદ** – ગાળ ● **પ્રેમમાતી** – પ્રેમમસ્ત ● **સાખી** – સાક્ષી ● **રેણું ધાતું** – ધૂળ ખાઉં

કડવું –૬૨

● **સૈરંધ્રી** – દાસી ● **ભૂપને** – નળરાજા માટે ● **પ્રગટક** – પ્રાગટય ઉછળ – ઉત્સવ ● **જાજુલમાન** – જાજલ્યમાન ● **શાલક** – સાળો ●**શાળાહેલી** – સાળાની પત્ની, સાળાવેલી

કડવું –૬૩

● **મેરુ તુલ્ય** – મેરૂ પર્વત જેવડો શીશ થાય તેટલાં ● **શ્રાવણકીટ** – અળશિયું ● **ધરાધર** – ધરાને ધારણ કરનાર શેષનાગ ● **ચડકલી** – ચકલી ● **ભૂર** – – ઘણો મૂર્ખ ●**વારુણી** – મદિરા ● **આપણો** – પોતાનો ●**ખેદના** – દુઃખ, ગ્લાનિ ● **કૃતકર્મ** – કરેલાં કર્મો ● **પ્રાશ્રિત** – પ્રાયશ્ચિત ● **હળાહળ** – વિષ ● **જીવિતવ્ય** – જીવવું ● **પરહરું** – ત્યાગું

કડવું –૬૪

● **નાયક** – રાજન ● **કાચું પ્રાણી** – હૈયું પોચું કરવું ● **નીરભી** – નિર્વાહ ● **પ્રાણીને સંપ્રત હોય** – વ્યકિત પાસે સંપત્તિ હોય ● **કલ્પ** – ચાર યુગનો સમય ● **સોવલી પાન** – સોમરસ ● **વાછલ** – વાત્સલ્ય ● **કલપે** – કલ્પાંત કરે ● **ઉપકીર્તિ** – અપકીર્તિ ● **બુધ્ય** – ઈચ્છા, કામના

કડવું –૬૫

● **અનંગઅંગના** – કામદેવની પત્ની, રતિ ● **પ્રીત પાયે પલાય** – પ્રેમથી પગે ચાલીને સામો આવ્યો ● **કળ કેકાણજી** – ગણી ન શકાય તેટલા ● **પટહ** – પડો ● **શંખધુનિ** – શંખધ્વનિ ● **નફેરી** – ઢોલ જેવું વાદ્ય ● **ધવલમાંગલ્ય** – ધોળમંગળ, મંગળ પ્રસંગે ગવાતાં ગીત ● **જુધ્ધપતિ** – સેનાપતિ ● **શ્રીપાત** – સંન્યાસી ● **તસ્કર** – ચોર ● **ખટતસ્કર** – કામ ક્રોધ ● **શૂરી** – તીવ્ર ધારવાળા ● **ગુણધામ** – ગુણભંડાર ● **એહેવા** – નળ–દમયંતી જેવા ● **હવા નહીં** – થયાં નથી ● **પુસ્તક** – પુસ્તક ● **કાલાવાલા** – વિનંતી, આજીજી ● **સદ્ય** – પદ

## એકમ–15

## પ્રેમાનંદે મહાભારતના 'નલોપાખ્યાન'ની કથામાં કરેલા ફેરફારો

રૂપરેખા

**15.1** ઉદ્દેશ

**15.2** ભૂમિકા

**15.3** પ્રેમાનંદનું નળાખ્યાન

**15.4** પ્રેમાનંદે કરેલા ફેરફારો

**15.5** વસ્તુલક્ષી કસોટી

### 15.1 ઉદ્દેશ

આ એકમમાં પોતાનું 'નળાખ્યાન' રચતી વખતે પ્રેમાનંદે મહાભારતની મૂળ કથામાં કરેલા ફેરફારો દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી પરિચિત થશે.

- મહાભારતની મૂળ કથામાં નળ–દમયંતી કથા કેવી છે તેનો પરિચય મેળવશે.
- મહાભારતનાં નલોપાખ્યાનમાં પ્રેમાનંદના પુરોગામી આખ્યાનકારોએ કરેલા ફેરફારોનો પ્રેમાનંદે કેવો ઉપયોગ કર્યો છે તે બાબતથી જ્ઞાત થશે.
- પ્રેમાનંદે પોતાનું નળાખ્યાન વધુ રસિક બનાવવા જે ફેરફારો કર્યા તેમાં મૌલિક પ્રસંગોનો ઉમેરો કર્યો છે તે બાબતથી પરિચિત થશે.
- મૂળ કથાના ક્યારેક કોઈ પ્રસંગો પ્રેમાનંદે કાઢી નાખીને રસસ્થાનો ખીલવવા પોતાની કવિત્વ શકિત અને વર્ણનકળા કામે લગાડી છે તે બાબતથી પરિચિત થશે.
- આખ્યાન રચતી વખતે પ્રેમાનંદે સામાજિકનુ ંજ્ઞાન કેવી રીતે કયાં ઉપયોગ કરી આખ્યાનને આસ્વાદ્ય બનાવ્યું છે તે પરિચય થશે.

### 15.2 ભૂમિકા

નળ–દમયંતીની કથા જગતની કેટલીક બહુ પ્રચલિત કથાઓમાંની એક કથા છે. વિદ્વાનોએ આ કથાને જગતની ઘણી ભાષાઓમાં ભાષાંતર કરી કેટલી પ્રજા–જ્ઞાતિઓ સુધી પહોંચતી કરી છે. નળ–દમયંતીની કથાનું જૂનામાં જૂનું સ્વરૂપ તે 'મહાભારત'ના નલોપાખ્યાનને ગણવામાં આવે છે. મહાભારતના આરણ્યક પર્વ એટલે કે વનપર્વમાં ૫૨ થી ૬૯ માં અધ્યાયમાં આ કથાનો ઉલ્લેખ મળે છે. અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે નળ–દમયંતીની કથાનું બીજું એક જુનું સ્વરૂપ 'બૃહત્કથા'માં મળે છે જે ગુણાઢયની રચના છે. વિદ્વાનોનું માનવું છે કે ગ્રંથ તો નષ્ટ થઈ ગયો છે પણ એના સારરૂપ કથાપ્રસંગો ક્ષેમેન્દ્રએ પોતાના સર્જન 'બૃહત્કથામંજરી'માં અને સોમદેવના 'કથા સરિત્સાગર'માં મળે છે. તેનું અનુમાન કરીને વિદ્વાનો નળકથાને મહાભારતની કથામાં આવતી કથાને જુએ છે. આખ્યાનકાર પ્રેમાનંદ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કવિ શિરોમણી છે. 'નળાખ્યાન' એમની કાવ્યસિધ્ધિનું સર્વોચ્છ શિખર છે એમ વિદ્વાનો માને છે. આ કૃતિ રચતી વખતે પ્રેમાનંદે ખાસ કરીને મહાભારતના 'નલોપાખ્યાન'ને ધ્યાનમાં લીધું છે. ઉપરાંત પોતાના પુરોગામીઓની નળકથાનો પણ આધાર લીધો છે. આ એકમમાં પ્રેમાનંદે મહાભારતની નળકથામાં જે ફેરફારો કર્યા તે અને પુરોગામીઓમાંથી શું લીધું તે તથા પોતાનું મૌલિક શું ઉમેર્યું તે વિશે ચર્ચા કરીએ.

## 15.3 પ્રેમાનંદનું નળાખ્યાન

પ્રેમાનંદના બધા જ આખ્યાનોમાં નળાખ્યાન શિરમોર ગણાય છે. કેટલાક વિવેચકોએ પ્રેમાનંદની આ દીર્ઘ કૃતિને સર્વશ્રેષ્ઠ આખ્યાન ગણ્યું છે. આ આખ્યાનની શરૂઆત તેમણે સુરતમાં કરી, એની પૂર્ણાહુતિ નંદરબારમાં કરી તેવો ઉલ્લેખ આ કૃતિના અંતિમ કડવામાં મળે છે. પૂર્ણ થયાની તિથિ, વાર, સંવત પણ મળે છે તે અનુસાર સં. ૧૭૪૨ (ઈ. ૧૬૮૬) ના પોષ સુદી બીજ ને ગુરૂવાર જાણવા મળે છે. પહેલાના સમયમાં કવિઓને રાજયાશ્રય મળતો એ જાણીતી વાત છે. પ્રેમાનંદને જયાં રાજયાશ્રય મળેલો તે નંદરબારનાં રાજાની રાણીના અવસાન પછી રાજાને દુઃખમાં સાંત્વના આપવાના આશયથી તેણે આ આખ્યાન રચ્યાના ઉલ્લેખો વિદ્વાનો દ્વારા મળે છે. પ્રેમાનંદે 'સુદામાચરિત્ર' અને 'કુંવરબાઈનું મામેરૂં' જેવી આખ્યાન કૃતિઓ રચ્યા પછી લગભગ ત્રણ વર્ષે આ કૃતિની રચના કરી હતી. દોઢ દાયકાની કાવ્યસર્જન પ્રવૃત્તિ પછીની સિદ્ધહસ્ત આખ્યાનકવિની હથોટી, પકવતા અને કુશળતા પ્રદર્શિત કરી શકવામાં પ્રેમાનંદ અહીં સફળ થયા છે. એટલે જ કનૈયાલાલ મુનશી કહે છે કે 'પરંપરાગત નમૂનાની એક ઉત્તમ કૃતિ સર્જવાનો' કવિનો પ્રયાસ રહ્યો છે. આ પ્રયત્નમાં કવિને જે સફળતા મળી છે તે એમનું નળાખ્યાન જ કહી આપે છે.

## 15.4 પ્રેમાનંદે મૂળ કથામાં કરેલા ફેરફારો

ગુજરાતી ભાષામાં ઈ.સ.ની ચૌદમી સદીથી આ કથાને નિરૂપતાં સંખ્યાબંધ કાવ્યો રચાયાં છે. પ્રેમાનંદની કૃતિ પહેલાં લખાયેલ જૈનેતર કવિઓની નળ કથામાં ભાલણ, નાકર, વિષ્ણુદાસ અને અવિચળદાસની કથાઓ ધ્યાનપાત્ર છે. જૈન કવિઓમાં ઋષિવર્ધન, મહીરાજા, નયસુંદર અને સમયસુંદરનાં 'નલ–દમયંતી રાસ' વગેરે મળે છે. જૈનેતર કવિઓ મોટેભાગે મહાભારતની નળકથાને અનુસર્યા છે. જયારે જૈન કવિઓ પાંચમાં છઠા સૈકામાં મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલ ધર્મસેન ગણિકૃત 'વસુદેવ હિંડી' ને અનુસરી એમાં દમયંતીના પૂર્વભવની ઘટના ઉમેરી, બીજા નાના મોટા ફેરફારો કર્યા છે. અને એ રીતે દ્યૂતની અનિષ્ટતા ઉપરાંત કર્મની પ્રબળતા અને જૈનધર્મનો મહિમા દર્શાવ્યાં છે.

પ્રેમાનંદ એમનાં 'નળાખ્યાન'માં મહાભારતની નળકથાને અનુસર્યા છે. પણ પોતાના પુરોગામી ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગરે કવિઓએ એમાં કરેલા ફેરફાર અને ઉમેરણોનો લાભ લઈ પોતાની પ્રતિભા અનુસાર ફેરફાર કે ઉમેરા કર્યા છે. તેમાંના કેટલાક ફેરફાર અને ઉમેરા હવે જોઈએ.

⇨ મહાભારતમાં રાજય હારી પાંડવો કામ્યક વનમાં જાય છે એવું લખેલ છે. પ્રેમાનંદ દ્વૈતવન લખે છે. બૃહદશ્વ મુનિ 'મહાભારત' માં યુધિષ્ઠિરના પ્રશ્નનો જે જવાબ આપે છે એના કરતાં 'નળાખ્યાન' માં જુદી રીતે આપે છે. ભાલણ એ માટે ૪૬ કડીનાં ત્રણ કડવાં રોકે છે. એણે મૂળ પ્રસંગમાં દુઃખિયાની યાદી ઉમેરી પ્રસંગ કરૂણ–ગંભીર બનાવ્યો છે. નાકર પણ મહાભારતને અનુસરે છે. એણે યુધિષ્ઠિરના ભાઈઓનાં વર્તન વિશે બૃહદશ્વ ઋષિ સમક્ષ ફરિયાદ કરી છે. તેમાં વિનોદનું આલેખન કર્યું છે. પ્રેમાનંદ નાકરના નિરૂપણનું અનુસરણ કરી હાસ્યને વધુ સ્પષ્ટ અને સચોટ બનાવે છે.

⇨ મહાભારતમાં નળ અને દમયંતીનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે. અને દૂતો દ્વારા એકબીજાનાં રૂપગુણની પ્રશંસા સાંભળી એઓ અનુરાગવાળાં થાય છે. ભાલણ એમાં નળ માટે અલંકાર વર્ણન ઉમેરે છે. નાકર મહાભારતને અનુસરે છે. જયારે પ્રેમાનંદ નળના આદર્શ રાજયનું, તેથી પુષ્કરના મનમાં ઉદભવતી ઈર્ષ્યાનું અને એને લીધે પુષ્કરના વનવાસનું–માનસી રાજયનું વર્ણન કરે છે. આ નિરૂપણ પ્રેમાનંદનું સ્વતંત્ર છે. આ દ્વારા પ્રેમાનંદ ગુજરાતી સમાજમાં રહેલ પિતરાઈ ભાઈની ઈર્ષ્યાનો પરિચય કરાવી જાય છે.

⇨ મહાભારતમાં એવો ઉલ્લેખ છે કે દમયંતીમાં અનુરકત થયેલો નળ વ્યાકુળ થઈને અંતઃપુર નજીકના બગીચામાં જાય છે. ત્યાં હંસોને જુએ છે. એક હંસને તે પકડે છે. હંસ પોતાને જીવતો છોડી દેવા આજીજી કરે છે. નળ છોડી દે છે ત્યારે તે હંસ દમયંતી સામે જઈ અને નળનો મોહ લગાડે છે. તે સ્વેચ્છાએ આ કામ કરે છે. ભાલણ અને નાકર મહાભારતને અનુસરે છે. પરંતુ પ્રેમાનંદ નળના હૈયામાં દમયંતી પ્રત્યે આકર્ષણ જન્માવવા નારદના પાત્રનો ઉપયોગ કરે છે. આ પ્રસંગને તે કડવા ૩ થી ૬ માં બરાબર ખીલવે છે. પ્રેમાનંદ અહીં એક એકથી ચડિયાતા અલંકારો દ્વારા દમયંતીનું અપ્રતિમ સૌંદર્ય વર્ણવે છે. આ વર્ણનથી જ નળ એમ કહે છે કે...

નહિ મુજ તણી એ જોડ,

એજ નળ નારદને વીનવે છે કે,

સ્વામી ! પરણાવવાની કોહો કળ.

પછી તે મૃગયા રમવા વનમાં જાય છે. ત્યારે દમયંતીમાં મગ્ન નળને કામજ્વર સતાવે છે. તેને સમાવવા તે કેળને આલિંગન આપે છે. ત્યાં હંસને જોતાં એને પકડે છે. હંસ વિલાપ કરે છે. પોતાને છોડી મૂકવા આજીજી કરે છે. આ આખો પ્રસંગ પ્રેમાનંદનું મૌલિક સર્જન છે. નળની દમયંતી માટેની તાલાવેલી, હંસ પ્રત્યે ઉત્કટ મિત્ર સ્નેહ અને હંસ તરફથી કાર્યસિધ્ધિની ખાતરી અહીં રસિકતાથી આલેખાયાં છે. પ્રેમાનંદે ચોથા કડવામાં દમયંતીનું વર્ણન કર્યું છે. તેમાં નાકરના નળાખ્યાનનો આધાર લીધો હોય એમ વિદ્વાનો માને છે. અહીં પ્રેમાનંદે સ્વતંત્ર અલંકાર પ્રયોજયા છે. એમાં પ્રેમાનંદની કલ્પના અને ચાતુર્ય તરત ધ્યાન ખેંચે છે.

''નારદ કહે 'એ સર્વ પહેલી બ્રહ્માએ ઘડી રાખી,
પૃથ્વીમાં અવતારી નહિ, ભરથાર એહેવા પાખી.'''

પ્રેમાનંદ દમયંતીનું વર્ણન કરતાં જે કલ્પના અને અતિશયોક્તિ વાપરે છે તે...

''કહે નારદ, સાંભળીએ રાજા, મીન, ખંજન, મધુકર,
નેત્ર ભ્રગુટી દેખીને, વન, જળ, કમળ, કીધાં ઘર.''

યથાસ્થાને રસ જમાવવાની પ્રેમાનંદની આખ્યાન કલાના અહીં દર્શન થાય છે. આમ કરવાં જતાં પ્રેમાનંદ નારદ અને નળના ગૌરવને ખંડિત કરે છે. અહીં એક બાબત એ પણ સુંદર બની છે કે 'એહેની નાર કરજો વિલાપ' જેવી હંસની ઉક્તિ દ્વારા નાટયાત્મકતા બતાવવાની પ્રેમાનંદની સૂઝ દાદ માંગી લે છે.

⇨ હંસ વિદર્ભ દેશમાં દમયંતી પાસે જઈ નળની પ્રશંસા કરી એને એની લગની લગાડે છે. પછી નળ પાસે આવી દમયંતી ઉપર નાખેલ મોહજાળની તથા એનાં વિરહ અને સૌંદર્યની વાત કરે છે. એ પ્રસંગ પ્રેમાનંદે ખીલવ્યો છે. અહીં 'હોજમાં હથેળી વડે કમળ નો દેખાવ કરીને હંસને લલચાવતી દમયંતીની યુક્તિ' એ કવિનું મૌલિક સર્જન છે. તે કવિની રસિકચતુર કલ્પના દર્શાવે છે. નળ અને દમયંતીના રૂપની પ્રશંસા કરવા પ્રેમાનંદ અહીં સંસ્કૃત 'નૈષધિય ચરિત' પ્રેરિત ભાલણ અને નાકરના કેટલાક અલંકારોનો ઉપયોગ કરે છે. હંસ અને દમયંતીના સંવાદ કેટલીક રમૂઝ તો કેટલીક સમકાલીન માન્યતાઓ બતાવે છે. કડવા ૧૩ ની પાંચમી કડીમાં નાટયાત્મક વક્રોક્તિ સુપેરે વ્યકત થઈ છે. તેથી કરીને આખ્યાનનો આ ભાગ રસિક બન્યો છે. એ પ્રેમાનંદની સફળતા અને સિધ્ધિ છે.

⇨ મહાભારતમાં દમયંતીનાં વિરહની વાત એની સખીઓ એના પિતાને કહે છે. ત્યારે તે સ્વયંવર રચે છે. તે દેશ–દેશના રાજાઓને બોલાવે છે. એ વખતે નારદ સ્વર્ગના દેવોને દમયંતીના સૌંદર્યની વાત કરે છે. એ સાંભળી ઈન્દ્ર, યમ, અગ્નિ અને વરૂણ સ્વયંવરમાં જવા નીકળે છે. રસ્તામાં નળને જોઈ તેઓ ચકિત થઈ જાય છે. એને દમયંતી પાસે જઈ પોતપોતાની ભલામણ કરવા કહે છે. નળ સહમત થાય છે. અને દેવો પાસેથી અદ્રશ્ય રહેવાની શકિત મેળવી દમયંતીને એના આવાસમાં મળે છે. પોતાની ફરજ નળ પ્રામાણિકતાથી નિભાવે છે. પણ દમયંતી એને કહે છે કે 'જો તું મને નહિ વરે તો હું મારા પ્રાણ તજીશ.' નળ પાછો ફરી આ વાત દેવોને કહે છે. પછી સ્વયંવરમાં દમયંતી એકસરખી આકૃતિ વાળા નળ જુએ છે. ત્યારે વડીલો પાસેથી સાંભળેલાં દેવોનાં લક્ષણોને યાદ કરી નળને ઓળખી કાઢે છે. અને એના ગળામાં માળા આરોપે છે. દેવો આથી પ્રસન્ન થઈ નળને આઠ વરદાન આપે છે.

ત્યારબાદ નળ દમયંતી સાથે નિષધ દેશ આવે છે. ભાલણ આ બાબત માટે ટૂંકાણમાં મહાભારતને અનુસરે છે. નાકર પણ આ વર્ણન ટૂંકુ કરે છે. પરંતુ એમાં દેવો પાસેથી દિવ્યચક્ષુ મેળવીને દમયંતી પાસે ગયેલો નળ પોતાની નિંદા કરે છે. નળે કરેલી પોતાની નિંદા અને ચાતુર્ય પ્રયોગ નાકરે ઉમેરેલાં છે.

પ્રેમાનંદે નાકરના ઉમેરાને અનુક્રમે ૨૧ મા અને ૨૨ મા કડવામાં સમાવી લીધા છે. તો મહાભારતથી જુદા ફેરફાર પણ કર્યા છે. વિરહ વેદના અનુભવતી દમયંતીને કોઈની નજર લાગી છે, એમ માનીને એની મા એના માથા ઉપરથી અનાજના દાણા ઉતારે છે. ત્યારે દમયંતી એની માને કહે છે....

''ગરઢાં માણસ ઢોર,
પરણ્યાં કુંઆરાં કાંઈ ન પ્રીછે ફોક કરવો શોહોર.''

સમકાલીન જીવનના રંગો પૂરવા જતાં અહીં ઔચિત્ય જળવાતું નથી અને દમયંતીનું પાત્ર સામાન્ય બની જાય છે. દેવો સ્વયંવરમાં આવવા નીકળે છે એ પ્રસંગને પણ પ્રેમાનંદે ૧૭ મા ૧૮ માં કડવામાં બરાબર ખીલવ્યો છે. દેવોના હૃદયમાં દમયંતી માટે ઉત્સુકતા જન્માવવા પ્રેમાનંદે એક રસિક તર્ક ઉમેર્યો છે. ઈન્દ્ર નારદને પૂછે છે કે પૃથ્વીનો કોઈ પુરૂષ કેમ હમણાં અમારે ઘેર આવતો નથી ? ત્યારબાદ નારદ જવાબ આપે છે. પૃથ્વીમાં લોકો 'દમયંતી દમયંતી કરતાં મરે છે તે બધા જમપુરીમાં જાય છે આ સાંભળી દેવો એક બીજાથી છૂપી રીતે સ્વયંવરમાં આવે છે. પણ એ બધા ભેગા થઈ જાય છે. પણ પોતાના આગમનનો સાચો હેતુ કોઈ પ્રગટ કરતા નથી. ઉપરથી દમયંતીની નિંદા કરી એને પરણવાની આશા તજી દેવાની એક બીજાને અંદરો–અંદર સલાહ આપે છે. પ્રેમાનંદ ના આ ઉમેરામાં એની સૂક્ષ્મ હાસ્યરસ પ્રગટ કરવાની શકિત જોવા મળે છે.'

દેવોનું દૂતકાર્ય કરાવવા પ્રેમાનંદ નળને જોગીવેશ લેવડાવે છે. અને દમયંતીના આવાસનું અને એની દાસીઓનું ચિત્રાત્મક વર્ણન કરે છે. (૧૯, ૨૦ મું કડવું) નળ દમયંતીને દેવો સાથે પરણવા સમજાવે છે. જ્યારે દમયંતી નળ પ્રત્યેના પક્ષપાત અને પ્રેમ વ્યક્ત કરે છે. આ પ્રસંગ વિસ્તારીને પ્રેમાનંદ સંવાદ કૌશલ્ય અને સર્જન ચાતુર્ય બતાવે છે.

સ્વયંવરનું વર્ણન પ્રેમાનંદનું સ્વતંત્ર સર્જન છે. કડવાં ૨૪ થી ૨૮ સુધી તે કામવિહવળતાની ભારે મશ્કરી કરી હાસ્યરસની છોળો ઉડાડી છે. આ આખા પ્રસંગને પ્રેમાનંદે નાટયાત્મક રૂપ આપ્યું છે.

મહાભારતમાં અને ભાલણના નળાખ્યાનમાં દેવો સ્વયંવર પછી નળને વરદાન આપે છે પણ દમયંતીને કશું વરદાન આપતા નથી, પ્રેમાનંદમાં દેવો દમયંતીને વરદાન આપે છે. 'અમૃતસ્રાવિયા હજો તાહારા કર' આ વાત નાકર, વિષ્ણુદાસ અને અવિચળદાસની રચનાઓમાંથી પ્રેમાનંદે લીધી છે. માછલાં જ્યારે દમયંતીના હાથથી સજીવન થઈ જતા રહે છે ત્યારે નળ તેણે જ ખાધાં હશે એમ માની લે છે.

⇨ મહાભારતમાં દમયંતીને પરણવામાં નિષ્ફળ ગયેલો કળિયુગ નળ પર વેર લેવાના સોગંદ લે છે. તે દ્વાપર સાથે સંધિ કરે છે. અને પ્રસંગ મળતાં નળના દેહમાં પ્રવેશ કરે છે. પછી પુષ્કર પાસે જઈ એને જીતાડી આપવાનું વચન આપી નળ સાથે દ્યુત રમવા ઉશ્કેરે છે. દ્યૂતમાં નળ પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે. શરત મુજબ નળ અને દમયંતી એકેક વસ્ત્ર પહેરીને વનમાં જાય છે. આ પહેલા જ દમયંતી પોતાના પુત્ર પુત્રીને પોતાના પિતા ભીમકને ત્યાં મોકલી આપે છે. દ્યૂત પ્રસંગ વખતે ભાલણ કળિને બળદ અને દ્વાપર ને પાસો બનાવે છે. પુષ્કર વૃષભને દાવમાં મૂકી દ્યૂતમાં વિજય પામે છે. નાકરના નળાખ્યાનમાં પુષ્કર જણાવે છે કે દ્યૂતમાં દાવમાં મૂકવા પોતાની પાસે કાંઈ નથી. તેથી કળિ એને દાવમાં મૂકવા એક બળદ આપે છે. પછી રમતમાં કળિ પાસામાં અને દ્રાપર સોગઠામાં પ્રવેશ કરે છે. પ્રેમાનંદ અહીં ભાલણ અને નાકરને અનુસરે છે. પણ કળિને પાસા અને દ્વાપર ને વૃષભ બનાવે છે. એટલો નજીવો ફેરફાર કરે છે.

મહાભારતમાં નળ અને પુષ્કરના દ્યૂતનું વર્ણન વિસ્તૃત છે. તેને અનુસરી ભાલણ આ પ્રસંગ પાછળ બે કડવાં રોકે છે. ત્યારે પ્રેમાનંદ થોડી લીટીઓમાં જ આ પ્રસંગને ૩૦ મા કડવામાં પૂરો કરી ૩૧મા કડવામાં વનમાં જતી વખતે બાળકોને મોસાળ વિદાય કરતી દમયંતીનો હૃદયભેદક કરૂણ પ્રસંગ આલેખે છે.

⇨ મહાભારતમાં વનમાં ઘણા દિવસો ભૂખે વિતાવ્યા પછી નળ એક દિવસ સોનેરી પાંખવાળા પંખીઓને જુએ છે અને તેઓને પકડવા પોતાનું એકમાત્ર વસ્ત્ર તેમના પર નાખે છે. પંખીઓ એ લઈને ઉડી જાય છે. આવી પરિસ્થિતિમાં નળ દમયંતીને એને પિયર જવા સમજાવે છે. પણ દમયંતી માનતી નથી. રાત્રે એક જ વસ્ત્ર લપેટીને તેઓ સૂતા હોય છે. તે વખતે કળિથી કલુષિત મનવાળો નળ નજીકમાં આવી પડેલી છરીથી વસ્ત્ર કાપી નાખી, ખૂબ મનોમંથન પામી, દમયંતીને ત્યજી જાય છે. આ પ્રસંગ બાબતે ભાલણ– મહાભારતને અનુસરે છે. પણ નાકર, વિષ્ણુદાસ અને અવિચળદાસ દમયંતીના ત્યાગના કારણરૂપ મત્સ્ય સજીવન પ્રસંગ ઉમેરે છે. પ્રેમાનંદ પણ પુરોગામીઓના આ ઉમેરાનો લાભ ઉઠાવે છે. એમાં નળ દમયંતીનો હડહડતો તિરસ્કાર કરે છે. તે હંસે પોતાને દ્યૂત ન રમવાની અને સ્ત્રીનો વિશ્વાસ ન કરવાની આપેલી શિખામણ યાદ કરે છે. પ્રેમાનંદે આ પ્રસંગમાં દમયંતીને કબૂલ કરતી બતાવી છે. 'ક્ષુધા પાપણીએ મચ્છ ભક્ષ્યાં મેં, રહેવાયું નહિ રાણા' પ્રેમાનંદે દમયંતીને અતિશય દીન બનતી અને નળને અતિશય ક્રૂર બનતો બતાવ્યો છે. દમયંતીના ત્યાગ વખતનો નળ જે વિલાપ કરે છે. (કડવા ૪૪ માં) તે પ્રસંગ પ્રેમાનંદે સ્વતંત્ર રીતે ઉમેરેલો છે. રસ જમાવટની શકિત ત્યાં સરસ વ્યકત થઈ છે.

⇨ મહાભારતમાં દમયંતીને છોડી ગયા પછી નળ વનમાં આગળ જતાં દાવાનળ જુએ છે. અને 'પુણ્યશ્લોક મને બચાવો એવી બૂમો સાંભળે છે, નળ અગ્નિમાં પ્રવેશ કરી કર્કોટક નાગને બહાર કાઢે છે. ત્યારે અગ્નિ વિનાના ખુલ્લા ભાગમાં એને મૂકવા જતાં નળને કહે છે' 'મને જમીન પર મૂકતાં પહેલાં પગલાં ગણતો ગણતો પાછો જા.' હું તારૂં શ્રેય કરીશ. નળ પગલાં ગણતાં ગણતાં દશમાં પગલે 'દશ' કહે છે, કે તરત જ કર્કોટક નાગ એને ડંખ મારે છે. કારણ કે 'દશ' નો બીજો અર્થ 'ડંખ માર' એવો થાય છે. એના ઝેરને લીધે નળનું આખુ શરીર કાળું–બેડોળ થઈ જાય છે. આમ કરવાના કારણમાં કર્કોટક નળને કહે છે કે હવે તને કોઈ ઓળખી શકશે નહિ. કળી તારા દેહમાં સુખે રહી શકશે નહિ. પછી નાગ નળને ઋતુપર્ણ પાસે જવા અને અશ્વવિદ્યા ના બદલામાં ગણિત વિદ્યા મેળવવા કહે છે. વધુમાં અને મૂળ સ્વરૂપ મેળવવા એક જોડી કપડાં આપે છે. કર્કોટકની આ સલાહ મુજબ નળ બાહુકનું નામ ધારણ કરીને ઋતુપર્ણ રાજાને ત્યાં અશ્વપાલક તરીકે રહે છે. ત્યાં દમયંતીના ત્યાગ બદલ પશ્ચાતાપ કરતો દિવસો પસાર કરે છે.

ભાલણ અને નાકરમાં આ પ્રસંગ મહાભારત અનુસાર છે. પરંતુ પ્રેમાનંદના 'દશ' શબ્દનો શ્લેષ આવતો નથી. પ્રેમાનંદમાં કર્કોટક નળનો આભાર માન્યા પછી તરત જ ડંખ મારે છે. જે ભાગ્યે જ ઉચિત ગણાય. આ પ્રસંગ વિસ્તારથી અપાયેલ છે. જયારે પ્રેમાનંદે એને ટૂંકાવી દીધો છે. પ્રેમાનંદ તો ઋતુપર્ણની રાજયસભામાં થતી નળની મશ્કરી આ રીતે બતાવે છે. 'આ તો રૂપે જાણે બીજો નળ' તથા 'કોણ છો રૂપના ધામ' જેવા નાટય હાસના પ્રયોગોવાળી બાહુકની મશ્કરી ઉમેરી શ્રોતાઓને હસવાની તક પૂરી પાડે છે. પ્રેમાનંદ કર્કોટકે ત્રણ વસ્ત્ર આપ્યાનું કહે છે.

⇨ મહાભારતમાં દમયંતીના વીતકોનું વર્ણન છે. નળ એને છોડી જાય છે. પછી એ વનમાં વિલાપ કરે છે. તે સમયે અજગરના મુખમાં આવી પડતાં તેને પારધી બચાવે છે. તેને શાપ આપી બાળી નાખે છે. વનમાં પ્રાકૃતિક તત્વોને નળની ભાળ પૂછતી દમયંતી, તાપસોનું આશ્વાસન, વણઝારાનો આશ્રય અને મા, દમયંતીની માસી તેને ઓળખતી નથી. એનું દુઃખ જોઈ સુનંદા સખી તરીકે રાખે વગેરે પ્રસંગોમાં પ્રેમાનંદ કંઈ ફેરફાર કરતા નથી. નજીવા ને નામના એવા ફેરફાર કરે છે. પારધીની દમયંતી પર આશકિત અને દમયંતીનાં શાપને પ્રેમાનંદે વિસ્તારથી રજૂ કર્યો છે. માસીને ત્યાં દમયંતી ઉપર મૂકવામાં આવતો હારચોરીનો આરોપ કવિનું સ્વતંત્ર નિરૂપણ છે. એ વખતનો ઈન્દુમતી અને દમયંતીનો સંવાદ તેમજ ભાવાનુકુળ ઢાળમાં દમયંતીની પ્રભુપ્રાર્થના પ્રેમાનંદની સર્જકકલાના ઉત્તમ ઉદાહરણ રૂપ છે. દમયંતી ઉપર પડતાં દુઃખની અહીં પરાકાષ્ટા બતાવાઈ છે. બધા પ્રસંગોમાં પ્રેમાનંદે કરેલા ફેરફાર એ છે કે એણે કળિની માયાના બનાવો વધારી દીધા છે. મહાભારતમાં નળ–દમયંતી ઉપર સ્વાભાવિક રીતે જ આપત્તિઓ આવી પડે છે તેને પ્રેમાનંદે કળીની માયા–કળીના ચમત્કારો તરીકે વર્ણવી છે.

⇨ મહાભારતમાં ભીમકે દમયંતીની કરાવેલી શોધનું વર્ણન આવે છે. તેમાં સુદેવ નામનો બ્રાહ્મણ લલાટ મધ્યે તલની નિશાનીથી ઓળખી કાઢે છે. તે પહેલાં દમયંતી અને સુદેવ વાતચીત કરે છે. રાજમાતાને ખાતરી થતાં તે આનંદ પામે છે. પછી રક્ષકસેના સાથે સુદેવ દમયંતીને લઈને વિદર્ભ આવી પહોંચે છે. ઘણા સમય પછી પોતાના બાળકોને મળતાં દમયંતીને ખૂબ આનંદ થાય છે. ભાલણ અને નાકર આ આખોય પ્રસંગ નજીવા ફેરફારો સાથે મહાભારત અનુસાર કરે છે પરંતુ પ્રેમાનંદ એને બરોબર ખીલવે છે. ટહેલ નાખતા બ્રાહ્મણ સુદેવનું આબેહૂબ વર્ણન કરે છે. સુદેવ અને દમયંતીના મિલનનું વર્ણન હૃદયસ્પર્શી બનાવ્યું છે. એ બંનેનો સંવાદ પણ સ્વાભાવિક, સજીવ અને અંતરમાં ઉભરાતી લાગણીઓથી ભરેલો છે. (કડવું ૪૮) દમયંતી સુદેવ સાથે પિતાને ઘેર આવે છે. એ વખતે એના હૃદયમાં ઉભરાતાં ઔત્સુકય અને ઉલ્લાસનું તેમજ દમયંતી ઘેર આવતાં સગા–સ્નેહીઓને તથા આનંદનું પ્રેમાનંદે વિસ્તારથી વર્ણન કર્યું છે. આ બાબત કવિની પ્રત્યક્ષીકરણની અને છટાથી ચિત્રો ખડાં કરવાની શકિતનું સુંદર દ્રષ્ટાંત છે.

⇨ દમયંતી કુંદનપુર આવી ગયા પછી નળની શોધમાં સુદેવ ટહેલિયો બનીને જાય છે અને ઋતુપર્ણને દમયંતીના ખોટા સ્વયંવરની કંકોતરી આપવા પણ સુદેવ જ જાય છે. (કડવું ૫૧, ૫૨) દમયંતી આ બંને કામગીરી સુદેવને સોંપે છે. એમાં પિતાની કે માતાની સંમતિ લીધી હોય એવો કયાંય ઉલ્લેખ આવતો નથી. મહાભારત અને ભાલણના 'નળાખ્યાન'માં ટહેલના શ્લોકો કરતાં જુદી છે. સુદેવને આ ટહેલ નાખવાનું દમયંતી જ શીખવે છે. તેમાં એણે નળ ને માટે 'ધિક તું ને', 'જાત નીવડી નેટ રે', 'કુળ લજાવ્યું' વગેરે શબ્દો વાપર્યા છે. પ્રેમાનંદે બાહુકનું વર્ણન આબેહૂબ અને સચોટ કર્યું છે.

⇨ મહાભારતમાં દમયંતીના સ્વયંવરની વાત મળતાં જ ઋતુપર્ણ બાહુકને બોલાવે છે. વાત સાંભળતાં નળ દુ:ખી થાય છે. રાજાને એક જ દિવસમાં પહોંચાડવાનું વચન આપે છે. તે વિચારપૂર્વક રથને નબળા ઘોડા જોડે છે. પછી તે પવનવેગે ચલાવે છે. ઋતુપર્ણનું ઉત્તરીય પડી જતાં લેવા જવાની વાત બાહુક માનતો નથી. તે બેઉ એકબીજાની વિદ્યા આપ લે ની વાત કરે છે. એમ થતાં નળનાં શરીરમાંથી કળી નીકળી જાય છે. કળીને શાપ આપવા જતાં નળની કળી ક્ષમા માગે છે. એટલે નળ એને બહેડાના વૃક્ષમાં સ્થાન આપે છે. બદલામાં કળી વચન આપે છે કે જે કોઈ તારી કીર્તિ ગાશે તેને હું નહિ નડું. ઋતુપર્ણ અને વાર્ષ્ણેય કળીને દેખતા નથી. નળ કળીથી મુકત થાય છે. પણ પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરતો નથી. ભાલણ અને નાકર આ પ્રસંગ ટૂંકમાં મહાભારતને અનુસરીને આપે છે. પણ પ્રેમાનંદ ૫૩ માં કડવામાં ઋતુપર્ણના રથના ઘોડાની ચેષ્ટાઓ, ઋતુપર્ણની દમયંતીને પરણવાની તાલાવેલી અને બાહુકનું વિચિત્ર વર્તન વર્ણવી સ્થૂળ અને સૂક્ષ્મ, વિનોદ અને કટાક્ષ, એમ બંને પ્રકારનાં હાસ્યરસની છોળો ઉડાડે છે. એમ કરવા જતાં પાત્રોને હાની પહોંચી છે.

## 15.5 વસ્તુલક્ષી કસોટી –1

આ એકમનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1. પ્રેમાનંદે ‘નળાખ્યાન’ રચના શા માટે કરી ?
2. પ્રેમાનંદે પહેલાં ‘નળાખ્યાન’ ની જૂની રચનાઓ કોની મળે છે ?
3. પાંડવો રાજય હારી કયાં જાય છે ? મહાભારતની કથા અને પ્રેમાનંદની કથાનો ફેરફાર જણાવો.
4. નળના આદર્શ રાજયનું વર્ણન કરો.
5. નળ દમયંતીની પ્રશંસામાં પ્રેમાનંદ કઈ યુકિત અજમાવે છે ?
6. નારદના પાત્રનો ઉપયોગ પ્રેમાનંદ શા માટે કરે છે ?
7. નળ–દમયંતીની હંસે કરેલી પ્રશંસા તમારા શબ્દોમાં વર્ણવો.
8. પ્રેમાનંદ અનુસાર દમયંતી હંસને પકડવા કઈ યુકિત અજમાવે છે ?
9. દમયંતીના સૌંદર્ય વર્ણનમાં પ્રેમાનંદ કઈ નાટયાત્મક ક્ષણો ઉમેરે છે ?
10. નળની વાત સાંભળ્યા પછી દમયંતીની સ્થિતિ મહાભારત અનુસાર કેવી છે તે જણાવો.
11. દમયંતી નળની પ્રશંસાથી જે સ્થિતિ અનુભવે છે તે પ્રેમાનંદ અનુસાર વર્ણવો.
12. પ્રેમાનંદે સ્વયંવરના વર્ણન માટે કઈ કઈ બાબતો વણી લીધી છે ?
13. પ્રેમાનંદે સ્વયંવરમાં હાસ્યરસ જન્માવવા કઈ કઈ ઘટનાઓ નિરૂપી છે ?

# એકમ–16

## નળાખ્યાન : સઘન અધ્યયન–૧

રૂપરેખા

**16.1** ઉદ્દેશ

**16.2** ભૂમિકા

**16.3** વસ્તુસંકલનની વિશેષતા

**16.4** પાત્રનિર્માણ કલા

**16.5** રસનિરૂપણ અને રસસંક્રમણકલા

**16.6** વસ્તુલક્ષી કસોટી

## 16.1 ઉદ્દેશ

આ એકમમાં ‘નળાખ્યાન'ના ત્રણ અભ્યાસ મુદ્દાનું સઘન અધ્યયન રજૂ થયું છે. એ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- ‘નળાખ્યાન'ના –વસ્તુસંકલનની વિશેષતાઓ સમજાશે.
- વિષયવસ્તુની રજૂઆત, નાટયાત્મકતા આદિનો પરિચય થશે.
- પાત્રાલેખન કલા વિશે અભ્યાસપૂર્ણ સજ્જતા તથા વિશ્લેષણ દ્રષ્ટિ કેળવાશે.
- પ્રેમાનંદની રસસિદ્ધિ વિશે સાહિત્યિક આસ્વાદ અને અર્થઘટનને સમજી શકાશે.
- ગુજરાતી સાહિત્યના આદ્ય વિવેચક નવલરામનું વિધાન ‘રસની બાબતમાં કોઈ ગુજરાતી કવિ એના (પ્રેમાનંદના) પેંગડામાં પગ ઘાલે એવો નથી.' અહીં સાર્થક થતું જણાશે.
- પ્રેમાનંદની રસ સંક્રમણ કલાનો પરિચય થશે.

## 16.2 ભૂમિકા

(૧) કોઈ પણ સાહિત્યકૃતિને કલાઘાટ આપવા માટે સર્જકે જે કથાવસ્તુ પસંદ કર્યું હોય એની સંકલના મહત્વનું તત્વ છે. આમ તો સર્જવા ધારેલી કૃતિના કથાવસ્તુમાં એની સંયોજનાની એક ચોકકસ શકયતાઓ રહેલી જ હોય છે. સમર્થ સર્જક એ શકયતાઓને પારખી તેને અનુરૂપ કાવ્યની સંયોજના કરે ત્યારે કૃતિ કલાત્મક રૂપ સિધ્ધ કરે છે. મધ્યકાળમાં મોટેભાગે મૂળ કથામાં ઉચિત, લોકરૂચિને અનુસરીને ફેરફારો કરી આખ્યાનનું કથાવસ્તુ ઘણા સર્જકો ઘડતા. એમાં પ્રેમાનંદ સારી એવી ફાવટ ધરાવે છે. પ્રેમાનંદ જેવા સિધ્ધહસ્ત આખ્યાનકારે તો મૂળ વસ્તુમાં ફેરફારો કરવામાં અનેરી કુશળતા દાખવી છે. ‘નળાખ્યાન'ની વસ્તુસંકલનાની સમીક્ષા કરતી વખતે ઉપર્યુકત દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીશું. મહાભારત અને પુરોગામીઓની નળ–દમયંતી વિષયક કથાનો યથોચિત લાભ લઈને રચાયેલ ‘નળાખ્યાન' નું સંકલન પ્રેમાનંદે ખૂબ જ કલાત્મક રીતે કર્યું છે. કથાવસ્તુને વિકસાવવામાં એના જુદા જુદા અંશોને એકમેક સાથે સાંકળવામાં અને કાર્યવેગને ત્વરિત બનાવવામાં કવિએ કુશળ કલાકારને છાજે એવી સૂઝ બતાવી છે. હાસ્ય, શૃંગાર, કરૂણ, અદભૂત રસો અને નળ–દમયંતીને પડતાં દુઃખો પછી કરવો પડતો સંઘર્ષ વગેરે નળાખ્યાનની સફળતામાં પ્રેમાનંદીય વસ્તુસંકલનાની સૂઝનો ફાળો ઘણો છે.

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનકાર તેજસ્વી સર્જક પ્રેમાનંદ અજોડ છે. તેઓ અપૂર્વ સર્જન કરનારા કથાકાર છે. તેમની પ્રતિભા આ કાળપર્યંત જીવતી રહેશે. પ્રેમાનંદ સમાજના અને શાસ્ત્રના અચ્છા જાણતલ છે તેથી પોતાની આખ્યાનકૃતિનાં પાત્રો સજીવ, સ્વાભાવિક અને ચૈતન્યથી ધબકતાં બનાવી શકયાં છે. પ્રેમાનંદને મનુષ્યમાં મનુષ્ય તરીકે ઉત્કટ રસ હોવાથી પાત્રોનાં ભાવસંવેદનો અને મનોમંથનો સાથે તદરૂપ બનીને એમનું તટસ્થાપૂર્વક નિરૂપણ કરી શકે છે. આ આખ્યાનમાં નાયક નાયિકા નળ અને દમયંતીનું આંતર બાહ્ય વ્યકિતત્વ, દમયંતીના પિતા, નળનો ભાઈ પુષ્કર, દેવો, નારદ, દેવની પત્નીઓ, કળિયુગ અને દ્વાપર, ઋતુપર્ણ રાજા, બાહુક, દમયંતીની માસી, સુદેવ નામનો બ્રાહ્મણ, નગરના લોકો, રાજમહેલના સેવકો, ચોકીદાર વગેરેનું કવિએ ઝીણવટભર્યું, સ્વાભાવિક, વાસ્તવિક અને તાદ્રશ્ય વ્યકિતત્વ ઉપસાવ્યું છે. પાત્ર નિરૂપણ કરતી વખતે પ્રેમાનંદ ઓછા શબ્દોમાં ભાવ સંવેદન અને વર્ણન કરી જાણે છે. એટલામાંય તે પાત્રને બરાબર ઘડી કાઢે છે, ઉપસાવે છે એટલે જ એમ કહી શકાય કે પ્રેમાનંદની પાત્ર નિર્માણ શકિત અસાધારણ છે. આખ્યાનોમાં સામાન્ય રીતે પૌરાણિક પાત્રો આલેખાતાં હતા. આખ્યાનકાર જો મૂળને વફાદાર રહી પાત્ર આલેખે તો તે પૂતળાં જેવા નિષ્પ્રાણ થઈ જવાની સંભાવના રહે છે. પ્રેમાનંદ પૌરાણિક પાત્રોને રકત ધબકતાં અને જીવંત બનાવતી વખતે પૌરાણિક પાત્રોની ગરીમા જાળવતા નથી છતાં તેમનાં પાત્રો સવિશેષ લોકપ્રિય બન્યાં છે.

(૩) પ્રેમાનંદ રસસ્વામી છે. આપણે એ જાણીએ છીએ કે રસ કાવ્યનો આત્મા છે. માનવ લાગણીઓને સરસ રીતે આલેખીને પ્રેમાનંદે સર્જન કર્યું છે. એમની એ રસઅભિવ્યકિત આપણને અખંડલહરીનો અનુભવ કરાવે છે. તેમ રસનિરૂપણ અને રસસંક્રાતિ ની શકિતને આપણા ઉત્તમ વિવેચક નવલરામે ઉચિત રીતે જ બિરદાવી છે. તેમણે આ વિશે કહ્યું છે કે ‘રસની બાબતમાં કોઈ પણ ગુજરાત કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાકયું તીર મારનાર તો પ્રેમાનંદ જ. એ ધારે ત્યારે રડાવે છે, ધારે ત્યારે હસાવે છે અને ધારે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે. એની વધારે મોટી ખૂબી એ છે કે એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી. અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશ માત્ર પણ રસભંગ થતો નથી.’ આ આખ્યાનમાં રસનિરૂપણ અને રસસંક્રાન્તિ કેવી રીતે થયાં છે એ હવે જોઈએ.

## 16.3 વસ્તુસંકલનની વિશેષતા

કથાવસ્તુ હોય પરંતુ એની સંકલના કરનાર સર્જક કાબેલ ન હોય તો કૃતિને ન્યાય આપી શકે નહિ. જૂના વસ્તુને પણ કુશળ કવિ કલાત્મક ગૂંથણી કરી તેની સંકલના દ્વારા નવું રૂપ પ્રદાન કરી શકે છે. ‘પ્રસ્તુત’ આખ્યાનમાં પ્રેમાનંદે કરેલી વસ્તુસંકલના તેના કવિકર્મની, સર્જકતાની સંતર્પક પ્રતીતિ કરાવે છે. ૬૫ કડવાની આ કૃતિ એના વસ્તુના પ્રમાણમાં લાંબી છે. નળ–દમયંતીના લગ્નની વાત સુધીની કથા જ આખ્યાનનો અડધો ભાગ રોકી લે છે. છતાં આ વિસ્તાર આપણને ગમ્યો છે તે જ કવિ પ્રેમાનંદની સફળતા છે વસ્તુસંકલનાની અને વિશિષ્ટ વર્તનરીતિની.

પ્રથમ કડવામાં એક જ કડી દ્વારા મંગલાચરણ કરી આખ્યાનની ભૂમિકા બાંધી દે છે. બૃહદશ્વ–યુધિષ્ઠિર સંવાદ દ્વારા કવિ આખ્યાન કથાનું પ્રવેશદ્વાર ખોલે છે. અર્જુનના વિયોગથી વનમાં દુઃખ પામનાર યુધિષ્ઠિરને સાંત્વન આપવા બૃહદશ્વઋષિ તેને નળકથા સંભળાવે છે. કથાના નાયક નળનો પરિચય કવિ બીજા કડવામાં આપે છે. અને ત્રીજા કડવામાં નારદમુનિને લાવી નળ દમયંતીના પ્રણયલગ્નની ભૂમિકા બાંધી દે છે. આ કૃતિ પ્રેમ અને પરિણયની કથા છે. તેથી કવિએ નાયિકાનું રૂપ વર્ણન અને પ્રશંસા જરા વિસ્તારથી કર્યું છે. દમયંતીનું વર્ણન ત્રણ ત્રણ વખત કરી બતાવ્યું છે. પ્રેમાનંદ ત્રીજા કડવામાં નારદ દ્વારા તે આરંભ કરી પાંચમાં કડવા સુધી વિસ્તારે છે. દોઢસો પંકિતઓમાં થયેલું આ રૂપવર્ણન જેમ નળને પ્રસન્ન કરે છે તેમ આપણનેય કંટાળો નથી આપતું. નળના મનમાં દમયંતી પ્રત્યે ઉત્સુકતા જગવવા પ્રેમાનંદે આમ કર્યું છે.

પ્રેમાનંદ હંસ જેવા માનવેતર મને કડવા ૬ થી ૧૫ દરમિયાન કેન્દ્રમાં રાખ્યું છે. નળ–દમયંતીના પ્રથમ મિલનમાં હંસની ભૂમિકા નોંધપાત્ર છે. અનંગ–અગ્નિને શમાવવા વનમાં ગયેલો નળ હંસને પકડે છે. હંસ સાથે મૈત્રી થાય છે. દમયંતીને મેળવવા માટે નળ હંસને મદદ કરવા કહે છે. તેથી હંસ તે કાર્ય છેક લગ્નની તૈયારી સુધી કરી આપે છે. દશેક કડવામાં હંસના મિત્રકાર્યને વર્ણવી ૧૬મા કડવામાં નળના વિરહનો કામ અનુભવતી દમયંતીની દશા વર્ણવી કવિ સ્વયંવરની તૈયારીઓ દર્શાવે છે.

કડવું ૧૭ કથાવસ્તુની સંકલનામાં મહત્વનો ભાગ ભજવે છે. હંસનું કાર્ય પૂર્ણ થતાં હંસ વિદાય લે છે. બીજી બાજુ નળ સ્વયંવરમાં સામેલ થવા વિદર્ભદેશ તરફ પ્રયાણ કરે છે. ત્રીજી બાજુ નળ–દમયંતીના મિલનમાં અવરોધ ઉભો કરવા નારદ સ્વર્ગમાં જઈ દેવોમાં દમયંતીની કામના જગાડે છે. આ બધા તંતુઓને કવિએ આ કડવમાં કુશળતા પૂર્વક વણી લીધા છે. અઢારથી ત્રેવીસમાં કડવા સુધી નળ–દમયંતી અને દેવોના પ્રસંગોનો પૂર્વાર્ધ રજૂ થયો છે. તેમાં દમયંતીના નળને વરવાના સંકલ્પ વિશે જાણી હતાશ થયેલા દેવોના દમયંતીને પામવાનાં હવાતિયાં જોવા મળે છે. દેવોને પ્રેમાનંદ જે પરિસ્થિતિમાં મૂકે છે અને નળ પાસે દૂતકાર્ય કરાવે છે, નળ પર અવિશ્વાસ થતાં નળની તપાસમાં દેવો બીજો દૂત મોકલે છે. આ આખા પ્રકરણમાં નળ યશસ્વી રીતે બહાર આવે છે. અને દમયંતીની નળ પ્રીતિ અફર રહે છે.

સ્વયંવરની તૈયારી ૧૬મા કડવાથી ૨૩મા કડવા સુધી અને ત્યાર પછી આગળ ચાલે છે. અહીં દેવોના પ્રકરણ પર થોડીવાર પડદો પાડી પ્રેમાનંદ આપણું લક્ષ સ્વયંવર તરફ લઈ જાય છે. કડવા ૨૪, ૨૫, ૨૬માં સ્વયંવર મંડપમાં મળેલા રાજાઓનું વર્ણન, દમયંતીનું સ્વયંવર આગમન અને નળના સ્વયંવર આગમનના પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે. દમયંતીનો દમામ ૨૭મા કડવામાં અને નળ–દમયંતીનું લગ્ન ૨૮મા કડવમાં રંગેચંગે પતાવી દે છે. આખ્યાનનો ઉતરાર્ધ હવે શરૂ થાય છે. આ જ કડવામાં એની શરૂઆત પ્રેમાનંદ કરી દે છે. આખ્યાનમાં હવે ખલનાયક કળિનું આગમન થાય છે. તે નળ–દમયંતીને પીડવાનો દુઃસંકલ્પ કરી લે છે. આ બાબત કવિએ આ જ કડવામાં બતાવી છે. તેથી વસ્તુસંકલનાની દ્રષ્ટિએ આ કડવું મહત્વનું બની રહે છે. કડવા ૨૯ થી કવિ કળિની લીલા દર્શાવે છે. કળિનો દોરવાયો પુષ્કર કળિથી મેલા થયેલા નળ સાથે દ્યૂત રમવા જાય છે. ૩૦મા કડવામાં દ્યૂતમાં નળની હાર તથા તેના વનગમનની તૈયારી દર્શાવે છે. બાળકોને મોસાળ વિદાય કરતી વેળા માતા તરીકે દમયંતી જે વિલાપ કરે છે તે પ્રગટ કરવા કવિએ ૩૧મું કડવું ફાળવ્યું છે. ૩૨મા કડવાથી નાયક–નાયિકાના વિતકોનો આરંભ થાય છે. આ કડવામાં મત્સ્યસજીવન પ્રસંગ નિરૂપી કવિ ૩૩મા કડવામાં નળ દ્વારા થતો દમયંતીનો ત્યાગ વર્ણવે છે. દમયંતીનો ત્યાગ કર્યા પછી નળનો વિલાપ અને કર્કોટક નાગના પ્રસંગ દ્વારા નળનું બાહુકમાં પરિવર્તન અને ઋતુપર્ણ રાજાને ત્યાં જતો બાહુક ઋતુપર્ણને ત્યાં ઘોડાહારમાં નોકરી મેળવીને ત્યાં સ્થાયી થતો બાહુક વગેરે પ્રસંગો ૩૫મા કડવા સુધી આલેખી પ્રેમાનંદ નળકથા ને જરા થંભાવી દે છે. ૩૬ થી ૪૫ કડવામાં કવિએ દમયંતીના દુઃખો વર્ણવ્યાં છે. અહીં પ્રેમાનંદે કરૂણ રસને પરાકાષ્ઠાએ પહોંચાડયો છે. ૪૬ થી ૫૦ કડવાની કથામાં દમયંતીના પિતા દ્વારા નળ–દમયંતીની શોધ અને દમયંતીનું પિતાગૃહે આગમન અને દમયંતીનું વૃતાંત વર્ણવ્યા છે. ૫૧મા કડવાથી આખ્યાનનો અંત આરંભાય છે. નળની શોધ માટે કવિએ દશ કડવાં ખર્ચ્યા છે. ૫૩મા કડવામાં કથાને ખૂબ લંબાણથી કહી છે. આ કડવું કથા સંદર્ભે મહત્વનું પણ છે. આ કડવામાં નળ ઋતુપર્ણ પાસેથી ગણિતવિદ્યા પ્રાપ્ત કરે છે. ત્યારે ખલનાયક કળી તેના દેહમાંથી બહાર નીકળે છે. તેની વિદાય સાથે નળની આપત્તિઓ પૂરી થવાની શરૂઆત થાય છે. પત્ની અને બાળકો સાથે નળનો મિલાપ થાય છે. નળ–દમયંતીના ફરીથી મિલન પ્રસંગોમાં બાહુકની પરીક્ષા, દમયંતી બાહુક નો સંવાદ અને નળનું મૂળ રૂપમાં આવવું આ પ્રસંગો અહીં પ્રેમાનંદે આલેખ્યા છે.

નળના પ્રગટ થવાથી રાજકુટુંબમાં તથા નગરમાં ફેલાયેલા આનંદને ૬૨મા કડવામાં વ્યકત કરી કવિએ ૬૩મા કડવામાં ઋતુપર્ણનો પશ્ચાતાપ આલેખ્યો છે. નળ ઋતુપર્ણનું જે સમાધાન કરે છે તે ૬૪મા કડવા માં દર્શાવી કવિ અંતિમ અને મહત્વપૂર્ણ ૬૫મા કડવામાં આખ્યાનની સંયમ અને ઝડપથી પૂર્ણાહુતિ કરે છે. ઋતુપર્ણનું દમયંતીની ભત્રીજી સાથે લગ્ન અને એની વિદાય, નળનું નૈષધદેશ પ્રતિ ગમન અને પુષ્કર પાસેથી પ્રેમપૂર્વક રાજયની પુનઃપ્રાપ્તિ અને આખ્યાનની ફળશ્રુતિ–બધું સમાવી લીધું છે.

આ આખ્યાનની વસ્તુસંકલના બાબતે શ્રી અનંતરાય રાવળ કહે છે એ યથાર્થ છે 'વાર્તાપ્રવાહ એક પછી

એક ઘટના દ્વારા આગળ વધતો જ રહે, અને વચમાં આવતાં રસસ્થાનોનો પૂરતો લાભ ઉઠાવી રસજમાવટ થતી રહે છે, એવી કળા કોઈ પ્રથમ પંક્તિના વાર્તાકારની સૂઝથી પ્રેમાનંદે એમાં દાખવી છે.'

આ આખ્યાનમાં પ્રેમાનંદે ૬૫ કડવાની કથા હોવા છતાં આડકથાઓ ટાળી છે. સીધી પોતાના લક્ષ તરફ ગતિ રાખી છે. તેથી વસ્તુની એકતા સધાઈ છે. નિરૂપણકલાની ફાવટને લીધે કવિ એક ઘટના પછી તરત બીજી ઘટના પર આવી જાય છે. હંસ વિલાપ દમયંતી વિલાપ, નળનું દમયંતી ત્યાગ વેળાનું મનોમંથ, વણઝારા પ્રસંગ, હારચોરીનો પ્રસંગ, સુદેવની ટહેલ, ઋતુપર્ણ બાહુકનું સ્વયંવર અર્થે પ્રયાણ, બાહુક પરીક્ષા, બાહુક–દમયંતી સંવાદ, નળ–ઋતુપર્ણ સંવાદ, પુષ્કરનું હૃદય પરિવર્તન આ બધા પ્રસંગો પ્રેમાનંદને રસસ્થાનો પારખવાની–પકડવાની અને એનો આખ્યાનમાં કેવી રીતે કયાં ઉપયોગ કરવો તેવી દ્રષ્ટિ હતી તે દર્શાવે છે. આખ્યાનમાં આરંભ અને ઉપસંહારમાં કવિએ જરા પણ બિનજરૂરી પ્રસ્તાર કર્યો નથી એ એનો ગૌણ મુખ્ય વિવેક કેવો મજબૂત હતો તે પ્રગટ કરે છે. પ્રેમાનંદે ૬૫ કડવાના આ પ્રમાણમાં લાંબા આખ્યાનમાં કલાત્મક સંકલના દ્વારા સુંદર આકાર સજર્યો છે. વસ્તુ સંકલના દ્વારા સધાતી કાવ્યની આકૃતિ કવિને પાત્રાલેખનની, કથન–વર્ણનની અને રસો નિષ્પન્ન કરવાની એમ અનેક પ્રકારની તકો પૂરી પાડે છે. પ્રેમાનંદે આ તકો ઝડપ લઈ કેવી સિદ્ધિ હાંસલ કરી છે તે જોઈ શકાય છે.

## 16.4 પાત્રનિર્માણ કલા

### (૧) નળ

આ આખ્યાનનો નાયક નળ છે. આ કૃતિ આમ કરૂણ કથા છે. નળ એને અનુરૂપ પાત્ર છે. મૂળ 'મહાભારત'નો નળ તો ધીરોદાત્ત નાયક છે. પ્રેમાનંદે તેને માનવીય ધરાતલ પર ઉતાર્યો હોઈ તેની કેટલીક ગરિમા ખંડિત થઈ છે. પણ કદાચ તેને લઈને મધ્યકાલીન ભાવકોને વધારે ગમ્યાં હશે. કવિએ આ આખ્યાનમાં નળને કામદેવના અંશ રૂપ કહ્યો છે. પરંતુ તે ફકત રૂપવાન જ છે એવું નથી. તે સરસ રાજય ચલાવી જાણે છે. એટલે તે બુધ્ધિશાળી છે. તેણે સમગ્ર દેશને યોધ્ધાઓ વિહોણો કર્યો એમ કહી કવિએ તેની વિરતાને પણ બિરદાવી છે. આવો રૂપવાન, ગુણવાન, શૂરવીર અને દાનવીર રાજા હોય તો તેના રાજયમાં પણ રિદ્ધિ સિદ્ધિ સમૃધ્ધિ છલકાતી હોય એ સ્વાભાવિક છે.

નળ જયારે સર્વગુણ સંપન્ન છે ત્યારે તેને અનુરૂપ નારી મળવી દુષ્કર બને જ. પણ નિત્યપ્રવાસી નારદમુનિ દોષરહિતા દમયંતીના ગુણ વર્ણવી તેને માટે નળના ચિત્તમાં ઉત્કંઠા જગાવે છે. એ ક્ષણથી સમર્થ સમ્રાટ ઉત્કટ પ્રેમી બની જાય છે. અનંગ અગ્નિમાં પ્રજવળતો નળ દમયંતીને કેવી રીતે પ્રાપ્ત કરવી એના વિચારોમાંજ ખોવાયેલો રહે છે. અકસ્માત હંસ સાથે મૈત્રી થવાથી તે તેની મદદ યાચે છે અને હંસ તેને સફળ સહાય કરે છે.

દમયંતી પ્રત્યે અનુરકત નળ તેના સ્વયંવરમાં જવા ઉત્સાહ પૂર્વક નીકળે તો છે પણ દેવો જયારે દમયંતીને પામવામાં તેની મદદ માગે છે ત્યારે પ્રણયી નળ ઉદાસ મનુષ્ય પુરવાર થાય છે. પોતાની અભિલાષાને દબાવી દઈ તે દેવોને સહાય કરવા તત્પર થાય છે. માત્ર દેખાવ ખાતર નહિ પણ પૂરી નિષ્ઠાપૂર્વક તે દૂતકાર્ય બજાવે છે. દમયંતીને દેવોને વરવા માટે સમજાવવામાં તે કોઈ કસર છોડતો નથી. દેવોનો ગુપ્તદૂત પણ તેને સાચા હીરા તરીકે ઓળખાવી કહે છે.

> ''નળ પ્રત્યે મેઘ વર્ષા કરે, નળને સત્યે ધરા શેષ ધરે,
> નળ ન હોય તો મેરૂ નિશ્ચે ડગે, ધર્મ રહ્યો છે નળ લગે.''

દૂતની યોજનામાં નિષ્ફળ જવાથી દેવો પોતે નળરૂપ ધરી નળની સાથે બેસવાની યોજના રજૂ કરે છે. તેને પણ નળ સહજ પણ કચવાટ વિના સ્વીકારી લે છે. આ પ્રસંગે તેની ઉદાસતાની સાથે તેની ઉદારતા અને નિષ્કામના પણ પ્રગટ થાય છે. દમયંતી સાથે નળનાં લગ્ન થાય છે. ત્યાં સુધીમાં નળના વર્તનમાં વ્યવહારમાં તેની પૌરાણિક ગરીમા પ્રગટ થતી જોઈ શકાય છે. પરંતુ આવા આદર્શ પુરૂષ દ્વારા એક નાની ભૂલ થઈ જાય છે. પગ ધોતાં તેનાથી પાની કોરી રહી જાય છે. શૌચ અને સ્વચ્છતામાં રહી ગયેલી આટલી શિથિલતા તેને માટે ભારે અનર્થકારી નીવડે છે. તેના શરીરમાં પ્રવેશવા માટે વર્ષોથી તક શોધતો કળિ આ તક મળતાં તેના શરીરમાં ઘૂસી જાય છે.

કળિના પ્રવેશ પછી સ્વાભાવિક રીતે જ નળના વ્યકિતત્વમાં પરિવર્તન આપે છે. આપણાં વિદ્વાન વિવેચકો તેના

વ્યકિતત્વમાં જે ગ્રામ્યતા, પ્રાકૃતતા, કઠોરતા, સુરુચિભંજકતા દ્રષ્ટિગોચર થયાં છે તેનું કારણ દેખીતી રીતે જ કળિ છે. એમ માને છે. કળિ દ્વારા નળની બુધ્ધિ ભ્રષ્ટ થાય છે. તેથી જ તે દ્યૂત રમવા તૈયાર થાય છે. મત્સ્યસંજીવન પ્રસંગે દમયંતી પર આળ ચડાવી તેને અઘટિત શબ્દો સંભળાવે છે. તેના બાહુકવેશમાં ઋતુપર્ણ સાથે અશિષ્ટ આચરણ કરે છે. કળિના પ્રભાવમાં આવેલો નળ જો ઉદાસ અને ઉમદા આચરણ કરે તો તે ઓછું પ્રતીતિકર લાગે. તેનું આવું અનુદાત આચરણ માત્ર શ્રોતાઓના મનોરંજન અર્થે થયું છે એવું ન કહી શકાય. નળના શરીરમાં કળિ હોવા છતાં તેનામાં થોડું નળપણું રહ્યું હતું.તેના વ્યકિતત્વમાં વિકૃતિ આવી હોવા છતાં તેની મૂળ પ્રકૃતિ થોડી જળવાઈ હતી. દમયંતીનો ત્યાગ કરતી વખતે તે જે મનોમંથન અનુભવે છે અને તેને ત્યજયા પછી તે પશ્ચાતાપ કરે છે તેમાં કર્કોટક નાગને અગ્નિમાંથી બચાવે છે ત્યાં ઋતુપર્ણને ત્યાં ગુપ્તવાસ દરમિયાન નિત્ય એક શ્લોક દ્વારા પોતાની વિયોગ વેદનાને વાચા આપે છે. અને પોતાના બાળકોને જોઈ તેનું અંતઃકરણ તરાઈ આવે છે. એ બધી બાબતનો નળનો સ્વભાવ અને વ્યકિતત્વ મૂળની ઝાંખી કરાવી રહે છે. આગમાં તપીને સુવર્ણ તો વધારે શુધ્ધ સ્વરૂપે જ બહાર આવે તેમ નળ પણ કળિની તાવણીમાં તપી વિશુધ્ધ થઈને જ બહાર આવે છે.

પોતાના પર દુઃખોના ડુંગર ખડકી દેનાર કળિને પણ નળ ક્ષમા આપે છે. એની મહાનતા ત્યાં જોઈ શકાય છે. પત્નીની નિર્દોષતાની પ્રતીતિ થતાં નળ તેની વધારે કસોટી કર્યા વિના તરત જ મૂળ રૂપ ધારણ કરી ભેટી પડે છે. તેની અસલિયત જાણી ઋતુપર્ણ શોક કરે છે. ત્યારે તેને આશ્વાસ્ત કરતાં નળ કહે છે.

''એ આપતાલનું કર્મ શું કહીએ,
જે જે દુઃખ પડે તે સહીએ.''

## (૨) દમયંતી

નળની સરખામણીમાં દમયંતીનું પાત્ર વધારે પ્રભાવક પુરવાર થાય છે. તે આ આખ્યાનનું અદોષ રમણીય પાત્ર છે. નળ કળિના પ્રભાવ તળે કેટલીક વિકૃતિઓ પ્રગટ કરે છે. પણ સતી સાત્વિક દાત્તશીલા દમયંતી પર કળિનો દુષ્પ્રભાવપડી શકતો નથી. અને તેથી તેનું પાત્ર વિકાર રહિત અણિશુધ્ધ બની રહે છે. પ્રેમાનંદનાં બધાંજ આખ્યોનોની નાયિકાઓમાં દમયંતીનું પાત્ર ચડિયાતું બન્યું છે.

આખ્યાનની શરૂઆતમાં જ એક સુંદર રમણી તરીકે દમયંતી આપણી સામે આવે છે. બાળ બ્રહ્મચારી નારદમુનિ તેને આલૌકિક નિરૂપમા કહીને પછી નળના આગ્રહથી તેનું રૂપ વર્ણવે છે. તે દોષ રહિતા અને તેની તોલે કોઈ આવી શકે એમ નથી. એવું કહી નારદજી એને કહે છે....

''જયારનું એ પૂતળું અવતર્યું, નારીમાત્રનું મખ ઉતર્યું.''

નારદમુનિ પાસે દમયંતીનું વિસ્તૃત વર્ણન કરાવ્યા પછી પ્રેમાનંદ પંદરમા કડવામાં હંસ પાસે દમયંતીના સૌંદર્યની ભરપૂર પ્રશંસા કરાવે છે. બંને વર્ણન એકમેકનાં પૂરક બની દમયંતીનું અપૂર્વ સુંદર ચિત્ર કલ્પનાશીલ વાચકના ચિત્તમાં ખડું કરે છે. શરૂઆતમાં જ રૂપક અલંકાર દ્વારા કવિ કેળના થાંભલા જેવી બે સખીઓ વચ્ચે ઉભેલી ને સોનાની વેલ જેવી દમયંતીનું સુંદર ચિત્ર પ્રસ્તુત કરે છે.

''ભૂપ મેં દીઠી ગર્વિષ્ઠ વેલડી, સખી બે મધ્યે ઉભી અલબેલડી,
કદલી સ્થંભા જુગ્મ સાહેલડી, વચ્ચે વૈદર્ભી કનકની વેલડી.''

પ્રેમાનંદે દમયંતીને અપૂર્વ રમણી અને ગુણવતી ચિતરી છે પણ તેનું માનુષીપણું અકબંધ રાખ્યું છે. તેથી જ તે જયારે હંસ પાસેથી નળ પ્રશંસા સાંભળી તેના વિરહનો કામ અનુભવે છે ત્યારે માતાને પણ 'ઘરડાં માણસ ઢોર' સંભળાવી દે છે. તેના આ શબ્દો તેને માનવીય ધરાતલ પર લાવી મૂકે છે. નળને તે પ્રેમપત્ર પાઠવે છે. તેમાં લાઘવ તો છે તેના હૃદયનું બળ પણ જોવા મળે છે. હંસને જે ગર્વિષ્ઠ વેલડી લાગી હતી તે હવે પ્રેમઘેલી બને છે.

દમયંતીનો નળ પ્રત્યેનો પ્રેમ પણ વજ્રલેપ સમો છે. જેને પોતે જોયો શુધ્ધાં નથી તેને તે પોતાનું સર્વસ્વ સમર્પી દે છે. દેવોનો દૂત બનેલો નળ દેવોને પરણવાથી થનારા લાભ તથા નળને પરણવાથી થનારા ગેરલાભ તેની આગળ વિસ્તારથી વર્ણવે છે. છતાં દમયંતી નળને વરવાના પોતાના નિર્ણયમાં અફર રહે છે. દમયંતીની દ્રઢતા આગળ તેને વરવાનાં દેવોનાં હવાતિયાં વિફળ થાય છે. નળ દમયંતીનું લગ્નજીવન જોડિયા બાળકોના જન્મથી સફળ થાય છે. પણ તેમનું સુખ ઝાઝું ટકતું નથી. કળી નળના

દેહમાં પ્રવેશે છે. પછી તેમની વિપદાઓ આરંભાય છે. નળ તો તેને માથે પડતાં દુઃખ માટે અમુક અંશે પોતે જવાબદાર છે પણ દમયંતીએ તો વિના કારણ, તેના કશા દોષ વિના આપદાઓ સહેવી પડે છે. અને છતાં છેક સુધી તે સહાનુભૂતિ અને આદર જીતી જાય છે.

દમયંતીની કમનસીબી એવી છે કે તે દોષ રહિત નિર્દોષ હોવા છતાં તેના પર દોષ આરોપવામાં આવે છે. મત્સ્યસંજીવની પ્રસંગ વખતે નળ આરોપ મૂકે છે, માસીને ત્યાં હારચોરી પ્રસંગે માસીની દીકરી આળ મૂકે છે. વણઝારા તેને મારે છે. તો પરધીવાળા પ્રસંગે તેની સહનશીલતા અને પ્રકોપ સાથે પસ્તાવો વ્યકત થાય છે. દમયંતી અચાનક આવી પડેલા દુઃખો સહન કર્યે જ જાય છે. તેની ધીરજ ત્યાં દેખાય છે. બધી કસોટીમાંથી તે હેમખેમ પાર ઉતરે છે. કળિ નળ–દમયંતીને દુઃખી કરવામાં, વિખૂટા પાડવામાં તો કામયાબ થાય છે પણ તેમને જુદા કરવામાં તેને સફળતા મળતી નથી. કળી પ્રેર્યો નળ મત્સ્ય પ્રસંગે દમયંતી પર આડ ચડાવવામાં પાછી પાની કરતો નથી, છતાં દમયંતી નળને જ સ્મર્યા કર્યા કરે છે. તે એક ક્ષણ પણ નળને વિસરતી નથી. તેનો નળ પ્રત્યેનો પ્રેમ ઘટવાને બદલે વધતો જાય છે અને વિશદ્ધ બને છે.

(૩) કળિ

મહાભારતની મૂળ કથામાં અને અન્ય મધ્યકાલીન કવિઓની નળકથામાં કળિનું પાત્ર આવે છે. પણ પ્રેમાનંદે અનેક દુષ્પ્રવૃત્તિઓમાં તેનું કતૃત્વ આરોપી તેને ખલનાયક જ બનાવી દીધો છે. નળ દમયંતીની લગભગ બધી વિપત્તિઓ માટે કવિએ કળિને જવાબદાર ઠેરવ્યો છે. નળ–દમયંતીનું લગ્ન થાય છે ત્યાં સુધી આખ્યાનના પૂર્વાર્ધમાં કળિનું પાત્ર આવતું નથી. પણ ૨૮મા કડવમાં નળ–દમયંતી પરણીને તેમના ઘરે જવા નીકળે છે. ત્યારે નારદે મોકલેલા કળિયુગ–દ્વાપર તેમને સામા મળે છે. આરંભે જ કવિ કળિનું આ ચિત્ર આપે છે.

''બેઠો મહિષ ઉપર કળિકાળ, કંઠે મનુષનાં શીશની માળા,
કરમાં કાતું લોહશણગાર, શીશ સઘડી ધીક અંગાર.''

કળિનો આ બાહ્ય દેખાવ તેની દુષ્ટતાનું પ્રતીક છે. નળની સ્વચ્છતામાં નાની સરખી ખામીનો ગેરલાભ ઉઠાવી કળિ તેના શરીરમાં પેસી જાય છે. અને તેની મતિ ભ્રષ્ટ કરી તેને દ્યૂત રમવા પ્રેરે છે. દ્યૂતમાં તેને હરાવવા તે પુષ્કરના પાસામાં પ્રવેશે છે. અને નળ હાર્યા પછી પત્ની સાથે વનમાં જાય છે. તો ત્યાં પણ તેનો પીછો કરી દંપતીને હેરાન કરે છે. નળ–દમયંતીને છૂટા કરવાં કળિ બધું જ કરી છૂટે છે. ફરીથી નળ માછલાં પકડી ના શકે એ માટે સાપ થઈ તે માછલાં ભગાડી મૂકે છે. નળને નિર્વસ્ત્ર કરવા તે બગલો બની નળનું વસ્ત્ર લઈ ઉડી જાય છે. નળ–દમયંતીનું વસ્ત્ર ફાડી શકે એ માટે તે છરી બને છે. સિંહ બની હાથીઓના ટોળાને ભડકાવે છે. જોષી થઈ દમયંતી પર આળ ચડાવે છે. તો માસીની દીકરીનો હાર પણ ચોરે છે.

નળ દમયંતીને પીડનાર તરીકે શ્રોતાઓની દ્રષ્ટિ સમક્ષ બધો વખત કળિ જ ખડો રહે છે. આથી એમ પણ કહી શકાય કે કવિએ આવી પીડા આપનાર અવદશા કે દુર્દેવને જ જાણે કે કળિમાં પાત્રરૂપ આપ્યું છે. બધી અવદશાના મૂળમાં દ્યૂત છે. દ્યૂત જ કળિકલહ એટલે કે દુઃખ દર્દનું કારણ છે એ રહસ્ય સૂચન કળિ દ્યૂતના પાસા બન્યો હતો એ હકીકતમાં છૂપાયેલું છે.

નળ ઋતુપર્ણ પાસેથી ગણિતવિદ્યા પ્રાપ્ત કરે છે ત્યારે એ બીજી વિદ્યાને પ્રતાપે નળના દેહમાંથી કળિએ નીકળવું પડે છે. એ વખતે સ્વમુખે પોતાના અવગુણોનું વર્ણન કરે છે. એ કળિ લક્ષણો પ્રત્યેક યુગને વત્તેઓછે અંશે લાગુ પડે છે. એ દ્વારા કવિએ સમકાલીન બુરાઈઓનું ચિત્ર આપ્યું છે. અસંખ્ય અવગુણો હોવા છતાં નળ તેને જીવતો જવા દે છે. તેનું કારણ બધા અવગુણોનું સાટું વાળી આપતાં તેના બે ગુણ 'ધ્યાન અને દાનની શીઘ્રફલદાયિતા' નળે જીવતો છોડેલો કળિ બહેડાના વૃક્ષમાં વાસ કરે છે. એમ કહી કવિએ અંતે પુનઃ દ્યૂતથી ને કળિ એટલે કલહ જે દુઃખ જન્મે છે એ વાત સૂચવી છે. કેમકે દ્યૂતના પાસા બહેડાના ફળના બનાતા આ રીતે પ્રેમાનંદે કળિનું એક સજીવ માનવેત્તર પાત્ર સર્જ્યું છે.

(૩) હંસ

પ્રેમાનંદે આ આખ્યાનમાં સર્જેલું બીજું યાદગાર માનવેતર પાત્ર છે હંસનું. આખ્યાનના ઉત્તરાર્ધમાં કળિની લીલા આપણું ધ્યાન આકર્ષે છે. તેમ પૂર્વાર્ધમાં હંસની વિશિષ્ટ કામગીરી વાચકોની–શ્રોતાઓની પ્રશંસા પ્રાપ્ત કરે

છે.

અનંગ અગ્નિ શમાવવા વનમાં ગયેલો નળ સુવર્ણના અંગવાળો હંસ જોઈને ઘડીભર દમયંતીને પણ વીસરી જાય છે. કવિ જેને 'સકલ પક્ષી તણો ઈશ્વર' કહ્યો છે. તે હંસને નળ યુક્તિપૂર્વક પકડે છે. પકડાયેલો હંસ પહેલાં તો ચંચુપ્રહાર કરે છે. અને પછી વિલાપ કરે છે. પણ પછી નળનો પરમ મિત્ર બની તેના સુખદુઃખમાં સાથ આપે છે.

હંસ નળનો એટલો બધો આત્મીય સ્વજન બની જાય છે કે નળની પત્નીની વાત નીકળતાં 'મેં જાણ્યું ભાભી પિયર વળાવ્યાં હશે' જેવા શબ્દો પ્રયોજે છે. 'ભાભી' શબ્દ બંને વચ્ચેની નિકટતાનો દ્યોતક બની રહે છે. કુંવારો નળ દમયંતી માટે ઝૂરે છે. એ જાણી તે પોતાની બધી શકિત દમયંતીને રીઝવીને નળ સાથે તે પરણવા તૈયાર થાય તે માટે ખર્ચે છે. તેની વાકચાતુરીને કારણે તે કાર્યમાં સફળ થાય છે.

દમયંતીને લગ્ન માટે તૈયાર કરી હંસ નળને પણ દમયંતીને વરવા પ્રેરે છે. એ માટે તે નળ પાસે દમયંતીના રૂપની ભરપૂર પ્રશંસા કરે છે. નાયક નાયિકાને ભેગા કરવામાં નિમિત્ત બનવાની જ જાણે પોતાની જવાબદારી હોય એમ કાર્ય પુરું કરી તે નળની વિદાય માગે છે. પણ તેની વિદાયની વાત માત્રથી નળ આંસુ સારવા લાગે છે. ત્યારે હંસ નળને તેમના બંનેના પૂર્વજન્મની કથા કહે છે. અને તેમનો સબંધ તો જન્મજન્માંતરનો છે એ સ્પષ્ટ કરે છે.

આ રીતે પ્રેમાનંદે હંસના પાત્ર દ્વારા માત્ર માનવેતર સૃષ્ટિનો જ પરિચય નથી કરાવ્યો, અતિપ્રાકૃત તત્વનો પણ સ્પર્શ કરાવ્યો છે. એમ કરી એણે મધ્યકાલીન શ્રોતાઓના માનસને સંતોષવાનો પ્રયાસ કર્યો છે.

## (૪) નારદ

'નળાખ્યાન' માં આવતું ત્રીજું માનવેતર પાત્ર છે નારદમુનિનું. કળિની જેમ નારદના પાત્રને પણ કવિએ મહાભારત કરતાં થોડું જુદું ચિતર્યું છે. મહાભારતમાં તો નારદમુનિ માત્ર દેવોના ચિત્તમાં દમયંતી માટે આકર્ષણ જન્માવવાનું જ કામ કરે છે. પ્રેમાનંદના આખ્યાનમાં નારદમુનિ એ કાર્ય તો કરે છે જ, એ સિવાય પણ અનેક કાર્ય કરે છે. એ રીતે પ્રેમાનંદે નારદના પાત્રનું મહત્વ પણ અહીં વધાર્યું છે.

આખ્યાનના આરંભે નારદમુનિ નળ આગળ દમયંતીનું અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરી તેના ચિત્તમાં દમયંતી માટેની કામના જાગૃત કરવાનું કામ કરે છે. દમયંતીનો ઈતિહાસ પણ તેઓ જ નળને કહી સંભળાવે છે.

દેવોને દમયંતી સ્વયંવરમાં ધકેલીને જ નારદજીને શાંતિ થતી નથી. તેઓ સ્વયંવર ટાણે દેવોની પત્નીઓને પણ અંતરિક્ષમાં લઈ આવે છે અને દેવોની પૂરેપૂરી ફજેતી કરે છે.

નળ દમયંતીના લગ્ન થઈ જાય છે પણ તેઓ શાંતિથી જીવી ન શકે તે માટે જ જાણે નારદજી કળિ અને દ્વાપરને પણ સ્વયંવરમાં ધકેલે છે. એ કળિ જ નળ દમયંતીની વિપત્તિઓનું કારણ બને છે. નારદની આવી પ્રવૃત્તિઓને કારણે કોઈને તે અકારણ ટીખળમાં આનંદ માનનાર કલહપ્રિય વ્યકિત લાગે પણ બીજી દ્રષ્ટિએ વિચારી તેમને પરમેશ્વરના મન કે નિયતિના નિમિત્ત કે સાધન તરીકે પણ જોઈ શકાય.

## (૫) સુદેવ

આખ્યાનને અંતે ફળશ્રુતિમાં કવિએ કળિયુગનાશક પંચ નામોમાં સુદેવનો સમાવેશ પણ કર્યો છે. મહાભારતમાં એ નામ એ યાદીમાં નથી. આ રીતે પ્રેમાનંદે આ આખ્યાનમાં સુદેવના પાત્રને પણ મહિમાન્વિત કર્યું છે. એ માટે કવિએ સુદેવ મહાભારતમાં જે કામગીરી બજાવે છે તેના કરતાં અનેકઘણી કામગીરી તેની પાસે કરાવડાવી છે.

ભીમકરાજાની આજ્ઞાથી સુદેવ દમયંતીની શોધ માટે નીકળે છે. દમયંતીને શોધી તે માસીને ત્યાંથી લઈ કુંદનપુર આવે છે. પછી નળની તપાસ કરવા પણ સુદેવને મોકલવામાં આવે છે. બાહુક નળ હોવાની સંભાવના સુદેવને લાગે છે તેથી દમયંતીના સ્વયંવરનો સંદેશો લઈને પણ સુદેવ જ ઋતુપર્ણ રાજા પાસે જાય છે. ઋતુપર્ણ પૃચ્છા કરે છે ત્યારે સુદેવ યુકિત પૂર્વક જવાબ આપે છે.

આ રીતે સુદેવ નળદમયંતીના પુર્નમિલનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. પ્રેમાનંદ સુદેવના પાત્રને ઉપસાવી એક ઋષિ જેવું ચિતરે છે અને અંતે પાંચ પવિત્ર નામોમાં તેનું નામ મૂકે છે, જે તેનાં કામ, તત્પરતા, વાત્સલ્ય, દીર્ઘ દ્રષ્ટિ આવડત વગેરે જોતાં અનુચિત લાગતું નથી.

## (૬) ઋતુપર્ણ

પ્રેમાનંદે સુદેવના પાત્રને ઊંચાઈ પર મૂક્યું છે. તો ઋતુપર્ણના પાત્રને નીચું પણ ઉતાર્યું છે. હાસ્યરસ નિષ્પન્ન કરવાની ગણતરીએ પ્રેમાનંદે ઋતુપર્ણના પાત્રને ઘણું હીન ચીતરી દીધું છે.

ઋતુપર્ણ પહેલાં તો પોતાના દરબારમાં આવેલા કદરૂપા બાહુકની 'સ્વરૂપના ધામ' અને 'જાણે રૂપે બીજો નળ' કહી મશ્કરી કરે છે. પણ પછી તેની અશ્વવિદ્યા વિશે જાણી તેની બધી શરતો સ્વીકારી તેને અશ્વપાલકોના ઉપરી તરીકે નિયુક્તિ કરે છે. પરંતુ દમયંતી સ્વયંવર વિશે જાણી તે તેને પામવાની જે વિહવળતા અનુભવે છે તેનો ભરપૂર ઉપયોગ કવિએ હાસ્યરસ નિષ્પન્ન કરવા માટે કર્યો છે.

ઋતુપર્ણ દમયંતીને પરણવાની ઘેલછામાં પોતાને વારતી રાણીને ધોઈ નાખે છે. પણ બીજી બાજુ પોતાના નોકર બાહુક આગળ ગરજ બતાવી ખુશામત કરે છે. બાહુક તેનું અપમાન કરે છે તો તે પણ મૂંગે મોઢે સહન કરે છે. કામવિહવળતા અને વિષય લોલુપતા છે જ એવાં! ઉચ્ચ મનુષ્યને પણ તે હીન બનાવી દે છે.

માર્ગમાં બાહુક સાથે વિદ્યાની આપ લે કર્યા પછી ઋતુપર્ણનું વર્તન સહજ બને છે. બાહુક નળ છે એ જાણ્યા પછી તો તેના પશ્ચાતાપનો પાર રહેતો નથી. તે આત્મહત્યા કરવા પણ તૈયાર થાય છે. પરંતુ નળ તો તેણે કરેલા ઉપકારને જનનીના ઉપકાર કરતાં પણ ચડિયાતો ગણાવી તેને ભેટી પડે છે અને તેની હાલત કફોડી ન થાય તે માટે ભીમકરાજાની પૌત્રી સુલોચના સાથે તેનાં લગ્ન પણ કરાવી દે છે.

નળની જેમ ઋતુપર્ણ પણ થોડા સમય માટે તેના ગૌરવથી પીછે હઠ કરતો બતાવાયો છે,પણ અંતે તે તેની ગરિમા પ્રાપ્ત કરે છે. કવિ પણ અંતે પવિત્ર પંચનામોની સૂચિમાં તેનું નામ મૂકી તેને ઉચિત અંજલિ આપે છે.

## (૭) ગૌણ પાત્રો

ઉપર્યુક્ત મુખ્ય પાત્રો ઉપરાંત પ્રેમાનંદે આખ્યાનમાં અનેક ગૌણપાત્રો પણ કલમના એકાદ બે લસરકે ખડાં કર્યા છે. એવાં ગૌણ પાત્રોમાં નળનો પિતરાઈ પુષ્કર, દમયંતીની બે સખીઓ અને ભાભીઓ, તેના પિતા ભીમકરાજા, માતા, દમયંતીની માસી, ઈન્દુમતી, ચાર દેવો, પારધી, વણઝારા, કર્કોટક નાગ, નળદમયંતીના બાળકો વગેરેનો ઉલ્લેખ કરી શકાય. આ પાત્રો આખ્યાનમાં થોડા સમય માટે આવે છે. તેમણે જે કામગીરી બજાવવાની છે એ બજાવી પોતાનાં આગવાં વ્યકિતત્વનો ખ્યાલ આપતાં જાય છે.

પ્રેમાનંદની પાત્રસૃષ્ટિ પ્રત્યક્ષ જન વભાવ ચિત્રોથી સભર છે. કવિની જનસ્વભાવ પરખવાની અને તેને પાત્રોના માધ્યમથી વ્યકત કરવાની શકિત અસાધારણ છે. બાહ્ય જગતના ચિત્રણ કરતાં પણ મનુષ્યના આંતરમનને અભિવ્યકત કરવામાં પ્રેમાનંદ પાવરધો છે. દમયંતીની મૌગ્ધ્ય દશાનું તે સમયના સમાજ અનુસારનું નાજુકાઈ ભરેલું અને નમણું દર્શન કવિ કરાવે છે.

પ્રેમાનંદની પાત્રાલેખનકલાની બીજી વિશેષતા એ છે કે તે પાત્રો વિશે કથન કરવા કરતાં તેમનાં વાણી વર્તન, વ્યવહારથી તેમને જીવતાં જાગતાં બનાવી રજુ કરવાનું વધુ પસંદ કરે છે. પ્રેમાનંદની પાત્રસૃષ્ટિ પ્રત્યક્ષ સૃષ્ટિ છે. તેનાં પાત્રો આપણે નજરે જોતાં હોઈએ એવો અનુભવ થાય છે. પાત્રોના સંવાદ પણ બોલચાલની છટાવાળા, વાસ્તવિક લક્ષણોવાળા હોવાથી સહજ લાગે છે.

મનુષ્ય સ્વભાવને ઝીણી જાણકારી પૂર્વક આલેખવાની પ્રેમાનંદની વિશિષ્ટ શકિત કયારેક મર્યાદા પણ બની જાય છે. પ્રસંગાલેખન વખતે પ્રેમાનંદની દ્રષ્ટિ ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા ચિત્રને ઝડપવા ઉપર હોવાથી કયારેક તે પાત્રને અન્યાય કરી બેસે છે. આનો સૌથી ખરાબ દાખલો દમયંતીનો ઘોર વનમાં ત્યાગ કરતી વખતે નળ જે કારણ આપે છે એમાં જોઈ શકાય. ભલે કળિના પ્રભાવ નીચે પણ નળ આ પ્રસંગે જે રીતે વર્તે છે તેથી તેની પ્રતિભા ખંડિત થાય છે.

આવા પ્રસંગોએ પ્રેમાનંદનો બચાવ કરવા જતાં ગોવર્ધનરામે 'દેવકથામાં માનુષહૃદયનાં રસ સ્થાનથી પ્રતિષ્ઠા' કરવાના પ્રયત્નનો નિર્દેશ કર્યો છે. પ્રેમાનંદના હાથમાં પાત્રો માનવીય બને છે પણ કયારેક તે ઔચિત્ય ચૂકે છે ત્યારે એની માનવીયતા નંદવાય છે.

આવી મર્યાદા છતાં પ્રેમાનંદની પાત્રનિર્માણશકિત જે જીવંત પ્રભાવી પાત્રસૃષ્ટિ સર્જે છે તેમાં આપણે અનાયાસે લીન થઈ જઈએ છીએ. નવલરામે યથાર્થ જ કહ્યું છે ''એને જનસ્વભાવનું બહુ જ ઉંડું જ્ઞાન છે એનાં સઘળાં પાત્ર સંપૂર્ણ યથાયોગ્ય તો નથી. પણ હજી તેના જેવી પાત્રતા જાળવી શકે એવો કોઈ ગુજરાતી કવિ થયો નથી.''

## 16.5 રસનિરૂપણ અને રસસંક્રમણ કલા

### (૧) કરૂણ

'નળાખ્યાન' નો મુખ્ય રસ કરૂણ છે. મહાભારતમાં એનો કથા પ્રસંગ કરૂણ છે. વનવાસ અને દુઃખદ સમયમાં અર્જુન પાશુપતાશાસ્ત્ર પ્રાપ્ત કરવા માટે જયારે તપ કરવા ચાલ્યો જાય છે ત્યારે તેના વિના યુધિષ્ઠિરને વનવાસ બેવડો દુઃખી લાગે છે. એ વખતે બૃહદશ્વઋષિ ત્યાં આવે છે. પોતાનું દુઃખ દર્શાવી યુધિષ્ઠિર પૂછે છે કે અમારા જેવું તે કોઈ દુઃખી હશે ? તેના જવાબમાં યુધિષ્ઠિરનું દુઃખ દૂર કરવા બૃહદશ્વ ઋષિ તેને નળની કથા સંભળાવે છે. આ રીતે 'નળાખ્યાન' દુઃખની જ કથા છે એ જોતાં આ આખ્યાનનો મૂળ અને મુખ્ય રસ કરૂણ છે. આખ્યાનની શરૂઆતથી લઈ ૨૮ કડવાં સુધી આ રસ નથી. નળમાં કળિના પ્રવેશ પછી આ રસની શરૂઆત થાય છે. પણ સાતમાં કડવમાં નળ હંસને પકડે છે. તે પ્રસંગ તે જે વિલાપ કરે છે તેમાં કરૂણ રસની છાંટ અનુભવાય છે. દ્યૂતમાં હાર થયા પછી નળ–દમયંતી વનમાં જવા તૈયાર થાય છે. ત્યારે બાળકોને મોસાળ વિદાય કરતી વેળા દમયંતી ૩૧માં કડવામાં જે વિલાપ કરે છે. તેમાં કરૂણ હેલારા મારે છે. એક માતાને જ જયારે પોતાના સંતાનોને કહેવું પડે છે કે ''નમાયા થઈ વરતજો રે'', સહેજો મામીની ગાળ, ત્યારે એનાથી મોટી બીજી કઈ કરૂણતા હોઈ શકે ? આ કડવામાં કવિએ માતાના હૃદયની વેદનાનું હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. નળ–દમયંતીના પ્રેમલગ્નના શૃંગાર પછી તેમની દુઃખ વીતકકથાનો પ્રારંભ કવિ આ કરૂણ ગીતથી કરે છે.

૩૨મા કડવાથી નાયક–નાયિકાનાં શરૂ થયેલાં વીતકો વર્ણવવામાં આવ્યાં છે. વળી આગળ જે મુસીબતો આવવાની છે તેનું મૂળ જેમાં રહેલું છે તે મત્સ્યસંજીવનનો પ્રસંગ પણ અહીં આલેખાયો છે. પુણ્યશ્લોક કહી જે નળને સમસ્ત પ્રજા વંદતી હતી તે નળને વન જતી વખતે પુષ્કરના ડરથી કોઈ રાખતું નથી. ઉપરથી આખા નગરમાં કોઈ પાણીય આપતું નથી. એટલું જ નહિ નળ –દમયંતીને જોઈ લોકો બારણા બંધ કરી દે છે. આ જોઈને આપણને પેલી કહેવત યાદ આવી જાય છે કે 'સમય સમય બળવાન છે, નહિ પુરૂષ બળવાન' સમય બદલાય ત્યારે માત્ર પારકા જ મોં નથી ફેરવતા, પોતાના પણ વિમુખ થાય છે. દેવોને પણ અવગણી જે દમયંતી નળને વરી તેને તેના કશા વાંક ગુના વિના જ નળ 'પાપણી' નો શિરપાવ આપે છે અને મહેણા મારે છે. એ તો વધારામાં. ખરાબ સમય આવે ત્યારે વરદાન પણ શાપરૂપ નિવડે છે. દેવો પાસેથી દમયંતીને મળેલું 'અમૃતસ્રાવિયા હાથ' નું એક વરદાન તેના માટે શાપરૂપ પુરવાર થાય છે. માછલાં સજીવન થયાં ને પાણીમાં જતા રહ્યાં. માછલાં ન જોતાં પોતાનો પ્રાણપ્રિય પતિ જ ખોટું આળ ચડાવી પોતાને તિરસ્કારે છે. નળ તો કળિના પ્રવેશને લીધે જવાબદાર છે. દમયંતીને કશા દોષ વિના નળ કરતાંયે વધું સહન કરવું પડે છે. માછલાં ન ખાધા હોવા છતાંય દમયંતીએ કબૂલ કરવું પડે છે એ કેવી કરૂણતા. ત્યારબાદ નળ સાથે ચાલતાં નળ દમયંતીને પિયરનો રસ્તો બતાવે છે. પણ દમયંતી નળને છોડવા તૈયાર નથી. આ સમયે દમયંતીના મનની નાજુક સ્થિતિ અને નળની કઠોરતા જે કરૂણ પેદા કરે છે તેમાં શ્રોતા સ્તબ્ધ થઈ જાય છે. અવઢવમાં પડેલો નળ એક રીતે દમયંતીને તજી દે છે પછી દમયંતીની જે સ્થિતિ થાય છે તેનું ચિત્રાત્મક વર્ણન કરી પ્રેમાનંદ કરૂણને બહેલાવે છે. ઘેરો બનાવતા જાય છે. ૩૬ મા કડવામાં દમયંતીનો વિલાપ, ૩૭ મા કડવામાં નળ વિરહે વનમાં વલવલતી વૈદર્ભીનું તાદ્રશ ચિત્રાંકન કરે છે. ૩૮ મા કડવામાં કલ્પાંત કરતી, રડતી દમયંતી જંગલી પશુઓ અને ઝાડ વેલાને નળની ભાળ પૂછે છે ત્યારે વનનો સાવજ એને વનદેવી સમજી ભાગે છે એ કેટલું કરૂણ દ્રશ્ય છે. એ વાત વાંચતા સમજાય છે. દમયંતીના આ પ્રસંગોમાં ભાવની સચોટતા સાથે ભારોભાર કરૂણ નિરૂપાયો છે. દમયંતીના વનભ્રમણ દરમિયાન જ તે અજગરના મુખમાં આવી પડે છે. તેની દર્દવાણી સાંભળી પારધી એને બચાવે છે. પરંતુ પારધી તેને પોતાની હવસનો શિકાર બનાવવા ધસે છે ત્યારે ન છૂટકે દમયંતીએ પારધીને શાપ આપી ભસ્મ કરવો પડે છે. પશ્ચાતાપથી આત્મહત્યા કરવા જતી દમયંતીને કળિ માયાવી આશ્રમ બનાવી મરવા દેતો નથી. ઉપરથી તે એમ કહે છે કે નળનો તારા પ્રત્યેનો પ્રેમ ઓછો થઈ ગયો છે. તે બીજી પત્ની કરવા કન્યા શોધે છે. ત્યારે દમયંતીના મુખના શબ્દો છે કે એ હજાર પત્નીઓ કરે પણ હું તો તોય એમનું ભલું જ ઈચ્છીશ. કેવી કરૂણતા આ. દમયંતી વણઝારા જોડે જાય છે ત્યારે કળીયુગ સિંહ બનીને હાથીના ટોળાને ભડકાવે છે. વણઝારાનો પડાવ ખેદાન–મેદાન થઈ જાય છે. એ બધું દમયંતીને લીધે થયું છે એમ વણઝારાના મનમાં ઠસાવી કળિયુગ દમયંતીને વણઝારાઓ પાસે ખૂબ માર ખવડાવે છે. માર ખાધેલી લોહીલુહાણ

હાલતમાં દમયંતી એની માસીના નગરમાં જાય છે. ત્યારે નગરજનો અને બાળકો દ્વારા એની ઠઠામશ્કરી કરવામાં આવે છે. દમયંતીની દુર્દશાનું આ ચિત્ર કરૂણ રસનું દ્યોતક છે. ઘેરો કરૂણ તો ત્યાં બને છે કે દમયંતીની માસી એને ઓળખતી નથી. પણ દુખિયણ બાઈ જાણી પોતાને ત્યાં રાખે છે. અમુક સમય પછી દમયંતીની માસીની દીકરી ઈન્દુમતીનો હાર ચોરાય છે ત્યારે એની ઉપર જે ચોરીનો આરોપ મૂકવામાં આવે છે ત્યારે કરૂણ રસની પરાકાષ્ટા આવી જાય છે. તો બીજી તરફ બાહુક બનેલા નળની પરિસ્થિતિ પણ કરૂણ રસથી ભરપૂર છે. એનું બાહુક રૂપ જોઈ અયોધ્યા નગરના નગરજનો અને ખુદ ઋતુપર્ણ રાજા પણ બાહુકરૂપી નળનું અપમાન કરે છે. તે કેવી કરૂણતા. હવે આખ્યાન જયારે સુખાંત તરફ આગળ જાય છે ત્યારે કુંદનપુર પહોંચેલો નળ ત્રણ વર્ષે પોતાના બાળકોને જોવે છે ત્યારે બાળકોને જોઈ રડતો નળ કરૂણ રસથી ભરપૂર છે. હવે નળરાજાને કૂબડો અશ્વપાલક અને દમયંતીને દાસી બની જે કરૂણ વીતકો સહેવાં પડયાં તેને લગતા રસને કરૂણ કહેવો જ યોગ્ય છે.

''નળ જળ નયણે ભરે ને કરે વિવિધ વિલાપ''
''વૈદર્ભી વન વલવલે''
''ભૂલી ભમે છે ભામની''

તો હારચોરીના પ્રસંગે આવતું હૈયાફાટ રૂદન અને સ્તુતિ–

''હો હરિ સત્યતણા સંધાતી,
હરિ હું કહીંયે નથી સમાતી''

જેવી પંકિતઓમાં પ્રબળ ઉર્મિસ્થાનો છે. ઉમાશંકર જોશીએ આ પંકિત સંદર્ભે કહ્યું છે કે એ ગુજરાતી નારીના, કમભાગ્યે જગતની નારીમાત્રના, આક્રંદવચન આગળ કરૂણની પરાકાષ્ઠા આવે છે. આ આખ્યાનમાં આવતો મધ્યભાગ કરૂણ રસનું બખૂબી વર્ણન કરે છે.

## (૨) હાસ્ય

હાસ્ય રસ આવે એટલે પ્રેમાનંદની અજોડતા સામે આવે છે. ગુજરાતી સાહિત્યના ઘણા વિવેચકોએ પ્રેમાનંદના હાસ્ય રસ વિશે ઉમળકાભેર લખ્યું છે. ઉમાશંકર જોશી તો એમ કહે છે કે હાસ્ય તો પ્રેમાનંદની રગોમાં ઉછળે છે. પરિસ્થિતિમાં હાસ્યની, વિનોદની, નર્મ–મર્મની શકયતા હોય અને પ્રેમાનંદ એ ચૂકે એ કદી ના બને. પ્રેમાનંદ જનમાનસના અને સ્વભાવના એવા જાણતલ છે કે પ્રસંગો અને પાત્રો અંગેની વિવિધ વીગતોના પરસ્પર સંબંધમાં રહેલી ઉપહાસનીયતા એ પકડયા વગર રહે જ નહીં. એવી ક્ષણે તરત એમની આંખોમાં ચમકારો આવે છે. જેની દિપ્તીનો એમની શબ્દરચનામાં પડઘો પડે છે. રા.વિ. પાઠક કહે છે કે પ્રેમાનંદ સામાન્ય રીતે શૃંગાર કે કરૂણ રસ માટે વખણાય છે. પણ તેનો હાસ્યરસ પણ નાનો સૂનો નથી. 'નળાખ્યાન' નો મુખ્ય રસ કરૂણ છે પણ કરૂણ અને હાસ્ય ઘણીવાર ભેગા જ વહે છે. પ્રેમાનંદ જેમ કરૂણનો ઉત્તમ કવિ છે તેમ હાસ્યનો પણ ઉત્તમ કવિ છે. 'નળાખ્યાન' ની શરૂઆતમાં જ પ્રથમ કડવામાં યુધિષ્ઠિર બૃહદશ્વઋષિ આગળ પોતાની વ્યથા વ્યકત કરે છે તેમાં જ કવિ કરૂણની સાથે હાસ્ય ગૂંથી લે છે. યુધિષ્ઠિર, ભીમ વગેરે ત્રણ ભાઈઓના કરતૂતો વર્ણવે છે. તે તેમને માટે દુઃખ દાયક હોવા છતાં શ્રોતાઓ, વાચકોને તે વિનોદનો અનુભવ કરાવે છે.

''ભીમસેનની પાસે જો હુ, માગું દાતણપાણી,
બબડતો જાય રીસ ચઢાવી, મોટાં વૃક્ષ આપે આણી.''

હાસ્ય અને કરૂણને પાસપાસે મૂકી આપવાની પ્રેમાનંદની વિશેષતા અહીં જોઈ શકાય છે. પ્રેમાનંદના નારદ કલહપ્રિય અને મશ્કરી કરનારા છે. યુવાન અને અપરણિત નળને દમયંતીનો મોહ પેદા કરી દેવોને પણ તે સ્વયંવરમાં જવા પ્રેરે છે. ઈન્દ્ર, વરૂણ જેવા દેવોને જો પરણવાની તાલાવેલી લાગે તો માણસ તો કોણ માત્ર ? સ્વયંવરમાં આવેલા નળ સિવાયના રાજાઓને પ્રેમાનંદ હાસ્યનું અવલંબન બનાવી શ્રોતાઓને હસાવે છે. રાજાઓની ક્ષુદ્રતા પ્રગટ કરી એમની ફજેતીનું ચિત્ર આમ ઉપસાવે છે.

''શરીર ક્ષુદ્ર કાષ્ઠનાં ખોડ, તેહને દમયંતી વર્યાના કોડ,
ઘરડા થયા નાહાના વા, વતાં કરાવતાં ભાગ્યા છર,
તનમન કન્યાને અર્પણ, આગળથી ટાળે નહીં દરપણ,
જેહેના મુખ માંહાં નહીં દંત, તેહેને પરણવાનું ચંત,
કેવળ વૃધ્ધને ડાચાં મળિયાં, તે બેઠા ટૂંપાવી પળિયાં.''

આ પ્રસંગે પ્રેમાનંદ રાજાઓના સંદર્ભે ગુજરાતી સ્વભાવની જે મશ્કરી કરે છે તે દુર્ભાગ્યે આજે પણ આપણામાં જોવા મળે છે. એ જ વૃધ્ધ ઉંમરે પણ પરણવાના કોડ એ જન્મોતરી અને એજ કુલાભિમાન! એને કારણે તો આ હાસ્યરસ આજે પણ પ્રસ્તુત લાગે છે. મનુષ્યોની મશ્કરી કરનાર કવિએ દેવોની લોલુપતાને નિશાન બનાવી તેમને પ્રાકૃત જનોની માફક એકમેકને હડસેલી હાર પહેરવા ડોક આગળ ધરતા અને એકમેકને કુરૂપ બનવા શાપ આપતા ગ્રામ્ય ગુજરાતીઓ જેવા દર્શાવ્યા છે.

''દમયંતી જેમ વરવા જાય, ધસી ઈંદ્ર નળ આગળ થાય,
એક એકને આગળ કરે, લેવા માળ કંઠે આગળ ધરે,
ઈન્દ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરાના જેવું થયું વદન,
અગ્નિએ જાણ્યું ઈન્દ્રનું કાજ, રીંછમુખો થાજો મહારાજ,
રીંછ, વાંનર, શ્વાન, માંજાર, કન્યા કહે વર રૂડા ચાર! ''

આ દેવો દમયંતીને પરણવાના લોભમાં બાપનું નામ પણ નળના જ બાપનું ધારણ કરે છે! આ સ્થિતિમાં વાચકોને હાસ્યરસ લાગે છે. પણ દમયંતીનું અકળાવનારી હતી. પ્રમાણબુધ્ધિવાળો પ્રેમાનંદ તેનો સરસ અંત આણે છે. દેવોને દમયંતી વરવાની લાલચ લગાડનાર નારદ જ હવે દેવાંગનાઓને તેમના પતિદેવોના કરતૂત જોવા તેડી લાવે છે. શરમાઈ ગયેલા દેવો નળ દમયંતીને વરદાન આપી રવાના થાય છે. નળ માનવમૂલ્યોને જે આસ્થાથી વળગી રહે છે. પણ દેવો જયારે દાખલ થઈ શકતા નથી ત્યારે રીંછ, વાનર, શ્વાન, માંજાર આદિ પશુની કોટિએ કેવા ઉતરી જાય છે એ સૂક્ષ્મ વાત કવિએ સ્થૂળ હાસ્ય દ્વારા કુશળતાપૂર્વક સૂચવી છે.

ઋતુપર્ણના વરઘોડાનું વર્ણન કરતું 'નળાખ્યાન' નું લાંબામાં લાંબુ ૫૩ મું કડવું હાસ્યતત્વની વિરલ લીલાને તાદ્રશ કરે છે. ઋતુપર્ણ વૈદર્ભીને વરવા નીકળે છે પણ પ્રેમાનંદના હાથે એને અન્યાય થાય છે એમ કહી ન શકાય. વાસ્તવમાં ઋતુપર્ણને હાથે તે વિશિષ્ટ સંજોગોમાં નળને કેટલો અન્યાય થાય એની શકયતાઓ કવિ હાસ્ય દ્વારા આલેખે છે. આ સ્થળે કવિની દ્રષ્ટિ ઋતુપર્ણની હાંસી ઉડાવવાની એટલી નાની જેટલી હાસ્યની ઓથે છુપાયેલા કરૂણનો નિર્દેશ કરવાની છે.

ઋતુપર્ણ જયારે બાહુકને 'આવો દુઃખ ફેડન' કહી 'તમો પરણાવો દમયંતી' કહે છે ત્યારે તે પહેલો પ્રતિભાવ તો આવો આપે છે. 'નિર્લજજની સાથે ન નીસરું અમે થાઉં ફજેત' આ બાહુક નળ તરીકે –દમયંતીના પતિ તરીકે નથી કહેતો,સામાન્ય રીતે સંસ્કારી નાગરિક તરીકે કહે છે. જે દમયંતીને પરણવાનો મનસૂબો રાખતો હોય તેની સાથે બે ડગલાં પણ કેવી રીતે ચાલી શકાય ? પછી બાહુક ત્રાહિત વ્યકિત તરીકે દમયંતીનો 'પુણ્યશ્લોકની પત્ની પ્રેમદા' તરીકે ઉલ્લેખ પણ કરે છે. 'તમો પરણાવો દમયંતી' એ ઋતુપર્ણ ના શબ્દોનો બાહુક માટે અને શ્રોતાઓ માટે વાસ્તવિક અર્થ તું તારી પત્ની મને પરણાવ–એ એટલો ભયંકર છે કે હસવું સૂકાઈ જાય છે. આ ભાવકોનો પ્રતિભાવ પુણ્યપ્રકોપરૂપે પ્રગટવાં કરતાં વિશેષ તો પરિસ્થિતના કરૂણરરસ ગ્રહણ કરવા તરફ વળે છે. ઉમાશંકર જોશી કહે છે તેમ 'પ્રેમાનંદ હસાવે છે ત્યારે કયારેક ફસાવે છે, વિનોદ કરે છે પણ ખરેખર તો વેદના ઠાલવે છે' 'વર તો પ્રથમ !' , 'જાણે રૂપે બીજો નળ !', જેવી વ્યંગોકિતઓ વકતાની ઈચ્છા ન હોવા છતાં સાચી હકીકતનો નિર્દેશ કરે છે. તેની પાછળ પણ કરૂણનો પાસ તો છે જ. બાહુક કહે છે કે પોતાને ત્વરિત યાત્રામાં રસ છે કેમ કે 'મારે દમયંતી વરવી' આ પણ એક પ્રકારનો પ્રયોગ જ છે.

રા.વિ. પાઠક દર્શાવે છે તેમ અહીં બે જુદી જુદી પરિસ્થિતિમાંથી હાસ્યના પ્રવાહો ભેગા મળી વહે છે. એક તો રાજા કામવિહવળતામાં પોતાના નોકરની કેટલો હીન બની ખુશામત કરે છે અને નોકર પણ તકનો લાભ લઈ તેનું અપમાન કરે છે તે ગરજાળું રાજા મૂંગે મોંએ બધુ સહન કરી લે છે એ પરિસ્થિતિ અને બીજી એ કે ઋતુપર્ણ જાણતો નથી અને આપણે વાંચનાર જાણીએ છીએ કે આ બાહુક એ જ નળ છે. અધીરો થયેલો ઋતુપર્ણ માત્ર નળ દમયંતીના મેળાપને માટે જે યોજના રચાઈ છે તેનું જ સાધન બને છે! બાહુકના શબ્દોમાં ઋતુપર્ણ જે અર્થ નથી જોતો તે આપણે જોઈ શકીએ છીએ. ઋતુપર્ણ જે માત્ર ગરજને લીધે બાહુકનું વરપણું બહારથી સ્વીકારે છે એ વરપણું જ સાચું છે અને સાચું નીવડવાનું છે એ ખાતરીથી બાહુકની હાંસી કરનાર ઋતુપર્ણ બેવડો હાંસીપાત્ર થાય છે.

બાહુક ચાર દુબળા ઘોડાનો રથ લાવે છે તેમાં ઋતુપર્ણ બેસીને નીકળે છે ત્યારે પણ તેની ફજેતી થાય છે. મામેરામાં નરસિંહ મહેતાની વહેલનું વર્ણન કરનાર કવિ અહીં ઋતુપર્ણના રથનું પણ એવું જ અમર ચિત્ર આપે છે. ખરાબ ઘોડાનું આબેહૂબ વર્ણન કરતો એ ખંડ ગુજરાતી કવિતામાં સ્વભાવોકિતના સુદીર્ઘ વર્ણન તરીકે યાદગાર રહેશે. આખ્યાનમાં હાસ્યરસનું અંતિમ વર્ણન છે.

## (૩) શૃંગાર

'નળાખ્યાનના' પૂર્વાર્ધનો મુખ્ય રસ શૃંગાર છે. શૃંગારના આલંબન વિભાવરૂપે નાયક નાયિકનાં રૂપવર્ણનો અને એમનાં ઝંખના આદિ અનુભાવો આ આખ્યાનમાં પ્રેમાનંદે છટાપૂર્વક નિરૂપ્યાં છે.

નારદમુનિ જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી પણ નળ આગળ દમયંતીના રૂપના વખાણ રસપૂર્વક કરે છે. અને કબૂલાત કરે છે કે દમયંતી પાસે જતાં 'મુજને મોહનાં બાણ વાગે, બ્રહ્મચર્ય વ્રત માહારું ભાગે' નારદજીથી જો આ સ્થિતિ હોય તો નળ તો મનુષ્ય છે. તેની દશા શું થાય છે ? કવિ કહે છે કે, –'લાગ્યું દમયંતીનું ધ્યાન, કામજવર થયો વહનિ સમાન' પછી નળને પોતાનો અનંગ/અનલ શમાવા વનમાં જવું પડે છે. કામજવરથી પીડાતો નળ વનમાં કેવું વર્તન કરે છે. ?

''ટાઢો વાયુ વહનિ સરખો, લાગે રાયજીને તન,
પછે નગ્ન વૃક્ષ જે કદલી કેરાં, તેને દે છે આલિંગન,
રંભણ ચુંબન કરે કેલને, થડથી મરડી પાડે,
મુખે શબ્દ કરે જેમ મોટો, મદગલતા ગજ ત્રાડે.''

કામજવરના નિરૂપણમાં ઉત્કૃષ્ટતા લાવવા કવિએ નળ પાસે આવી ચેષ્ટાઓ કરાવી છે. 'ઓખાહરણમાં' પણ પરણવાજોગ થયેલી ઓખાની અવસ્થા અને ચેષ્ટાઓનું વર્ણન આ પ્રકારનું છે.

હંસ પાસેથી નળનાં વખાણ સાંભળી મોહ પામેલી મુગ્ધા શ્યામા વૈદર્ભીને રોમરોમ વિરહનો વહિન પ્રગટે છે. કામાગ્નિીથી બળતી દમયંતી જે ઉદગારો કરે છે તેમાં વિરહિણીની વેદના ઉત્કૃટષ્તાપૂર્વક થાય છે. વિરહિણીના અનુભાવો કવિએ આમ વર્ણવ્યા છે. :

''એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારુણીને આવ્યો તાવ,
અન્ન ન ભાવે, નિંદ્ર ન આવે, કો શું વાત કીધાનો નહીં ભાવ,
અગ્નિના તણખલા સરખી, ટાઢક ચર્ચે અંગે જેહ,
વાયુ વ્યાઘના બાણ સરીખો, નીસરે સોંસરો દેહ.''

સંસ્કૃતમાં કહેવાયું છે કે 'કામાતુરાણાં ન ભયં ન લજ્જા' (કામાતુર વ્યક્તિને ભય કે લજ્જા હોતી નથી) તબિયત વિશે પૃચ્છા કરવા આવેલી માતા આગળ રાજકુંવરી દમયંતી જે શબ્દો ઉચ્ચારે છે તે આ ઉક્તિને સાર્થક સિધ્ધ કરે છે. બધી લાજશરમ નેવે મૂકી દમયંતી માતાને કહી દે છે.

''હું સમાણી જાય છે સાસરે, તેના જો તું ભોગ,
તેહેની પેર થાશે માહારે, ત્યારે જાશે આફણિયે રોગ.''

માતા પાસે ઉચ્ચારાયેલા શબ્દોનું પ્રયોજન સિધ્ધ થાય છે. ભીમકરાજા પુત્રીના લગ્ન માટે સ્વયંવરનું આયોજન કરે છે. નળ પ્રત્યે અનુરકત બનેલી દમયંતી લજ્જા ત્યજીને નળ રાજાને પણ પ્રેમપત્ર લખી બેસે છે. સંક્ષિપ્ત પ્રેમપત્રમાં પોતાના પ્રેમની કબૂલાત કરતાં દમયંતી લખે છે. :

''મેં તમને સમરપ્યું ગાત્ર, આ સ્વયંવર તે નિમિત્તમાત્ર,
મીન–નીરની કરજો પ્રીત, માહારા સરખું કરજો ચિત્ત.''

દમયંતીના આ પત્રમાં તેના પ્રેમની ઉત્કુટતા અને તીવ્રતા દ્રષ્ટિગોચર થાય છે. 'મીન–નીરની પ્રીત' એ ઉત્કટતાને મૂર્ત રૂપ પ્રદાન કરે છે. સુદેવ સાથે આ પત્ર પાઠવનાર વૈદર્ભી 'વીરસેનસુતને વેહવા અર્થે' વહેલા લાવવા અને પોતાનો વિરહનો અગ્નિ શમાવા વીરા વિહંગમને પણ પ્રાર્થી રહે છે.

વૈદર્ભીને વિરહઅગ્નિ છટપટતી મૂકી હંસ નળના વિરહાગ્નિને સંકોરવા દમયંતીનું શૃંગારિક અને કામોત્તેજક વર્ણન કરે છે. :

''નાભિ નીરજ, પાળ મેખલા, રહે ગમન સાથ અમારો,
રોમાવલિ દ્રુમ કુચ ટોડા, ઉરમંડળ ઓવારો,
અંતરંગતરંગ જોબન, જોતાં તૃપ્ત ન થઈએ,
શુધા તૃષા પીડ નહીં, સ્વરૂપ–સરમાં રહીએ.''

અહીં કવિ દમયંતીની નાભિને કમળ, કટિમેખલાને ઉદર–સરની પાળ કહી તેની ગતિને હંસની ગતિ સાથે સરખાવે છે. પછી તેની રોમાવલિને ઉદર–સરનાં તીરવૃક્ષો , સ્તનને કાંઠા પરના ટોડલા અને ઉરમંડળને ઓવારો કહી ઉદર–સરનું રૂપક પુરું કરે છે. દમયંતીના એ સ્વરૂપ સરોવરના તરંગ તે તેના વર્ણ(અંતરંગ) અને યૌવન છે એમ કહી હંસ નળને એ સ્વરૂપ સરમાં રહેવા ઉત્તેજીત કરે છે. અહીં થયેલા શૃંગાર વર્ણનમાં પ્રેમાનંદનો ઉદંડ કવિત્વવિલાસ જોવા મળે છે.

દેવોની વિનંતીથી જોગી વેશે નળ તેમનો દૂત બની દમયંતી આવાસમાં પહોંચે છે ત્યારે જોબનધામ જેવી શોભાયમાન નારીને જોતાં જ નળનું મન મોહબાણથી મોહી પડે છે. નળના રસાળા બોલ સાંભળી અંતરપટ તજી દમયંતી બહાર આવે છે. ત્યારે નળ પર તેની કેવી અસર થાય છે તે કવિએ દર્શાવી છે. વીજળી જેવી દમયંતીને જોઈ નળ ઝાંખો પડી જાય છે.

''દીઠી મદપૂરણ માતંગી, તકિયે ઉભી છે અઠંગી,
ઘૂઘરી ઝાંઝરની ઝણઝણતી, પગને અંગૂઠે પૃથ્વી ખણતી,
કર દીધો છે ગલસ્થલે, એહેવી નારી દીઠી નળે.''

લજ્જા અને સંકોચ અનુભવતી મુગ્ધાની સહજ ચેષ્ટાનું સજીવ ચિત્ર અહીં પ્રેમાનંદે ખડું કર્યું છે. અહીં સંકોચ, શરમ અનુભવતી દમયંતી સ્વયંવર–મંડપમાં આવવા સાજ સજે છે ત્યારે કોઈ કસર રહેવા દેતી નથી. કવિ એમ કહે છે કે :

''માનપૂર્ણ માનિની, મહિપતિ મોહવા કાજ,
સ્વયંવરના સુભટ જીતવા, ધરે શ્યામા સાજ,
પ્રેમપાશ લીધો પ્રેમદા, નાખવા મંડપ ક્ષેત્ર,
ભ્રૂકુટિ–ધનુષ્ય આકરશીયું, ને બાણ બન્યો નેત્ર.''

પૂરેપુરી સજજ થઈને દમયંતી સ્વયંવર મંડપમાં પ્રવેશે છે ત્યારે તેનાં અંગોનું સૌંદર્ય અને અલંકારોએ એમાં કરેલી અભિવૃધ્ધિ રસ–ઉછળતી કાવ્યોચિત વાણીમાં પ્રેમાનંદ અદભૂત છટાથી ૨૭મા કડવામાં વર્ણવે છે.

આખ્યાનનો શૃંગારરસ અહીં પરાકાષ્ઠાએ પહોંચે છે. નળદમયંતીનાં લગ્ન થતાં બે પ્રેમીઓનું મિલન થાય છે. તેમના સંયોગ શૃંગારને સંક્ષેપમાં વર્ણવી કવિ કળિની લીલાથી અળગાં થયેલાં નળદમયંતીનો વિપ્રલંભ શૃંગાર પ્રગટ કરે છે. ત્રણ વર્ષના વીતકો વેઠી વ્યથિત વૈદર્ભી–વીરસેનસુત વિચિત્ર પરિસ્થિતિમાં ભેગાં થાય છે ત્યારે કવિ કહે છે :

''વિરહ વાધ્યો વૈદર્ભીને, આંસુ મૂકયાં છોડી,
બન્યોના વિરહવહિનથી લાગી અંતરપટ પિછોડી.''

બાહુક નાગના વસ્ત્રો પરિધાન કરી મૂળ નળ રૂપ દમયંતીને આલિંગન આપે છે :

''જેમ તમાલ પૂઠે વીંટાયે વેલી,
તેમ કંથને વળગી રહી ગુણઘેલી.''

અને આ રીતે વિપ્રલંભશૃંગાર સંયોગશૃંગારમાં પરિણત થાય છે.

## (૪) અદભુત

'નળાખ્યાન'માં પ્રેમાનંદે અદભુત રસની લ્હાણ પણ ઠીક ઠીક પ્રમાણમાં કરી છે. હંસનું પાત્ર અમુક અંશે અદભુતનો અનુભવ કરાવે છે. એનું બાહ્યરૂપ જ વિસ્મયપ્રેરક છે. તેના વર્ણનમાં કવિએ 'સોવ્રત કેરાં અંગ, આ કનકની જાત પંખીની' એવું લખ્યું છે. સામાન્ય રીતે સુવર્ણની કાયા ધરાવતા હંસ જોવા મળતા નથી. આ દેખાવે અસાધારણ હંસ ગુણે પણ અસામાન્ય છે. તે મનુષ્યની ભાષામાં બોલે છે. નળ–દમયંતી આગળ એકબીજાની પ્રશંસા કરી તેમને પ્રેમમાં પાડે છે. નળની અને પોતાની પૂર્વભવની વાત જાણે છે. ભવિષ્ય વિશે પણ તે જાણે છે. તેથી સ્વયંવરમાં દેવો નળનું રૂપ ધરી આવશે એ વાત તે અગાઉથી જ દમયંતીને કહી દે છે. હંસ વિષયક આ બધું આલેખન અદભુત રસ પોષક છે.

દેવોના પાત્રો પણ અદભુત રસ નિષ્પાદક હોય એ સ્વાભાવિક છે. તેમની પાસે તો અસાધારણ શકિતઓ હોવાથી તેઓ અંતરિક્ષ માર્ગે ભ્રમણ કરી શકે. નળને પણ પોતાની શકિતઓ આપી અદ્રશ્ય બનાવી દમયંતી આવાસમાં મોકલી શકે. વળી દમયંતી તેને જોઈ શકે પણ બીજું કોઈ ન જોઈ શકે. સ્વયંવર મંડપમાં પણ દમયંતી દેવોને જોઈ શકે છે પણ બીજું કોઈ તેમને જોઈ શકતું નથી. નારદજી પણ દૈવી શકિતથી સંપન્ન હોવાથી ત્રણે લોકમાં ઈચ્છાનુસાર ભ્રમણ કરે છે. અને દેવાંગનાઓને અંતીરક્ષમાં લઈ આવી દમયંતી સ્વયંવરમાં દેવોની ફજેતી કરાવે છે. દેવો જતી વખતે નળને આઠ વરદાનો અને દમયંતીને એક વરદાન આપી મનુષ્ય માટે અશકય એવી શકિતઓ તેમને આપે છે. એને કારણે નળ મનુષ્ય ન કરી શકે એવાં કાર્યો કરી શકે છે.

કર્કોટક નાગ પણ સામાન્ય નાગ જેવો નથી. સપ્તર્ષિના શાપથી તે લાંબા કાળથી અગ્નિમાં બળી રહ્યો હતો. પ્રેમાનંદ સાત સહસ્ત્ર વર્ષનો ગાળો ગણાવે છે. પુણ્યશ્લોક નળ તેને અગ્નિમાંથી બહાર કાઢે છે. તેનો દેહ એક યોજન જેટલો લાંબો છે. બહાર નીકળ્યા પછી તે નળને ડંશ મારીને કદરૂપો, કાળો બાહુક બનાવી દે છે. વળી તે તેને ત્રણ વસ્ત્રો આપે છે જે ધારણ કરવાથી નળ મૂળ સ્વરૂપમાં પાછો ફરી શકે. આ આખું આલેખન અદભૂત રસનો અનુભવ કરાવે છે.

કળિયુગને પાત્રરૂપ આપીને આખ્યાનકારે એક અદભુત પાત્રનું સર્જન કર્યું છે. પ્રારંભમાં જ પ્રેમાનંદ તેનું બિહામણું રૂપ ખડું કરે છે.

''બેઠો મહિષ ઉપર કળિકાળ, કંઠે મનુષનાં શીશની માળ,
કરમાં કાંતુ લોહશણગાર, શીશ સઘડી ધીક અંગાર.''

કળિ જેવો બહારથી દુષ્ટ છે તેવો જ ભીતરથી પણ અધમ છે. તેની અધમતા તેનાં દુષ્કૃત્યોમાં પ્રતિબિંબિત થાય છે. દેવોની માફક કળિ પાસે પણ અતિમાનવીય શકિતઓ છે. તેને લીધે તે નળ અને પુષ્કરના દેહમાં તો પ્રવેશી શકે છે. પાસામાં પણ પ્રવેશે છે. એટલું જ નહિ તે પંખી બની નળનું વસ્ત્ર લઈ જાય છે. નાગ બની માછલાને ભગાવે છે. સિંહ બની હાથીઓને ભડકાવે છે. છરો બની નળ દમયંતી ત્યાગ કરવામાં સહાયતા કરે છે. ટોડલામાં પેસી ઈન્દુમતીનો હાર ગળી જાય છે. તેનાં આ બધા કૃત્યો અદભુત રસની અપૂર્વ સૃષ્ટિનું સર્જન કરે છે.

દમયંતી આમ તો માનુષી છે પણ દેવોના વરદાનને કારણે તેના સ્પર્શ માત્રથી મૃત માછલાં સજીવન થાય છે. મરેલાંને

જીવતાં કરવાની જેમ તેની પાસે શકિત છે. તેમ જીવતાને મારવાની શકિત પણ છે. તે અજગરની પકડમાંથી છોડાવનાર પણ પછી તેના પર કૃદષ્ટ્રિ કરનાર પારધીને તે શાપ માત્રથી બાળી નાંખે છે. તેના પર હારચોરીનું ખોટું આળ ચડાવવામાં આવતાં તેનો પુણ્યપ્રકોપ ફાટે છે. અને તેના શાપથી ટોડલો ફાટે છે, અને 'અંતીરક્ષથી અકસ્માત, વરસ્યો હાર તણો વરસાદ.'માં અદભુત જોવા મળે છે.

આ રીતે આખ્યાનમાં અદભુત રસની આશ્ચર્યકારક સૃષ્ટિ પ્રેમાનંદે સર્જી છે. મધ્યકાલીન શ્રોતાઓની અદભુત રસપ્રીતી પણ આવા આલેખન માટે અમુક અંશે જવાબદાર જણાય છે.

પ્રેમાનંદ રસ સિદ્ધિ કવિ છે. તેની પાસે રસને અનુરૂપ વીગતો પસંદ કરવાની અનન્ય સૂઝ છે. રસને મૂર્તતા આપવા કવિ પાત્રોનાં ભાવાનુરૂપ વાણી વર્તન ઉત્કટ રીતે આલેખે છે. વિવિધ રસોને તે એક સાથે નિરૂપે છે. એટલું જ નહિ, આપણે જોઈ ગયા તેમ હાસ્ય અને કરૂણ જેવા પરસ્પર વિરોધી રસો પણ તે એક સાથે નિરૂપી શકે છે.

પ્રેમાનંદની રસસિધ્ધિ વિશે ઉમાશંકર જોશી નોંધે છે, ''રસ ઉપર જ નજર છે એટલે પ્રેમાનંદની, ખાસ કરીને પાછળની રચનાઓમાં અત્યંત લાઘવ છે. દમયંતી સ્વયંવરની વાત બાર કડવામાં હિલોળે ચડાવી પણ પછી તે બે કડવામાં તો દંપતિના જીવનની અગાધ કરૂણતા આરંભાય છે. હાર ચોરાયા પ્રસંગે દમયંતીનો કરૂણ, ટોડલો ફાટવા સમયનો રૌદ્ર, હારના વરસાદની ક્ષણે 'એકએકપે અદકાં મોતી રાજમાતા ટગટગ જોતી' –એ અદભુત, એમ એક કડવામાં કવિ કેટલા રસપલટા સાધે છે. ગણતર પંકિતઓમાં પ્રેમાનંદ રસપલટો અનુભવાવી શકે છે.''

પ્રેમાનંદને અનેક રસોનું નિર્વહણ કરી એકતા ટાળવાની ફાવટ છે. રસવૈવિધ્ય તે કુશળતાથી જાળવે છે. રસસંક્રાન્તિ, એક રસમાંથી બીજા રસમાં સહજતાથી સરવાની પ્રેમાનંદની શકિત અનન્ય છે. પ્રેમાનંદ વિવિધ રસોની કલામય ગૂંથણી કરી ચમત્કાર સંકુલ રસસૃષ્ટિનો સંતર્પક અનુભવ કરાવે છે.

## 16.6 વસ્તુલક્ષી કસોટી –1

**આ એકમનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1 'નળાખ્યાન' પહેલાં રચાયેલ નળ દમયંતીની કથાઓ જણાવો.

2 'નળાખ્યાન'માં કેટલાં કડવાં છે ?

3 'નળાખ્યાન'ના મુખ્ય પાત્રો જણાવો.

4 'નળાખ્યાન'ના માનવેત્તર પાત્રો જણાવો.

5 'નળાખ્યાન'માં પ્રગટ થયેલ મુખ્ય અને ગૌણ રસ જણાવો.

6 'રસની બાબતમાં કોઈ ગુજરાતી કવિ એના (પ્રેમાનંદના) પેંગડામાં પગ ઘાલે એવો નથી.' આ વિધાન કોનું છે ?

## એકમ–17

### નળાખ્યાન : સઘન અધ્યયન–૨

રૂપરેખા

**17.1** ઉદ્દેશ

**17.2** ભૂમિકા

**17.3** ગુજરાતીપણું અને સામાજિક સંદર્ભ

**17.4** કથન વર્ણન

**17.5** ભાષાસિદ્ધિ : પ્રેમાનંદનું કવિત્વ

**17.6** વસ્તુલક્ષી કસોટી

## 17.1 ઉદ્દેશ

'નળાખ્યાન' ના આ એકમના સમીક્ષાલક્ષી અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી જ્ઞાત થશે.

- આખ્યાનકાર પ્રેમાનંદે નળાખ્યાનમાં કઈ ઘટના–પ્રસંગે ગુજરાતીપણું અને તત્કાલીન સમાજજીવનના નિરૂપણને આવકાશ આપ્યો છે એનો ખ્યાલ મેળવી શકશે.
- આ આખ્યાનમાંના વ્યકિત, સમૂહ, પરિસ્થિતિ વગેરેનાં વર્ણનોના પરિચયને આધારે પ્રેમાનંદની અવલોકનશકિત, સૌંદર્યદ્રષ્ટિ અને સામાન્ય માનસનો અભ્યાસ કેવો હતો તે વિશે વિચારતા થશે.
- આખ્યાનકાર પ્રેમાનંદની પ્રતિભા–કથન–વર્ણનકલામાં કેવી ઉચ્ચ કક્ષાએ છે તે જાણી શકશે.
- પાત્રો, સ્થળ, વ્યકિતત્વ, હાસ્ય વગેરેનાં સ્થૂળ અને સૂક્ષ્મ વર્ણનોથી પરિચિત થશે.
- આખ્યાનને રસાત્મક રીતે કહેવાની રીત કેવી લાક્ષણિક છે તે વિશે જાણશે.
- વર્ણનો કરતી વખતે પ્રેમાનંદનું સામાજિક, ધાર્મિક, પ્રાકૃતિક અવલોકન કેવું સબળ છે તે વિશે જાણશે.
- આ આખ્યાનમાં પ્રેમાનંદ ભાવાનુકૂળ ભાષા અને વિવિધ રાગ–ઢાળને કેવી સમજપૂર્વક આલેખે છે એ જોઈ શકશે.
- આ આખ્યાનમાં પ્રેમાનંદ પ્રસંગ અને ઘટનાની જરૂરિયાત મુજબ વિવિધ અલંકાર અને પ્રાસઅનુપ્રાસને કેવી સુંદર રીતે ઉપયોગમાં લે છે એ સમજી શકાશે.
- પ્રેમાનંદની ભાષામાં કેવી ગતિશીલતા, ચિત્રાત્મકતા, કલ્પના, સ્વાભાવિકતા છે એ વિશે જાણશે.
- ભાષા સંદર્ભે પ્રેમાનંદ સંસ્કૃત, ગુજરાતી અને તળપદી બોલી તથા વ્યવહારુ ભાષા વાપરે છે તે જાણશે.

## 17.2 ભૂમિકા

(૧) આખ્યાન કથનાત્મક સાહિત્ય પ્રકાર છે. કૃતિને તાદ્રશ અને સચોટ બનાવવા માટે આખ્યાનકાર સમકાલીન જીવનરંગો ઉમેરે છે. નળાખ્યાનમાં પ્રેમાનંદ વ્યકિત, સ્થળ, પ્રસંગો, ઘટનાઓ વગેરેનાં સુંદર અને તાદ્રશ્ય વર્ણનો કર્યાં છે. એમાં સમકાલીનતાનું તત્વ ઉમેર્યું છે. ગુજરાતીપણું આલેખવામાં પ્રેમાનંદની સિદ્ધિ અજોડ છે. ગુજરાતીપણાને કારણે એ લોકહ્રદયને પોતાની તરફ આકર્ષી શકયા છે. આ આખ્યાનમાં કેટલાંક પાત્રોના ગુજરાતીકરણની નોંધ અગત્યનો મુદ્દો બતાવે છે. પ્રેમાનંદ આ સંદર્ભે પાત્રોનું ગુજરાતીકરણ કરે છે એટલો જ અર્થ નથી. વાસ્તવમાં તે પૌરાણિક પાત્રોના માધ્યમથી ગુજરાતી ચેતનાને અભિવ્યકત કરે છે. તો આ આખ્યાનના પાત્રોના વાણી, વર્તન, માન્યતાઓ, રીત–રિવાજો અને ભૌતિક સૃષ્ટિના વર્ણનોમાંથી

સામાજિક સંદર્ભ પામી શકાય છે. પ્રેમાનંદે અહીં નળાખ્યાનની પૌરાણિક કથાનું અવલંબન લે છે. ત્યારે તે પુરાણકથાને પોતાના સમાજની દ્રષ્ટિએ જ કલ્પે છે.

(૨) પ્રેમાનંદ એક રસિક આખ્યાનકાર હોવા ઉપરાંત તે પોતાના પુરોગામી અને અનુગામી આખ્યાનકારો કરતાં ઉત્તમ પ્રતિભાશાળી કવિ છે. એની પ્રતીતિ આપણને આ આખ્યાનમાં આવતાં વિવિધ વર્ણનોમાં થાય છે.આખ્યાન તો ત્રિવિધ કલાનો સંગમ છે. આખ્યાન લખવું અને કહેવું એ બે જુદી બાબતો છે. પ્રેમાનંદ જયારે વર્ણનો કરે છે ત્યારે ભાવનાત્મક બનતાં નથી પણ સૂક્ષ્મ લાગણીઓને એ સમસ્યા સમાજને પોતાની તરફ અભિમુખ કરવા અને સામાજિક શિક્ષણ સંદર્ભે આલેખે છે. આ આખ્યાનમાં ઝીણામાં ઝીણી બાબતો પ્રેમાનંદે ખૂબ ચીવટથી વર્ણવી છે. તે તેનું જમા પાસું છે. ચાહે એ સ્વયંવર હોય, નળનું રાજય હોય, કળિયુગની લીલા હોય, નળ–દમયંતીના સૌંદર્ય વર્ણનો હોય, વનની ભયાનકતા હોય કે પ્રસંગોપાત હાસ્યરસ ઉત્પન્ન કરવા જે સ્થૂળ–સૂક્ષ્મ વર્ણનો કરે છે તેમાં તેની કથનકલાનો પણ સુપેરે પરિચય થાય છે.

(૩) નળાખ્યાનમાં જ નહિ પ્રેમાનંદ એમનાં બધાં જ આખ્યાનોમાં સમર્થ ભાષાકવિ છે. કવિએ જે કંઈ સિદ્ધ કરવાનું છે તે વાણી દ્વારા વાણી રૂપે જ કરવાનું છે. કોઈ પણ કવિ ભાષાનો વિનિયોગ કેવી રીતે કરે છે એના પર એની સર્જકતાની કસોટી આધારિત છે. પ્રેમાનંદ મહદઅંશે શબ્દનો ઔચિત્યથી ઉપયોગ કરી શકે છે. આખ્યાનમાં કથન, વર્ણન, રસનિષ્પત્તિ શબ્દ દ્વારા જ થાય છે. એટલે શબ્દનું ભાષાનું મહત્વ ઘણું છે. પ્રેમાનંદની શબ્દ સમૃધ્ધિ ભાષાશકિત પ્રશંસ્ય છે. આ આખ્યાનમાં કવિએ કરેલ રસિક અને ચિત્રાત્મક વર્ણનોમાં ભાવાનુકૂલ ભાષા અને ઢાળોમાં, વર્ણસંગીત સાધના, પ્રાસઅનુપ્રાસ જેવા શબ્દાલંકારો કે રુચિર અર્થાલંકારો સુંદર રીતે આલેખ્યા છે. પાત્રોમાં, પ્રસંગોમાં કે ભાવોના આલેખનમાં કે શબ્દચિત્રોની સજાવટમાં કયારેય પ્રેમાનંદને શબ્દો ખોળવા જવું પડયું જણાતું નથી. નળાખ્યાન તો પ્રેમાનંદની ભાષાલીલાનો અદભુત ઉન્મેશ છે.

## 17.3 ગુજરાતીપણું અને સામાજિક સંદર્ભ

પ્રેમાનંદના પાત્રાલેખનના સંદર્ભમાં કેટલાંક પાત્રોના ગુજરાતીકરણની નોંધ પણ લેવી જોઈએ. પ્રેમાનંદ પૌરાણિક પાત્રોનું ગુજરાતીકરણ કરે છે. એટલો જ આનો અર્થ નથી. વાસ્તવમાં તે પૌરાણિક પાત્રોના માધ્યમથી ગુજરાતી ચેતનાને અભિવ્યકત કરે છે.

નળ અને હંસ મિત્ર બન્યા પછીની વાતચીતમાં 'ભાભી' શબ્દનો પ્રયોગ કરે છે. ત્યારે પૌરાણિક રાજા અને માનવેતર પક્ષી ઉભય ગુજરાતી સ્પર્શ પામે છે. ત્રૈયલોકય સુંદરી ભીમક રાજકુમારી દમયંતી પણ લગ્નોત્સુક બની, માતાને 'ઘરડાં માણસ ઢોર' વગેરે શબ્દો સંભળાવે છે. ત્યારે ગ્રામીણ ગુજરાતી ગોરી જ બની જાય છે. નળની રાણી બન્યા પછી પણ તેની સાથે વનમાં જતાં બાળકોને મોસાળ મોકલતાં તે 'નમાંયા થઈ વરતજો રે, સહેજો મામીની ગાળ' કહે છે ત્યારે તે તત્કાલીન ગુજરાતી સ્ત્રી જ લાગે છે.

દમયંતીની માસી હારચોરી પ્રસંગે દમયંતીને સમજાવતાં જયારે કહે છે,

''માળા હોયે માહારા ઘરની, તો ફરી શોધ ન કીજીયે,
છે શ્વસુરપક્ષની સર્વે જાણે, તેહેને શો ઉત્તર દીજે.''

અહીં પણ પ્રેમાનંદનો ગુજરાતી સ્પર્શ જોઈ શકાય છે. અહીં જાણે કોઈ આધેડ ગુજરાતણ નોકરાણીને ફોસલાવતી હોય એવું લાગે છે. દમયંતીના અભિજ્ઞાન પછી ભાનુમતી જે દુઃખ વ્યકત કરે છે એમાં દમયંતીને પેટ ભરીને ભોજન પણ આપ્યું ન હતું એવો એકરાર કરે છે. અહીં પણ સમકાલીન ગુજરાતણો– નોકરાણીઓને જે રીતે રાખતી તેવા વર્તનનો ભાનુમતી પાસે એકરાર કરાવી કવિએ તેનું ગુજરાતીકરણ કર્યું છે.

નળનું અભિજ્ઞાન થતાં ઋતુપર્ણ નળની જે શબ્દોમાં માફી માગે છે તે પરથી તે પૌરાણિક રજવાડી પાત્ર મટીને મધ્યમવર્ગનો સમકાલીન સાધારણ માણસ લાગે છે.

પ્રેમાનંદે પોતાના નાયકોનું પણ ગુજરાતીકરણ અને કવચિત પ્રાકૃતિકરણ કર્યું છે.'મામેરું' અને 'સુદામાચરિત' ની જેમ પ્રેમાનંદ 'નળાખ્યાન' માં પણ કેટલેક સ્થળે કવિએ ઉપહાસનીય બતાવ્યું છે ઋતુપર્ણને પણ દમયંતીને પરણવા જતી વખતે કવિએ ઉપહાસ પાત્ર બતાવ્યો છે. નળ અને ઋતુપર્ણને ન છોડનાર પ્રેમાનંદ પૈણ ચડેલા દેવો અને સ્વયંવરમાં આવેલા અન્ય રાજાઓને તો છોડે જ શાનો ? એમની તો ભારે ઠેકડી ઉડાડી છે.

ગુજરાતીકરણ સાથે જ સંકળાયેલું છે ગુજરાતીપણું, ઉમાશંકર જોશી લખે છે, ''ગુજરાતીપણું પ્રેમાનંદમાં સોળે કળાએ ખીલેલું જોવા મળે છે બે બાબતમાં ગુજરાતી સમાજને એ તારતાર ઓળખે છે.. જવલ્લે કોઈ કવિની કૃતિઓ પ્રેમાનંદમાં પ્રતીત થાય છે એટલી આત્મીયતાપૂર્વક સમાજથી ઓતપ્રોત જોવા મળે છે. 'મામેરું' એમની એ શકિતનું શિખર છે. પણ એમની એવી કોઈ કૃતિ નથી જેમાં એનો ગાઢ સંસ્પર્શ ન હોય. ગુજરાતીપણાનો એવો જ સઘન અનુભવ થાય છે એમની ભાષામાં.''

આખ્યાન એક અર્થમાં 'સામાજિક' સાહિત્ય પ્રકાર હોવાથી એમાં સમાજનું સમરાધાન કરવાનો ઉદ્દેશ સમાવિષ્ટ હોય એ સ્વાભાવિક છે. આખ્યાનમાં કથા હોય, પાત્રો હોય તેથી સમાજનો સંદર્ભ અનિવાર્યપણે આવે જ. પાત્રોના વાણી, વર્તન, માન્યતાઓ, રીતરિવાજો અને ભૌતિક સૃષ્ટિનાં વર્ણનોમાંથી સામાજિક સંદર્ભ પામી શકાય છે. પ્રેમાનંદ 'નળાખ્યાન'ની પૌરાણિક કથાનું અવલંબન લે છે ત્યારે પણ તે પુરાણકથાને પોતાના સમાજની દ્રષ્ટિએ જ કલ્પે છે અને એ સંદર્ભે જ આલેખે છે. જેને પ્રેમાનંદનું ગુજરાતીપણું કહેવામાં આવે છે તે વાસ્તવમાં તત્કાલીન ભારતીયતા છે.

સમકાલીન સમાજની લાક્ષણિકતાઓ 'નળાખ્યાન' માં પ્રેમાનંદે નિરૂપેલ સામાજિક સંસ્થામાં, વ્યકિત ચિત્રોમાં, પાત્રોના વાણી–વ્યવહાર અને તેમની માન્યતાઓ, રીતરિવાજોમાં દ્રષ્ટિગોચર થાય છે. બીજા કડવામાં પ્રેમાનંદે નળના રાજયનું જે વર્ણન કર્યું છે , અને અંતિમ કડવામાં તેના ધર્મરાજયનું વર્ણન કર્યું છે તેમાં પ્રેમાનંદકાલીન રાજય વ્યવસ્થાનો આછો ખ્યાલ મળે છે. એ વખતનાં બધા રાજયો આવાં હતાં એમ તો ન કહી શકાય પણ એ સમયે આદર્શ રાજયની કેવી કલ્પના હતી તે નળના રાજયના વર્ણન પરથી જાણવા મળે છે.

આખ્યાનના પૂર્વાર્ધમાં આવતા નળ દમયંતીના પ્રણય અને પરિણય વૃતાંતમાં સમકાલીનતાના કેટલાક અંશો છે તો કેટલાક અંશો સર્વકાલીન પણ છે. સ્ત્રી પુરૂષનો પ્રેમસબંધ એ તો વિશ્વસાહિત્યનો સનાતન વિષય છે. પરંતુ દમયંતીના સોળ શણગારનું વર્ણન આવે છે તે પ્રેમાનંદકાલીન સ્ત્રીઓના શણગારને દર્શાવે છે. દેવોનો દૂત બની નળ, દમયંતી આવાસમાં જાય છે ત્યારે અને બાહુકરૂપે દમયંતીને મળે છે ત્યારે એની સાથે વાત કરતાં દમયંતી અંતરપટ અર્થાત કપડાની આડશ કે પડદો વચ્ચે રાખે છે તેમાં અજાણ્યા પુરૂષ સાથે બોલતી વેળા અંતરપટ રાખવાની કે ચક પાછળ બેસવાની રાજકન્યાઓની અને રાજરાણીઓની મધ્યકાલીન ભારતમાં પ્રચલિત પ્રણાલિકા જોઈ શકાય છે. એ વખતનો સમાજ એમાં સ્ત્રીનો મલાજો રાખવામાં માનતો હતો.

દમયંતી બાળકોને વિદાય કરતાં જે શબ્દો ઉચ્ચારે છે તેમાં સમકાલીન ગુજરાતી સંસારનું પ્રતિબિંબ ઝીલાયું છે. રાજકુટુંબની દમયંતીની ભોજાઈઓ સામાન્ય ગુજરાતણો પેઠે ભાણેજને મહેણાં મારે એવું પ્રેમાનંદ નિરૂપે છે. બાહુકને જોઈ ભોજાઈઓ દમયંતીની મજાક કરે છે એમાં સમકાલીન કુટુંબ જીવનનો સ્પર્શ અનુભવાય છે.

નળ–પુષ્કર વચ્ચે દ્યૂત રમાય છે અને તેને કારણે નળે વિપત્તીઓ વેઠવી પડે છે એ બાબત તત્કાલીન સમાજમાં પિતરાઈ ભાઈઓ વચ્ચેનાં વેરઝેર અને જુગારની બદીનું સૂચન કરે છે. ૫૩ માં કડવામાં કવિએ કળિની જે બુરાઈઓ વર્ણવી છે તેમાંથી મોટાભાગની સમકાલીન બુરાઈઓ જ છે. તત્કાલીન સમાજની નબળાઈઓ, વિકૃતિઓ અને અસદવૃતિઓ એમાં પ્રગટતી જણાય છે. આ ઉપરાંત તત્કાલીન સમાજમાં શુકન, અપશુકન, અંધશ્રધ્ધાઓ વગેરેનું પ્રવર્તન હતું તેના નિર્દેશો પણ આખ્યાનમાંથી મળી રહે છે.

'નળાખ્યાન' અને અન્ય આખ્યાનોમાં દ્રષ્ટિગોચર થતાં આવા સામાજિક સંદર્ભો દર્શાવે છે કે પ્રેમાનંદ ગુજરાતના તત્કાલીન સમાજજીવનનો, તેની માન્યતાઓનો, રીતરિવાજોનો જાણકાર કવિ છે. તેનું અવલોકન સૂક્ષ્મ છે એટલું જ નહિ, વ્યાપક પણ છે. રા.વિ. પાઠકે પ્રેમાનંદ વિશે કરેલું વિધાન–''ગુજરાતના હ્રદયને, મર્મને તેણે ઓળખ્યું છે તેવું બીજા કોઈ કવિએ ઓળખ્યું નથી.''

## 17.4 કથનવર્ણનકલા

આખ્યાનકાર પ્રેમાનંદની પ્રતિભાનો નોંધપાત્ર ઉન્મેષ એની કથન–વર્ણનકલામાં સુપેરે પ્રગટ થયો છે. એ દ્વારા પાત્ર પ્રસંગને જીવંતતા આપવામાં એ સફળ થયો છે. આખ્યાન આખરે તો એક કથા છે. તેથી માંડીને રસજમાવટ કરી કથા કહેતાં આવડવું એ આખ્યાનકાર માટે આવશ્યક ગણાય. પ્રેમાનંદ વાર્તા સારી રીતે કરી શકે છે. કથનની સરસતા અને સચોટતા એનાં

આખ્યનોને મોળાં કે શુષ્ક બનવાં દેતા નથી. વાચકોને, શ્રોતાઓને તે આરંભથી અંત લગી જકડી રાખે છે. રસસ્થાનોથી એની સૂઝ અને પકડ અદભુત છે. પુરોગામીઓએ જવા દીધેલી પરિસ્થિતિઓને તે કુશળતાથી ખીલવી જાણે છે. વળી આખ્યાનનો કથારસ વધારે એવી અનેક નવી પરિસ્થિતિઓ પણ તે કુશળતાપૂર્વક સર્જે છે. ભાલણ અને નાકરના 'નળાખ્યાન' સાથે પ્રેમાનંદનું 'નળાખ્યાન' સરખાવતાં આવાં અનેક દ્રષ્ટાંતો મળી આવશે.

પ્રેમાનંદ પાસે પ્રમાણવિવેક સારો છે. કથાનો પૂર્વ રંગ કે પ્રાસ્તાવિક પૂર્વકથા તે હંમેશા ટૂંકમાં પાતવે છે. 'નળાખ્યાન'માં એક જ કડીમાં મંગલાચરણ પતાવી તે પ્રથમ કડવાની બાકીની ૨૬ કડીમાં પ્રાસ્તાવિક પૂર્વ કથા પતાવે છે અને બીજા કડવાથી સીધો નળની કથા પર આવે છે.

પ્રેમાનંદ બીજા કડવામાં નળના આદર્શ રાજયનું વર્ણન કરે છે પણ તેના રૂપ–ગુણનું વર્ણન નથી કરતો, કેમકે એમ કરવાં જતાં તેની પ્રભાવકતા ઓછી થઈ જાત. ૧૧ મા કડવામાં હંસ દમયંતી આગળ તેની જિજ્ઞાસા સંતોષવા નિમિત્તે નળવર્ણન કરે છે. એને કારણે એની પ્રસ્તુતતા વધી જાય છે અને નાટયાત્મક અસર અનુભવાય છે. નળની રૂપ–ભભક સૂર્યને પણ ઝાંખી પાડે છે એવી અતિશયોકિત કવિ કરે છે. નળના ઉદભવ વિશે કવિએ એક કલ્પના કરી છે.

''એક વાર બ્રહ્માએ શું કરિયું, સકળ તેજ એક પાત્રમાં ભરિયું,
તે તેજનો ઘડયો નળરાય, કંઈ રજ વધી પાત્રમાંય,
તેહેની એક થપોલી હવી, તેનો આકાશે ઉપન્યો રવિ. ''

આવી જ કલ્પના કવિએ આખ્યાનમાં અગાઉ દમયંતીના ઉદભવ અંગે પણ ચોથા કડવામાં કરી છે. એકની એક કલ્પનાઓ કૃતિમાં બે વાર ઉપયોગ કરવા જતાં એની તાજગી અને ચમત્કૃતિ ઓછી થાય એ સ્વાભાવિક છે. પણ પ્રેમાનંદ ચતુર છે. નળને–પુરૂષને વર્ણવવા માટે તે સૂર્યની વાત કરે છે અને દમયંતી નારીને વર્ણવવા ચંદ્રની કેવું સુભગોચિત!

આખ્યાનમાં કવિએ દમયંતીનું રૂપવર્ણન તો એકવાર નહિ, ત્રણ ત્રણ વાર કર્યું છે. કોઈ પણ આખ્યાનની નાયિકા કરતાં પ્રેમાનંદે દમયંતીનું રૂપવર્ણન વધારે મોકળાશથી, વધારે કલ્પનાશીલતાથી અને વધારે પ્રૌઢિથી કર્યું છે. આખ્યાનમાં ત્રણ ઠેકાણે તેનું વર્ણન આવતું હોવા છતાં કયાંય પુનરાવર્તન થવા દીધું નથી. ત્રણે વર્ણનો પરસ્પર પૂરક બની દમયંતીને ત્રિભુવનસુંદરી તરીકે પ્રસ્તુત કરે છે. ચોથા કડવામાં કવિ નારદના મુખે દમયંતીના સૌંદર્યને મૂર્ત ચિત્રણથી વર્ણવવાને બદલે અતિશયોકિતથી તેની ઉત્કૃષ્ટતાની છાપ ઉપસાવી પાંચમા કડવામાં તેના સોળ શણગારનું કંઈક મૂર્ત વર્ણન કરે છે.

હંસ દ્વારા દમયંતી રૂપવર્ણનને માટે ફાળવેલું પંદરમું કડવું આખ્યાનકાર પ્રેમાનંદમાં રહેલા કવિ પ્રેમાનંદનું રમ્ય દર્શન કરાવે છે. હંસ દ્વારા થયેલા વર્ણનમાં ઉત્પ્રેક્ષા, રૂપક, ઉપમા અને અતિશયોકિતનો પ્રેમાનંદની કલ્પનશીલતા, રસિકતા અને અલંકારપ્રભુતા પ્રગટ કરતો છટાપૂર્ણ વિનિયોગ થયો છે.

નારદ અને હંસ દ્વારા જેના રૂપની અનહદ પ્રશંસા સાંભળી હતી એ દમયંતી પ્રત્યક્ષ જોતાં નળને કેવી લાગી અને એની એના પર શી અસર થઈ એ કવિએ ૨૧ મા કડવામાં સંક્ષેપમાં પણ સચોટ રીતે પ્રગટ કર્યું છે. અંતરપટ અળગો કરી નળ સમક્ષ આવતી લજ્જા અને સંકોચ અનુભવતી મુગ્ધા દમયંતીની અત્યંત સ્વાભાવિક ચેષ્ટાનું પ્રેમાનંદે આલેખેલું સજીવ ચિત્ર જુઓ :

''પ્રસ્વેદ મુકતા રહ્યો ટપકી, બાહાર આવી જાણે વીજળી ઝબકી,
હીંડતા હાલે જેમ દ્રુમવેલી, નળ નિકટ ગઈ ગર્વઘેલી,
તારુણીનું તેજતાપ ન સહેવાય, ઝબકારે તે નળ ઝંખવાય,
દીઠી મધપૂરણ માતંગી, તકિયે ઉભી છે અઠંગી,
ઘૂઘરી ઝાંઝરની ઝણઝણતી, પગને અંગૂઠે પૃથ્વી ખણતી,
કર દીધો છે ગલસ્થલે, એહેવી નારી દીઠી નળે. ''

અનંગ અગ્નિ શમાવવા નળ વનમાં જાય છે. એ પ્રસંગે છઠા કડવામાં કવિએ વનવર્ણન કર્યું છે. પ્રેમાનંદના વનવર્ણન વિશે કનૈયાલાલ મુનશીનો અભિપ્રાય આવો છે : ''તે સમયનાં વર્ણન એટલે લક્ષણોની સવિસ્તર યાદી, નહીં તો ઉપમાવલિની પરંપરા. ચોકક્સ ને વિગતવાર યાદીઓ વાંચનારની કલ્પનાને ગૂંગળાવે છે. અને ચિત્ર ઉભું કરવાની ઈચ્છાને કચરી નાખે છે. નળાખ્યાનમાં વનનું વર્ણન લગભગ જંગલખાતાની ટીપ છે. અને નળદમયંતીની પ્રશંસા ઉપમાના કોષ જેવી છે.''

મધ્યકાલીન કવિતાના વનવર્ણન વિશેની યથાર્થ સમજ આનંદશંકર ધ્રુવે આ શબ્દોમાં આપી છે. ''સળંગ મકાવ્યોમાં એવી પ્રથા સર્વ દેશમાં જોવામાં આવશે. ચોસર, સ્પેન્સર વગેરેની કવિતામાં આવું વર્ણન ઠેર ઠેર જણાશે. વનનું વર્ણન કરવાનો અહીં ઉદ્દેશ એ હતો કે જંગલ બીહામણું છે તે દર્શાવવું, એટલે સઘળે અવ્યવસ્થા અને અનિયમિતપણું ચીતરવું પડે ત્યાં આગળ વર્ડઝવર્થની પેઠે જો પધ્ધતિસર અને સૂત્રાનુસાર કે આત્મલક્ષી વર્ણન કરવામાં આવે તો તે નકામું અને અર્થ વિનાનું થઈ પડે અને ધારેલી બીહામણાપણાની અસર ઉપજાવી ન શકાય.''

આ વનવર્ણનમાં વનની સમૃદ્ધિનું એક ચિત્ર સમગ્ર વર્ણનને અંતે ઉપસે છે એ જોઈ શકાશે. આ વર્ણનોના સંદર્ભમાં એક વાત નોંધવી જોઈએ. વર્ણનોમાં તેની જે શકિત જોવા મળે છે તે તો આહલાદક છે જ. પરંતુ ભિન્ન ભિન્ન આખ્યાનોના વર્ણનોની જો પરસ્પર તુલના કરીએ તો તેમાં ઘણી બધી એકતાનતા જોવા મળશે. દમયંતીના રૂપનું વર્ણન હોય કે ઓખાના રૂપનું, તેમાં ખાસ ભેદ નહિ મળે. કોઈ પણ આખ્યાનનું યુધ્ધ વર્ણન કે નગર–વનનું વર્ણન સરખાવતાં તેમાં ખાસ તફાવત નહીં જણાય. ફિલ્મનિર્માતાઓ સવાર, સાંજ, રાત્રિ વરસાદ, વનરાજિ વગેરેનાં દ્રશ્યો તૈયાર રાખે છે અને કોઈ પણ ફિલ્મમાં આવશ્યકતાનુસાર તે ગોઠવી દે છે. એવું જ કંઈક એ સમયનાં કેટલાંક વર્ણનોની બાબતમાં કહી શકાય.

સાતમા કડવાનો હંસ વિલાપ અને બાળકોને મોસાળ વિદાય કરતી વેળા ૩૧મા કડવામાં દમયંતી જે વિલાપ કરે છે તેના આલેખનમાં આખ્યાનકાર કરૂણરસ કુશળતાપૂર્વક નિરૂપે કરે છે. વનમાં નળ દ્વારા ત્યાગ થયા બાદ દમયંતી પર પડતાં વીતકોનું આલેખન પણ શ્રોતાઓને વ્યથિત કરી મૂકવા સમર્થ છે. દમયંતીના ત્યાગ પછી ૩૪મા કડવામાં નળ જે વિલાપ કરે છે એ પણ આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે.

૩૩મા કડવાની ૨૫ થી ૩૧ કડીઓમાં કવિએ વનમાં દમયંતીને સૂતી મૂકીને ચાલ્યા જતી વેળાની નળના મનની દ્વિધા અને મંથનનું સુંદર કલાત્મક આલેખન કર્યું છે તે જુઓ :

''કળિ તાણે વાટ વન ભણી, પ્રેમ તાણે દમયંતી ભણી,
વિચારે વિચારનિધિમાં પડયો, આવત જાવત હિંડોળે ચડયો.''

અહીં થયેલું નળની પરસ્પર વિરોધી વૃત્તિઓનાં સંઘર્ષનું નિરૂપણ કલાત્મક છે પણ એનો બધો યશ પ્રેમાનંદને આપી શકાય એમ નથી. અહીં પ્રેમાનંદે મહાભારતના વનપર્વના ૬૨મા અધ્યાયના ૨૬–૨૭મા શ્લોકોનું સીધું ભાષાંતર જ કર્યું છે. 'વિચારનિધિ' અને 'હિંડોળા' નાં રૂપક આકર્ષક અને અસરકારક તો છે જ.

આખ્યાનના પૂર્વાર્ધનો કેન્દ્રીય પ્રસંગ છે સ્વયંવર. સ્વયંવરના વર્ણનમાં પ્રેમાનંદે કોઈ કસર છોડી નથી. ૨૪મું કડવું કવિએ સ્વયંવર મંડપ અને તેમાં એકઠા થયેલાં રાજાઓના વર્ણનમાં ખર્ચ્યું છે. 'હય હીંડે જાણે રણરેલા' મ્રા ચાર શબ્દોમાં જ કવિ અશ્વોની ગતિનું કેવું સુંદર ચિત્ર ખડું કરે છે! રાજાઓની શુધ્ધતા પ્રગટ કરી તેમની ફજેતીનું ચિત્ર પણ પ્રેમાનંદ મોજથી દોરે છે. રાજાઓની ઠેકડી ઉડાવી કવિ શ્રોતાઓને રસલ્હાણ કરાવે છે. સ્વયંવર મંડપમાં 'ઓ કન્યા આવી' એવો ઘોષ થતાં જ બધા રાજાઓ વાંકા વળી વળીને દમયંતીનું રૂપ જોવા પ્રયાસ કરે છે. રાજાઓની દમયંતી દર્શનોત્સુકતાનું માનસશાસ્ત્રીય ચિત્ર કવિ માનવમનનો કેવો કુશળ જ્ઞાતા અને નિરૂપક છે એનો ખ્યાલ આપે છે.

નાયક નળના સ્વયંવરમંડપમાં આગમનને વર્ણવવા કવિએ ૨૬મું કડવું રોકયું છે. જેના આગમન માત્રથી આખા મંડપમાં હાક વાગી જાય છે એ નળના રૂપગુણને કવિ અનેક સુંદર ઉપમા પુષ્પોથી વધાવે છે. પછીના કડવામાં કવિ સ્વયંવર મંડપમાં દમયંતીના આગમન નિમિત્તે પુનઃ તેનું રૂપવર્ણન કરે છે. પ્રેમાનંદ દમયંતીનું રૂપ વર્ણવતાં જાણે કે થાકતો જ નથી. અગાઉના વર્ણનો કરતાં આ કડવામાં આવતું દમયંતીનું વર્ણન વધુ મૂર્તતાવાળું અને ચિત્રાત્મક છે. અનંતરાય રાવળ લખે છે :

''દમયંતીના અંગોનું સૌંદર્ય અને આભૂષણોએ તેમાં કરેલી અભિવૃદ્ધિ રસ–ઉછળતી કાવ્યોચિત બાનીમાં અહીં પ્રેમાનંદ એનું અનુકૂળ વાહન બની શકે એવી હરિગીતની સુગેય ચાલમાં અદભુત છટાથી વર્ણવે છે. સહૃદય એનો રસ માણતો એમાં લીન થતો ઘડીભર ભૂલી જશે કે નિરૂપાતું સૌંદર્ય કોઈ દમયંતી નામે સુંદરીનું છે અને એ વર્ણન સત્તરમી સદીનો પ્રેમાનંદ–નામધારી એક ગુજરાતી આખ્યાનકાર કરી રહ્યો છે. સનાતન પુરુષ–કવિ વિશ્વની સનાતન સુંદરીનાં સૌંદર્યને અહીં સ્તવી રહ્યો છે એમ જ એ તો અનુભવશે. પ્રેમાનંદ એક રસિક આખ્યાનકાર હોવા ઉપરાંત તેનાં કુડી બંધ પુરોગામી, સમકાલીન અને અનુગામી આખ્યાનકારો જે નથી તેવા એક ઉત્તમ પ્રતિભાશાળી કવિ છે.''

## 17.5 ભાષાસિદ્ધિ : પ્રેમાનંદનું કવિત્વ

આખ્યાન કવિ પ્રેમાનંદ પાસે સમર્થ ભાષા બળ છે. કવિએ જે કંઈ સિદ્ધરવાનું છે તે વાણી દ્વારા વાણી રૂપે જ કરવાનું છે. કોઈ પણ કવિ ભાષાનો વિનિયોગ કેવી રીતે કરે છે એના પર એની સર્જકતાની કસોટી આધારિત છે. પ્રેમાનંદ મહદઅંશે શબ્દનો ઔચિત્યથી ઉપયોગ કરી શકે છે. આખ્યાનમાં કથન, વર્ણન, રસનિષ્પત્તિ શબ્દ દ્વારા જ થાય છે. એટલે શબ્દનું–ભાષાનું મહત્વ ઘણું છે. પ્રેમાનંદની શબ્દ સમૃદ્ધિ ભાષાશકિત પ્રશંસ્ય છે.

પ્રેમાનંદનું શબ્દભંડોળ અખૂટ છે. તે વર્ણવિન્યાસ, લય, પ્રાસ, અર્થ વગેરે દ્રષ્ટિએ યોગ્ય શબ્દની પસંદગી કરી શકે છે. તેની શબ્દસૃષ્ટિમાં તત્સમ અને તળપદા દ્રશ્ય શબ્દો સાહજિક રીતે ગોઠવાઈ જાય છે. 'દ્વૈતવન', 'વહિન', 'નીલાંબર' જેવા અનેક સંસ્કૃત શબ્દો ને એવા સંદર્ભથી પ્રયોજે છે કે અર્થબોધમાં મુશ્કેલી નથી પડતી. 'તળાંસવું', 'દાતણ', 'કુબડું', 'પેટ', 'ફૂટડી', 'ઝકુંડ', 'ચોટલો', 'ગોફણો', 'ઓઢણી', 'થડ' જેવા તળપદા શબ્દો પણ કૃતિમાં જોવા મળે છે. 'ઉપાર્જન' પરથી 'ઉપરાજયું' જેવું ક્રિયાપદ કવિ બનાવે છે તો કવચિત 'રૂપયૌવનઉન્મત', 'નળઘર–ખોહ', 'દમયંતીરૂપનિધાન', 'ત્રૈયલોકયમોહનમાનુની' જેવા સમાસો પણ ગોઠવી દે છે. 'ઉદર ચોળીને શૂળ' નેવા રૂઢિપ્રયોગો અને કહેવતોનો પણ પૂરો કસ કવિએ કાઢયો છે. નળ હંસને દુષ્કર કામ સોંપતાં  સંકોચ પૂર્વક કહે છે 'કદાપિ થાય કે ન થાય' દમયંતી બાહુક નળ છે કે કેમ તેની પરીક્ષા કરવા તેને બોલાવે છે. ત્યારે તેની ભાભીઓ તેને કહે છે, 'એમ વલખાં શું મારો છો !' –અહીં કવિએ બોલચાલની ગુજરાતી ભાષા ને લાગણીના ઊંડાણ સાથે સહજ રીતે પ્રયોજી છે.

પ્રેમાનંદ એકનો એક શબ્દ વારંવાર પ્રયોજતો નથી. એની પાસે ખૂબ મોટું શબ્દભંડોળ છે. અને ઉચિત શબ્દ પસંદ કરવાની સૂઝ પણ છે. તે 'ઈજજત', 'કદમ' જેવા અરબી શબ્દો છૂટથી યોજે છે. ચાલતી કલમે તે 'મનગમયંતી', 'ભમયંતી' જેવા શબ્દો બનાવી લે છે. બાહુકની 'હાંકણીમાં છે વિચાર' માં 'હાંકણી' શબ્દ ધ્યાનાકર્ષક છે. અને તે વિચારપૂર્વકની છે એ નિરીક્ષણ અને એ જે રીતે શબ્દબધ્ધ થયું છે તે ઉલ્લેખનીય છે. 'દમયંતીની કાયા જેમ તેજે ઘડેલી શોભે છે તેમ પ્રેમાનંદની બાની પણ અનેક તેજે ઘડેલાં શબ્દઝૂમખામાંથી દીપે છે' એમ કહી ઉમાશંકર જોશી પ્રેમાનંદની ભાષા વિશે લખે છે : ''ગુજરાતી ભાષાના પ્રેમાનંદ ઉપર ચારે હાથ છે. કોઈ કવિની કાવ્યબાની ભાષાના પર્યાય રૂપ બને અને લાંબા સમય સુધી રહે એવું કયાંક કયાંક જ જોવા મળે છે. પ્રેમાનંદ અંગે એવું બન્યાનું કહેવામાં ભાગ્યે જ અતિશયોકિત થશે. પ્રેમાનંદની ભાષા સરળ છે, પણ પ્રૌઢ છે, સુગમ છે પણ માર્મિક છે. તળપદી છે ત્યાં સુચારુ છે.''

પ્રેમાનંદની લયસૂઝ અનન્ય છે. તેની ભાષાનું અધઝાઝેરું કામણ લય દ્વારા પ્રગટ થયું છે. તેના આખ્યાનોમાં કેટલીક ધ્રુવપંકિતઓ ઉર્મિના ઉછાળને તાદ્રશ કરે છે. ૨૬મા કડવામાં 'ઓ નળ આવ્યો રે' એનો સુંદર નમૂનો છે. સુદેવ–દમયંતીના ટૂંકા વાકયોના સંવાદ (કડવું ૪૮) લાગણીભીના ઉદગાર છે. તેમાં વાસ્તવિકતા અને સજીવતા છે. કુશળ માણભટ્ટ સ્ત્રીનો મૃદુ અને વૃધ્ધનો ઘોઘરો એમ પોતે બે જુદા જુદા અવાજ કરી રજૂઆત કરી શકે. સીધી નાટયાત્મક રજૂઆત ન કરાવે તો પણ શ્રોતાઓ પ્રેમાનંદની રચના દ્વારા તે તે પ્રસંગમાં એટલા બધા સંડોવાય છે કે ૪૭ મા કડવામાં યજ્ઞભૂમિ તરફ લયના ધકકાઓથી ધસતા બતાવાયેલા 'ગેહેલિયા, ટહેલિયા–ભિક્ષુક ભ્રષ્ટ, વિકલ દ્રષ્ટ' એવા સુદેવના વર્ણન પછી 'એહેવે દમયંતીને સુદેવની દ્રષ્ટિ મળી' –એટલું બોલી આખ્યાનકાર માણભટ્ટ જો સહેજ પ્રશ્નાર્થપૂર્વક થોભે તો 'ભ્રષ્ટ–દ્રષ્ટ', 'કષ્ટ' ના પ્રાસથી પ્રેરાયેલા સુજ્ઞ શ્રોતાજન 'દ્રષ્ટ' બોલી પણ ઉઠે. પણ પછી કવિ વાણી તો 'મળી દ્રષ્ટોદ્રષ્ટ' એવા અનુપમ શબ્દઝૂમખા રૂપે પ્રાપ્ત થતાં વિશેષ ચમત્કૃતિ પણ અનુભવી રહે. નાના પંકિતખંડ અને પંકિતઓમાં લયની અનેકવિધ કરામતો પ્રેમાનંદનાં આખ્યાનોમાં સહેજે પ્રવેશેલી છે. જે

પદેપદે એની સર્જન સ્ફૂર્તિની સાક્ષી પૂરે છે.

પ્રેમાનંદની ભાષા સિધ્ધિના સંદર્ભમાં અર્થપૂર્ણ, કલ્પનારમ્ય, તાજગીપૂર્ણ અલંકારોની નોંધ પણ લેવી રહી. કવિએ સર્વત્ર સાહજિક રીતે યોજેલા અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રા તેના ભાષાપ્રભુત્વનો ખ્યાલ આપે છે. અર્થલંકારોની સમૃદ્ધિ પણ ઉડીને આંખે વળગે એવી છે. પ્રથમ કડવામાં જ (કડી ૨૫) 'દમયંતી' સાથે કવિએ મેળવેલો 'ભમયંતી' પ્રાસ ધ્યાન આકર્ષે છે. ચોથા પાંચમા કડવામાં નારદ દ્વારા થતા દમયંતી વર્ણનમાં અતિશયોક્તિ અલંકારનાં અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. એક જુઓ 'કામિનીનો કંઠ સાંભળી, કોકિલા બળી થઈ કાળી' આ પંક્તિના શબ્દાલંકાર પણ નોંધપાત્ર છે. ૧૨ મા કડવામાં નળ પ્રશંસામાં હંસ કહે છે 'ગંભીરતાએ વર્ણવું, પણ અર્ણવમાં ખારાટ' (કડી ૨) આ પંક્તિ શબ્દાનુપ્રાસ અને વ્યતિરેકનું સુંદર ઉદાહરણ છે. ૧૫મા કડવામાં હંસ નળ પાસે દમયંતી રૂપ વર્ણવે છે. તેમાં કવિએ ઉત્પ્રેક્ષા, રૂપક, ઉપમા અને અતિશયોક્તિની આતશબાજી વેરી છે. 'વેલ જાણે હેમની, અવેવફૂલે ફૂલી' (કડી ૨) માં 'જાણે' એ ઉત્પ્રેક્ષાવાચક પદથી કવિ રૂપકને ઉત્પ્રેક્ષાનો રંગ ચડાવે છે.

રૂપક અલંકારનું દ્રષ્ટાંત જુઓ :

''કીર આનન પર શિખંડી શોભે, કાળી બોલે અણછતી,
લતા ઉપર પંખી દીઠો, નવ રહેવાયું માહારા વતી.''

આ કડીમાં હંસ કહે છે કે દમયંતીની કમનીય કાયારૂપી લતા પર મેં પંખી જોયાં. ઉપમેયના નિર્દેશ વિના ઉપમાનથી જ કવિએ તેનું સુંદર વર્ણન કર્યું છે. આવાં અસંખ્ય અલંકારો કવિના વકતવ્યને સઘન, સચોટ બનાવવામાં ઉપકારક બન્યા છે.

'નળાખ્યાન' પ્રેમાનંદની પ્રણિત પ્રજ્ઞાનું ફળ હોઈ તેની ભાષાનું પોત વેલબુટ્ટાવાળું, ઘટ્ટ, સુવાળું અને આકર્ષક લાગે છે. અભિવ્યકિતનું બળ અને ઠેરઠેર વેરાયેલું કવિત્વ પ્રેમાનંદને સમર્થ કવિ ઠેરવવા પર્યાપ્ત છે.

## 17.6 વસ્તુલક્ષી કસોટી –1

આ એકમનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

1 આ આખ્યાનમાં ગુજરાતી સમાજજીવનના કેવા પ્રસંગ આલેખાયા છે.
2 'નળાખ્યાન'માં નળ–દમયંતીના પ્રણયમાં કેવું ગુજરાતીપણું જોવા મળે છે.
3 પ્રેમાનંદના સમયે કયા વસ્ત્રાલંકાર સમાજમાં પ્રચલિત હતા.
4 દમયંતીના વર્તનમાં વ્યવહારમાં સમકાલીનતાના રંગો કયા પ્રસંગે જોવા મળે છે ?
5 નળમાં કયા કયા ઠેકાણે પ્રાકૃતિક તત્વ જોવા મળે છે ?
6 પ્રેમાનંદ વાર્તા સારી રીતે કરી શકે છે ? વિધાન ચર્ચો.
7 પ્રેમાનંદે કરેલું નળના આદર્શ રાજયનું વર્ણન કયા કડવામાં આવે છે ?
8 નળની ઉત્પતિ વિશે પ્રેમાનંદે કયું વર્ણન કર્યું છે ?
9 આખ્યાનમાં પ્રેમાનંદની કથનકલા વિશે લખો.
10 દમયંતીના રૂપવર્ણન ત્રણ વખત આલેખ્યાં છે એમાં પ્રેમાનંદની કઈ પ્રતિભા જોવા મળે છે ?
11 પ્રેમાનંદની વર્ણનકલા વિશે કનૈયાલાલ મુનશીએ કયો અભિપ્રાય આપ્યો છે ?
12 મુગ્ધા દમયંતી નળ સામે પ્રથમ વખત આવે છે તે પ્રસંગનું વર્ણન આલેખો.
13 આખ્યાનકાર પ્રેમાનંદના કવિત્વનો પરિચય આખ્યાનમાં કયાં તત્વોને આધારે થાય છે ?
14 નળાખ્યાનમાં પ્રેમાનંદની વર્ણનકલામાં ભાષાનું મહત્વ સમજાવો.
15 પ્રસ્તુત આખ્યાનમાં પ્રેમાનંદે પ્રયોજેલ અલંકારનો પરિચય કરાવો.
16 પ્રાસાનુપ્રાસમાં ભાષા સાથે કેવું કામ પાર પાડયું છે તે લખો.
17 આ આખ્યાનમાં પ્રેમાનંદની શબ્દ પસંદગી વિશે લખો.
18 ભાષા સંદર્ભે પ્રેમાનંદની લયસૂઝ વિશે લખો.
19 પ્રેમાનંદની ભાષા સરળ છતાં પ્રૌઢ છે, માર્મિક છે? ચર્ચો.
20 આ આખ્યાનમાં પ્રેમાનંદની નાટયાત્મક રજૂઆત વિશે લખો.
21 પ્રેમાનંદની ભાષાની ચિત્રનિર્માણ શકિત વિશે લખો.
22 પ્રેમાનંદની કલ્પના વિશે લખો.

## 17.6 વસ્તુલક્ષી કસોટી–2

નીચેના વાકયોમાંથી ખાલી જગ્યા પૂરો.

1 'નળાખ્યાન'માં પ્રેમાનંદની વર્ણનકળાનો...................... પરિચય થાય છે. (સ્થૂળ, સૂક્ષ્મ)

2 'નળાખ્યાન'માં દમયંતીના...................... સૌંદર્ય વર્ણન છે. (ત્રણ, બે)

3 'નળાખ્યાન'માં નળનું સૌંદર્ય વર્ણન...................... છે. (અજોડ, સામાન્ય)

4 'નળાખ્યાન'માં નિરૂપાયેલ ગુજરાતીપણું વાસ્તવમાં...................... છે. (તત્કાલીન ભારતીયતા, આધુનિક ભારતીયતા)

5 દમયંતીના સ્વયંવર પૂર્વે રાજાઓની તૈયારીઓનું વર્ણન હાસ્ય સાથે ...................... સામાન્યજનનું માનસ બતાવે છે. (ગુજરાતી, રાજાઓના)

## 17.6 વસ્તુલક્ષી કસોટી–3

આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે કહો.

1 કથન વર્ણન દ્વારા પ્રેમાનંદ પાત્રને જીવંતતા આપે છે.

2 રસજમાવટ કરી આખ્યાન કહેતાં આવડવું આખ્યાનકાર માટે આવશ્યક છે.

3 પ્રેમાનંદ આ આખ્યાનમાં પુરોગામીઓએ જવા દીધેલી પરિસ્થિતિઓને જવા દે છે.

4 પ્રેમાનંદ પાસે પ્રમાણ વિવેક નથી.

5 આ આખ્યાનમાં પ્રેમાનંદ બીજા કડવાથી સીધા નળની કથા પર આવે છે.

6 પ્રેમાનંદ બીજા કડવમાં નળના આદર્શ રાજયનું વર્ણન કરે છે.

7 નળના સૌદર્ય વર્ણનમાં તે ચંદ્રની ઉપમા આપે છે.

8 દમયંતીના ઉદભવ અંગે પ્રેમાનંદ ચોથા કડવામાં વાત કરે છે.

9 હંસ દ્વારા દમયંતી રૂપવર્ણનને માટે ફાળવેલું પંદરમું કડવું આખ્યાનકાર પ્રેમાનંદમાં રહેલા કવિ પ્રેમાનંદનું રમ્ય દર્શન કરાવે છે.

10 આખ્યાનના પૂર્વાર્ધનો કેન્દ્રિય પ્રસંગ સ્વયંવર નથી.

11 હંસ વિલાપ અને બાળકોને મોસાળ વિદાય કરતી વેળાનો દમયંતીનો વિલાપ–વર્ણન શાંત રસ નિષ્પન્ન કરે છે.

12 દમયંતીને સૂતી મૂકીને જતા નળનું મંથન બરાબર વર્ણવ્યું નથી.

13 રાજાઓની ઠેકડી ઉડાવી કવિ શ્રોતાઓને રસલ્હાણ કરાવે છે.

14 સ્વયંવર મંડપમાં 'ઓ કન્યા આવી' એવો ઘોષ થતાં જ બધા રાજાઓ વાંકા વળી વળી દમયંતીનું રૂપ જોવા પ્રયાસ કરે છે.

15 સ્વયંવરમાં આવતી દમયંતીનું રૂપવર્ણન બરાબર ખીલવ્યું નથી.

16 પ્રેમાનંદ પૌરાણિક પાત્રોનું ગુજરાતીકરણ કરતા નથી.

17 રાજા અને હંસ ઉભય ગુજરાતી સ્પર્શ પામે છે.

18 દમયંતી લગ્નોત્સુક માનસમાં પોતાની માતાને 'ઘરડાં માણસ ઢોર' કહે છે.

19 દમયંતીની માસી હારચોરી પ્રસંગે આધેડ ગુજરાતણ નોકરાણીને ફોસલાવતી હોય એવું લાગે છે.

20 ઋતુપર્ણ નળની જે શબ્દોમાં માફી માગે છે તેમાં તે દૈવત્વ ધારણ કરે છે.

21 પ્રેમાનંદે ગુજરાતીકરણ કરતી વખતે પ્રાકૃતિકરણ નથી કર્યું.

22 પ્રેમાનંદ 'નળાખ્યાન'ની પૌરાણિક કથાનું અવલંબન લે છે.

## પ્રેમાનંદ વિષયક વિશેષ વાંચનસામગ્રી


1 ગુજરાતી સાહિત્ય (મધ્યકાળ), લે. : અનંતરાય રાવળ

2 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, લે. : ર્ડા. રમેશ એમ. ત્રિવેદી

3 નળાખ્યાન, સં. : ચંદ્રશંકર ભટ્ટ

4 નળાખ્યાન, સં. : અનંતરાય મ. રાવળ

5 નળાખ્યાન, સં. : લાભશંકર ઠાકર, પ્રસાદ બ્રહ્મભટ્ટ

6 પ્રેમાનંદ એક સમાલોચના, લે. : ર્ડા. રમેશ મ. શુકલ

7 ગુજરાતી સાહિત્યનો ખંડ –૧ (મધ્યકાળ), લે. : જયંત કઠોરી

8 સાહિત્યકાર પ્રેમાનંદ, સં. મંજુલાલ ર. મજમુદાર

9 પ્રેમાનંદ : એક અધ્યયન, લે. કે. કા. શાસ્ત્રી

10 પ્રેમાનંદ : લે. જયંત ગાડીત

11 પ્રેમાનંદ(પરિચય પુસ્તિકા), લે. ઉમાશંકર જોષી

12 પ્રેમાનંદની કાવ્ય કૃતિઓ – ભાગ–૧/૨, સં. કે. કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા

13 પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ–ભાગ–૧/૨, લે. આરતી ત્રિવેદી

14 ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**